

# શ્રુતજ્ઞાનનાં અજવાળા



- ગુણવંત બરવાળિયા




**પ્રકાશક**

**નવભારત સાહિત્ય મંદિર**

૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨. ફોનઃ ૦૨૨-૨૨૦૧૭૨૧૩

**નવભારત સાહિત્ય મંદિર**

જૈન દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૧.

૨૦૨, પેલિકન હાઉસ, આશ્રમ રોડ, અમદાવાદ-૯.

**બુક શેલ્ફ**

૧૬, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, અમદાવાદ-૯.

SHRUT GYANNA AJWALA
Edited By Gunvant Barvalia
February 2010
જ્ઞાનસત્ર-પમા "જૈન વિરલ વિભુતિઓ" અંતર્ગત વિદ્વાનો દ્વારા રજૂ થયેલ નિબંધો-લેખ અને શોધપત્રોનો સંગ્રહ

**પ્રકાશન સૌજન્ય :**
ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટ,
પારસધામ, ઘાટકોપર, મુંબઈ.

**શ્રુતજ્ઞાનનાં અજવાળા**
**સંપાદન : ગુણવંત બરવાળિયા**

**મૂલ્ય : ૧૨૫/-**

**પ્રકાશક : અશોક ધનજીભાઈ શાહ**
**નવભારત સાહિત્ય મંદિર**
**૧૩૪, શામળદાસ ગાંધી માર્ગ,**
**મુંબઈ - ૪૦૦ ૦૦૨.**
**Email : nsmmum@yahoo.co.in**

**મુદ્રક :**
**કોનમ પ્રિન્ટર્સ**
તાડદેવ, મુંબઈ.

# અર્પણ

અહિલ્યા થઈને સૂતેલા, અમ જ્ઞાન તણી અભિલાષા;
ગુરુ તમારા સ્પર્શથી પ્રગટો, શ્રુતજ્ઞાન તણા અજવાળા

અધ્યાત્મ યોગિની પૂ. બાપજી-લલિતાબાઈ મ.સ. તથા
તેમના સુશિષ્યા પૂ. ડૉ. તરુલતાબાઈ મ.સ.ને
વિનમ્ર ભાવે...



# સંપાદકીય

અર્હમ સ્પીરીચ્યુઅલ સેંટર સંચાલિત સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ ઍન્ડ લીટરરી રીસર્ચ સેંટર દ્વારા જૈન સાહિત્ય જ્ઞાનસત્ર-૫નું આયોજન ૨૧ અને ૨૨ માર્ચ ૨૦૦૯ના રોજ કરવામાં આવેલ.

આચાર્ય પૂ. શ્રી પદ્યુમ્નસુરિ મ.સા. તથા અજરામર સંપ્રદાયના પૂ. શ્રી ભાસ્કરજી સ્વામી આદિ સંતો તથા સતીજીઓની પાવનનિશ્રામાં મુનિશ્રી સંતબાલજી પ્રેરિત મહાવીર નગર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર ચીંચણી (જીલ્લો થાણા, તાલુકો દહાણુ) મુકામે યોજાયેલ આ જ્ઞાનસત્રમાં ભારતભરના લગભગ ૫૦ જેટલા વિદ્વાનોએ ભાગ લીધેલો.

પ્રતિ વર્ષ વિદ્વાનો દ્વારા પ્રસ્તુત થયેલા નિબંધો-શોધપત્રો ''જ્ઞાનધારા'' નામે ગ્રંથસ્થ કરી પ્રકાશિત કરવામાં આવે છે.

આ જ્ઞાનસત્રમાં, જેમણે જૈનધર્મમાં શ્રુતજ્ઞાનનું કાર્ય કર્યું છે જૈન દર્શન સાહિત્યમાં જેમનું યોગદાન છે તેવી વ્યક્તિઓના કાર્યો અને જીવન વિશે ''પ્રભાવક જૈન પ્રતિભાઓ'' એ વિષય પર વીશેક વિદ્વાનોએ પોતાના નિબંધો અને શોધપત્રો રજુ કર્યા હતા. આ બધાં જ લખાણો 'શ્રુતજ્ઞાનનાં અજવાળા' નામે ગ્રંથસ્થ કરી અમે પ્રગટ કરી રહ્યા છીએ.

બાકીના વિવિધ વિષયોના નિબંધો જ્ઞાનધારા-૫ નામે ગ્રંથસ્થ કરી પ્રગટ કરવામાં આવ્યા છે.

જે જે વિદ્વાનોએ લખાણો આપ્યા છે તે સર્વેનો આભાર માનું છું. સંપાદન કાર્યમાં ડૉ. રસિકભાઈ મહેતા તથા મારા ધર્મપત્ની ડૉ. મધુબહેન બરવાળિયાનો મને સહયોગ મળ્યો છે.

જ્ઞાનસત્રની સમગ્ર વ્યવસ્થા યોગેશભાઈ બાવીશી, પ્રદીપભાઈ શાહ, પ્રકાશભાઈ શાહ તથા સુરેશભાઈ પંચમીયાએ સુંદર રીતે સંભાળી હતી.

પ્રકાશન સૌજન્ય માટે પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. પ્રેરિત ઉવસગ્ગહર સાધના ટ્રસ્ટનો તથા પ્રકાશન માટે નવભારત સાહિત્ય મંદિરના શ્રી અશોકભાઈ શાહનો આભાર માનું છું.

**▯ ગુણવંત બરવાળિયા**

૬૦૧, સ્મિત એપાર્ટમેન્ટ
ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઇસ્ટ)
ફોન : ૨૫૦૧૦૬૫૮
gunvant.barvalia@gmail.com

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧) | જૈન શ્રુતજ્ઞાનમાં નિશ્ચયમાર્ગી ધર્મ પ્રણેતા કુંદકુંદાચાર્યનું યોગદાન | હર્ષદભાઈ એલ. મહેતા | ૧ |
| ૨) | ભક્તામર સર્જક પૂ. માનતુંગસુરિજી | ડૉ. રેખા વોરા | ૭ |
| ૩) | તેરાપંથ સંઘના ચતુર્થ આચાર્ય શ્રીમદ્ જયાચાર્યની શ્રુત સાધના | ડૉ. રશ્મિભાઈ ઝવેરી | ૧૨ |
| ૪) | ધર્મક્રાંતિવીર લોંકાશાહ | કુ. તરલાબેન દોશી | ૨૦ |
| ૫) | પૂ. પુણ્ય વિજયજીનું સંશોધન અને સંપાદન કાર્ય | ડૉ. આભય દોશી | ૨૮ |
| ૬) | શાસન સમ્રાટ નેમિસુરિજી મ.સા. | ડૉ. પ્રવિણભાઈ શાહ | ૩૮ |
| ૭) | ક્રાંતદ્રષ્ટા મુનિશ્રી સંતબાલજીની શ્રુત સંપદા | ગુણવંત બરવાળિયા | ૪૬ |
| ૮) | કવિ પંડિત પૂ. વીરવિજયજીનું પૂજા સાહિત્ય | ડૉ. જવાહર પી. શાહ | ૪૯ |
| ૯) | યુગપુરુષ શ્રીમદ્ રાજચંદ્રજીની શ્રુત સાધના | ગુણવંત બરવાળિયા | ૫૬ |
| ૧૦) | શ્રાવક કવિ ઋષભદાસનું વ્યક્તિત્વ અને કતૃત્વ | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી | ૬૪ |

| | | |
|---|---|---|
| ૧૧) ભારતીય ગરિમાનું પ્રતીક શ્રી. વીરચંદ રાઘવજી ગાંધી | પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ | ૭૩ |
| ૧૨) નીડર જૈન ચિંતક વા.મો.શાહ | ડૉ. સુધા નિરંજન પંડયા | ૯૧ |
| ૧૩) બહુમુખી પ્રતિભાવંત ''શ્રી સુશીલનું સર્જન | ડૉ. રેણુકા પેરવાલ | ૯૯ |
| ૧૪) શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ એક વિરલ વ્યક્તિત્વ | ડૉ. કાંતિભાઈ બી. શાહ | ૧૦૪ |
| ૧૫) પંડિત હીરાલાલ દુગ્ગડની સાહિત્ય ઉપાસના | જયશ્રીબેન દોશી | ૧૧૫ |
| ૧૬) જયભિખ્ખુ જીવન યાત્રા અને સાહિત્ય યાત્રા | પ્રફૂલ રાવલ | ૧૨૦ |
| ૧૭) પંડિતવર્ય પ્રભુદાસ પારેખ | ડૉ. છાયાબેન શાહ | ૧૨૬ |
| ૧૮) જર્મન વિદ્વાન ત્રિપુટી (હર્મન યાકોબી, શૂબ્રિંગ અને આલ્સડ્રોફ) | ડૉ. જિતેન્દ્ર બી. શાહ | ૧૩૬ |
| ૧૯) ડૉ. ભોગીલાલ સાંડેસરાનું સંપાદન કાર્ય | સેજલ શાહ | ૧૪૭ |
| ૨૦) અદ્વિતીય પ્રતિભા : કસ્તુરભાઈ લાલભાઈ | પુષ્પાબેન મહેતા | ૧૫૧ |
| ૨૧) અમૃતલાલ કાલીદાસ દોશીની સાહિત્ય સેવા | ડૉ. કલાબેન શાહ | ૧૫૫ |

# જૈન શ્રુતજ્ઞાનમાં નિશ્ચયમાર્ગી ધર્મ પ્રણેતા કુંદકુંદાચાર્યનું યોગદાન

▯ હર્ષદભાઈ એલ. મહેતા

દિગંબર જૈન પરંપરામાં આચાર્ય કુંદકુંદાચાર્ય સર્વોત્કૃષ્ટ સ્થાને બિરાજમાન છે. સર્વે દિગંબર સાધુઓ તથા તેમના મુમુક્ષુઓ તેમના નામનું સ્મરણ અત્યંત ભાવપૂર્વક કરે છે. આ સંપ્રદાયના પ્રવચનકારો પોતાના પ્રવચનના પ્રારંભમાં મંગલાચરણરૂપ નીચેનો શ્લોક બોલી તેનો પ્રારંભ કરે છે.

''मंगलं भगवान वीरो, मंगलं गौतमो गणो।
मंगलं कुन्दकुन्दार्यो, जैनधमोस्तु मंगलम्।।''

દરેક દિગંબર મંદિરના સ્વાધ્યાય હોલની દિવાલ પર પ્રમુખસ્થાને પૂ. કુંદકુંદાચાર્યનું ચિત્રપટ બિરાજમાન હોય છે અને તેની નીચે પ્રવચનકર્તાનું સ્થાન હોય છે. કોઈ પણ પ્રવચનકર્તા તેમના ચિત્રપટને પંચાંગભાવે પરમઆશિર્વાદન સ્તોત્ર સતત મળતો હોય તેવા ભાવો હૃદયમાં ધારે છે.

મંગલાચરણ કરતાં ભગવાન મહાવીર સ્વામી, ગૌતમાદિ ગણધરોની સાથે એક માત્ર આચાર્ય કુંદકુંદાચાર્યના નામનો સ્મરણપૂર્વક ઉલ્લેખ કરી અન્ય ગુરુજનોને નીચેના કથન દ્વારા વંદના કરતા હોય છે.

''अस्त मुलग्रंथकर्तारः श्री सर्वे देवास्तुदुतरग्रन्थ कर्तारः श्री गणधरदेवाः
प्रतिगणधरदेवास्तेषां वचनानुसारमासाद्या श्री कुंदकुंदाम्नोय... विचारतम्।
श्रोतारः सावधानतय श्रृण्वन्तु।''

એમની મહિમા દર્શાવતો શિલાલેખ પર નીચેના વચનો હિંદીભાષામાં મોજુદ છે. ''કુન્દપુષ્પોની સુવાસ ધારણ કરેલી જેમની કીર્તિ દશે દિશાઓમાં વિભુષિત થઈ છે, જે ચારણોના ચારણ ઋદ્ધિધારી મહામુનિઓના સુદંર કરકમળોમાં અભિવૃત્ત છે અને જેને જૈન પવિત્રાત્માઓએ ભરતક્ષેત્રમાં પ્રતિષ્ઠિત કરી છે તેવા વિભૂતિ કુંદકુંદ આ પૃથ્વીપર કોના દ્વારા વંદનીય નથી?

આમ દિગંબર જૈન પરંપરાના નિશ્ચયધર્મ માર્ગીના પ્રણેતા પૂ. કુંદકુંદાચાર્યની કીર્તિ જેટલી પ્રચલીત છે તેટલું તેમનું જીવન અપરિચિત છે. તેમના વ્યક્તિગત જીવન બાબતમાં વિશેષ ઉલ્લેખ મળતો નથી. તેમના નામ માત્રનો ઉલ્લેખ દ્વાદશાનુષેક્ષમાં તથા અન્ય શિલાલેખોમાં મળે છે. ''બોધપાહુડ''માં તેમને ચૌદ પૂર્વોનું વિપુલજ્ઞાન ધરાવનાર શ્રૃત કેવળીશ્રી ભદ્રબાહુસ્વામીના શિષ્ય તરીકે ઉલ્લેખ મળી આવે છે. મહાન વિભુષીઓ પોતાની કૃતિમાં પોતાના નામ સંબંધી પણ ઉલ્લેખ કરતા ન હતા.

તેમનો જન્મ ૨૦૦૦ વર્ષ પૂર્વે વિક્રમની પ્રથમ શતાબ્ધિમાં ભગવાન મહાવીર સ્વામીથી ફક્ત ૫૦૦ વર્ષ બાદ કોણ્ડકુન્દપુર (કર્ણાટક) થયો હતો તેમના માતાપિતાના નામનો ક્યાંય ઉલ્લેખ મળતો નથી. તેમ જ તેમનું બાળપણમાં પણ શું નામ હતું તે પણ મળતું નથી, પરંતુ તેમણે નંદિસંઘમાં દીક્ષા લઈ ''પદ્મનંદીમુનિ'' નામ ધારણ કર્યું હતું.

વિક્રમસંવત ૪૯માં તેઓ નંદિસંઘના આચાર્ય પદે બિરાજ્યા અને મુનિ પદ્મનંદી આચાર્ય પદ્મનંદી બન્યાનો ઉલ્લેખ નંદીસંઘની પટ્ટાવલીમાં આવે છે.

કૌણ્ડકુંદપુરવાસી હોવાને કારણે લોકો તેમને કોણ્ડકુન્દાચાર્ય કહેવા લાગ્યા જે કલાંતરે ''કુંદકુંદાચાર્ય'' બની ગયા. તેવો ઉલ્લેખ ચંદ્રગિરિ પહાળ પર મળતા શિલાલેખોમાં નીચેના શ્લોકના આધારે જાણી શકાય છે.

**''श्री मन्मुनीन्द्रोत्तमरत्नवग्गा श्री गौतमाद्याप्रभ**
**तत्राम्बुधौ सप्तमहद्धियुत्कास्तत्सन्ततौ नन्दिगणे वमूब।।**
**श्री पद्मनंदीत्यनवद्यनामा हाचार्य शब्दोतर कन्डकुन्दः।**
**द्वितीयमासीर्क्षमधानमुध्यच्चरित्र सज्जातसुचारणध्धि।।''**

આમ પદ્મનંદીમુનિનું બીજું નામ કુંદકુંદાચાર્ય પડ્યું. તેમને આકાશગામી છારણાધ્ધિ પ્રાપ્ત હતી. જેથી તેઓ જમીનથી ચાર આંગળી અધ્ધર ચાલતા હતા. તેમના ઉપરોક્ત બે નામો ઉપરાંત અન્ય નામો એલાચાર્ય, વક્ગીવાચાર્ય, તથા ગધ્ધપિચ્છાચાર્ય આદિ નામો પણ

પ્રસંગોત્પાદ પડેલા. આમ તેમનાં પાંચ નામોનો ઉલ્લેખ વિજયનગરના શિલાલેખ પરના નીચેના શ્લોકથી મળે છે.

आचार्य कुन्दकुन्दाम्यो वक्रग्रीवो महामुनिः।

एकाचार्यो गद्धपृच्छा इति तन्नाम पञ्चधा।।

પરંતુ આ પાંચેય નામોમાં સર્વાધિક પ્રચલિત નામ તો કુંદકુંદાચાર્ય જ છે. તેઓ સંદેહે મહાવિદેહક્ષેમમાં ભગવાન સિમંધર સ્વામીના દર્શનાર્થે ગયા હતા અને ત્યાં આઠ દિવસ ભગવાનના સાન્નિધ્યમાં રહી, તેમની દેશનાનું પ્રત્યક્ષ શ્રવણ કર્યું હતું. તેવી વાતનો ઉલ્લેખ દેવસેનાચાર્યના દર્શનાચારમાં આવે છે. પંચાસ્તિકાયની તાત્પર્યવૃત્તિ નામક સંસ્કૃત ટીકામાં જયસેનાચાર્યે પણ તેનો ઉલ્લેખ કરેલ છે.

મહાવિદેહ ક્ષોત્રમાં ૫૦૦ ધનુષ્યની કાયાવાળા ગણધરો, કેવળીઓ અને અન્ય આચાર્યોની સરખામણીમાં ભરતક્ષેત્રમાંથી પધારેલ કુંદકુંદાચાર્ય માત્ર એલચીના દાણા જેવા દેખાતા હોવાથી તેનું નામ ''એલાચાર્ય'' કે ''ઇલાચાર્ય'' પડ્યું.

ભરતક્ષેત્રથી મહાવિદેહક્ષેત્રના આકાશગામી વિહાર દરમ્યાન તેમના મોરપિચ્છમાંથી એક પિછ નીચે પડી ગયું, તેથી તેમનુ ચોથુ નામ ''ગધ્ધપિચ્છાચાર્ય'' પડ્યું.

તેમની ડોક સહેજ વાંકી રહેતી હોવાથી લોકો તેમને ''વક્રગ્રીવાચાર્ય'' એવા પાંચમા નામથી પણ તેમને ઓળખતા. આટ દિવસ પ્રભુના સાન્નિધ્યમાં રહીને જે દેશનાનું શ્રવણ તેમને પ્રત્યક્ષ પ્રાપ્ત થયું તેના ફળ સ્વરૂપે ભરતક્ષેત્રમાં પધાર્યા બાદ તેમણે સમયસાર, નિયમસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય સંગ્રહ, તથા અષ્ટપાહુડ આદિ સર્વોત્તમ ગ્રંથોની રચના કરી.

**સમયસાર :-** આ અદ્‌ભુત ગ્રંથ તો સિદ્ધ બનવાની ગીતા છે તેમ પૂ. કાનજીસ્વામી કહે છે તેમાં નિશ્ચયનયે શુદ્ધાત્માની પ્રાપ્તિ કરવાની વિધિ બતાવી છે. તેમાં શુદ્ધ નયે છએ દ્રવ્યોનું સ્વરૂપ બતાવ્યું છે જેને ''સમય'' કહેવામાં અને પરમશુદ્ધ નિશ્ચયનયે આપણી અંદર બિરાજમાન ભગવાન શુદ્ધાત્માનું સ્વરૂપ છે તે ''સમયસાર'' છે. ચાર દ્રવ્યો (જીવ અને

પુદ્ગલ સિવાય) તો હર હંમેશ પોતાના સ્વરૂપમાં શુદ્ધ જ રહે છે, પરંતુ જીવદ્રવ્ય રાગદ્વેષ તથા અજ્ઞાનના કારણે પુદ્ગલ વર્ગણા (કાર્મણ વર્ગણા) આકર્ષી શુદ્ધાત્મા પર આવૃત થઈ જાય છે. જે આત્માનું વિકૃત/અશુદ્ધ સ્વરૂપ છો. જો કે પુદ્ગલ અને આત્મા એકક્ષેમાવગાહી હોવા છતાં એકબીજામય કદી બની જતા નથી અને પોતાની સ્વરૂપને ગુમાવી એકમય બની જતા નથી, પરંતુ તે પુદ્ગલો આત્માના જ્ઞાતા/દ્રષ્ટાદિ મૂળભુત ગુણોને આવૃત કરે છે. ત્યારે આત્મા પરસમય બની જાય છે.

અનાદિથી આત્માનુ સ્વરૂપ આવું જ છે. હવે જો માન્યતાનો દોષ કાઢી હું સ્વયં ભગવાન જ છું. સિદ્ધ સ્વરૂપ છું તેવો નિર્ણય કરી જો જીવ આરાધના કરે તો તેની ગેરમાન્યતા, મિથ્યાદ્રષ્ટી દૂર થઈ સમ્યક્દ્રષ્ટિ પ્રાપ્ત થઈ શકે છે. આ આંતરીક પરિણામ થવું તે જ સાધના જીવને મોક્ષગતિ પ્રાપ્ત કરાવે છે. આ ગ્રંથમાં ૪૧૫ ગાથાઓ પ્રાકૃતમાં છે. જેની પર ૧૦૦૦ વર્ષ બાદ પૂ. અમૃતચંદ્રાચાર્યે આત્મખ્યાતિ નામે જે ટીકા લખી છે તે તેટલી જ અદ્ભુત છે. તેમના બાદ ૩૦૦ વર્ષે પં. જયચંદજી છાબડાએ તાત્પર્યવૃત્તિ નામક વૈરાગ્યપૂર્ણ ટીકા લખી છે જે તેનો હિંદીમાં અનુવાદ છે. તેનો ગુજરાતીમાં અનુવાદ પં. હિમતભાઈ જેઠાલાલ શાહ કરી પ.પૂ. કાનજી સ્વામીની પ્રેરણાથી પરમશ્રૃત પ્રભાવક મંડળ દ્વારા છપાવી આપણી હસ્તગત કરાવી છે.

**નિયમસાર :–** 'નિયમ' એટલે અવશ્ય કરવા યોગ્ય 'સાર' એટલે રત્નત્રયની પ્રાપ્તિ. નિયમસાર એટલે અવશ્ય કરવાયોગ્ય શુદ્ધ રત્નત્રયીની પ્રાપ્તિની વિધિ. જીવના ચાર ભાવો ઔદાયિક, ઉપશમ અને ક્ષયોપશમ ભાવો તો અવશ્ય ત્યજવાના જ છે, પરંતુ અહીં તો ક્ષાયિક ભાવનું અવલંબન પણ ત્યજવાની વાત છે. માત્ર પરમ પારિણામિક પરમશુદ્ધાત્મ દ્રવ્યનું જ એકમાત્ર આવલંબન લેવાનું છે. આ પરમશુદ્ધાત્માનુ આવલંબન જ મહાવ્રત છે, તે જ પ્રતિક્રમણ છે, તે જ આલોચના છે અને તે જ એકમાત્ર સાધના છે જે જીવને સંસારથી મુક્તિ પમાડી શકે છે. નિયમસાર ગ્રંથની ૧૮૭ ગાથા, પણ પ્રાકૃતમાં છે.

**પ્રવચનસાર :–** આ પરમ પવિત્ર શાસ્ત્રોમાં મુખ્યત્વે ત્રણ સ્કંધો છે.

૧) **જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન** – અનાદિકાળથી જીવ પરસન્મુખ જ રહ્યો છે. હું સ્વયં મારામાં જ છે તેવી શ્રદ્ધા જીવને થઈ નથી. તેથી જ હું સંસારમાં અનાદિથી ૮૪ જીવાયોનિઓમાં ભટકી રહ્યો છું આ શ્રુતસ્કંધમાં મારા આત્માના જ્ઞાનસ્વરૂપ સ્વભાવને વિસ્તારથી સમજાવ્યો છે.

૨) **જ્ઞેય તત્ત્વપ્રજ્ઞાપન** – દુઃખનું મુળ કારણ જીવનો ભેદજ્ઞાન કરવાનો અભાવ. જગતના પ્રત્યેક પદાર્થો ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત છે. મુળભૂત તત્ત્વ નિત્ય છે. જ્યારે તેની ઉત્પાદ્ વ્યય થતી પર્યાયો ક્ષણીક અને અનિત્ય છે. એક પર્યાયનો વ્યય થતાં જ બીજી પર્યાયનો ઉત્પાદ થાય છે. તેથી પર્યાયોમાં અનિત્યતા છે. અત્યાર સુધી મારી દ્રષ્ટી પર્યાય પર જ હતી અને પર્યાયોમાં જ લોભાતા હું દુઃખી થઈ રહ્યો છું. જીવે પંચમગતી પ્રાપ્ત કરવા દ્રષ્ટી ધ્રુવ પર જ કેન્દ્રીત કરવી પડશે. આ ધ્રુવ દ્રષ્ટિ પર્યાયમાં જ થશે. બાકી જ્ઞાન, દર્શન, વિર્યાદિ અનેક અનંત ગુણો દ્રવ્યાશ્રીત જ છે. પર્યાયો ક્રમબદ્ધ છે જ્યારે ગુણ અક્રમે દ્રવ્યાશ્રીત છે.

૩) **ત્રીજું શ્રુતસ્કંધ** – ચરણાનુયોગ સૂચક ચૂલિકા છે. મુનિને કેવા પ્રકારનો શુભોપયોગ પ્રવર્તે છે અને કેવી ક્રિયાઓ વર્તતી હોય છે તેને આ સ્કંધમાં સમજાવેલ છે તેમાં આંતરંગ દશાનું સ્વરૂપ, ૨૮ મૂળ ગુણોનું સ્વરૂપ, દિક્ષાગ્રહણ કરવાની વિધિ, ઉત્સર્ગ અપવાદ, યુક્ત આહાર-વિહાર, એકાગ્રતારૂપ મોક્ષ માર્ગ આવા ચરણાનુયોગ જેવા વિષયોનું સ્વરૂપ દર્શાવ્યુ છે. આમ આ શાસ્રો જીવની સ્વતંત્રતાનું પ્રરૂપણ કરે છે. આ ગ્રથની ૨૭૫ ગાથાઓ છે તેના પર અમૃતચંદ્રાચાર્યની ''આર્યેની તત્ત્વ પ્રદીપિકા'' નામક ટીકાઓ જીનાલય પર કળશ સાન સુશોભીત છે.

**પંચાસ્તિકાય સંગ્રહ** :- પ્રભુએ આ જગતને છ દ્રવ્યોથી ભરપૂર જાણ્યું દેખ્યું છે. આ છ દ્રવ્યો ધર્મ-અધર્મ-આકાશ-કાળ, જીવ અને પુદ્ગલ છે જેમાં કાળને છોડી અન્ય પાંચ દ્રવ્યો અસ્તિકાય છે જ્યારે કાળ દ્રવ્ય જીવ અને પુદ્ગલની સાપેક્ષ દ્રવ્ય છે તેથી તે અસ્તિકાય નથી. તેનું સ્વરૂપ દર્શાવતી ૧૭૩ ગાથાઓ પંચાસ્તિકાયમાં વર્ણવી છે.

**અષ્ટપાહુડ** :- કુંદકુંદાચાર્યે આઠ પાહુડોની રચના કરી છે જે આઠે જીવને અનુલક્ષીને ધરાવતા વિષયો છે તે (૧) દસણ પાહુડ (૨) સુત્ત

પાહુડ (૩) ચારિત્ર પાહુડ (૪) બોધ પાહુડ (૫) ભાવ પાહુડ (૬) મોક્ખ પાહુડ (૭) લિંગ પાહુડ અને (૮) શીલ પાહુડ.

તે ઉપરાંત બાર ભાવનાઓ પર ''**द्वादशानु प्रेक्षा**'' (**बारस अणुवेक्ख**) નામના ગ્રંથની તેઓએ રચના કરી. ઉપરાંત ''રયણસાર'' તથા ''મુલાચાર'' પણ તેમની કૃતિઓ છે. તેમના રચીત થોડા સરળ કાવ્યો પણ છે જે ૪-૧૧-૧૯૭૬ના પ્રદર્શિત થયેલ જૈન સંદેશ નામક મેગેઝીનમાં છપાયા હતા. એવું પણ કહેવાય છે કે ષટ્ખંડાગમ નામના ત્રણ ખંડો પર 'પરિકર્મ' નામની તેમણે ટીકા લખી હતી, પરંતુ આજે તે ઉપલબ્ધ નથી.

આમ પૂ. કુંદકુંદાચાર્યનું શ્રૃતજ્ઞાન તરફ બહુ જ ભવ્યયોગદાન હતું જે તેના મુમુક્ષુઓને પરમગતિ પ્રાપ્ત કરવામાં અત્યંત સહાયક છે. જાણતા/અજાણતાં મારા લખાણમાં કંઈ ક્ષતી થઈ હોય તો મારા શુદ્ધાત્માની સાક્ષીએ મિચ્છામિ દુક્કડમ્ કરી વિરમુ છું.

**આધાર ગ્રંથો :-**

પં. હિંમતલાલ જેઠાલાલ શાહ દ્વારા અનુવાદ કરેલ ગ્રંથો : (૧) સમયસાર (૨) નિયમસાર (૩) પ્રવચનસારની પ્રસ્તાવના (૪) ડૉ. હુકમચંદ ભારિલ્લ લિખિત સમયસાર.

# ભક્તામર સર્જક

# પૂ. માનતુંગસુરિજી

**▯ ડૉ. રેખા વોરા**

જૈન સ્તોત્રના નવસ્મરણ સ્તોત્રમાં સાતમું સ્મરણ મહાપ્રભાવિક "ભક્તામર સ્તોત્ર"ના રચયિતા શ્રી માનતુંગસુરિનું નામ સર્વત્ર પ્રસિદ્ધ છે.પટ્ટાવલી સમુચ્ચયમાં આપેલી પટ્ટાવલીઓમાં શ્રી મહાવીરસ્વામીની વીસમી પાટે શ્રી માનતુંગસૂરિ થયાનો ઉલ્લેખ છે. આ માનતુંગસૂરિએ ભક્તામર સ્તોત્ર, ભયહર સ્તોત્ર અને ભત્તિબ્ભર આદિ સ્તોત્ર રચ્યાની નોંધ પણ છે.

શ્રી માનતુંગસૂરિનું ગૃહસ્થ-જીવન અને દીક્ષા પર્યાય સંબંધી વિશેષ વિગતો સૌથી પહેલા લગભગ ઈ.સ.૧૨૭૭માં રચાયેલ પ્રભાવકચરિતમાં મળે છે. તેમાં ક્હયું છે કે:-

"વારાણસી નગરીમાં હર્ષદેવ નામનો રાજા હતો. એ નગરીમાં બ્રહ્મક્ષત્રિય જાતિનો ધનદેવ નામનો શ્રેષ્ઠિ તેની પત્ની ધનશ્રી રહેતા હતા. તેમને માનતુંગ નામનો પુત્ર હતો. આ પુત્રે વૈરાગ્ય પામીને ચારુકીર્તિ નામના દ્િગંમ્બરાચાર્ય પાસે દીક્ષા લીધી હતી અને મહાકીર્તિ નામ ધારણ કર્યું હતું. આજ વારાણસી નગરીમાં લક્ષ્મીધર નામે તેમના બનેવી રહેતા હતાં. દે ધનાઢ્ય અને આસ્તિક શિરોમણી હતો. એકવાર મહાકીર્તિ (માનતુંગ) ગોચરી લેવા માટે તેને ત્યાં પધાર્યા. તે વખતે કોગળો કરવા માટે કમંડળમાંથી જળ લીધું તો તેમાં નિરંતર જળ ભરી રાખવાથી સમૂર્ચ્છિમ પોરા ઉત્પન્ન થયેલાં જણાયા. તેમની બહેને આ વસ્તુ તરફ તેમનું ધ્યાન દોર્યું અને "વ્રતમાં દયા એજ સાર છે" વગેરે ધર્મ વચનો કરી તેમને શ્વેતામ્બર મતની દીક્ષા ગ્રહણ કરવાનો અનુરોધ કર્યો, એટલે ભવભીરૂ એવા માનતુંગે શ્રી જિનસિંહ નામના શ્વેતામ્બરાચાર્ય પાસે દીક્ષા ગ્રહણ કરી. ગુરુએ તેમને વિવિધ શાસ્ત્રોનો અભ્યાસ કરાવ્યો અને સર્વ રીતે યોગ્ય જાણી સૂરિપદે સ્થાપ્યા. ત્યારથી તેઓ શ્રી માનતુંગસૂરિ તરીકે પ્રસિદ્ધ પામ્યા.

ત્યારબાદ મયૂર બાણ વાળી ઘટના બનતા "ભક્તામર સ્તોત્ર"ની રચના કરી. છેવટે માનસિક રોગ લાગું પડતાં "ભયહર સ્તોત્ર" રચીને તે રોગ દૂર કર્યો. છેવટે ગુણાકર નામના શિષ્યને પોતાના પદે સ્થાપી અનશન કરી સ્વર્ગે સીધાવ્યા.

પ્રભાવક ચરિતના આધારે એટલું સ્પષ્ટ થાય છે કે પૂ. માનદવેસૂરિની પાટે આવનાર માનતુંગસૂરિજીએ નહિ પરંતુ શ્રી જિનસિંહસૂરિના શિષ્ય શ્રી માનતુંગસૂરિજીએ "ભક્તામર સ્તોત્ર" બનાવેલું છે. પ્રભાચન્દ્ર પછી શ્રી મેરુતુંગચાર્ય જેઓ ઈ.સ.૧૩૦૫માં થઈ ગયા. તેઓએ આ સંબંધમાં અતિ સંક્ષિપ્તમાં વર્ણન આપ્યું છે. એમની કથામાં બાણ, મયૂર અને માનતુંગ એકી સાથે રહ્યા છે. ઘટના સ્થળ ઉજ્જયિની અને રાજાનું નામ પરમાર રાજ ભોજ આપ્યું છે.

ભક્તામર સ્તોત્રના સૌથી પ્રાચીન વૃત્તિકાર રુદપલ્લીય શ્રી ગુણાકરસુરિ ઈ.સ. ૧૩૭૦માં થઈ ગયા, તેનો તેમની નગરી ઉજ્જયનીને ઘટના સ્થળ, વૃધ્ધભોજ રાજને રાજ, બાણ અને મયૂરની પ્રતિસ્પર્ધાની કથા પ્રચલિત દંતકથા અનુસાર આપી છે. શ્રી માનતુંગસૂરિની ચમત્કાર કથામાં એક નાની વિશેષ વિગત આપી છે કે સૂરિજીના એક એક શ્લોકની રચનાની સાથે જ એક પછી એક બંધન તૂટતા જાય છે મને ૪૨માં શ્લોકની સમાપ્તી થતાંજ ઓરડાના તાળા પણ તૂટી ગયા અને સૂરિજી બહાર આવી ગયા.

લગભગ ઈ.સ.૧૫૮૦માં તપાગચ્છીય લઘુ સોપાલીકા પટ્ટાવલીમાં માનતુંગસૂરિના સંબંધમાં આ પ્રકરાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે કે ભક્તામર, ભયહર અને ભત્તિબ્ભર સ્તોત્ર એ શ્રી માનતુંગસૂરિની અમર કૃતિઓ છે. માલવદેશના રાજા વૃધ્ધભોજરાજની સભામાં ભક્તામર સ્તોત્ર દ્વારા તેઓએ માન પ્રાપ્ત કર્યું હતું.

લગભગ એજ સમય ઈ.સ. ૧૫૮૨માં તપાગચ્છીય ધર્મસાગર ગણિના તપાગચ્છ પટ્ટાવલી સૂત્રમાં પણ આવું જ કંઈક કહ્યું છે કે, બાણ અને મયૂર પંડિતોની ચમત્કાર ભરી વિદ્યા પ્રતિબોધિત કરવા માટે ભક્તામર સ્તોત્રની રચના થઈ. નાગરાજજે વશીકૃત કરવા માટે ભયહર અને ભક્તિબ્ભર સ્તોત્રની રચના કરી.

આમ માનતુંગસૂરિના જીવન સંબંધી અનેક વિચારધારાઓ પ્રચલિત છે. શ્વેતામ્બરોમાં માનતુંગસૂરિ વિશેની સૌથી પ્રાચીન કથાઓ મળે છે પરંતુ દિગમ્બર સાહિત્યમાં શ્રી માનતુંગસૂરિ સંબંધી જે કથાઓ મળે છે તે લગભગ ૧૭મી સદી પછીની જોવા મળે છે. ઈ.સ. ૧૬૨૬માં થયેલા ભટ્ટારક સકલચંદ્રના શિષ્ય બ્રહ્મચારી રાયમલ્લની ભક્તામર વૃત્તિ ઈ.સ. ૧૩૭૦ પહેલા શ્વેતામ્બચાર્ય શ્રી ગુણાકરસૂરિની વૃત્તિમાં અપાયેલી કથાઓના પાત્રોના નામ બદલી કરીને પોતંપોતાના સંપ્રદાયને પુષ્ટિ આપતા નામની ફેર બદલી કરી નાંખી છે.

ઈ.સ. ૧૬૬૭માં ભટ્ટારક વિદ્યાભૂષણ કૃત ''ભક્તામર ચરિત્ર''માં બીજી કથા લખાઈ છે. એમાં ભોજ, ભૃતહરિ, ભારવિ, કાલિદાસ, ધનંજય, વરરુચિ અને માનતુંગ આદિને સમકાલીન ગણાવ્યા છે.

શ્રી માનતુંગસૂરિ રચિત આ ત્રણ સ્તોત્રમાં ભત્તિબ્ભર સ્તોત્રના **भत्तिष्भर अमरपाळयं पळमिय** પ્રારંભમાં એ શબ્દોથી શરૂઆત થાય છે. ભયહર સ્તોત્ર કે નમિઊણના પ્રારંભમાં **नमिऊण पळय सुरगळ चुडामणि** એ શબ્દો આવે છે. અને ભક્તામર સ્તોત્રના પ્રારંભમાં ભક્તામર પ્રળત મૌલિ એ શબ્દ આવે છે. અને ભક્તામર સ્તોત્રના પ્રારંભમાં ભક્તામર પ્રળત મૌલિ એ શબ્દ આવે છે. અને આજ શ્લોકની ત્રીજી પંક્તિમાં પ્રળજ્વ શબ્દ આવે છે.

આમાંથી પ્રથમ બંને કૃતિઓ પ્રાકૃત ભાષામાં છે જ્યારે ત્રીજી કૃતિ સંસ્કૃતિ ભાષામાં રચાયેલી છે તાત્પર્ય કે શ્રી માનતુંગસૂરિ પ્રાકૃત અને સંસ્કૃત બંન્ને ભાષાના મહાવિદ્વાન હતા એમ માનવું યથાયોગ્ય છે.

આ સ્તોત્રત્રયમ્‌ની રચના ક્યાં ક્રમાનુસાર થઈ હશે આ સંદર્ભમાં શ્રી ધીરજલાલ ટોકરશી શાહ જણાવે છે કે '' શ્રી નમસ્કારમંત્ર સંબંધી અનેક ગૂઢ રહસ્યો ભરેલા છે. અને તેથી યથાવિધ આરાધનાથી તેમણે મંત્રશક્તિ મેળવી હશે. આ સ્તોત્ર પરની અવચૂર્ણિમાં અમે વાંચ્યું છે કે શ્રી માનતુંગસૂરિએ એક વખત નમસ્કાર મહામંત્રના કેટલાક ચમત્કારિક પ્રયોગો બતાવીને મિથ્યાદર્શન વાળાઓને ચૂપ કરી દીધા હતા. અને કદાચ આવા પ્રસંગે જ તેમને મહાન ચમત્કાર સર્જવાનું શ્રદ્ધાબળ આપ્યું હશે. ત્યારબાદ ભક્તામર સ્તોત્રની રચનાનો પ્રસંગ આવ્યો અને છેવટે

ભયહર નામનું સ્તોત્ર બનાવ્યું.''

કુલ દસ માનતુંગોમાંથી બે ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. જેમાંથી કોઈપણ ભક્તામર સ્તોત્રના રચનાકાર હોઈ શકે. વિન્ટર નિટ્સે એવી સંભાવના વ્યક્ત કરી છે કે ભક્તામરના રચયિતા ક્લાસિકલ સંસ્કૃત યુગના કવિ હોવા જોઈએ એવું તેમને શ્રી માનતુંગસૂરિની ભક્તામર સ્તોત્રની ભાષા અને શૈલીના આધારે લાગે છે.

હર્મન યાકોબીનો મત પણ તેમને લગભગ ૭મી સદીમાં રાખવાનો છે. મયૂર, બાણ અને ધનંજય પણ આ સમયમાં થયા હોવાનું સમર્થન કરે છે.

ડૉ. જ્યોતિપ્રસાદ જેને પણ ભક્તામરકાર માનતુંગનો સમય ૭મી સદીજ નક્કી કર્યો છે.

પંડિત અમૃતલાલ શાસ્ત્રીને પૂર્વાપર પ્રભાવોનું વિશ્લેષણ કરીને નિશ્ચિત કરી દીધું છે. કે ૧૨મી સદી પહેલા ઘણા વિદ્વાનોએ ભક્તામર સ્તોત્રના પદ્યનો ઉપયોગ કર્યો છે.

ઉદાહરણરુપે ''કલ્યાણમંદિર સ્તોત્ર'' પરનો ભક્તામર સ્તોત્રનો સ્પષ્ટ પ્રભાવ બધાજ વિદ્વાનોએ સ્વીકૃત કર્યો છે. અભિમાન મેરૂ પુષ્પદંતના 'શિવમહિમા સ્તોત્ર' (૧૦મી સદી), જિનસ્વામીનું મદિપુરાણ (૯મી સદી), હરિભદ્રસૂરિની શાસ્ત્રવાર્તા સમુચ્ચય (૮મી સદી) પર પણ ભક્તામર સ્તોત્રનો પ્રભાવ ક્યાંકને જોવા મળે છે.

આ પરથી સુસ્પષ્ટ થાય છે કે ભક્તામરકાર વૈદિક કે બ્રાહ્મણીય સાહિત્યથી ભલીભાંતિ પરિચિત હતા અને તેમનાં સંસ્કારોથી પણ કદાચ પ્રભાવિત હતાં.

ડૉ. શેખરચંદ જૈન આ સંદર્ભમાં જણાવે છે કે ''આ બધા વિચારોથી મને તો એવું લાગે છે કે માનતુંગ મુલતઃ એક બ્રાહ્મણ ધર્માનુરાગી વિદ્વાન અને સુકવિ હતા. જૈનધર્મના આકર્ષિત થઈને તેનો એક જૈન શ્રાવક બન્યા. કદાચ કોઈ શ્વેતાંમ્બર સજ્જન (સ્ત્રી કે પુરુષ)ની પ્રેરણાથી, ત્યારબાદ સંભવતઃ કર્ણાટકના કોઈ દિગંમ્બાચાર્યના પ્રભાવથી તેઓ દિગમ્બરમુનિ બની ગયા હોય.'' માનતુંગ કંઈ જાતિના અને કથા સમયમાં થયા એ કહેવું ખૂબ મુશ્કેલ જણાય છે.

કર્ણાટકના મધ્યકાલીન શિલાલેખોમાં મને દિગમ્બર પટ્ટાવલીઓમાં તેમના સંપ્રદાયના અનેક મહાત્માચાર્યોનો ઉલ્લેખ થયેલો જોવા મળી આવે છે. પરંતુ માનતુંગનું નામ ક્યાંય જોવા મળતું નથી.

આ ઉપરાંત દિગમ્બર સંપ્રદાયમાં માનતુંગ જેવા મહાકવિ સુપ્રસિદ્ધ આચાર્યનું નામ મધ્યકાળમાં બીજા મુનિઓએ ધારણ કર્યું હોય એવો એકપણ દાખલો મળતો નથી. દિગમ્બર સંપ્રદાયમાં તો સિંહનંદી, સમન્તભદ્ર કુમદચન્દ્ર, પ્રભાચન્દ્ર વગેરે જેવા મહાન આચાર્યોના નામ પાછળથી બીજા મુનિઓએ ધારણ કરેલા વારંવાર જોવા મળે છે. જ્યારે શ્વેતામ્બર સંપ્રદાયમાં ''માનતુંગ''ના ધારણ કરવાવાળા અનેક મુનિઓના ઉદાહરણ જોવા મળે છે. જેવી રીતે વજ્રસેન, હરિભદ્ર, ધર્મઘોષ, સિદ્ધસેન, ભદ્રગુપ્ત, જિનભદ્ર વગેરે પ્રાચીન પ્રસિદ્ધ આચાર્યોના નામ અન્ય મુનિઓએ ધારણ કરેલાં જોવા મળે છે. તેવી જ રીતે મુનિ માન્યા અને પાછળથી જિનસિંહ નામના આચાર્ય પાસે દીના ગ્રહણ કરી હોવાનું કહ્યું છે. મહાન આચાર્ય 'સિધ્ધર્ષિ એ સ્તોત્ર' શબ્દના ઉદાહરણમાં 'ભક્તામર સ્તોત્ર' ને લીધું છે. મુનિશ્રી કલ્યાણ વિજયે ચંદ્રકુલની પાટ પરંપરા આપી છે. પણ તેમાં સમયક્રમં તફાવત જોવા મળે છે. આ મહાભય અને મહાપ્રતિહાર્ય સંબંધિત શ્લોકો પણ તેઓ શ્વેતામ્બર સંપ્રદાયને હશે. એ તરફ અંગુલીનિર્દેશન કરે છે. વિવિધ મુદ્દાઓની ચર્ચાબાદ ક્યાંય પણ વિદ્વાનો એક મત જોવા મળતાં નથી. તેથી કહીને શ્રી માનતુંગસૂરિ શ્વેતામ્બર સંપ્રદાયના હતા કે દિગમ્બર સંપ્રદાયના હતા તે નિર્ણય કરી શકાતો નથી.

આજે પણ શ્રી માનતુંગસૂરિજી રચિત ભક્તામર સ્તોત્ર જૈન ધર્મીજનના હૃદયમાં એક અનોખું સ્થાન ધરાવે છે આવા મહાન યુગ પુરુષને કોટિ કોટિ વંદન.

# તેરાપંથ સંઘના ચતુર્થ આચાર્ય શ્રીમદ્ જયાચાર્યની શ્રુત-સાધના

▯ ડૉ. રશ્મિભાઈ ઝવેરી

તેરાપંથ ધર્મસંઘના ચતુર્થ આચાર્ય શ્રીમદ્ જયાચાર્યના મારવાડના રોયટ ગામના હતા. એમનો જન્મ વિ.સં. ૧૮૬૦માં થયેલો. એમણે નવ વર્ષની ઉમરે દ્વિતીયાચાર્ય શ્રી ભારમલજી પાસે વિ.સં. ૧૮૬૯માં દીક્ષા લીધેલી. વિ.સં. ૧૯૦૮માં ચતુર્થ આચાર્ય બન્યા, અને ૧૯૩૮માં નિર્વાણ પામ્યા.

મુનિ જીવનમાંજ એમણે એમના વિદ્યાગુરુ હેમરાજજી સ્વામી પાસે જૈનાગામનો ઊંડાણથી અભ્યાસ કર્યો. હેમરાજજીસ્વામી તેરાપંથ ધર્મસંઘના સ્થાપક પ્રથમાચાર્ય શ્રી ભિક્ષુ સ્વામીના એક પ્રમુખ શિષ્ય હતા. શ્રી ભિક્ષુ સ્વામીએ જૈનાગમોનો આદ્યોપાંત અભ્યાસ કરી જૈન દર્શન અને તત્ત્વનું પ્રતિપાદન રાજસ્થાની ભાષામાં કર્યું હતુ. પોતાના મૌલિક ચિંતનના આધાર પર અહિંસા દાન, દયા, આદિ ગહન વિષયો પર એમણે આડત્રીસ હજાર પદ્યોની રચના કરી હતી. જયાચાર્યે શ્રી ભિક્ષુસ્વામીના સાહિત્યનો ઊંડાણથી અભ્યાસ કર્યો અને પોતાની પ્રખર પ્રજ્ઞા દ્વારા એ સ્વામીજીના ભાષ્યકાર બની ગયા હતા.

એમનામાં મતિ, બુદ્ધિ અને પ્રજ્ઞાની ત્રિવેણી પ્રવાહિત હતી. એમની અંતર ભાષા પ્રજ્ઞા હતી અને બાહ્ય ભાષા રાજસ્થાની, તેઓ અત્યંત મેધાવી હતા. એમણે એમના જીવનકાળમાં સાડા ત્રણ લાખ પદ પરિમાણ શ્રુતનું સર્જન કર્યું હતું. તત્ત્વજ્ઞાનથી ભરપૂર અને દુર્ગમ એવા પંચમ જૈનાગમ ભગવતીનો એમણે રાજસ્થાની ભાષામાં પદ્યાનુવાદ કર્યો હતો. એમની 'ભગવતી-જોડ' ૫૦૧ વિવિધ રાગિણિયોમાં ગેય ગીતિકાઓની રચના છે, જે રાજસ્થાની ભાષાની સૌથી મોટી રચના માનવામાં આવે છે. ૧૯ વર્ષની અવસ્થામાં એમણે પન્નવણા જેવા ગંભીર આગમનો પદ્યાનુવાદ કર્યો હતો. એમની શ્રુત સાધનામાં આગમોનો અનુવાદ તથા ટીકા અને

સમીક્ષાત્મક ટિપ્પણીયો સિવાય આખ્યાન, સંસ્મરણ, સ્તુતિ, દર્શન, ન્યાય, છન્દ, વ્યાકરણ ધ્યાન, યોગ આદિ વિવિધ વિષયોનો સમાવેશ થાય છે.

એમની પ્રસિદ્ધ કૃતિઓ છે -

૧) ચોવીસી ૨) આરાધના ૩) બડા ધ્યાન ૪) છોટા ધ્યાન ૫) ધ્યાનવિધિ ૬) માનસિક દુઃખ કી ચિકીત્સા ૭) અધ્યાત્મ પદાવલીઓ આત્મ-સંબોધ, વિવેક દીપ, વીતરાગ વંદના જિન-શાસન મહિમા આદિ ૮) બડી ચોબીસી

આમાંથી એમની અતિ પ્રસિદ્ધ કૃતિઓ છે. ચોવીસી અને આરાધના આ લેખમાં આ બેની ચર્ચા કરવામાં આવી છે.

૧). શ્રી જયાચાર્યની 'ચોબીસી'

૨૪ તીર્થંકરોની સ્તુતિ 'ચૌબીસી' શ્રી જયાચાર્યની પ્રસિદ્ધ કૃતિ છે. એનું પ્રત્યેક સ્તવન જિનેશ્વર દેવની ભક્તિ, જૈન તત્ત્વ - બોધ અને વૈરાગ્ય તથા સંવેગ રસથી તરબોળ છે. એમાં અધ્યાત્મના ગૂઢ રહસ્યોનું ધ્યાનના મૂળ તત્ત્વોનું અને અનુપ્રેક્ષાઓનું સુંદર પ્રતિપાદન થયું છે. ચોબીસીની પ્રત્યેક સ્તુતિ અલગ અલગ ગેય રાગમાં રચવામાં આવી છે. એના સંગીતમય સ્વાધ્યાયથી સાધક ભક્તિરસમાં ભીંજાઇ જાય છે.

જૈન વાઙ્મયમાં ચોવીસ ભગવાનની સ્તુતિ રૂપે અને 'ચોવીસી'ઓની રચના વિદ્વાન જૈનાચાર્યો દ્વારા થઈ છે. શ્રીમદ્ જયાચાર્ય નિર્વાણ દ્વિશતાબ્દી સમારોહના અવસર પર જૈન વિશ્વ ભારતી (લાડનૂ) દ્વારા પ્રકાશિત 'આરાધના' પુસ્તકના ૧૮-૨૦ પૃષ્ઠ પર આ બધી ચોવીસીના આશરે ૮૦ જેટલા લેખકોની વિગતવાર ચર્ચા કરવામાં આવી છે. આ બધામાં આનંદઘનજી, યસો વિજયજી, વિનયવિજયજી દેવચંદ્રજી આદિની ચોવીસીઓ બહુ પ્રસિદ્ધ છે. શ્રીમદ્ જયાચાર્યજી ચોબીસી પણ તીર્થંકરોની સ્તુતિ રૂપ બેજોડ રચના છે.

આ લઘુ ચોવીસીમાં પ્રત્યેક સ્તવનના સાત સાત પદો છે. આ ઉપરાંત એમણે 'બડી ચૌબીસી'ની રચના પણ કરી છે. આ ચોવીસી વર્ણન પ્રધાન છે, જેમાં ૨૪ તીર્થંકરોના ગૃહસ્થ જીવન અને ધર્મ-પરિવારનું વિસ્તૃત વર્ણન છે. એના સ્તવનોમાં ૧૬ થી ૫૨ પદો છે. એમાં ભાવનાનો પ્રકર્ષ,

અનન્ય ઉપમાઓ, પદ લાલિત્ય અને અનુપ્રાસને લીધે આ પણ એક અદ્વિતીય સાહિત્ય રચના બની છે.

આ લેખમાં એમની સુપ્રસિદ્ધ લઘુ ચોવીસીના કેટલાંક પદોની સમીક્ષા કરવામાં આવી છે.

પ્રથમ તીર્થંકર ઋષભનાથજીના સ્તવનમાં એમની સમતા અને ભેદજ્ઞાન માટે કહે છે -

"અનુકૂલ પ્રતિકૂલ સમ સહી,
તપ વિવિધ તપંદા,
ચેતન-તન ભિન લેખવી,
ધ્યાન શુક્લ દયાવંદા.।।

ધ્યાનનો સ્વરૂપને સમજાવતાં ત્રીજા ભગવાન સંભવનાથજીના સ્તવનમાં કહે છે -

"સંભવ સાહેબ સમરિયે,
ધ્યાયોં હૈ જિન 'નિર્મલ ધ્યાન કે,
ઈક પુદ્‌ગલ દૃષ્ટિ થાપને,
કીધો હે મન મેરુ સમાન હૈ।।

અર્થાત્‌ ભગવાને એક પુદ્‌ગલ (પોતાના શરીરના કોઈ અવયવ અથવા કોઈ બાહ્ય પદાર્થ પર) દૃષ્ટિ ટકાવીને મનને મેરુ સમાન અડોલ બનાવી દીધો.

પાંચમા સુમતિ પ્રભુજીના સ્તવનમાં અરિહંત ભગવાનના આઠ પ્રાતિહાર્ય તથા ચાર અંતરંગ ગુણોનું - એમ અરિહંતના બાર ગુણોનું કાવ્યમય વર્ણન છે.

'ફટિક-સિંહાસણ જિનજી ફાલતા,
તરુ અશોક ઉદાર,
છત્ર ચમર ભામંડલ ભલકતો,
સુર-દુન્દુભિ ઝિણકાર,
પુષ્પ વૃષ્ટિ દિવ્ય ધ્વનિ દીપતિ,
સાહિબ જગ સિણગાણ

અનંત જ્ઞાન દર્શન બલ ચરણ હો,
દ્વાદશ ગુણ શ્રીકાર.''

છઠ્ઠા પદ્મ પ્રભુજીના સ્તવનમાં તીર્થંકર પદની વિશેષતા બતાવતાં કહે છે-

સંયમ લીધો તિણ સમૈ, પાયા ચૌથો નાણ'' તમે જે ક્ષણે સાધુત્વનો સ્વીકાર કર્યો. તે જ ક્ષણે તમને મન પર્યવ જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું હતું.

ચિત્ત-વૃત્તિનો નિરોધ કરી જે વ્યક્તિ જેનું ધ્યાન કરે છે, એ એવીજ થઈ જાય છે આવી પારિણામિક ધ્યાનની પ્રક્રિયાને જયાચાર્યે આઠમા જિનેશ્વરની સ્તુતિમાં બહુ સુંદર અભિવ્યક્તિ આપી છે -

અહો । વીતરાગ પ્રભુ તૂં સહી,
તુમ ધ્યાન ધ્યાવે ચિત્ત રોક।
પ્રભુ! તુમ તુલ્ય તે હુવૈ ધ્યાન સૂ,
મન પાયાં પરમ સંતોષ''

આત્માનું સંધાનના ક્ષેત્રમાં નિર્મળ ધ્યાનનું જ મૂલ્ય છે, જેની ત્રણ અનુપ્રેક્ષાઓને જયાચાર્યે બહુ વ્યવસ્થિત રીતે અગિયારમાં શ્રેયાંસ પ્રભુજીના સ્તવનમાં કરી છે-

સંજય તપ જપ શીલ એ,
શિવ સાધન મહા સુખકાર,
અનિત્ય, અશરણ અનન્ત એ
ધ્યાયો નિર્મલ ધ્યાન ઉદાર,
આમાં અનિત્ય અને અશરણ એ બે

ધર્મધ્યાનની અનુપ્રેક્ષાઓ છે તથા અનંત અનુપ્રેક્ષા શુક્લ ધ્યાનની છે. ધ્યાનની પૂરી પ્રક્રિયા છે - પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિનો અભ્યાસ, ધર્મ-ધ્યાન (વિરાય-ધ્યાન) અને શુક્લ ધ્યાન, શ્રેયાંસ પ્રભુએ એને શ્રેય સમજીને એનુ જીવનમાં અવતરણ કર્યું હતું. -

સુમતિ ગુપ્તિ દુર્ધર ઘણાં,
ધર્મ શુક્લ ધ્યાન ઉદાર;
એ શ્રેયવસ્તુ શિવદાયિની

આપ આદરી હરષ અપાર.''

શ્રેયાંસ ભગવાન પદ્માસનમાં બેસીને શરીરની ચંચલતાને મટાવીને, ઉત્કૃષ્ટ ધ્યાનનું વર્ણન કરતાં કહે છે-

''તન ચંચલા મેટને, પદ્માસન આપ વિરાજ,

ઉત્કૃષ્ટ ધ્યાન તણો કિયો, આલંબન શ્રી જિનરાજ

તેવી જ રીતે ૧૩મા તીર્થંકર વિમલનાથજીના સ્તવનમાં નામ-સ્થાપના દ્રવ્ય અને ભાવ - આ આચર નિક્ષેપોનો ઉલ્લેખ કરી કહે છે.

નામ સ્થાપના દ્રવ્ય વિમલથી

કારજ ન સરે કોય,

ભાવ વિમલથી કારજ સુધરે

ભાવ જપ્યાં શિવ હોય''

અર્થાત્ ગુણશૂન્ય નામ વિમલ, સ્થાપના વિમલ

કે દ્રવ્ય વિમલથી કાર્ય સાધી શકાતુ નથી. એક માત્ર ભાવ વિમલપ્રભુના જપથી જ કાર્ય સિદ્ધ થાય ચે અને શિવપદ પામી શકાય છે.

૧૪મા જિનેશ્વર અનંતનાથ પ્રભુજીના સ્તવનમાં ૧૪ ગુણસ્થાનનું સંક્ષેપમાં વર્ણન સાતજ ગાથાઓમાં કર્યું છે. એમાં કેટલાક શાશ્વત સત્યોનો ઉલ્લેખ પઠનીય છે.

''જિન-ચક્રી-સુર જુગલિયારે વાસુદેવ બલદેવ;

એ પંચમ ગુણ પાવૈ નહી રે, એ રીત અનાદિ સ્વમેવ

અર્થાત્ અરિહંત, ચક્રવર્તી, દેવ, યૌગલિક મનુષ્ય, વાસુદેવ અને બલદેવ - આ છ પાંચમા ગુણસ્થાનને પ્રાપ્ત નથી કરતા. આ એક સ્વયં સંભૂત અનાદિકાળની રીત છે.

૨૩માં પાર્શ્વનાથ પ્રભુના સ્તવનમાં ભગવાનને પારસની ઉપમા આપી કહે છે

લોહ કંચન કરૈ પારસ કાચો,

તે કહો કર કુણ લેવૈ હો;

પારસ તૂં પ્રભુ સાચો પારસ,

આપ સમો કર દેવૈ હો,

પારસ તો લોખંડને માત્ર સોનું બનાવે છે, પોતાના જેવું પારસ નહીં, પણ હે પારસનાથ પ્રભુ! તમે તો ભક્તને પોતાના સમાન ભગવાન બનાવો છો, એ તમારી વિશેષતા છે.

અંતમાં ચરમ તીર્થંકર મહાવીર સ્વામીના સ્તવનમાં તો અતિ સુંદર કલ્પનાને કાવ્યમય સ્વરુપ આપતાં કહે છે-

''સંગમ દુઃથ દિયા આકરા રે, સુપ્રસન્ન નિજર દયાલ,
જગ ઉધ્ધાર હુવૈ મો થકી રે, એ ડૂબે ઈણ કાલ''

''મારા નિમિત્તથી જગતનો ઉદ્ધાર થાય છે પણ આ વિચારો સંગમ મારા જ નિમિત્તથી ડૂબે છે. અહીં 'સુપ્રસન્ન' શબ્દનો અર્થ છે આત્માની આંતરિક પ્રસન્નતા એટલે કે આનંદ. જે નિર્મળ હોય તેજ પ્રસન્ન રહી શકે છે. રાજી/નારાજી જેવા ભાવો ભાવનાઓ મહાવીરમાં ન હતા. હતી કેવલ પ્રસન્નતા. આવી કરુણાના કરનારા ભગવાન - મહાવીર સ્વામી સમતાના સાગર હતા.

નિંદા નૈ સ્તુતિ સમપણૈ રે, માન અને અપમાન,
હરષ સોગ મોહ પરદર્યા રે, પામે પદ નિરવાણ.

આમ ૨૪ ભગવાનની સ્તુતિ સ્વાધ્યાય માટે ઉત્તમ છે આરાધના

શ્રી મજ્જયાચાર્યની ઉત્કૃષ્ટ આધ્યાત્મિક રચના છે - 'આરાધના'. પ્રત્યેક સાધકે મરણાન્ત સમયમાં 'આરાધક' થઈને જીવનનો અંત કરવો અભિપ્રેત છે અને એ માટે મૃત્યુના આસન્નકાળમાં 'આરાધના' કરવી આવશ્યક છે. સ્થાનાંગ સૂત્રમાં ત્રણ પ્રકારની આરાધનાનો ઉલ્લેખ મળે છે. જ્ઞાન આરાધના, દર્શન આરાધના અને ચારિત્ર-આરાધના. સમસ્ત જીવનના સાધનાકાળ દરમ્યાન થયેલા પ્રમાદ, મૂર્ચ્છા આદિથી જ્ઞાન, દર્શન અને ચારિત્રની જે કોઈ વિરાધના કરી હોય તેનું અંતિમ સમયે પ્રાયશ્ચિત્ત લેવું આવશ્યક છે. આરાધનાને મૃત્યુ-દર્શન પણ કહેવામાં આવે છે. જૈન સાહિત્યમાં આરાધનાની એક સ્વતંત્ર વિદ્યા છે. જિનરત્નકોષમાં અભયસૂરિથી લઈને લોકાચાર્ય તથા કેટલીક અનામી એવી ૨૯ કૃતિઓનો ઉલ્લેખ છે.

અધ્યાત્મ યોગી અને શ્રુતસાધક શ્રી જયાચાર્યની 'આરાધના'ના દસ દ્વાર (પ્રકરણ) છે-

૧) આલોચના દ્વાર ૨) વ્રત ઉચ્ચારણ દ્વાર ૩) ક્ષમાપન (ક્ષમા-યાચના) દ્વાર ૪) પાપ વ્યુત્સર્ગ દ્વાર ૫) ચતુઃશરણ પ્રતિપત્તિ દ્વાર ૬) દુષ્કૃત નિન્દા દ્વાર ૭) સુકૃત અનુમોદના દ્વાર ૮) ભાવના દ્વાર ૯) અનશન દ્વાર ૧૦) પંચ પરમેષ્ઠિ નમસ્કાર દ્વાર

પ્રત્યેક દ્વારની એક એક ઢાળ છે. આધ્યાત્મિક તથા માનસિક ચિકિત્સા પદ્ધતિના આ સૂત્રો છે.

આ દસ દ્વારમાંથી કેંટલાક દ્વારોની આધ્યાત્મિક સાહિત્યની દૃષ્ટિએ સમીક્ષા કરવાનો નમ્ર પ્રયાસ મૈ કર્યો છે.

૧ પ્રથમ આલોચના (આલોચના) દ્વાર એ યોગ સંગ્રહનો પહેલો પ્રકાર છે. માનસિક અને ભાવનાત્મક તણાવ (mental and emotional tension)થી કષાય, નોકષાય, આદિ, ઉત્પન્ન થતા રહે છે. આનાથી રાગ દ્વેષ/ પ્રિયતા-અપ્રિયતાના સંવેદન પણ થતા રહે છે, જેનાથી માનસિક વ્યાધિઓ વધે છે. આ વ્યાધિઓની ચિકિત્સાનું પ્રથમ સૂત્ર છે. આલોચના-આત્મનિવેદન. આને માટે જયાચાર્ય લખે છે કે નિષ્કપટ ભાવે - બાળક જેવી નિખાલસતાથી આચાર્ય પાસે આલોચના કરવી જોઈએ.

"ભોલા બાલક જેમ આલોવૈ, આચાર્યદિક પાસો,

ન્હાય ધોટાને નિર્મલ હુવૈ, આતમ ઉજ્જલ વિધિસહિત બતાવવામાં આવી છે. એના ૬૩ પદો છે. ત્રીજી અગત્યની આરાધના છે - ક્ષમાયાચના.

શ્રી જયાચાર્ય લખે છે કે જીવમાં રાગ-દ્વેષની ગ્રંથિઓ હોય છે. એટલે જીવ મિત્ર અને શત્રુ બનાવતો રહે છે. પ્રિયતા-અપ્રિયતા દ્વારા પાપકર્મ બાંધતો રહે છે, પ્રિયતા-અપ્રિયતા દ્વારા પાપકર્મ બાંધતો રહે છે. સમય સમય પર પ્રાયશ્ચિત્ત-પ્રતિક્રમણ ક્ષમાયાચના દ્વારા વ્યક્તિ પોતાની ભાવધારા નિર્મળ બનાવી શકે છે. જીવનના અંતિમ સમયમાં તો ક્ષમાયાચના કરવી નિતાંત આવશ્યક છે.

અષ્ટમ દ્વાર 'ભાવના દ્વાર' જયાચાર્યની ઊંડી આધ્યાત્મિકતા અને ઉત્કૃષ્ટ સાહિત્ય રચનાની દ્યોતક કૃતિ છે. 'ભાવના' એક સંમોહન છે. એનાથી બાધાઓ-કષ્ટો-સંકટો-દુઃખ, આદિનો શાંતિથી સહનશીલતાથી સામનો કરી શકાય છે એમ જયાચાર્ય કહે છે. આ દ્વારનું પ્રત્યેક પદ જૈન દર્શનના

મૂળભૂત તત્ત્વો અને વૈરાગ્ય-રસથી ભરપૂર છે.

"પુન્ય પાપ પુરવ કૃત,
સુખ દુઃખના કારણ રે,
પિણ અન્ય જન નહી,
ઈમ કરે વિચારણ રે, ભાવે ભાવના, જૈન દર્શનનો પાયાનો સિદ્ધાંત છે. પોતે કરેલાં શુભ-અશુભ કર્મોજ સુખ-દુઃખના કારણ છે. અન કોઈ - અરે ઈશ્વર પણ અન્ય કોઈને સુખી યા દુઃખી કરી શકતા નથી.

"પૂરવ કૃત અઘ (પાપ) જે,
ભોગવિયાં મુકાઈ રે,
પિણ વેદ્યાં વિના, નહી છૂટકો પાઈ રે,
આ ચિંતન સાથે મુમુક્ષુએ શાંતિથી સમભાવ પૂર્વક પૂર્વકૃત કર્મને વેદવા જોઈએ.

અનન્ય ઉપમાઓ સાથે કર્મ ખપાવવા માટે તેઓ લખે છે.

'સૂકો તૃણ પૂલો, જિમ અગ્નિ વિષેહારે,
શીઘ્ર ભસ્મ હુવૈ, તિમ કર્મ દદેહો રે
જિમ તપ્ત તવે જલ-બિંદુ બિલલાવૈ ર
તિમ દુઃખ સમચિત્તે સહ્યાં, અઘ-ક્ષય થાવૈ રે,
આ ઉપરાંત વિવિધ જીવોની, તિર્યંચોની, નારકોની, આદિની ભીષણ વેદનાને યાદ કરી મુમુક્ષુએ પોતાની વેદનાને સહન કરવાની ક્ષમતા કેમ મેળવવી એનું સુંદર કાવ્યાત્મક વર્ણન આ દ્વારમાં છે.

આમ શ્રીમજ્જયાચાર્યે શ્રુત - સાધના દ્વારા સાધુ અને શ્રાવકોને આધ્યાત્મિક પ્રેરણા આપી છે, જે પ્રત્યેક મુમુક્ષુએ આરાધના જેવી છે.

# ધર્મક્રાંતિ વીર લોંકાશાહ

□ કુ. તરલાબેન દોશી

"ધર્મક્રાંતિવીર લોંકાશાહ"નું નામ કાને પડતાં જ ભગવાન મહાવીર સ્વામીના નિર્વાણ બાદ લગભગ ૨૦૦૦ વર્ષ વહેતી કાળ સપાટી પર એક સીમાસ્તંભનું ઉત્તુંગ શિખર આંખ સમક્ષ ખડું થાય છે.

જીવનના તમામ ક્ષેત્રમાં એક પરંપરાગત પ્રવાહ વહેતો રહે છે તો એ પ્રવાહમાં ક્યારેક કિનારા તૂટે છે અને પ્રવાહ જુદી જ દિશામાં ફંટાય છે ક્ષેત્ર ચાહે વિજ્ઞાનનું હોય, સમાજનું હોય કે ધર્મનું હોય! યુગ પ્રભાવક વિભૂતિઓના પ્રભાવે કાળ કરવટ બદલ્યા કરે છે.

માર્કસ કર્વિને કે ફ્રોઈડે જેમ એક યુગને વિચારની દિશા બદલવાની ફરજ પાડી, ન્યૂટન, આઈન્સ્ટાઈન અને આજ સુધીના વૈજ્ઞાનિકોએ વિશ્વને સૂરત અને સિરતથી બદલ્યું તેમ ધર્મક્રાંતિવીર લોંકાશાહે જૈન પરંપરાને નવા મૂલ્યથી નિહાળવા નવદૃષ્ટિ આપી.

સમકાલીન બોધ્ધ પરંપરા, પૂર્વકાલીન વેદ પરંપરા અને પ્રાણપ્રતિષ્ઠિત સાંપ્રત જૈન પરંપરાના વહેતાં પ્રવાહમાં ભગવાન મહાવીરના નિર્વાણ બાદ આંતર અને બાહ્ય સંઘર્ષના બીજ વવાાઈ ચૂક્યા હતાં. ક્રાંત દૃષ્ટા પૂ. શ્રી સંતબાલજી નોંધે છે તેમ "સામાજિક, રાજકીય અને ધાર્મિક ત્રણે ક્ષેત્રોમાં અવનતિના થર બાઝવા લાગ્યા હતા. આચાર્ય સુધર્મા સ્વામીના" સુશિષ્ય જંબુસ્વામી જ્યાંસુધી સંઘનો ભાર ચલાવતા હતાં ત્યાં સુધી સંઘ શાંતિ જળવાઈ રહી હતી પરંતુ તેમના નિર્વાણ બાદ સાધુઓમાં બે તડ પડી હોય તેમ લાગે છે." અનેકાંતવાદ એવું જૈનદર્શન એકાંત આગ્રહના કારણે જિનકલ્પ અને સ્થવિરકલ્પના-દિગંબર-શ્વેતાંબર સંપ્રદાયમાં ચિરાઈ ગયું. આચાર્યોના અથાગ પ્રયાસો છતાં ભારેલા અગ્નિ જેમ મતભેદ-વક્રતા-જડતા-દુરાગ્રહ અને પૂર્વગ્રહ અંદરમાં સળગતાં જ રહ્યાં.

"તેમાં વળી જંબુસ્વામી બાદ લગભગ ૧ સૈક પછી ૧૨ દુકાળનો સામનો કરવાના સમયે સાધુસંસ્થામાં શૈથિલ્ય પ્રસરવા લાગ્યું."

"ત્યારબાદ બજ્જસેન સ્વામીના વખતમાં બીજીવાર દુષ્કાળ આવે છે. ઇતિહાસ નોંધે છે. વર્તમાન જેવા ઝડપી વાહનોના અભાવવાળા કાળમાં અન્ન પાણીની સગવડમાં શાસ્ત્રવિહિત સાધુજીવન નિભાવવાનું અતિ મુશ્કેલ બન્યું હતું. લગભગ ૭૪૮ સાધુઓએ ધર્મ પ્રતિજ્ઞાપર દઢ સાધુઓ સંથારાપૂર્વક સમાધિમરણ સ્વીકારી લીધું.

બીજા ઘણા સાધુઓએ કષ્ટપૂર્વક જે મળે તેનાથી ચલાવી જીવન નિર્વાહ કર્યો તો કેટલાંકે સાધુજીવનમાં ઘણી બાંધછોડ કરી જીવન ચલાવ્યું હતું તે કેટલાં અંશે યોગ્ય હતું તેની ચર્ચા અત્યારે અસ્થાને છે પણ સાધુજીવનના શૈથિલ્યનું આ એક પ્રબળ નિમિત્ત હતું તે સ્વીકારવું રહ્યું.

આમ જંબુસ્વામી બાદ આવેલ આ આંધિએ સાધુસમાજમાં સંઘભેદ જન્માવ્યો. ભગવાન મહાવીરના સમયથી ચાલતી પરંપરામાં વિભેદક આ દુ:ખદ અને કારૂણિક પ્રસંગ ૬૦૯મા ઇતિહાસ નોંધે છે જેમાં શ્વેતાંબર અને દિગંબર બંને પરંપરામાં પરસ્પર સરસાઈ બતાવતી અનેક ક્વિદંભઓ ચાલુ જ છે. અને બંને સંપ્રદાયમાં ચારિત્રપાલનમાં ઉત્કૃષ્ટતા અને જ ધન્યતાતો ત્યારે પણ હતી જ. એટલે મુખ્યત્વે માન્યતા ભેદ - અનેકાંત દૃષ્ટિમાંથી એક દૃષ્ટિને વધારે મહત્તાના કારણે પણ ઉદયમાં આવેલા દિગમ્બર - શ્વેતાંબર સંપ્રદાયની પટ્ટાવલિમાં જંબુસ્વામી સુધીનાં નામો મળી આવે છે.

જંબુસ્વામીથી એક પૂર્ણ પરંપરા જાણે પૂર્ણ થઈ અને પછીથી જે વિચારભેદ પરિસ્થિતિભેદ અને ઉતરતા કાળના લક્ષણો ઉપસવા માંડ્યા તે લોંકાશાહ પર્યંતમાં તીવ્ર અને તીક્ષ્ણ બન્યા હતાં. હરિભદ્રસૂરિજી અને હેમચંદ્રાચાર્ય જેવા સમર્થ જ્યોતિર્ધરો આ શિથિલતાનો પ્રવાહ અટકાવી શક્યા નહતાં "સંબોધપ્રકરણ"માં મહામનિષો પૂ. હરિભદ્રસૂરિજીની આ વેદના ટોકાયાં કરે છે. શ્રાવકોએ કરવા યોગ્ય ધાર્મિક પ્રવૃત્તિઓ શ્રાવકોએ

બંધ કરી, પરિણામે નિર્ગ્રંથ સાધુઓએ કેટલાંક સંયમનો ભોગ આપ થોડી શિથિલતા સાથે ધાર્મિક પ્રવૃત્તિનું સુકાન ચલાવ્યું.

બૌધ્ધધર્મમાં એ વખતે મધ્યમવાદની અસરથી શાસ્ત્રવિરુદ્ધ ધનાદિ સંસર્ગની પધ્ધતિએ જૈન સાધુને-પ્રભાવિત કર્યા, ''ચૈત્યવાદ''ની વિકૃતિએ લોંકાશાહને ક્રાંતિના બીજ વાવેતરમાં પ્રેર્યા ત્યારે ''અધિકારવાદ'' પણ કટ્ટર બની ચૂક્યો હતો એમ પૂ. સંતબાલજી નોંધ છે.

કેટલાંક ઐતિહાસિક ઉલ્લેખો બૌધ્ધોના મૂર્તિવાદને પણ તાંત્રિક બૌધ્ધમતના પ્રચાર સાથે ક્રિયાન્વિત થયાનું નોંધે છે. (સરસ્વતી - ૧૯૧૧ જુલાઈ, દેવોત્તરકા ઇતિહાસ પૃષ્ઠ ૭-૨૦) શ્વેતાંબર પંડિત બહેચરદાસજીએ ખૂબજ સ્પષ્ટતા સાથે અન્વેષણાત્મક દૃષ્ટિએ ''જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાનિમાં ''છણાવટ કરી છે. તેમના મતે જંબુસ્વામીના નિર્વાણ પછી ઘણા સમયે વીરસંવંત ૪૧૨ થી ધીમેધીમે સ્વરૂપમાં પરિણામે છે, અને ચૈત્ય શબ્દ પણ અર્થવિકાર પામતો જાય છે.

પૂ. શ્રી હરિભદ્ર સૂરિજીના શબ્દોમાં, જગતચંદ્રસૂરિ તથા સંઘ પટ્ટકના કર્તા ખરતરગચ્છના આચાર્ય જિનવલ્લભસૂરિ આદિ શ્વેતાંબર સંપ્રદાયના પ્રતિષ્ઠાપાત્ર જૈનાચાર્યો પણ વિકૃત પરંપરાથી ચિંતિત હતાં.

જ્યારે જ્યારે સમયની માંગ હોય, વિકાસ, પ્રસાર કે અસ્તિત્વ જાળવણી માટે હોય, અવલંબનરૂપે હોય કે વિકલ્પરૂપે હોય ધાર્મિક અંગની સૂક્ષ્મતા-પારદર્શકતા જાણનાર આચાર્યોએ તે સ્વીકાર્યા બાદ વિકૃત બનતાં અનુયાયીઓને અટકાવવાનું કપરૂં કામ પણ નિષેધરૂપે કરવું પડ્યું છે.. વેદ-હિંદુ-બૌધ્ધ-જૈન તમામ ધર્મોમાં સમયે સમયે ધર્મના અવલંબનોમાં (ફીલ્ટર પ્લાન્ટ) સંશુદ્ધિરૂપ સંશોધન ઇતિહાસમાં નોંધાયા છે.

મહાત્મા લ્યૂથર કહે ''રોમન કેથોલિક સંપ્રદાયમાં છે તે મૂર્તિપૂજા ખ્રિસ્તીશાસ્ત્ર સંમત નથી'' શ્રીમદ્ વલ્લભાચાર્યજી સ્વયં પોતાના ષોડશ ગ્રંથોમાં મૂર્તિપૂજાથી માનસિક પૂજા ઉત્તમ બતાવી.'' સમાજને આવલંબન ભુત પરમાત્માની પ્રાણપ્રતિષ્ઠા હૃદયમંદિરમાં કરવા ઉદ્બોધે છે.

માનસશાસ્ત્રીઓ નોંધે છે કે પારિવારિક સમસ્યામાં નિવૃત્ત વડીલ ગૃહિણીઓનું માનસ અવલંબન અને શુધ્ધિ આર્યપરંપરાના સંસ્કારના જતનરૂપે મૂર્તિનું માધ્યમ એ શ્રેષ્ઠ ઉપાય હતો, એ સમયની સામાજિક સંયુક્ત કુટુંબ વ્યવસ્થા માટે. સ્વામી નારાયણ સં.ના સંસ્થાપક શ્રી સ્વામી નારાયણજીએ પણ દઢતાપૂર્વક સંપ્રદાયમાં માનસિક શુધ્ધિના અબલંબનરૂપે 'પૂજા'નું સ્થાપન કર્યું. રાજારામમોહનરાય, મહર્ષિ દયાનંદ વગેરે વિચારકોએ ધર્મને દિશાસૂચન કરવામાં સૂક્ષ્મતાથી વિવેક કર્યો. મહમ્મદ પયગંબરે "બુતપરસ્તી" માંથી ઈસ્લામને બહાર કાઢવા કોશિષ કરી પણ કટ્ટરમતવાદીઓની એકાંતદષ્ટિએ તેમને મૂર્તિભંજક બનાવ્યા જેનું અજ્ઞાનના આત્યંતિક પરિણામરૂપે નુકસાન થયું. કબીર, નાનક, દાદુભગત, અખોભગત, ભોજાભગત બધાના સાહિત્યમાં ધર્મના અંગોમાં ભાવ-શુધ્ધિ અને માનસ સાધના સ્પષ્ટ દેખાય છે (દિગંબર સંપ્રદાયના ૧ પંડિત બનોરસી દાસજીએ ૭માં સૈકામાં દિગંબર સમાજનો ક્રિયોધ્ધાર કરી સુધારકની ભૂમિકા ભજવી હતી.

પરમાત્મા મહાવીર સ્વામીના નિર્વાણ બાદ-

મહાન પ્રભાવક, ક્રિયા વિશુદ્ધ, શાસ્ત્ર અભ્યાસી, પૂન્ય પ્રભાવક આચાર્યોની રાહબરી હેઠળ જૈનસમાજ ચતુર્વિધ તીર્થરૂપે શાસન ધુરા ચલાવી રહ્યો હતો. ભ. મહાવીર સ્વામીના પ્રરૂપિત ધર્મનો પ્રાણ અહિંસા સંયમ અને તપના મૂળભૂત સિધ્ધાંત સાથે ચેડાં થવાં લાગ્યા હતા. જે આવલંબનો ઉપકારો હતાં તેમાં વિકૃતિ જન્મવા લાગી હતી. યતિઓના હાથમાં ધર્મ કેદ્ર થઈ ગઈ હતો. અધિકારબાદ જોર જમાવતો હતો શ્રાવકો પણ શિથીલ, જવાબદારીથી દૂર અને શાસ્ત્રજ્ઞાનથી વંચિત થયા હતાં આવા સમયે ગોરજીએ શ્રાવકવર્ગની નબળાઈનો લાભ લઈ સમાજને ગેરમાર્ગે દોરવા હતાં. "ભણેસૂત્ર મરે એનો પુત્ર "જેવી ઉક્તિઓ પ્રચલિત હોવાથી ભોળાં જીવો શાસ્ત્રોનો સ્પર્શ પણ કરતાં ન હતાં અલબત પાત્રતા વિના શાસ્ત્રનો અભ્યાસ યોગ્ય પણ ન જ હોઈ શકે! પણ જે રીતે અપાત્રતા સાબિત થતી હતી તેના મૂળ કદાચ સાધુની

શિથિલતા શ્રાવકો જાણી ન જાય તે ભઆવનાના કેન્દ્રમાંથી ઉદ્ભવેલ હોઈ શકે!

ડહોળાયેલા વાતાવરણ વચ્ચે અમદાવાદના એક રાજહારી સત્તાધીશ, ધનસમૃદ્ધિથી સંપન્ન, પ્રતિષ્ઠિત, પ્રતિભાશાળી પુરુષ હેમાભાઈના ઘરે કાર્તિકપૂર્ણિમાની ઉજ્જવળતા લઈ પુત્ર લોંકાશાહનો જન્મ થયો. અમદાવાદના શાહને ત્યાં લોકના શાહ જેવા પુત્રનું ગુણ નિષ્પન્ન નામ ફઈબાંએ રાખ્યું લોકાશાહ જ્યોતિષના જાણકાર, નિમિત્ત શાસ્ત્રીઓ —શાસ્ત્રીઓના મતે લાખોના પ્રેરક અને પૂજક બનવાનું ઉજ્જવળ ભાવિ આ બાળકના લલાટે ઝળહળતું હતું.

છ વર્ષની વયે પાઠકજી પાસે વિદ્યાભ્યાસ માટે ગયેલા લોંકાશાહ પૂર્વકાળના વિદ્યાના પ્રગાઢ સંસ્કાર જાણે તાજા કરવા હોય એટલી સરળતાથી આખા પુસ્તકને બીજા દિવસે કંઠસ્થ કરી આવતા ત્યારે પાઠકજી વિસ્મિત થતાં સંસ્કૃત, પ્રાકૃત, અધમાગધી ઉપરાંત ભારત વર્ષની પ્રચલિત મુખ્ય ભાષાઓના જ્ઞાન સાથે પિતાજીના સંસ્કારથી ઊંડી રાજનીતિ, કળા કૌશલ્ય સાથે વ્યવહાર દક્ષ લોંકાશાહની લેખન કળા એટલે જાણે મોતીની કલા પૂર્ણ સેરની સુંદરતા!

શિરોહીના સુપ્રસિદ્ધ શાહ ઓધવજીની વિદુષી પુત્રી સુદર્શના સાથે લગ્નગ્રંથિથી જોડાઈ પૂર્ણચંદ્ર કે પૂનચંદ્ર નામના પુત્રના પિતા બન્યા આમ સર્વથા સુખી દેખાતા જીવનમાં પણ લોંકાશાહના અંતરમાં સદૃષ્ટ અજંપો તેને વ્યાકુળ અને વિહવળ રાખતો હતો. જીવન-ધ્યેય-પ્રાપ્તિના માર્ગો વગેરેની વિચારણા તેને જ્ઞાતિ-સંપ્રદાય-પરંપરા, ક્રિયાકાંડ બધાથી પર એવા વિજ્ઞાનમય વુશિદ્ધ જ્ઞાન અભ્યાસમાં લઈ જતી હતી.

રાજદ્વારી પુરુષ તરીકેના વ્યવસાય અને ફરજમાં "રાજકરણ" પ્રવેશ્યું ન હતું. સંયમ, સાદગી અને જીવનના ઉચ્ચમૂલ્યો વડે સમાજમાં અતિ આદરણીય સ્થાન પામ્યા હતાં. ભાવ સન્યસ્ત સાથે ગૃહસ્થાશ્રમી લોંકાશાહે જોયું કે સામાજિક અવ્યવસ્થા, સ્વાર્થીઘતા, જડતા અને દંભ વચ્ચે જૈનસમાજ પણ ઘેરાયેલો હતો. શ્રી હરિભદ્રસૂરિકૃત સંબોધ પ્રકરણ અને

જિન વલ્લભસૂરિકૃત સંઘપટ્ટક ત્યારની પરિસ્થિતિનું પ્રતિબિંબ પાડે છે "બધા અહમિન્દ છે યથા છંદે વર્તે છે. સાધુજીવન સામે તમામ નિયમ ભંગની વાત જાણી આજે પણ હૃદય વ્યાકુળ બને એવી અવસ્થા હતી. હરિભદ્રસૂરિજીના આઠમા સૈકાની આ વિકૃતિ લોંકાશાહ સુધીમાં વૃધ્ધિગત હતી.

ભગવાન મહાવીરના શાસનમાં નિયમો પાંચમાં આરાના વક્ર-જડ જીવોને લગામમાં રાખવા પર્યાપ્ત હોવા છતાં કાળનાં પરિબળોની અસરોમાં દુષ્કાળો અને બૌધ્ધિના મધ્યમમાર્ગના આકર્ષણથી સાધુના શૈથિલ્યની વૃધ્ધિમાં બૌધ્ધ ભિક્ખુ સાથે તુલનામાં લોકમત ઉદાર બની કડક આલોચના કરતો ન હતો. વળી કોઈ ક્રાંતિકાર - સ્વસ્થ, તટસ્થ, નિષ્પક્ષ રીતે નૈતિક હિંમત કરી શિથીલાચાર સામે અવાજ ઉઠાવતો ન હતો કે ન કોઈ સક્રિય બની વ્યવહાર શુધ્ધિની જાહેર હિંમત બતાવતુ હતુ.

સાધુ સમાજની શિથિલતા ચૈત્યવાદની વિકૃતિ અને અધિકારવાદની શૃંખલા આ ત્રણ તત્ત્વોએ જૈન સમાજના ધાર્મિક ક્ષેત્રને ઘેરી લીધું હતું. ધર્માંધતાના અંધકારે "શાસ્ત્ર"ના દીવડાંનો જાણે દટાઈ ગયા હતા.

લોંકાશાહે રાજ્યનો હોદો છોડી દીધો હતો. જ્ઞાનજી નામના એક મુનિરાજના આગમને લોંકાશાહના જીવન કાર્યમાં ક્રાંતિનું બીજા રોપણ થયું. સંદુર અક્ષરોનું લખાણ નિહાળી જ્ઞાનજીએ લોંકાશાહને આગમો લખવાની જવાબદારી સોંપી સંશોધક ઢૂંઢક લોંકાશાહને જાણે વરદાન મળ્યું. આગમોનો કબજો અને અધિકાર માત્ર સાધુના હાથમાં હોઈ, જાણે લોંકાશાહને તો સુવર્ણપદક મળી ગઈ. પ્રથમ જ વખત દશવૈકાલિકની ગાથા ધમ્મો મંગલ મુક્કિઠ્ઠં, અહિંસા સંજમો તવો દેવવિંત નમંસલિ જરસ ધમ્મે સયા મણો. વાંચ્યું રોમરોમમાં મહાવીરની અહિંસા પ્રધાન ધર્મજ્યોતના અજવાળા જાગી ગયા. લોંકાશાહને મદદ કરવા અનેક લદિયા તૈયાર થયા. મુનિરાજને આપવાની કોપી ઉપરાંતની નકલો તૈયાર થવા લાગી. બધી સામગ્રી મળી ગયા બાદ લોંકાશાહે પડકાર કર્યો. જૈનધર્મમાં ગચ્છ,

સંપ્રદાય, વાડા, નાત, જાત કશું જ નથી. મહાસાહર જેવું શાસન અનેકાંત, નિરવદ્ય સચ્ચં અણુતરં કેવલિય......સવ્વદુઃખ પરીણ મગ્ગં એવું દર્શન ૧૦ યતિધર્મ લક્ષણયુક્ત આત્મવિજ્ઞાન સામે વર્તમાનની એક એક ક્ષતિની તુલના કરી બતાવી વૈષ્ણવો, શૈવો, જૈનોના ટોળાં ઉભરાયા.

વીર લોંકાશાહની સિંહગર્જના સામે અણહિતપુર પાટણથી લખમશી શેઠ ખાસ આવ્યા. ઈરાદો તો લોંકાશાહને સુધારવાનો હતો. ખૂબ અભ્યાસ અને દલીલની તૈયારી સાથે આવ્યા હતા. પણ લોંકાશાહની નમ્રતા વિવેક તાટસ્થ્ય અને સંશોધન પાસે અભિભૂત થયા. બંનેનો વાર્તાલાપ અભ્યાસ યોગ્ય છે. વિરોધી મટી સહયોગી બનેલા લખમશી શેઠ ઉપરાંત અર્હટવાડા, પાટણ, સૂરતના સંઘના સંઘવીઓ નાગજી, દલીચંદ, મોતીચંદ, શંભુજી વગેરેએ પણ લોંકાશાહનું પુજ્યત્વ સ્વીકાર્યું. સૌએ સત્યપ્રચારક સંઘની માંગણી કરી પરંતુ લોંકાશાહે સત્યાગ્રહના સ્થાને મતાગ્રહ ન આવે તે માટે ચારિત્રવાન સત્યાગ્રહી બની વિચારમાંજ નહીં, આચારમાં મહાવીરને મૂકનારનો આગ્રહ રાખી નવા મતની સ્થાપના નહીં મહાવીરની આજ્ઞાની સ્થાપના કરવા અનુરોધ કર્યો. ૧૫૩૧માં આ ઘટના બની ૪૫ સાધકો સમર્પિત થયા.

કેટલાંકના મતે લોંકાશાહ દિક્ષિત બન્યા હતા. અને વિરોધી પરિબળોએ ઝેરમિશ્રિત આહાર વહોરવતા કાળધર્મ પામ્યાનું કહે છે તો કેટલાંકના મતે કુદરતી મૃત્યુ પામ્યાની વાત આવે છે. પણ લોંકાશાહ લોકક્રાંતિની મશાલ જગાવી વિદાય થયા હતાં એ સત્ય સર્વમાન્ય છે. લોંકાશાહના ૪૫ સહયોગીઓએ સંયમમાર્ગમાં વેર-વિરોધ વિના માત્ર શાસ્ત્ર સમ્મત માર્ગે સાધુપણું પાળી બતાવ્યું ૪૫ સાધુના માર્ગે બીજા સેંકડો સાધુ સાધ્વી અને એ વખતે લગભગ ૫ લાખ લોકો અને સંખ્યાબંધ યતિઓએ ધર્મપ્રાણ લોંકાશાહને ''ધર્મક્રાંતિના સૃષ્ટા''કહી સન્માન્યા છે. પાટણાના જ પ્રતિષ્ઠિત ૧૫૧ શ્રેષ્ઠીઓ દિક્ષિત બન્યાની પણ ઇતિહાસ સાક્ષી આપે છે. લોકક્રાંતિ વડે શિથિલતા દૂર થવા લાગી. વ્યવહારોમાં 'પ્રાણ' ઉમેરાતાં ''આગમ પ્રચાર-આચાર'' સુલભ બન્યા.

ક્રિયોધ્ધારક મંડળ 'ગચ્છ' બન્યા. જેની લોંકાશાહને ઈચ્છા જ ન હતી; તે સંપ્રદાય-ગચ્છ બન્યા પણ લોંકાશાહના આત્મીય અનુયાયીઓ સાવધાન રહી સાંપ્રદાયિક કદાગ્રહના વિષથી દૂર રાખવાના પ્રયત્ન કરતા રહ્યાં સમયના પ્રવાહમાં તેમાં પણ વિકૃતિના પડછાયા તો પડ્યા. પરંતુ ધર્મક્રાંતિ એળે નથી ગઈ. લોંકાશાહના અનુયાયીઓ દયાગચ્છ નામે પણ ઓળખાયા રૂપઋષિજી પહેલાં છ સ્થવિરો થયા. ૧) ભાણજી ૨) ભીદાજી ૩) મુન્નાજી ૪) ભીમાજી ૫) જગમાલજી ૬) સરવાજી

અને બીજા ત્રણ અનુયાયી ૧) ધર્મસિંહજી ૨) લવજીઋષિ ૩) ધર્મદાસજી ધર્મપ્રાણ લોંકાશહ પછી અઢી સૈકાબાદ અનુક્રમે વિ.સ. ૧૬૮૫ વિ.સ. ૧૬૯૨ અને વિ.સં. ૧૭૧૫માં થયા. પણ એમનું આત્મબળ લોંકાશાહ જેટલું પ્રબળ ન હતું. છતાં લોંકાશાહની પરંપરાને આગળ વધારતા રહ્યા.

વર્તમાનમાં "લોંકાશાહ" એ યુગની માંગ છે આજ હવે સમય આવી ગયો છે. જૈનસમાજને એકે મંચ પર લાવી સાંપ્રદાયિકતાથી પર, દૃષ્ટિરાગથી દૂર, એકાંતવાદની છાયાથી મુક્ત માત્ર મહાવીર કથિત જૈન માર્ગને ઉદઘાટિત કરવાનો. સમગ્ર વિશ્વને માર્ગદર્શન કરાવની ક્ષમતા ધરાવતો જૈનધર્મ સ્વયં ગુમરાહ બન્યો છે અલબત જ્ઞાનસત્રનો નૈષ્ઠિક પ્રયાસ - લોંકાશાને પ્રત્યેક અભ્યાસી વિચારક, સાધક કે ચિંતકમાં પડ્યો છે તેને જગાડવાનો જઈ તેમાં કોઈ શંકા નથીય

# પૂ. પુણ્યવિજયજીનું સંશોધન અને સંપાદન કાર્ય

❑ ડૉ. અભય દોશી

પુણ્યવિજયજીએ જૈન શ્રમણોની વિદ્યાભ્યાસનો ગૌરવશાળી પરંપરાના એક તેજસ્વી પ્રતિનિધી હતા. તેમણે વિદ્યાભ્યાસની પ્રાચીન પરંપરા સાથે અર્વાચીન સંશોધન પદ્ધતિનો સુમેળ સાધી જૈન સાહિત્યના સંશોધન-સંપાદનને આગવી દિશાઓ દર્શાવી છે તેમ જ હસ્તપ્રત ભંડારના સંરક્ષણ સંવર્ધનની સુદીર્ઘ કામગીરીથી જૈન સંઘને માટે શ્રુતવારસાની વ્યવસ્થા કરવાનું ભગીરથ કાર્ય કર્યું છે.

પુણ્યવિજયજીના નામ સાથે એક વાત ચિત્તમાં સ્મરે છે. સુરેશ જોષીના મિત્ર અને પ્રસિદ્ધ સાહિત્યમર્મજ્ઞ શ્રી રસિક શાહ પોતાના બાળપણની વાત કરતા કરતા પુણ્યવિજયજીનું સ્મરણ ઘણીવાર રજૂ કરતા, તેઓ કહેતા, 'અમે પાટણના સાગર ઉપાશ્રયે બાળપણમાં જતા ત્યારે પુણ્યવિજયજી તેમના ગુરુ ચતુરવિજયજી અને દાદાગુરુ પ્રવર્તક કાન્તિવિજયજી સૌ સાધુઓ સાથે પ્રતો ગોઠવવા, તેની ઉપરના કપડાં બદલવા વગેરે કાર્યોમાં વ્યસ્ત હોય, પરંતુ આવેલા અમારા જેવાં બાળકોને કામ કરતાં કરતાંય જૈન કથાવાર્તા કહેતા જાય. સામે થાંભલાને અઢેલીને બેઠા હોય કાન્તિવિજયજી દાદા, સામે હોય પ્રતોનો વિશાળ ઢગલો. આવા કાર્યશીલ છતાં સ્નેહાળ પુણ્યવિજયજીનું કાર્ય એટલે ત્રણ પેઢીની સંચિત જ્ઞાનસાધના, તેને સંપૂર્ણ અંજલિ આપવા તો પુસ્તકોનાં પુસ્તકો ઓછાં પડે, પરંતુ આ લેખમાં તેમની પાવનસ્મૃતિને કાંઈક અંશે એકત્ર કરવાનો ઉપક્રમ કર્યો છે.

પુણ્યવિજયજીના કુલ ૩૯ જેટલા સંપાદિત તથા મૌલિક ગ્રંથો ઉપલબ્ધ થાય છે તેમનો જન્મ કપડવંજમાં વિ.સ.૧૯૫૨ના જ્ઞાનપંચમીના દિવસે થયો હતો. જ્ઞાનપંચમીનો જન્મ એ કેવળ યોગાનુયોગ ન હતો પરંતુ પુણ્યવિજયજીના ભાવિ જીવનની દિશા સૂચવનારો પુણ્યસંકેત હતો.

પોતાના જન્મના સંકેતને સાર્થક કરતું પુણ્યવિજયજીનું સમગ્ર જીવન જ્ઞાનસાધનાને સમર્પિત બની રહ્યું. બાળપણના ઘોડિયે ઝૂલતા મણિલાલ (પુણ્યવિજયજીનું સાંસારિક નામ)ને એકલો મૂકી મા કપડા ધોવા ગઈ, પાછળ ઘરમાં ભયાનક આગ લાગી. પડોશમાં રહેતા વહોરા ગૃહસ્થની સમયસૂચકતાને લીધે બાલક મણિલાલનો જીવ બચ્યો. આમ, બાળક મણિલાલની સુરક્ષા દ્વારા આ વહોરા ગૃહસ્થે જૈનસંઘના અમૂલ્ય રત્નનું રક્ષણ કર્યું. આ ઘટના બાદ પિતા બાળક મણિલાલ અને માતાને લઈ મુંબઈ આવ્યા. ૧૪ વર્ષની વયે પિતાના મૃત્યુ બાદ માતની ઈચ્છા દીક્ષા લેવાની હતી, આથી માતાની ઈચ્છામાં પોતાની ઈચ્છા જોડી બાલક મણિલાલ પુણ્યવિજયજી બન્યા, તો માતા રત્નશ્રીજીના નામે સાધ્વી તરીકે દીક્ષિત થયા.

દીક્ષાના પ્રારંભિક વર્ષોમાં વિવિધ પંડિતો પાસે અભ્યાસ કરવાની સાથે જ પંડિત સુખલાલજી જેવા સંશોધન સંપાદનની આધુનિક સૂઝવાળા વિદ્વાનની પાસે અભ્યાસ કરવાનો યોગ થયો. તેના પરિણામે પુણ્યવિજયજીની દૃષ્ટિ વિશાળ અને ઉદાર બની. ગુરુ, દાદાગુરુ તેમજ દાદાગુરુના ગુરુબંધુ મુનિશ્રી હંસવિજયજી પાસેથી જ્ઞાનભંડારની વ્યવસ્થા તેમજ આગમોધ્ધારની પ્રવૃત્તિના પાઠ પ્રાપ્ત કર્યા. આ કાર્યમાં સાગરજી મહારાજ અને નેમિસૂરિ સમૂદાયના લાવણ્યવિજયજીના કાર્યોનો પણ પરોક્ષ પ્રભાવ રહ્યો.

તેમણે પોતાનું સમગ્ર જીવન શ્રુતસેવામાં સમર્પિત કર્યું. તેમના આ બૃહદકાર્યમાં આગમગ્રંથોનું સંશોધન-સંપાદન સૌથી વધુ મહત્ત્વપૂર્ણ કાર્ય છે. તેમણે 'બૃહતકલ્પસૂત્ર' નામક આગમ ગ્રંથ જે એક મહત્ત્વપૂર્ણ છેદસૂત્ર છે. તેનું નિર્યુક્તિ, ભાષ્ય, વૃત્તિ સાથેનું સંપાદન તૈયાર કર્યું. અનેક હસ્તપ્રતોને આધારે પાઠનિર્ણય કરીને કરાયેલું આ સંપાદન એક મૂલ્યવાન સંપાદન છે. છ ભાગમાં ફેલાયેલું ૧૯૩૩થી ૧૯૪૨ સુધીનાં નવ વર્ષ સુધી ચાલેલું આ ગ્રંથનું સંપાદનકાર્ય ગુરુ-શિષ્યના સહિયારા પુરુષાર્થનું એક યશસ્વી શિખર છે. પુણ્યવિજયજીએ આ ગ્રંથની વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના લખી છે. તેમાં તેમની નિષ્પક્ષ દૃષ્ટિનાં દર્શન થાય છે. તેઓ

ઐતિહાસિક તથ્યોને સાંપ્રદાયિક માન્યતામાં બદ્ધ થયા વિના નિર્ભકપણે રજૂ કરે છે.

સાંપ્રદાયિક માન્યતા એવી છે કે સૂત્રકાર અને નિર્યુક્તિકાર ભદ્રબાહુસ્વામી એક જ છે, પરંતુ. તેમણે તિત્થાગોલિય પ્રકરણ, પંચકલ્પ ભાષ્ય, ચૂર્ણિ આદિ અનેક ગ્રંથોનાં અવતરણો આપી સિદ્ધ કર્યું કે સૂત્રકાર અને નિર્યુક્તિકાર ભદ્રબાહુસ્વામી વિભિન્ન છે. તેઓ સૂત્રકાર તરીકે અંતિમ ચર્તુદશપૂર્વધર ભદ્રબાહુસ્વામીને દર્શાવે છે, તો નિર્યુક્તિકાર ભદ્રબાહુસ્વામી ઉત્તરકાલીન વિક્રમની છઠ્ઠી સદીમાં થયેલા છે, એમ સિદ્ધ કરે છે તેઓ દસ નિર્યુક્તિગ્રંથો, ઉપસર્ગહરસ્તોત્ર, ભદ્રબાહુસંહિતા આદિના કર્તા છે, એમ સપ્રમાણ રજૂ કરે છે. એ ઉપરાંત આ નિર્યુક્તિકાર પૂર્વે ગોવિંદ નામના આચાર્યની 'ગોવિંદાનિર્યુક્તિ'ની રચના થઈ હતી, એવી મહત્ત્વની વિગત પર પ્રકાશ પાથરે છે.

એ જ રીતે કલ્પભાષ્યકાર સંઘદાસગણિ અને ટીકા રચનાર આચાર્ય મલયગિરિજીનો પરિચય સંશોધન બાદ ઉપલબ્ધ કરે છે. ૨૬ ટીકાગ્રંથો રચનાર મલયગિરીજીના જીવનની વિગતોને પ્રકાશમાં લાવી આ મહાન આચાર્યનું ભાવપૂર્ણ તર્પણ કર્યું છે. તેમની લેખનશૈલીનો પરિચય આપતા પુણ્યવિજયજી આદરપૂર્વક કહે છે;

"ગંભીરમાં ગંભીર વિષયોને ચર્ચતી વખતે પણ ભાષાની પ્રાસાદિકતા, પૌઢતા અને સ્પષ્ટતામાં જરા સરખી પણ ઊણપ નજરે પડતી નથી અને વિષયની વિરાદતા એટલી જ કાયમ રહે છે."

આ બૃહતકલ્પસૂત્રમાં ઉત્સર્ગ અને અપવાદ માર્ગનું જે વિસ્તૃત નિરૂપણ ઉપલબ્ધ થાય છે, તે આજે પમ સાધુ જીવન માટે માર્ગદર્શક બની રહે એવું અજોડ છે. આ સમગ્ર સૂત્રનો મર્મ દર્શાવતી ખૂબ માર્મિક વાત પુણ્યવિજયજી મહારાજ પ્રસ્તાવનામાં રજૂ કરે છે,

"ઉત્સર્ગ અપવાદની મર્યાદામાંથી જ્યારે પરિણામીપણું અને શુદ્ધ વૃત્તિ પરવારી જાય છે, ત્યારે એ જ ઉત્સર્ગ અપવાદ ન રહેતાં અનાચાર અને જીવનનાં મહાન દૂષણો બની જાય છે. આ જ કારણથી ઉત્સર્ગ-અપવાદનું નિરૂપણ-નિર્માણ કરવા પહેલાં ભાષ્યકાર બગવંતે પરિણામી, અપરિણામી

અને અતિપરિણામી શિષ્યો એટલે કે અનુયાયીઓનું નિરૂપણ કર્યું છે અને જણાવ્યું છે કે યથાવસ્થિત વસ્તુને સમજનાર જ ઉત્સર્ગમાર્ગ અને અપવાદમાર્ગની આરાધના કરી શકે છે. તેમ જ આવા જિનાજ્ઞાવશવર્તી મહાનુભાવ શિષ્યો-ત્યાગી-અનુયાયીઓ જ છેદ આગમજ્ઞાનના અધિકારી છે અને પોતાનું જીવન નિરાબાધ રાખી શકે છે. જ્યારે પરિણામીભાવ અદૃશ્ય થાય છે અને જીવનમાં શુદ્ધ સાત્ત્વિક સાધુતાને બદલે સ્વાર્થ, સ્વચ્છંદતા અને ઉપેક્ષાવૃત્તિ જન્મે છે, ત્યારે ઉત્સર્ગ અપવાદનું વાસ્તવિક જ્ઞાન અને પવિત્રપાવન વીતરાગધર્મ આરાધના દૂરને દૂર જ જાય છે અને અંતે આરાધના કરનાર પડી ભાંગે છે.''

તેમણે આ વિશાળ બૃહતક્લ્પસૂત્ર ઉપરાંત શ્રી જિનભદ્રગણિ શ્રમાશ્રમણકૃત જિતકલ્પસૂત્રનું પણ સંપાદન કર્યું, તેમ જ હાલમાં કલ્પસૂત્ર તરીકે વિશેષ પ્રસિદ્ધ 'પર્યુષણા કલ્પસૂત્ર'નું પણ નિર્યુક્તિ, ચૂર્ણી ટીપ્પણ, ગુર્જરાનુવાદ સાથે સંપાદન કર્યું. તેમણે કલ્પસૂત્રમાં સ્વપ્નનાં હાલના વર્ણકોને સ્થાને પૂર્વે અન્ય વર્ણકો ઉપલબ્ધ હશે એવું પ્રમાણને આધારે દર્શાવ્યું, તેમ જ સ્થવિરાવલી પછીથી ઉમેરાયેલી હોવા છતાં નિષ્પ્રમાણ નથી એમ સિદ્ધ કરી પોતાની નિષ્પક્ષપાતી સંશોધકવૃત્તિના દર્શન કરાવ્યા છે.

આ સંપાદનો ઉપરાંત મહાવીર જૈનવિદ્યાલયની આગમ પ્રકાશન યોજનામાં '' (નંદી સૂત્ર અનુયોગદ્વાર) પન્નવણા સૂત્રના બે ભાગ, નંદીસૂત્ર-ચૂર્ણિ સાથે, નંદીસૂત્ર વિવિધ વૃત્તિ સાથે, સૂત્રકૃતાંગ ચૂર્ણિ, દસ-વૈકાલિક અગસ્તચૂર્ણિ સાથેનું સંપાદન કર્યું છે. દસવૈકાલિક અગસ્તચૂર્ણિના સંપાદનમાં તેમણે અગસ્તસિંહની શ્રમણ પરંપરા તેમ જ આ ચૂર્ણિનું મહત્ત્વ યથાયોગ્ય રીતે અંક્તિ કરી આપ્યું છે.

તેમના આગમવિષયક સંપાદનમાં એક મહત્ત્વનું સંપાદન 'અંગવિજ્જા' (પ્રકીર્ણક)નું સંપાદન છે. આ અંગવિજ પ્રકીર્ણક (અંગવિદ્યા પ્રકિર્ણક)માં મનુષ્યની હાલવા-ચાલવાની રીત-વર્તણૂક પરથી તેનું ભવિષ્ય જાણવાની પદ્ધતિ દર્શાવી છે. તેમણે ખૂબ જહેમત લઈ અપ્રાપ્ય એવા આ ગ્રંથનું સંપાદન કર્યું છે. તેમણે પ્રસ્તુત સંપાદન તેમ જ બૃહતકલ્પસૂત્રના

સંપાદનની પ્રસ્તાવનામાં આગમગ્રંથોનાં આવતી વિગતોને આધારે તે સમયના મનુષ્યના વસ્ત્ર, ભોજન, રહેવાસ, નૃત્ય, રાજ્ય કારભાર આદિની સાંસ્કૃતિક વિગતો પર સારો પાથર્યો છે, આ રીતે તેમણે સાંસ્કૃતિક અધ્યયનનો નવા દૃષ્ટિકોણનો પણ પરિચય કરાવ્યો છે.

તેમણે આગમસાહિત્યની સાથે જ પ્રાકૃતભાષામાં રચાલેલા વિપુલ કર્મ સંબધિત સાહિત્યનું પણ વિશાળ પાયા પર સંપાદન કરી જૈનદર્શનના અધ્યયનની વિવિધ દિશાઓ ઊઘાડી આપી છે. તેમણે પ્રથમ પાંચ કર્મગ્રંથ તેમ જ પંચસંગ્રહ ગ્રંથના સુંદર સંપાદનો ઉપલબ્ધ કર્યા છે. આ સંપાદનોમાં દિગંબર કર્મ વિષયક સાહિત્યનું તુલનાત્મક અધ્યયન રજૂ કરી પોતાની વિશાળ વિદ્યા પ્રીતિભરી દૃષ્ટિના દર્શન કરાવ્યા છે. તેમનું વ્યક્તિત્વ એવુ વિશાળ હતું કે, બૌદ્ધ, વૈદિક આદિ અન્ય દર્શનની મહત્ત્વપૂર્ણ કૃતિઓ જૈન ભંડારમાંથી ઉપલબ્ધ થઈ હોય તો એ પ્રત્યે પણ જગતનું લક્ષ્ય દોર્યું છે.

તેમણે જીવનભર આગમગ્રંથોનું સંશોધન કર્યું, પરંતુ સાથે જ લલિત કહી શકાય એવા નાટક અને કથાગ્રંથોનું પણ સંશોધન - સંપાદન તેમના હાથે થતું રહ્યું છે. તેમના સંશોધનકાર્યના પ્રકાશનનો પ્રારંભ જ જૈન નાટકોથી થયો હતો. સોલંકી વંશના પ્રતાપી ગુરુ હેમચંદ્રાચાર્યના શિષ્ય રામચંદ્ર રચિત નાટકોનું પ્રાગટ્ય ગુજરાતના સાંસ્કૃતિક ઈતિહાસની એક મહત્ત્વની ઘટના બની રહી. ગુજરાતમાં સંસ્કૃત નાટકો લખવાની, ભજવવાની પરંપરાનું દર્શન કરાવ્યું. આ સાથે જ 'કૌમુદી મિત્રાનંદમ્' નાટક તથા મુનિ રામભદ્રનું 'પ્રબુદ્ધ રૌહિર્ણયમ્' નાટક સંપાદિત કર્યા.

વિશાળ જૈનકથાસાહિત્યમાં અપૂર્વ મહત્ત્વ ધરાવનાર વાચક સંગદાસગણિ વિરચિત 'વસુદેવહિંડી' ગ્રંથના પ્રથમ ખંડનું પોતાના ગુરુ ચતુરવિજયજી સાથે યશસ્વી સંપાદન કર્યું. આ સંપાદને જૈનપરંપરામાં ઉપલબ્ધ બૃહતકથાના પ્રાચીન રૂપાંતરનું દર્શન કરાવ્યું. એ પછીના ખંડો પણ શ્રી ભોલીલાલ સાંડસરા મુનિશ્રીની પુણ્ય પ્રેરણાથી જ સંપાદન કરી શક્યા.

એ જ રીતે વસ્તુપાલ-તેજપાલનું જીવન પણ વારંવાર તેમના સંશોધન ક્ષેત્રમાં આવતું રહ્યું છે. તેમણે ઉદયપ્રભસૂરિકૃત ધર્માભ્યુદય મહાકાવ્યમ્

(સં.૧૯૪૬)થી પ્રારંભી ૧૯૬૧માં સુકૃતકીર્તિ કલ્લોલિવ્યાદિ- વસ્તુપાલ પ્રશસ્તિ સંગ્રહ એમ કુલ ચાર સંપાદનો વસ્તુપાલના જીવનને કેન્દ્રમાં રાખી કર્યા. આ ઉપરાંત પાલીતાણાની વાઘણપોળ અને અન્યસ્થળોથી, પ્રાપ્ત કુલ દસ અપ્રસિદ્ધ શીલાલેખોનું પણ સંકલિત સંપાદન કર્યું. આ સંપાદન પ્રવૃત્તિ દ્વારા તેમણે મધ્યકાલીન ગુજરાતના ધાર્મિક, સાંસ્કૃતિક, રાજકીય ઈતિહાસના અનેક ઉજ્જવલ પૃષ્ઠો પર પ્રકાશ પાથર્યો. તેઓ વસ્તુપાલની વિદ્વત્તા પ્રત્યેનો ઊંચા આદરને જૈન ધર્મ પ્રિયતા, દાનેશ્વરીપણુ આદિ ગુણોની પ્રશંસા કરે છે, સાથે જ વસ્તુપાલના શિવાલય, સૂર્યમંદિર આદિ સુકૃત્યોને પણ રાજ્યકર્તાની સમદૃષ્ટિ અને ઉચિત વર્તન તરીકે આ સંપાદનમાં પણ તેમની સાંસ્કૃતિક અધ્યયનની દૃષ્ટિનો ઉચિતવિયોગ થયો છે. તેમણે દેવલદ્રગહિતકૃત 'કથાર ની કોશ' નામની પ્રમાણમાં અપ્રસિદ્ધ કૃતિનું ગાઢ પુરૂષાર્થ બાદ પ્રકાશન કર્યું.

તેમણે જૈન કથ ગ્રંથોમાં અત્યંત ગૌરવવંત અને સમૃદ્ધિ ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર મહાકાવ્યમના ત્રણ પર્વોનું સંપાદન કરીને આ કથાભંડારીને વિશેષતાઓ દર્શાવી છે. તેમણે આ ઉપરાંત નેમિચન્દ્રાચાર્યકૃત આખ્યાનક મણિકોશનું પણ સંપાદન કર્યું છે.

ગુજરાતનો ઈતિહાસ એ પણ પુણ્યવિજયજીના એક ઊંડા રસનો વિષય રહ્યો છે. હેમચંદ્રાચાર્ય અને કુમારપાળના જીવનસંબંધી નાનાં-મોટાં લખાણો કરતાં રહ્યાં છે. તેમણે પાટણ ૧૬ ચોમાસા કર્યા હોવાથી, તેમની કર્મભૂમિ પાટણના આ પુણ્યપુરુષો વિશે બે ત્રણ વાર લખી અંજલિ આપી છે. આ ઉપરાંત સંકલાર્હતસ્તોત્ર વૃત્તિ સહ અને ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર જેવા ગ્રંથોના સંપાદનો કર્યા છે. તેમણે 'સિદ્ધહેમકુવાર સંવત' અંગે પણ સુંદર અંગુલિનિર્દેશ કર્યો છે. શંત્રુજયની એક ધાતુપ્રતિમા પરથી પ્રાપ્ત સંવત પુણ્યવિજયજી જણાવે છે તેમ આગળ વિશેષ કાળના બળમાં ચાલ્યો નથી., પરંતુ કોઈ અજ્ઞાત વ્યક્તિએ પોતાના યુગની ત્રણ વિલક્ષણ પ્રતિજ્ઞાઓના નામોલ્લેખનો સમન્વય કરી આ સંવત ચલાવ્યો હશે, તે એમણે ધન્યવાદપાત્ર જણાય છે, તેમ જ આ મૂર્તિની સાચવવાની વિશેષ ભલામણ કરે છે.

ભારત - પાકિસ્તાનના યુદ્ધના ભણકારા વચ્ચે જેસલમેર જઈ ત્યાંના અનેક જ્ઞાનભંડારો ખોલાવ્યા. એક જ્ઞાનભંડાર ખોલાવા નવ ટ્રસ્ટીઓની હાજરી જરૂરી હોય, અને ટ્રસ્ટીઓ દેશ-દેશાવરમાં વસતા હોય, પરંતુ આ બધી પરિસ્થિતિઓ પાર કરી જેસલમેરની અપૂર્વ જ્ઞાનસમૃદ્ધિ ભરી હસ્તપ્રત સૃષ્ટિનો પરિચય આપ્યો, તેનું વિસ્તૃત કેટલોગ (સૂચિ પત્ર) કર્યું. તેમ જ 'જેસલમેરની ચિત્રસમૃદ્ધિ' જેવા ગ્રંથ દ્વારા જૈનોની કલાસમૃદ્ધિનો જગતને પરિચય કરાવ્યો.

તેમની પોતાની જેસલમેરની સંશોધન પદ્ધતિ અંગે શ્રી રતિલાલ દીપચંદ દેસાઈને પત્રમાં કહે છે, "તમને પત્ર લખ્યા પછી ભંડાર તપાસવાનું અમારું કાર્ય આગળ ચાલ્યું છે. એક-એક પોથીમાં જે સંખ્યાબંધ પાનાઓ ભેગાં ભળી ગયા છે એ બધાંના પૃથ્થકરણ માટે અમે એ પાનાઓનું અનેક દૃષ્ટિએ વર્ગીકરણ કર્યું છે. એ અત્યારે જોવા જેવું છે. તમે ઘણા પ્રદર્શન જોયા હશે પરંતુ અમારું આ પ્રદર્શન આશ્ચર્યચકિત કરે તેવું છે. કોઈ ગ્રંથના એક બે પાના હોય, કોઈ ગ્રંથનાં પાનાઓના ટુકડાઓ હોય દર્શાવે છે, તેમાં તેમની વિશાલતાના દર્શન થાય છે. પુણ્યવિજયજીએ જીવનમાં આમ કુલ ૩૦ જેટલા સંપાદનો કર્યા પરંતુ તેમની આ વિશાળ સંપાદનપ્રવૃત્તિ તો તેમના જીવનની એક અન્ય મુખ્ય પ્રવૃત્તિના કેવળ અંશરુપ પ્રવૃત્તિ હતી. આ ગુરુ-શિષ્યની ત્રણ પેઢીનું મોટું વિદ્યાકાર્ય હોય તે ગ્રંથભડારોનો ઉદ્ધાર કરવો. સોળ ચાતુર્માસ પાટણ રહી આ ત્રણ પેઢીએ સંયુક્ત પ્રયાસો દ્વારા પાટણના ૨૦ ભંડારોને એકસ્થળે એકત્રિત કરી 'શ્રી હેમચંદ્રાચાર્ય જૈન ભંડાર''નું સર્જન કર્યું. આ વીસે ભંડારોના ગ્રંથોને વ્યવસ્થિત ગોઠવ્યા અસ્ત-વ્યસ્ત થયેલી પ્રતોનાં પાનાં એકત્રિત કરવા એ કેવું વિકટ કાર્ય હોય છે એ તો અનુભવીને જ ખબર પડે. આ કાર્યમાં તેમણે અનેક અમૂલ્ય ગ્રંથો જૈનસંઘને ભેટ ધર્યા. એટલુંજ નહિ, બૌદ્ધ, સાંખ્ય, ચાર્વાક આદિ દર્શનના પણ અલભ્ય ગ્રંથોને વિશ્વ સમક્ષ ઉપલબ્ધ કરી આપ્યા.

આવું જ બીજું ગંજાવર કાર્ય જેસલમેરના ગ્રંથભંડારોનું હતું. અત્યંત

ઉગ્રવિહાર કરી, હસ્તપ્રતોને આધારે થતા સંશોધનોથી જ જૈનસાહિત્યની સમૃદ્ધિ વધુ વ્યાપકપ્રમાણમાં પ્રજા સુધી પહોંચી શકી છે.

શ્રી. લા. દ. પ્રાચ્ય વિદ્યામંદિર સાથે એક મ્યુઝિયમ સંકળાયેલું છે. તેના એક ભાગના પુણ્યવિજયજીના ઉપયોગની વસ્તુો સચવાઈ છે. પેન, પેન્સિલ, રજોહરણ મુહપત્તી આદિ ઉપકરણો સાથે જ એક નાનકડી ડબ્બીમાં શત્રુંજય પરથી પ્રાપ્ત થયેલા સ્ફટિકના ચોખા અને થોડી ગિરિરાજની પવિત્ર ધૂળ સંગ્રહાયા છે. આમાં પુણ્યવિજયજીના જીવનમાં વ્યાપક શ્રદ્ધાતત્ત્વનો પણ દર્શન થાય છે. તર્કશુદ્ધ દૃષ્ટિ હોવા છતાં પરમતત્ત્વ પ્રત્યેની પરમશ્રદ્ધા એમના જીવનમાં પૂર્ણપણે વ્યાપ્ત હતી. એનું ભાવભીનું દર્શન થાય છે.

એ બધાયને જોઈ વિવિધ નિશાનીઓ અને શબ્દો ઉપરથી ગ્રંથનું નામ કેમ પકડી પાડવામાં આવે છે, તે તમે નજરે જુઓ તો તાજુબ જ થઈ જાઓ.''

અને જંબુવિજયજીને કહે છે, ''અત્યારે હું સંશોધનનું કામ કિનારે રાખીને આખા ભંડારને તપાસી રહ્યો છું.''

આ જ રીતે લીંબડી તેમજ ખંભાતનો શાન્તિનાથ દેરાસરનો તાડપત્રીય જ્ઞાનભંડાર ખાસી મહેનત કરી ગોઠવ્યો અને તેના સૂચિપત્રો પણ મુદ્રિત કર્યા. તેઓની હસ્તપ્રત ઓળખવાની સૂઝ ગજબની હતી. તેઓ લખાણના વળાંક પરથી હસ્તપ્રત ક્યા સૈકાની છે તેનો ખૂબ જ સહેલાઈથી નિર્ણય કરી શકતા.

આ કાર્યોમાં તેમણે દાદાગુરુ અને અન્ય સ્ત્રોતો પ્રાપ્ત થયેલ પુષ્કળ હસ્તપ્રતો પ્રાપ્ત થઈ. આ સંગ્રહનું પણ તેમણે સૂચિપત્ર તૈયાર કર્યું, તેમ જ જૈનસંઘના ગૌરવવંતા દાનવીર કસ્તુરભાઈના પુરુષાર્થનો સમન્વય થતા 'લાલભાઈ દલપતભાઈ ભારતીય વિદ્યામંદિર'માં આ હસ્તપ્રત સંગ્રહ સચવાયો. સાથે જ પુણ્યવિજયજીના પ્રયત્નોથી ખેડાસંઘ અન્ય મુનિઓના જ્ઞાનભંડાર પ્રાપ્ત થતા શ્રી. લા. દ. પ્રાચ્યવિદ્યાંમંદિરની હસ્તપ્રત સમૃદ્ધિ અપૂર્વ બની રહી.. એ અને કોબાનો શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનભંડાર જૈન સંઘની અપૂર્વ સમૃદ્ધિ સમા છે. આ જ્ઞાનભંડારોના રક્ષણ, સંવર્ધન

અને તેની પુસ્તક અને પુણ્યવિજયજીના માર્ગદર્શનના તૈયાર થયેલા લક્ષ્મણભાઈ ભોજકઆદિનો પાયાનો સહયોગ રહ્યો છે.

એમના આ સમગ્ર કાર્યના અભિવાદનાર્થે દીક્ષાપર્યાયના ૬૦માં વર્ષે વડોદરાસંઘે 'જ્ઞાનાંજલિ' નામે અભિવાદન ગ્રંથ પ્રકાશિત કર્યો હતો.

આમ, પુણ્યવિજયજીના તર્ક અને શ્રદ્ધા જ્ઞાન અને ક્રિયા બન્ને યુગવત્ રીતે વહેતા રહ્યા છે.

તેમણે હસ્તપ્રત લેખનમાં પણ ઊંડી શ્રદ્ધા હતી. મુદ્રિત પુસ્તકોનું આયુષ્ય ઓછું હોવાથી ભવિષ્યમાં પુનઃ હસ્તલિખિત પુસ્તકોની જરૂરત ઊભી થશે. આ શ્રદ્ધાથી તેમણે 'જૈનશ્રમણ સંસ્કૃતિ અને લેખનકલા'માં હસ્તપ્રતલેખન માટેની વિવિધ સામગ્રી, શાહી બનાવવાની, કાગળ બનાવવાની વિધિઓ, પ્રત સુરક્ષા માટે ઘોડાવજ આદિની પડીકી આદિની ખૂબ ઝીણવટ ભરી નોંધ કરે છે. સોના-રૂપાની શાહી કેવી રીતે બનાવવી તેની પત્ર માહિતી આપે છે. શ્રી પુણ્યવિજયજી આમ અત્યારે જે **Manuscriptology**ની આજકાલ બહુ ચર્ચા છે, તે વિષયનું પાયાનું પુસ્તક ઉપલબ્ધ કરી આપે છે. તેમની શ્રદ્ધા ખરે જ સાચી પડી છે. આજે અમદાવાદમાં શ્રૂતલેખનમ્ અને અન્ય સંસ્થાઓ દ્વારા હસ્તપ્રતલેખનનું કાર્ય પુનઃશરૂ થયું છે અને તેમાં શ્રી પુણ્યવિજયજીનું આ **institution can claim to do.**

આમ, સંસ્થાસમા અરે અનેક સંસ્થાના પ્રાણસમા પુણ્યવિજયજી પુણ્યમય જીવન જીવ્યા અને સરળતા નિષ્પરિગ્રહિતા, શુદ્ધ આચાર, જ્ઞાનપિપાસા અને પરમાત્મ ભક્તિ આદિ ગુણોના અપૂર્વ યોગે સમગ્ર જૈન સમાજ અને વિદ્વતસમાજ માટે પરમ આદરણીય બની રહ્યા.

તેમની અપાર ઉદારતા અને વાત્સલ્યનો લાભ તેમના પરિચયમાં આવનાર નાના-મોટા સૌને થતો. ચતુર્વિધ જૈન સંઘ પરત્વે પણ તેમને અપાર લગાવ હતો. શ્રી લા. દ. પ્રાચ્ય વિદ્યામંદિરના સર્જન બાદ તેના એકાંત સ્વાધ્યાય ખંડમાં સ્થિરતા કરી સંશોધન કરવાની વિનંતી થઈ હતી. પરંતુ તેમણે લોકોની વચ્ચે, સંઘ સાથે રહી પોતાના સંશોધન-સંપાદન

આગળ વધારવાનું પસંદ કર્યું હતું.

શ્રમણીઓના જ્ઞાન-ધ્યાન-અભ્યાસમાં વૃદ્ધિ થાય, તે માટે તેઓ અપાર ખેવના ધરાવતા. પોતાના વૃદ્ધ સાધ્વી માતાના આંખોના તેજ ચાલ્યા ગયા હતા, પરંતુ વૃદ્ધ માતાને સમાધિ રહે એ માટે એ પોતે અથવા પોતાના અંતેવાસી મુનિ રમણીકવિજયજીને નંદીસૂત્રઆદિની ગાથાઓનો સ્વાધ્યાય સંભળાવવા મોકલતા. તેઓ મુનિઆચારનું પણ શક્ય એટલી શુદ્ધિપૂર્વક પાલન કરતા.

તેઓની દીક્ષાના ૬૦ વર્ષ થયા. પૂર્ણાહુતિનો વડોદરા મહોત્સવ બાદ મુંબઈ પધાર્યા. મુંબઈમાં વાલકેશ્વર પર ચાતુર્માસ નિશ્ચિત થયું હતું. પરંતુ તે પૂર્વે જ જેઠ વદ આઠમ, ૨૦૨૬ના દિવસે રોગોની પીડા ઘેરી વળી, અને મુનિશ્રીએ બયાની હૉસ્પિટલમાં આ નશ્વર દેહ છોડી પરલોકની યાત્રાએ પ્રયાણ કર્યું.

જીવનમાં જ્ઞાનની અપૂર્વ ઊંચાઈ સાથે જ વિનય, નમ્રતા અને પરોપકારી વૃત્તિ જેવા ગુણોનો સુમેળ સાધ્યો હતો. આમ વિદ્વત્તા અને સૌમ્ય વ્યક્તિત્વના અજોડ સુમેળવાળા પુણ્યવિજયજીનું વ્યક્તિત્વ આપણા સૌ માટે પ્રેરણાદાયી બની રહે એવું છે.

ખાસ નોંધઃ આચાર્યશ્રી પદ્મસાગરસૂરિની પ્રેરણાથી કોબાનો શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનભંડાર (જે ત્રણલાખથી વધુ હસ્તપ્રત ધરાવે છે) તેનું આયોજન થયું છે. આ પદ્મસાગરસૂરિશ્વરજી મ. પણ યુવાવસ્થામાં પુણ્યવિજયજીના સંપર્કમાં આવ્યા હતા, તેના પરિણામે જ આ વિરાટ જ્ઞાનભંડાર સર્જાયો છે.

# શાસનસમ્રાટ પ. પૂ. આ. ભ.
# શ્રી નેમિસૂરીશ્વરજી મ.સા.

▯ ડૉ. પ્રવીણભાઈ સી. શાહ

જેણે જન્મી લઘુવય થકી સંયમ શ્રેષ્ઠ પાળ્યું,
ને શાતાથી જીવન સઘળું ધર્મ કાર્યે જ ગાળ્યું,
સાધ્યા બંને વિમળ દિવસો જન્મ ને મૃત્યુ કેરા,
વંદુ તેવા જગગુરુવરા શ્રી નેમિસૂરીશ હીરા.
દીવાળીની વિમલ કુખને જેહ દીપાવનારા
લક્ષ્મીચંદ પ્રવર કુલને નિત્ય શોભાવનારા;
સૌરાષ્ટ્રે શ્રી મધુધર તણી કીર્તિ વિસ્તારનારા,
વંદુ છું તે વિમલગુણના ધામને આપનારા.

છેલ્લા ૨૫૦૦ વર્ષમાં થયેલા શાસન પ્રભાવક સૂરિવરોની ઉજ્જવળ પરંપરામાં આગવું સ્થાન પ્રાપ્ત કરનારા આ સૂરિસમ્રાટનું જીવન એટલે સર્વ જીવ હિતકર જીવન! સર્વ જીવો પ્રત્યેના આત્મીયભાવથી ભરપૂર જીવન! અખંડ આત્મજ્યોતિમય જીવન! ત્રિજગપતિની આજ્ઞા સાથે અભેદ સાધનારું જીવન! શાસનસમ્રાટ કે સૂરિસમ્રાટ બેમાંથી એક પણ વાક્ય બોલો એટલે જૈનસમાજની કોઈ પણ વ્યક્તિ સામે વિરલ પ્રતિભાથી ઝળહળતી અને અનેક સદ્‌ગુણોથી મધમધતી એક અને અનન્ય એવી વ્યક્તિ તમારી નજર સામે ખડી થાય! અને તે બીજી કોઈ વિભૂતિ નહિ પણ પ. પૂ. આ. ભ. શ્રી નેમિસૂરી મહારાજા.

આ મહાપુરુષ સાચા અર્થમાં શાસનસમ્રાટ હતા, તે માટે એક જ પુરાવો બસ થશે કે વિ.સ. ૧૯૯૦માં થયેલા સર્વગચ્છીય મુનિસમ્મેલને પણ આ મહાપુરુષની નેતાગીરી કોઈપણ વિરોધ કે બેમત વિના હોંશે હોંશે સ્વીકારેલી. અને છેલ્લાં બસો જેટલાં વર્ષોથી વિસ્મૃત પ્રાય કે મૃતપ્રાય બની ગયેલી યોગોદહન વહેવાની સાથે સૂરિમંત્રના પાંચ પ્રસ્થાનની ઓળીની આરાધના કરવાપૂર્વક વિધિપૂર્વક આચાર્યપદવી પ્રાપ્ત કરનાર, તત્કાલીન મુનિ સમુદાયમાં તેઓશ્રી સર્વપ્રથમ હતા. એટલે જ

તેઓશ્રી વસ્તુતઃ સૂરિચક્રવર્તી કહેવાને સુયોગ્ય હતા, અને એટલે જ તપાગચ્છાધિપતિ પણ હતા.

વીસમી સદીમાં પણ આપણા સદ્ભાગ્યે તેવા એક સમર્થ શાસન-પ્રભાવક, શાસનસમ્રાટ વિજય નેમિસૂરીશ્વરજી મહારાજનું અસ્તિત્વ ઉપકારક બન્યું છે. તેઓશ્રીની બૌદ્ધિક પ્રતિભા, ચારિત્રનિષ્ઠા, જ્ઞાનગંભીરતા, બ્રહ્મચર્યનિષ્ઠા, સિદ્ધાંત સંનિષ્ઠા અને વચનનીસિદ્ધતા વગેરે અદ્ભુત ગુણ વૈભવના કારણે શ્રી સંઘ અને સમાજે સહજભાવે તેઓશ્રીને શાસન-સમ્રાટશ્રી તરીકે માની પોતાનું કર્તવ્ય બજાવ્યાનું માને છે.

શ્રી લક્ષ્મીચંદભાઈના ધર્મપત્ની શ્રી દિવાળીબેને નૂતન પ્રભાકરને જન્મ આપ્યો.

પૂર્વાકારો પ્રગટેલા પ્રભાકરે પણ તેમને પ્રણામ કર્યા. તે દિવસ હતો વિ.સં. ૧૯૨૯ના કારતક સુદ ૧ નો. આમ નવા વર્ષે, વિશ્વને આત્માનું જોમ પીરસનારા તેજસ્વી બાલરવિની ભેટ આપી.

શ્રી લક્ષ્મીચંદભાઈના ઘરમાં ઉમંગ ઉમંગ છવાઈ ગયો. શ્રી દિવાળીબેનના હર્ષનો પાર નથી. શુભ દિવસે સગાં-સ્નેહીઓને બોલાવીને શ્રી લક્ષ્મીચંદભાઈએ પોતાના પુત્ર રત્નની જન્મરાશિ વૃશ્ચિક રાશિ અનુસાર તેનું નામ નેમચંદ પાડ્યું.

ભાઈશ્રી નેમચંદને બાળપણથી સંસ્કૃત ભણવાની ૠચિ હતી. તેથી મોનજીભાઈ જોષી નામે વિદ્વાન વિપ્રવર્ય પાસે સારસ્વત વ્યાકરણ ભણ્યાં હતા. તેમ જ ત્રણ અંગ્રેજી ચોપડી ભણીને ૧૪ વર્ષની વયે શ્રી નેમચંદભાઈએ વ્યાવહારિક શિક્ષણ પૂરું કર્યું. પણ ધાર્મિક શિક્ષણથી જ જીવનનો સાચો અર્થ પૂરેપૂરો સમજાય તેમજ આદર્શ જીવન જીવી શકાય એવી સમજ ધરાવતા શ્રી નેમચંદભાઈએ ખપ પુરતું તો ધાર્મિક જ્ઞાન મેળવ્યું હતું. હવે વધુ ધાર્મિક અભ્યાસની લગની લાગી.

પણ શ્રી લક્ષ્મીચંદભાઈની ઈચ્છા તેમને ધંધામાં જોડવાની હતી. પિતાની ઈચ્છાને માન આપીને વિનયી શ્રી નેમચંદભાઈને શ્રી કરશન કમાની પેઢીમા વ્યાપારની તાલીમ લેવા મૂક્યા.

પિતાજીને કહ્યું કે વ્યાપારમાં મને મજા નથી આવતી. મારું મન વધુ ધાર્મિક અભ્યાસ કરવા તરફ રહે છે તો આપ મને તેની સગવડ કરી આપો.

૧૫-૧૬ વર્ષની વય એ ધંધો કરીને ધન રળવાની વય ન ગણાય. એવું સમજતા શ્રી લક્ષ્મીચંદભાઈએ પોતાના પુત્રને કહ્યું સંસ્કૃત અને ધાર્મિક અભ્યાસ માટે તારે ભાવનગર જવું પડશે. અહીં તેવી સગવડ નથી. જ્યારે ત્યાં હાલમાં પરમ પૂજ્ય શાન્ત મૂર્તિ પૂજ્ય ગુરુ મહારાજ શ્રી વૃદ્ધિચન્દ્રજી મહારાજ સાહેબ બિરાજે છે તેઓશ્રી તને સારી રીતે ધાર્મિક અભ્યાસ કરાવશે તેમજ સંસ્કૃત પણ ભણાવશે.

આમ, લગભગ સાડા પંદર વર્ષની વયે શ્રી નેમચંદભાઈના મનમાં સર્વ વિરતિપણાની ભાવનાનું ઉત્તમ બીજ રોપાણ થયું હતું.

પૂજ્ય ગુરુમહારાજ તો તેમને જોઈ નવાઈ પામ્યા અને તરત જ જ બોલી ઉઠ્યાઃ અરે નેમચંદ! આ શું! તને દીક્ષા કોણે આપી?

ચરિત્રનાયકશ્રીએ કહ્યુંઃ હે કૃપાળુ! મને કોઈએ દીક્ષા આપી નથી, પણ મેં મારી જાતે સાધુવેષ પહેર્યો છે, હવે આપનાં ચરણકમળોમાં ઉપસ્થિત થયો છું. કૃપા કરીને આપ મને દીક્ષાનો મંગળ વિધિ કરાવો.

પૂજ્ય ગુરુદેવ પંજાબ ભૂમિના ખમીરવંત રત્ન હતા. તેમણે વિચાર્યું કે મુમુક્ષુનો ભાવોલ્લાસ કોઈ અનેરો છે. તેની હિંમત અને હોંશિયારી જોઈ મુગ્ધ થયા.

ભાઈ તું દીક્ષાને લાયક છે તે હું જાણું છું. પણ તેવી લાયકાતની મહોર હજૂ તારા માતા-પિતા નતી લગાવતા, એટલે હું તને દીક્ષા આપતાં અચકાઉ છું. હું તને તારી લાયકાત જોઈને દીક્ષા આપું અને પાછળથી તારા માતા-પિતા કી ગરબડ કરે તો? પૂજ્ય ગુરુદેવે કહ્યું.

સાહેબજી! આપના આ સેવકને આપ સારી રીતે ઓળખો છો. પૂર્વનો સૂરજ પશ્ચિમમાં ઉગશે તો પણ આપનો આ સેવક એમ નહિ બોલે કે, મને ભોળવીને દીક્ષા આપવામાં આવી છે. પણ એમ જ કહેશે કે મેં મારી સમજ-બુદ્ધિથી દીક્ષા લીધી છે. વળી હું આપશ્રીને એ વાતની પણ ખાત્રી આપું છું કે આજે મારી દીક્ષાનો વિરોધ કરનારા મારા પિતા મને દીક્ષિત જોઈને એક પણ કટુ વચન કહેવાની હદે નહિ જ જાય, હું તેમનો પુત્ર છું એટલે તેમના હૃદયને પણ હું જાણું છું.

આપના ચરિત્રનાયકશ્રીના આ શબ્દોએ પૂજ્ય ગુરુ મહારાજને પુનઃ વિચાર કરવા પ્રેર્યા. સમગ્ર પરિસ્થિતિને અનેકાન્ત દૃષ્ટિએ જોઈ-મૂલવીને

તેઓશ્રીએ સાધુના વેષમાં પોતાની સામે હાથ જોડીને ઉભેલા શ્રી નેમચંદભાઈને ભાગવતી દીક્ષાનો સંપૂર્ણ મંગળ વિધિ ઉલ્લાસ ભાવે કરાવ્યો અને અંતઃકરણના શુભાશીષ આપીને પોતાના શિષ્ય તરીકે સ્થાપ્યા. તેમનું શુભ નામ મુનિ શ્રી નેમિવિજયજી પાડ્યું.

વિ.સ.૧૯૪૫ની એ સાલ હતી. જેઠ સુદ ૭નો એ શુભ દિવસ હતો. આમ સોળ વર્ષથી પણ કંઇક ઓછી વયે આપત્તિઓની આંધિ વચ્ચે અણનમ રહીને ત્યાગશૂરા શ્રી નેમચંદભાઈ ભાગવતી દીક્ષા લેવાને બડભાગી બન્યા.

૭૭ (સિત્તોતેર) વર્ષની તેઓશ્રીની જીવન-યાત્રાના કેટલાંએક આંતરિક અને બાહ્ય વિલક્ષણ લક્ષણો જોતાં, જાણે જન્મ-જન્માંતરનો કોઈ સાધક આત્મા હોવો જોઈએ તેમ સ્વાભાવિકપણે લાગ્યા વિના રહે નહીં.

બાળવયથી જ નિર્ભિક-નીડરતા વૃત્તિના કારણે પોતાનો કોઈપણ નિર્ણય અડગ રાખતા અને તેના પરિણામે, દીક્ષા-ગ્રહણ કર્યા બાદ, વધુ પડતા મોહવશ એવા કુટુંબીજનોની સંયમ મૂકાવીને પણ નેમચંદભાઈને, ઘેર જવાની નેમને પડતી મૂકવી પડી.

પોતાના બૌદ્ધિક પ્રતિભા-ધ્યેયનિષ્ઠા અને ગુરુવચનમાં એક માત્ર પરમ શ્રદ્ધા રાખનાર આ યુવા મુનિએ, જે જે વિષયના-ન્યાય, વ્યાકરણ, સાહિત્ય, જ્યોતિષ અને જિનાગમ આદિ ગ્રંથોમાં પુરુષાર્થ આદર્યો તે સર્વમાં પંડિત્યપણું પામ્યા તો પામ્યા પરંતુ...

પોતાની અમોધ દેશનાશક્તિ, બ્રહ્મચર્યાનિષ્ઠા અને ચારિત્રનિષ્ઠાના બળ વિગેરેથી પોતાની અખંડ બ્રહ્મચર્યની સાધના સાથે પ્રવચનશક્તિ અને વાદશક્તિના પરિણામે જિનશાસનમાં એક શાસન સમ્રાટ યુગ જેવું વાતાવરણ સર્જ્યું. તેના પરિપાકરુપે પોતે એક એક વિષયના તલસ્પર્શી વિદ્વાન અને તે પણ ચારિત્ર-સંયમ પુણ્ય પ્રભાવક ૮,૮ (આઠ,આઠ) સૂરિ-શિષ્યોની ભેટ જિનશાસનને કરી તે સૂરિ શિષ્યોનો બહોળો શિષ્ય-પ્રશિષ્ય પરિવાર આજે પણ શાસન સમ્રાટશ્રીના પુણ્યપ્રભાવ સામ્રાજ્યમાં શાસનપ્રભાવનાનાં કાર્યો કરી રહ્યા છે.

અન્ય દર્શની વિદ્વાનોને પાસે રાખી, તોઓની પાસે ન્યાય-વ્યાકરણ સાહિત્ય, ષડદર્શન આદિ શાસ્ત્રોનો અભ્યાસ કરાવવાની શરુઆત તેઓએ

જ કરેલી. એના ફળ સ્વરુપે તેઓશ્રીના અનેક શિષ્યો ભિન્ન ભિન્ન વિષયમાં કોઈ ન્યાયમાં તો કોઈ વ્યાકરણમાં કોઈ ષડદર્શનમાં તો કોઈ આગમમાં, કોઈ પ્રાકૃતમાં તો કોઈ સાહિત્યમાં એક થી એક ચડિયાતા દિગ્ગજ નામાંકિત વિદ્વાનો પાક્યા, તેઓએ રચેલા ગ્રન્થો જોઈ આજે પણ પંડિતો આશ્ચર્યચકિત થાય છે.

પ્રાચીન હસ્તલિખિત ગ્રન્થોની રક્ષા માટે તેઓએ ભગીરથ પ્રયાસો કર્યા. મારવાડ આદિ પ્રદેશોમાંથી કોથળાબંધ વેચાવા આવતા, ગ્રંથોને તેઓ મોં-માગ્યા દામ અપાવીને લઈ લેતા.

એ અમૂલ્ય ગ્રંથો આજે પણ ખંભાત-અમદાવાદ-કદમ્બગિરિ વગેરે સ્થળોના જ્ઞાન ભંડારોમાં મોજુદ છે. વર્ષો સુધી લહીઆઓ રાખી પ્રાચીન ગ્રન્થોની અલભ્ય પ્રતિઓ લખાવી પ્રાચીન શ્રુતની રક્ષા કરી.

અંજનશલાકા પ્રતિષ્ઠાના વિધિ વિધાનો તે સમયે એટલા વ્યવસ્થિત ન હતા. પ્રાચીન હસ્તપ્રતોના આધારે તેને સુવ્યવસ્થિત કરી તેના અનુસારે સૌ પ્રથમ અંજનશલાકા કરાવવાનું સૌભાગ્ય તેઓને ઘટે છે.

વચનસિદ્ધ તે પુણ્ય પ્રભાવક સૂરિભગવંતનો પ્રથમ પરિચય સિંહ જેટલો દુર્ધર લાગે પરંતુ, જેમ જેમ, નજીકથી પરિચય થતો જાય તેમ તેમ, અધાર કરુણાનો સાગર લાગે તેવું તેઓશ્રીનું અનોખુ વ્યક્તિત્વ હતું.

અને તેથી જ, તો તે વખતના અનેક રાજવીઓ ખ્યાતનામ અધિકારીઓ, સાક્ષરો તેઓશ્રીના પરિચયમાં આવતાં પોતાની ખુશનશીબી સમજતાં અને તે પૈકી કેટલાંએક મહાનુભાવો તો શાસન સમ્રાટશ્રીની અભ્યંતર પર્ષદાના અદના સેવક તરીકે પોતાનું સ્થાન પણ પામી શક્યા હતા.

વર્તમાનમાં થતા દીક્ષા-વડી દીક્ષા, યોગોદ્વહન, ગણિ-પંન્યાસ, ઉપાધ્યાય તથા આચાર્યપદ પ્રદાનના વિધિ વિધાનો સુવ્યવસ્થિત રીતે સંકલિત કરી વિશુદ્ધ રીતે ક્રિયા કાંડ અનુષ્ઠાનો પ્રવર્તાવાનું પરમશ્રેય પણ તેઓને જ ઘટે છે.

અસાધારણ ઉપદેશશક્તિ અને પ્રૌઢ પ્રભાવથી અનેક રાજા-મહારાજાઓ અને ઠાકોરો જેવાં કે ભાવનગર નરેશ કૃષ્ણકુમારસિંહજી, વલભીપુરના નામનાર ઠાકોર, શ્રી ગંભીરસિંહજી તથા ગોંડલ લીંબડી વગેરેના દરબારોને

પ્રતિબોધ આપી જૈન ધર્મ પ્રત્યે શ્રધ્ધા - આદરવાળા બનાવ્યા. અહિંસા ધર્મના ઉપાસક બનાવ્યા. તેમ જ તેઓના રાજ્યમાં શિકાર આદિનો નિષેધ કરવી અમારી પ્રવર્તાવી.

સિંહગર્જના જેવી તેઓની ધર્મદેશના સાંભળનારાના હૈયામાં સોંસરી ઊતરી જતી. ગણધરવાદના એમના વ્યાખ્યાનો સાંભળવા એ એક જીવનનો લ્હાવો ગણાતો. જૈન જૈનેતર વિદ્વાનો, કવિઓ ને અગ્રગણ્યો આ વ્યાખ્યાન સાંભળા દૂર-દૂરથી આવતા અને વ્યાખ્યાન સાંભળી કૃતકૃત્યતા અનુભવતા.

તેઓનું જીવન જ જાણે ગ્રન્થરુપ હતું. તેઓની પાસે રહેનારા અને સેવા ભક્તિ કરનારા તેઓના મુખથી નિકળતા વચનો સાંભળી અને તેઓનું જીવન નિહાળી વગર પુસ્તક લીધે જ પંડિત બની શકતાં.

ગણ્યા ગણાય નહીં અને લખ્યા લખાય નહીં તેવા છે તેઓના અદ્‌ભુત અને અનોખા જીવન પ્રસંગો.

રોજની જીવહિંસા કરી પોતાની આજીવિકા ચલાવનાર મચ્છીમારોના દિલના પરિવર્તન પોતાના ઉપદેશથી કરાવી સદાને માટે હિંસાના માર્ગથી પાછા વાળી અહિંસાના ઉપાસક બનાવ્યા હતાં.

સાતે ક્ષેત્રોને એકસરખાં લીલાંછમ રાખવાની જે વિશદ દષ્ટિ પૂ.આ. ભગવંતમાં હતી. તેનુ અક્ષરશઃ પાલન કરવામાં જે કચાશ આજ કાલ નજરે ચઢે છે, તેને દૂર કરવાની સદ્‌બુદ્ધિ અને પવિત્ર શક્તિ પણ આ મહાપુરુષના જીવનમાંથી આપણે સહુ ઝીલી શકીએ તેમ છીએ!

સંઘવી શ્રી નગીનદાસ કરમચંદનો છરી પાળતો સંઘ એ કાળનો અદ્‌ભુત સંઘ હતો. તેમાં મુખ્ય નિશ્રા પૂજ્ય શાસનસમ્રાટની હતી. સંઘના ભવ્ય સામૈયાઓ, રાજા મહારાજા-પ્રધાનો અને વિશિષ્ટ રાજ્ય કર્મચારીઓનું આગમન બધું આ પૂજ્ય પુરુષના પ્રભાવથી ઓપતું હતું. શાસનની પ્રભાવના શું તેનો ખ્યાલ તે સંઘના જેણે દર્શન કર્યા હોય તેને જ ખ્યાલ આવે. શેઠ માણેકલાલ મનસુખભાઈનો સંઘ એ આ કાળનો મોટામાં મોટો સંઘ હતો. તેર હજાર માણસો, તેરસો ગાડા વગેરે વાહનો અને જ્યાં પડાવ હોય ત્યાં મોટું નગર વસ્યું હોય તેવો આભાસ થાય. આ બધું આ પૂજ્ય પુરુષની નિશ્રામાં થયું છે.

ગુણગ્રાહી દૃષ્ટિવાળા પૂ. આ. મહારાજ કોઈ કોઈ વાર તેમના શ્રીમુખે કાપરડાજી તીર્થની, શ્રી શત્રુંજય તીર્થની, અમદાવાદના નગરશેઠના કુટુંબની, શ્રી હઠીસીંગ કેસરીસીંગના કુટુંબની શ્રી મગનભાઈ કરમચંદના કુટુંબની, મનસુખભાઈ શેઠના કુટુંબની ખંભાતના નગરશેઠની અને ભાવનગરના નગરશેઠ વગેરેની અર્વાચીન અને પ્રાચીન જૂની વાતો યાદ કરતાં હતાં.

વિ.સં. ૧૯૯૦નો મુનિ સંમેલનનો પ્રસંગ હતો. આ પ્રસંગ નગરશેઠ કસ્તુરભાઈ મણિભાઈએ અમદાવાદને આંગણે યોજાયો હતો. તે વખતે દીક્ષા, દેવદ્રવ્ય વગેરે ઘણા ઘણા પ્રશ્નો વિસંવાદિત હતા. તે બધાના સુમેળ માટે તેમણે દૂર સુદૂર વિચરતા તમામ તપાગચ્છના સાધુ-ભગવંતોને નિમંત્ર્યા હતા.

બન્ને સમુદાયનો ભવ્ય પ્રવેશ મહોત્સવ અમદાવાદના સંઘે કર્યો. પૂ. સાગરજી મ. સાહેબે સપરિવાર પાંજરાપોળ સ્થિરતા કરી. ૩૩ દિવસ મુનિ સંમેલન ચાલ્યું. ઘણા વિવાદો થયા પણ બધા શાંત કર્યા. કુનેહપૂર્વક મુનિ સંમેલન પાર પાડ્યું. અમદાવાદના સંઘે નવા ચાર્યોની સલહીથી પટ્ટક બહાર પાડ્યો. ગમે તેવા વિસંવાદો વખતે પણ શાસનની શોભા કેમ વધારવી તે બુદ્ધિમત્તા અને દુરદેશીપણું તેઓમાં હતું.

સંવત ૨૦૦૫ આસો વદ ૦)) દિવાળીની રાત્રે, શુક્રવાર તા. ૨૧-૧૦-૧૯૪૯ મહુવામાં કાળધર્મ પામ્યા. સાંજે ૭ વાગે વીર સં.૨૪૭૫ દિવાળી-કાળધર્મ.

વિ.સ. ૧૯૨૯ના કારતક સુદ એકમને શનિવારે આ મહુવામાં જ જન્મેલા પૂજ્યશ્રીનો દેહવિલય પણ મહુવામાં જ કારતક સુદ એકમને શનિવારે થયો.

જૈન શાસનનું કોઈપણ ક્ષેત્ર એવું નથી કે જેને તેમણે તેમના જીવનકાળ દરમ્યાન ન વિકસાવ્યું હોય. સમગ્ર શાસનનો બોજો તેમણે વહન કર્યો છે એ શાસનના સર્વ ક્ષેત્રમાં પ્રાણ પુર્યો છે. ટૂંકમાં વિક્રમની વીસમી શતાબ્દીમાં જૈન શાસનની સર્વતોમુખી પ્રભાવના કરનાર પૂજ્ય શાસનસમ્રાટશ્રી છે.

તીર્થોમાં એણે પ્રાણ પૂર્યા, વળી શિષ્યોને મર્મના જાણ કર્યા.
રચ્યાં ગ્રંથો અનેક ભંડાર ભર્યા, એનાં દર્શને કઈના કાજ સર્યા:

જિનશસાનનો સમ્રાટ થયો, શ્રી સંઘ વિશાળ લલાટ થયો;
જ્યાં જન્મ્યો ત્યાંજ વિદાય લઈ, સુસમાધિએ અગમની વાટ ગયો.
સૂર્ય ઢળ્યો અસ્તાચળે ને, વળી ઉગ્યો ન ચંદ્ર નભ મંડળે;
દિશાઓએ ઓઢી ઓઢણી કાળી, ખરે ખોટ પડી તારી રોતી એ બોલે.

પૂજ્ય શાસનસમ્રાટ આ કાળના પ્રભાવક યુગપુરુષ હતા. તેમણે સાધુ-સંસ્થામાં પઠન-પાઠનનો નાદ ગુંજતો કર્યો હતો. પ્રતિષ્ઠા-અંજનશલાકા તથા વિધિવિધાનોને પુનરુદ્ધત કર્યા હતા. યોગોદ્વહનની શિથિલ થયેલી પ્રક્રિયાને જાગૃત કરી હતી. યતિવાદને ઝાંખો પાડી સંવેગી સાધુઓની પ્રતિષ્ઠાને સંઘમાં પ્રવર્તાવી હતી. હતવિહત થયેલ તીર્થોનો પુનરોદ્ધાર અને જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. એકેક વિષયના નિષ્ણાત વિદ્વાન તેજસ્વી સાધુઓ તૈયાર કર્યા હતા. સંઘના પ્રત્યેક કાર્યમાં સંઘને સાચી દોરવણી આપી તે સાચા શાસનસમ્રાટ બન્યાં હતાં.

બહુશ્રુત છતાં વિનમ્ર, અપ્રમત્ત છતાં આત્મારામી મૃદુ છતાં કઠોર, દયાવાન છતાં સખ્ત સમર્થ નાયક છતાં આજ્ઞાપાલક, જબ્બર મુત્સદી છતાં નિષ્કપટી, તેજસ્વી છતાં સૌમ્ય, ચારિત્ર, પૂનમના ચંદ્ર જેવું વાણીમાં વીતરાગતાનો સ્નેહ વહે, ડાળા-પાંદડાંને પકડવાની વાત નહીં, મૂળ સાથે જ મહોબ્બત, શિષ્યો માટે સાચી માતા.

ટૂંકમાં પૂજ્યપાદ શાસનસમ્રાટ શ્રીમાન વીસમી સદીના એક અંજોડ અને શાસનપ્રભાવક પુણ્યશ્લોક પુરુષ થઈ ગયા. તેઓની શાસન સમર્પિતભાવે કરેલી શાસન પ્રભાવના - રક્ષા અને ભક્તિના કાર્યોને આપણી કોટિ કોટિ વંદનાવલીઓ.

# વિશ્વવાત્સલ્યના આરાધક ક્રાંતદૃષ્ટા મુનિ સંતબાલની શ્રુતઉપાસના

▯ ગુણવંત બરવાળિયા

સરોવર, તરુવર(વૃક્ષો) અને સંતોનું જીવન પરોપકાર અર્થે જ હોય છે એમ મુનિ સંતબાલ પીડિતો પ્રતિ કરુણાથી પ્રેરાઈ દુઃખિયાના હમદર્દ અને માર્ગ ભૂલેલાના હમરાહ બન્યા હતા. એમણે નિજી જીવનમાં નિશ્ચય અને વ્યવહારનો સમન્વય કર્યો હતો.

મુનિ સંતબાલજીનો જન્મ સૌરાષ્ટ્રમાં ટંકારાથી ચાર માઈલ દૂર ટોળ ગામમાં નાગજીભાઈ દેવજીભાઈ દોશીનાં ધર્મપત્ની મોતી બહેનની કૂખે વિ.સ. ૧૯૬૦ના શ્રાવણ સુદ પૂનમ ૨૬-૮-૧૯૦૪ના દિવસે થયો. સૌરાષ્ટ્રના આ વિસ્તારે જગતને ત્રણ મહાપુરુષો આપ્યા. ટોળના મુનિશ્રી સંતબાલ ઉપરાંત મોરબી પાસેના વાણીયા ગામના શ્રીમદ્ રાજચંદ્ર અને ટંકારાના સ્વામી દયાનંદ સરસ્વતી છે. સંતબાલનું સંસારી નામ શિવલાલ હતું. માતુશ્રી મોતીબહેન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન હતાં તો પિતાશ્રી નાગજીભાઈ દોશી સ્થાનવાસી જૈન હતા. નાનપણમાં શિવલાલે પિતાનું છત્ર ગુમાવ્યું. ૧૮ વર્ષની વયે માતા મોતીબાએ શિવલાલનાં વેવિશાળ માટે વચન આપી દીધેલ. થોડા સમય પછી માતાનું અવસાન થતાં વૈરાગ્યના રંગો વધુ ઘૂંટાયા. શિવલાલે કન્યાના ઘરે જઈ વાત કરી કે, મેં દીક્ષા લેવાનું નક્કી કર્યું છે. તેમારે સંયમ માર્ગે આવવું હોય તો મારી અનુમોદના છે અને સંસારમાં રહેવું હોય તો તમારા ભાઈ તરીકે મારા તમને આશીર્વાદ છે. આમ કહી શિવલાલે વાગ્દતા દીવાળીને વીરપસલીની સાડી ઓઢાડી, દીવાળીએ પણ ભાઈનું મોં મીઠું કરાવ્યું. દીક્ષા માટે અનુમતિ મળતાં શિવલાલે વિ.સ. ૧૯૮૫ના પોષ સુદ આઠમ ૧૮-૧-૧૯૨૯ના દીને મોરબીમાં સ્થાનકવાસી સંપ્રદાયના કવિવર્ય પૂ. નાનચંદ્રજી મહારાજ સાહેબ પાસે ભગવતી દીક્ષા અંગીકાર કરી મુનિશ્રી સૌભાગ્યચંદ્રજી

બન્યા. દીક્ષા લીધા પછી જીવનની દૃષ્ટિમાં આમૂલ પરિવર્તન આવ્યું. સર્વમાં માતાના વાત્સલ્યનું દર્શન કરતાં ૐ મૈયાને પોતાના જીવનનું સૂત્ર બનાવ્યું. જગતના તમામ સૌંદર્યને બાલભાવે નિહાળતા બાળક જેવા નિખાલસ અને નિર્દોષ સંતે સંતબાલનું નામ ધારણ કર્યું

સાહિત્યસર્જન : પૂ. સંતબાલજીએ પોતાના સમગ્ર જીવનકાળ દરમિયાન વૈવિધ્યસભર સાહિત્યનું સર્જન કર્યું છે. ગદ્ય અને પદ્ય એમ બંનેમાં એમની સર્જનપ્રવૃત્તિ મળી આવે છે. મુખ્યત્વે ચિંતનાત્મક ધાર્મિક સાહિત્ય પણ સર્જ્યું છે.

જૈન સૂત્રો ઉત્તરાધ્યયન, આચારાંગ તથા દશવૈકાલિકને તથા તત્ત્વાર્થસૂત્રને સરળ ભાવવાહી ગુજરાતી ભાષામાં ઉતારી, ગુજરાતી પ્રજા પર મહાન ઉપકાર કર્યો છે. સર્વ ધર્મપ્રાર્થના પીયૂષ વિશ્વવાત્સલ્યમહાવીર, બ્રહ્મચર્યસાધના અને ધર્માનુબંધી વિશ્વદર્શનનાં ૧૦ પુસ્તકો મળે છે.

'રામાયણ', 'મહાભારત' અને જૈનદૃષ્ટિએ 'ગીતા' જેવાં પુસ્તકો પણ તેમની કલમે સર્જાયા છે.

અનંતની આરાધના અને સંતબાલ પત્રસુધા ભાગ ૧-૨માં પત્રસાહિત્ય સંકલિત થયું છે. બધાં મળીને સાંઠ પુસ્તકો તેમની કલમે રચાયાં છે.

પત્રકારત્વના ક્ષેત્રમાં પણ એમનું સારું એવું પ્રદાન છે. તેઓની પ્રેરણાથી વિશ્વવાત્સલ્ય, પ્રયોગદર્શન, નવાં માનવી પાક્ષિકોનું પ્રકાશન શરુ થયેલું. 'વિશ્વવાત્સલ્ય'માં તેઓ પ્રાસંગિક લેખો લખતા હતાં.

સિદ્ધિના સોપાનમાં તેમણે શ્રીમદ્જીની અધ્યાત્મસભર રચના 'અપૂર્વ અવસર'નું વિવેચન અને સુપેરે રસદર્શન કર્યું છે.

સંતબાલજીએ થોડાંક યાદગાર કાવ્યો રચ્યાં છે અને પોતાની કવિત્વશક્તિનો સરસ પરિચય કરાવ્યો છે. એમનાં કાવ્યોમાં એમની પ્રિયભાવનાઓ સ્પષ્ટ રીતે પ્રતિબિંબિત થઈ છે. સામાન્યરીતે એમ કહેવાય છે કે લાગણી જ્યારે તીવ્રરુપે પ્રગટ થવા ઈચ્છે ત્યારે કવિતાનું રુપ લઈ લે છે. કવિતા એ હૃદયનો ઉદ્ગાર છે, સંયોગીકરણનો વ્યાપાર છે. પૂ. શ્રી પોતાની કાવ્યરચના વિશે લખે છે.

'કાવ્યો પૈકીનો મોટોભાગ મારા રણાપુરના સમૌન એકાંતવાસમાં લખાયા છે. તે સમયના કાષ્ઠમૌનમાં જે કાંઈ લખાતું, તેમાં એક પ્રકારનું કુદરતમય જીવનનું ઓજસ્ હતું. આજે પણ જ્યારે એ દિવસો યાદ કરું છું. ત્યારે એક અવનવો રોમાંચ ખડો થાય છે. જગતના આંતરપ્રવાહોની મસ્તીમાં લીન થઈને જે રસ માણવા મળતો તેના આ કાવ્યમાં છાંટણાં જણાયાં વિના નહીં રહે.'

એમણે કેટલાંક વિશેષ લોકપ્રિય કાવ્યો લખેલી જેમાં કૂચગીતઃ

પગલે પગલે સાવધી રહીને પ્રેમળતા પ્રગાટવ્યે જા
અંતરના અજવાળે વીરા પંથ તારા કાવ્ય જા

સાતવારની પ્રાર્થના : આ રચના બધા ધર્મો માટેના આદર સ્નેહનું પ્રતીક છે, સર્વ ધર્મ પ્રાર્થનાઓ, વિશ્વવાત્સલ્ય સંઘનું કાવ્ય બહુ જ લોકપ્રિય બન્યુ.

સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો
સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત શાંતિ વિસ્તરો

મુનિશ્રીએ રચેલ આ પદ જનજનના હૈયામાં આજે પણ વસેલ છે.

# કવિ પંડિત પૂ. વીરવિજયજીનું પૂજા-સાહિત્ય

▫ ડૉ. જવાહર પી. શાહ

વિક્રમની ઓગણીસમી શતાબ્દી એટલે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો અંતિમ તબક્કો. તે યુગમાં જેમ દયારામ જેવા કવિ થયા તેમ જૈનોમાં તેમના સમકાલીન કવિ પંડિત વીરવિજયજી, તેમણે પણ ભક્તિમાર્ગની રસાત્મકતા તેમની વિવિધ કૃતિઓમાં વહાવી. બન્ને સમસામયિક અને ભક્તિ પ્રધાન રચનાઓના રચનાર હોવાથી પંડિત વીરવિજયજી જૈનોના દયારામ પણ કહેવાય છે.

કેશવરામ શુભવિજયજી નામના જૈન સાધુના સંપર્કમાં આવ્યા. તેમની સાથે ગામેગામ પગપાળા વિહાર કરતા ગયા. જૈન ધર્મનો અભ્યાસ પણ શરૂ કર્યો. પાલીતાણામાં શત્રુંજયની યાત્રાઓ કરી. વચગાળામાં તેમને ભયંકર માંદગી આવી. શુભવિજયજીના પ્રેમ અને શ્રાવકોની કાળજીથી તેમનું અંતર ભીંજાયું. ગુરુ પ્રત્યેનો અનુરાગ તેઓ આ રીતે વ્યક્ત કરે છે :

શ્રી શંખેશ્વર પાસજી સાહિબ સુગુણ-ગરિઠ્ઠ,
મુજ ગુરુ ઉપકારે, કરી જિણ જિણ આવે ચિત્ત.
'શ્રી શુભવિજયજી' મુજ ગુરુ, સુરગુરુ સમવિખ્યાત,
સમરંતા સુખ ઊપજે, જપતાં અક્ષર સાત.

સં. ૧૮૪૮ (સને ૧૭૯૧)થી, વીરવિજય કવિનું જૈન સાધુજીવન શરૂ થાય છે. દીક્ષા પછી વીરવિજયનો પદ્ધતિસરનો સંસ્કૃત/પ્રાકૃત/કાવ્યનો અભ્યાસ ચાલુ થાય છે. તેમણે ષડ્-દર્શન અને પંચકાવ્યનો પણ અભ્યાસ કર્યો. બાર વર્ષ ગુરુ પાસે રહી ગુરુસેવા કરી અને અનેક ગ્રંથોનું અવગાહન કર્યું. શુભવિજયજીની વૃદ્ધાવસ્થામાં ગુરુસેવાના પ્રતીક સમી 'શુભવેલિ' કૃતિની તેમમે રચના કરી. ગુરુ પ્રત્યેની ભક્તિ તેની પંક્તિઓમાં ઝળકે છે. વીરનિર્વાણ રાસમાં વીરવિજયના શિષ્ય રંગવિજયજીએ

શુભવિજયજીનો દેહોત્સર્ગ સમય સં. ૧૮૬૦નો આપેલ છે. 'શુભવેલિ' પણ એ જ સમયમાં રચવામાં આવ્યો હતો.

વીરવિજયજીના વિહારનું ક્ષેત્ર ગુજરાત અને સૌરાષ્ટ્ર હતું, પરંતુ અમદાવાદ સાથેનો તેમનો ગાઢસંબંધ રહેતો.

પંડિત વીરવિજયજીએ સુરસુંદરી રાસની રચના સં. ૧૮૫૭માં કરી અને સ્થૂલભદ્રની શિયળવેલ સં. ૧૮૬૨માં લખી. તેઓ હવે પ્રથમ પંક્તિના કવિ તરીકે ઓળખાવા લાગ્યા. શિયળવેલમાંથી પંદર તિથિ, સાતવાર અને બાર માસ અમદાવાદના ઘરેઘરમાં ગવાવા લાગ્યા. તેમની ગહુંલિઓ વખણાવા લાગી. તેઓ જૈનેતરોમાં પણ લોકપ્રિય બન્યા. તેમની અષ્ટપ્રકારી પૂજા (સં. ૧૮૫૮) મંદિરે મંદિરે રસથી ભણાવા લાગી. આ સર્વને પરિણામે શુભવિજયજીએ સં. ૧૮૬૦ના અરસામાં તેમને અમદાવાદના શ્રી સંઘ સમક્ષ પંન્યાસની પદવી આપી તે પછી થોડા સમયમાં જ શુભવિજયજીએ કાળ કર્યો.

**કવિ તરીકે વીરવિજયજી:**

કવિ તરીકે જૈનસમાજમાં તેમનું શિરમોર સ્થાન છે. તેમની કૃતિઓમાં કાવ્ય ચમત્કૃતિ અને માધુર્યયુક્ત, પ્રત્યેક પંક્તિમાં ઝડ-ઝમક અને અલંકારો છે. શબ્દ ઔચિત્ય એટલું કે તેમના કાવ્યો સુગેય, ભાવયુક્ત તથા આર્દ્રતાપૂર્ણ છે. સાહિત્યના વિવિધ ક્ષેત્રોમાં તેમણે પોતાની કલમ ચલાવી છે.

વીરવિજયજીએ સુરસુંદરી રાસ, ધમ્મિલ રાસ, ચંદ્રશેખરની રાસ અનુક્રમે સં. ૧૮૫૭, ૧૮૯૬ અને ૧૯૦૨માં રચી લોકોમાં પ્રતિષ્ઠા મેળવી રસની જમાવટ, અસરકારક વર્ણનો, અખંડિત રસપ્રવાહ અને પ્રાસાનુપ્રાસ તેમની કૃતિઓના લાક્ષણિક તત્ત્વો છે.

પં. વીર વિજયજીની કૃતિઓ અનેકદેશીય હતી. સ્થૂલિભદ્ર શિયળ વેલનામનું કાવ્ય ૩૩ વર્ષની વયે લખ્યું. તેમાં શૃંગારરસનું પોષણ, વિરહ દશાનો ચિતાર અને શાંતરસ સેવન જેવા પ્રસંગોના આ લેખનમાં પોતાની કુશળતા સિદ્ધ કરી છે. એક અસાધારણ રસની જમાવટ કરી શકે તેવી આ કૃતિ છે.

'હિત શિક્ષા છત્રીસી' નામની ૬૩૬૧ કડીઓમાં વ્યવહારનો સારો ખ્યાલ આપ્યો છે. સર્વસામાન્ય શિખામણો સ્ત્રીઓની અલગ શિખામણો અને સર્વમાન્ય સત્યોનું નિરૂપણ કર્યું છે. કાવ્યશાસ્ત્રમાં તેને ૨-ગણાંકિતની સિદ્ધિ માનવામાં આવે છે.

ચોમાસી દેવવંદનમાં ૨૪ ચૈત્યવંદન, પાંચ સ્તવન, ૧૯ સ્તુતિઓ (થોય) પાંચ થોપોનું જોડું તથા પાંચ તીર્થનાં સ્તવનો આવે છે. આકર્ષક રાગોમાં તેની રજૂઆત લોકોને દેવવંદનમાં આવવા પ્રેરે છે.

સ્નાત્રપૂજામાં તીર્થંકરના જન્મ મહોત્સવનું વર્ણન કર્યું છે. મેરૂ પર્વત ઉપર પ્રભુનો જન્મમહોત્સવ ૫૬ દિક્કુમારિકાઓ અને દેવો ઉજવે છે તેનું સવિસ્તર બયાન છે.

સ્તવનનો પ્રભુના ગુણોની અનુમોદના-સ્તવના તથા બીજા અમુક તિથિ કે તીર્થના પ્રસંગે રચવામાં આવતી કૃતિઓનો કુલ સરવાળો બાવન થાય ચે.

સજ્ઝાય (સ્વાધ્યાય) આત્માના ગુણવિકાસને લક્ષમાં રાખીને આવી કૃતિઓ રચાય છે. ગેય કૃતિઓની-કથાગીતોની સંખ્યા બારની છે તે ઉપરાંત ગહુંળી-ગુરુગુણ સ્તુતિ-૧૬ જેટલી છે જે સ્ત્રીઓ બે વ્યાખ્યાનના અંતરાલમાં ગાય છે.

(૧) સ્તુતિઓ-૩, (૨) ચૈત્યવંદના-૫, (૩) નેમિનાથનો વિવાહ (૪) શુભવેલિ-૫ (૫) કૂણિકનું સામૈયું, (૬) છપ્પન દિક્કુમારી રાસક્રીડા, (૭) લાવણી-૨, (૮) આરતી-૧, (૯) ૨-ગણાંકિત ૬૩૬ અક્ષરાત્મક કાવ્યા, (૧૦) દુહા-૪, (૧૧) સ્થૂલિભદ્ર નાટક, (૧૨) વજ્રસ્વામીના ફૂલડાં-૮ ગાથાઓ, (૧૩) હરિયાળી ગાથા-૯, (૧૪) નેમિનાથ-રાજીમતીના ૧૨ માસ;

આટલા પદ્યસાહિત્ય ઉપરાંત ગદ્યમાં તેમણે અધ્યાત્મ સારનો ટબો (સં. ૧૮૮૧) લખેલ છે. તેમનું પદ્યસાહિત્ય સર્વદેશીયછે.

સંસ્કૃત સાહિત્યમાં પ્રશ્નચિંતામણિ નામનો ગ્રંથ જેમાં ૧૦૧ પ્રશ્નો અને ઉત્તરોની છણાવટ કરી છે. શાસ્ત્રીય બાબતોમાં પણ વીરવિજયજીનું પહુશ્રુતપણું આથી સિદ્ધ થાય છે.

**પૂજા સાહિત્ય** :- કવિનું પૂજા-સાહિત્ય જેનું અવલોકન હવે કરવામાં આવશે તે આજે પણ લોકોમાં પ્રચલિત છે. તેમનો યશોદેહ આ પ્રકારના સાહિત્યથી ઉજ્જ્વલ છે અને તેમને ચિરંજીવ ખ્યાતિ અપાવે છે. તેમનું શબ્દ-લાલિત્ય અને રાગ વચ્ચે એટલો સુમેળ છે કે તેમની પૂજા એક વાર સાંભળીએ પછી તે ભૂલાતી નથી. પૂજાના કવિ તરીકે તેમનું સ્થાન તેમના સમકાલીનો પં. રૂપવિજયજી, પં. પદ્મવિજયજી શ્રી દીપવિજયજી, શ્રી વિજયલક્ષ્મીસૂરિ વગેરે કરતાં મૂઠ્ઠી ઊંચેરુ છે. પૂજાઓની રચના સોળમી શતાબ્દિમાં શરૂ થઈ તે ઓગણીસમી સદીના અંતે - શ્રી વીરવિજયજીના સમયમાં ટોચે પહોંચી. પૂજાઓ દ્વારા કવિએ જૈન જનતાને આનંદ સાથે તત્ત્વજ્ઞાનનો અમીરસ પિવડાવ્યો છે, તે કવિની વિશિષ્ટતા કહી શકાય. પૂજાની તેમની પ્રચલિત કૃતિઓ અષ્ટ પ્રકારી પૂજા (વિ.સં. ૧૮૫૮)માં બે દોહા પછી દરેક પૂજાની ઢાળ અસલ રાગમાં અને ગીત દેશી રાગમાં મૂકેલા છે. આઠ પ્રકારની પૂજા એટલે જલ, ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, અક્ષત, નૈવેદ્ય અને ફળ-પૂજાઓ. પાંચમો દીપક પૂજાનું ગીત જોઈએ તો -

દીપ દીપતો રે, લોકાલોક પ્રમાણે
એહવો દિવડો રે, પ્રગટે પદ નિર્વાણ, દીપ૦
દ્રવ્ય થકી દીપકની પૂજા, કરતા દો ગતિ રોકે રે,
પ્રભુ પડિમા આદર્શ કરીન આતમ રૂપ વિલોકો દીપ૦

ચોસઠ પ્રકારી પૂજાની રચના (વિ.સં. ૧૮૭૪)માં આઠ કર્મોનું તત્ત્વજ્ઞાન પૂજા સાથે વણી લેવાયુ છે. આઠ દ્રવ્યો વડે પૂજા સાથે બાવ લેખે આ પૂજાઓ ગાવામાં આવે છે. જુદી જુદી હકીકતો - જીરણ શેઠની ભાવના, પ્રભુવીરનાં બાળપણની પ્રસંગાવલિ નોંધપાત્ર છે. આઠમી ફૂલપૂજામાં વીર કુંવરનું હાલરડું કવિ કેવી હોશમાં લઈ આવ્યા છે -!

**વીર કુંવરની વાતડી કેને કહિયે, કેને કહિયે રે કેને કહિયે;**
**નવિ મંદિર બેસી રહિયે, સુકુમાર શરીર।। વીર૦**

એક જગ્યાએ કવિ કહે છે —

મન મંદિર આવો રે, કહું એક વાતલડી
અજ્ઞાનીની સંગે રે, રમિયો રાતલડી

ચેતનને સુમતિનો આ ઠપકો જીવનમાં માર્ગદર્શક બની રહે છે. તો બીજી જગ્યાએ કવિ આશાવરી રાગમા ગાઈ ઊઠે છે —

બાજી બાજી બાજી ભૂલ્યો બાજી, ભોગવિધાન ધાન ગાજી
આતમ જ્યોત ન તાજી ।। ભૂલ્યો૦
કાળ અનાદિ ચેતન રઝળે; એકે વાત ન સાજી,
મયણા ભઈણી ન રહે છાની, મળિયા માત પિતાજી।। ભૂલ્યો૦

કવિએ કાફી રાગમાં ઢાલ રચી છે તે જોઈએ

જિનરાજ કુ સદા મોરી વંદના, વંદના વંદના રે વંદના રે. જિનરાજ૦

તો બંગાળી કેરબો રાગમાં કવિ બોલે છે

જિણંદા પ્યારા મુણીંદા પ્યારા દેખો રી જિણંદા ભગવાન। દેખો૦
ચશ્મ પયડિકો મૂન વિખરિયાં, ચરમ તીરથ સુલતાન।। છે૦
દર્શન દેખત મગન ભય હૈ, માગત ક્ષાયિક દાન ।। દે

કાફીરાગ ફરી ઉપયોગમાં લઈ, કવિ ફરી બોલે છે

અખિયન મેં અવિકારા, જિણંદા તોરી અખિયનમેં અવિકારા!

તો ક્યાંક કવિ કહે છે,

તેજે તરણીથી વડો રે હોય શિખાનો દીવડો રે!

ઝળકે કેવળ જ્યોત

એક સ્થળે જીરણશેઠની સુપાત્રદાનની ભાવના અદ્‌ભુત વર્ણવી છે અને તેમના મનોરાજ્યનો પરિચય આપતા તેઓ લખે છે —

તે જિનવર સનમુખ જાવું, મુજ મંદિરીએ પધરાયું;
પારણું ભલી ભક્તે કરાવું, જુગતે જિનપૂજા રચાવું રે... મહા૦
પછી પ્રભુજીને બોલાવા જઈશું, કર જોડી સામા રહીશું;
નમી વંદી પાવન થઈશું, વિરતિ અતિ રંગે વરશું રે... મહા૦
દયા, દાન ક્ષમા શીલ ધરશું, ઉપદેશ સજ્જનને કરશું;
સત્ય જ્ઞાનદશા અનુસરશું, અનુકંપા લક્ષણ વરશું રે... મહા૦
એમ જીરણશેઠ વંદતા, પરિણામની ધારે ચઢતાં,
શ્રાવકની સીમે ઠરતા, દવદુંદુભિ નાદ સુણન્તા રે... મહા૦

પિસ્તાલીશ આગમની પૂજામાં જ્ઞાનાધિકાર છે. કવિએ જ્ઞાનરસિકતાને

માટે ગાયું છે —

એક મન શ્રુતરસિયો બોલે રે હો મન માન્યા મોહનજી
પ્રભુ તારે નહિ કોઈ તોલે રે, હો મન માન્યો મોહનજી.
તો કવિએ અનત્ર જણાવ્યું છે,
જિમ જિમ અરિહા સેવિયે રે, તિમ તિમ પ્રગટે જ્ઞાન સલૂણાં...

કવિએ રચેલી નવાણું પ્રકારી પૂજામાં તીર્થાધિરાજ શત્રુંજય ગિરિનું વર્ણન છે. તે પૂજા સં. ૧૮૮૪ ચૈત્રી પૂનમે રચાઈ. અગ્યાર પૂજાઓ દેશી ઢાળમાં રચાઈ છે અને શ્રોતાઓમાં આલ્હાદ પ્રસરાયે છે. આ પૂજામાંના કેટલાયે કાવ્યખંડોને વર્તમાને કાલગ્રસ્ત કર્યા નથી, તે જીવંત લાગે છે. કાવ્યોના મુખડાં જોઈએ તો લોકપ્રિયતાનું રહસ્ય સમજાશે.

૧) યાત્રા નવાણું કરીએ સલુણા, કરીએ પંચસનાત,
૨) ગિરિવર દરિસણ વિરલા પાવે
૩) સિદ્ધાચલ શિખરે દીવો રે... આદીશ્વર અલબેલો છે.
૪) તીરથની અશાતના નવિ કરીએ, નવિ કરીએ રે નવિ કરીએ ધૂપ
   ધ્યાન ઘટા અનુસરિયે, તરીએ સંસાર।।

બાર વ્રતની પૂજા (વિ. સં. ૧૮૮૭)માં બાર વ્રતો શ્રાવક માટેનો આચાર ધર્મનો નિર્દેશ કરે છે. તેમાં તેર પૂજાઓ છે. કવિ પ્રતિભાનો સ્પર્શયતા જાણે વ્રતો મહોરી ઊઠતાં ન હોય!

પંચ કલ્યાણકની પૂજા એ વીરવિજયજીની અંતિમ પૂજા છે. ૧૮૮૯માં રચાયેલી આ કૃતિમાં ૨૩મા તીર્થંકર પાર્શ્વનાથના પાંચ કલ્યાણકો અદ્‌ભુત વાણીમાં પેશ કર્યા છે. વસંતનું વર્ણન કવિની શક્તિનો દસ્તાવેજ છે.

રૂડો માસ ફળી વનરાઈ રે, રાયણને સહકારવાલા
કેતકી જાઈ અને માલતી રે, ભ્રમર કરે ઝંકારવાલા
કોયલ મદભર ટહૂકતી રે, બેઠી આંબાડાળ વાલા;
હંસ યુગ જળ ઝીલતાં રે, વિમલ સરોવર પાળ વાલા!

પ્રભુ પાર્શ્વનાથના પંચ કલ્યાણકો પ્રભુના જન્મને વધાવતા કવિ કહે છે,

સખિ! આ જ અનોપમ દિવાળી

રમતી ગમતી હમુને સાહેલી, બિહુ મળીએ એક તાળી।।સખિ૦

લીલ વિલાએ પૂરણ માસે, પોષ દશમ નિશિ રઢિયાળી।।સખિ૦

પ્રભુ મુખ કમલે અમરી ભમરી, રાસ રમતી લટકાળી।।સખિ૦

પ્રભુ માતા તું જગતની માતા, જગદીપકની ધરનારી।।સખિ૦

તો પ્રભુના જન્માભિષેકમાં દેવોની હાજરી કેવા કેવા ઉદ્દેશવાળી હતી તેનું રોચક વર્ણન છે.

સિંહાસન બેઠા ચલિયા, હરિ બહુ દેવે પરબરિયા,

નારીનાર મિત્રના પ્રેયા આવે, કોઈક પોતાને ભાવે...

હુકમે કેઈ ભક્તિ કરેવા, વળી કોઈ કૌતક જોવા...।

હયકાસર કેસરીનગા, ફણી ગરૂ ચડ્યા કઈ છાગ

કેવળજ્ઞાન પ્રસંગે કવિ ભાવોદ્ગાર ઉચ્ચારતા કહે છે –

મનમોહન સુંદર મેળા, ધન્ય લોકનગર ધન્ય વેળા

નિર્વાણ કલ્યાણકમાં કવિ પરાકાષ્ટાએ પહોંચે છે.

રંગરસિયા રંગરસ બન્યો મનમોહનજી

કંઈ આગળ નવિ કહેવાય, મનડું મોહ્યું રે મનમોહનજી

વેધકતા વેધક લહે, મનમોહનજી

બીજા બેઠા વા ખાય, મનડું મોહ્યું રે મનમોહનજી

આચાર્ય ભગવંત પૂ. પ્રદ્યુમ્નસૂરિજી એક જગ્યાએ લખે છે – કવિતા પૂજા સાહિત્યમાં એટલો તો ભક્તિ-સુધારસ ભર્યો છે કે તેનું ગાન કરનારને તેની છાલક વાગ્યા વિના ન રહે.

# યુગ પુરુષ
# શ્રીમદ્ રાજચંદ્ર

□ ગુણવંત બરવાળિયા

શ્રીમદ રાજચંદ્રજીનો જન્મ સંવત ૧૯૨૪ના કારતક પૂર્ણિમાને દિવસે સૌરાષ્ટ્રના મોરબી પાસેના વવાણિયા ગામે ભક્તિમય અને સંસ્કારી શ્રી રવજીભાઈ પંચાણભાઈ મહેતાના ધર્મપત્ની શ્રી દેવબાઈના કૂખે થયો હતો.

શ્રીમદ્જીનું હુલામણાનું નામ 'લક્ષ્મી નંદન' હતું પાછળથી આ હુલામણું નામ બદલીને 'રાયચંદ' પાડવામાં આવ્યું હતું. આગળ જતા તેઓ 'શ્રીમદ્ રાજચંદ્ર' નામે સહુના આદરપાત્ર વિભૂતિ બની ગયા.

શ્રીમદ્ રાજચંદ્રના બાહ્ય વ્યાપારી ગૃહસ્થ જીવન ઉપરથી તેમની અણિશુદ્ધ પ્રામાણિકતા જાણી શકાય. પરંતુ તેઓની આત્મિક આભ્યાંતર દશાનો ખ્યાલ આવી શકે નહીં. તેમના અંગત જીવન વ્યાપાર અને આંતરિક દશા વિષે જાણવા માટે તેમણે જે પત્ર વ્યવહાર કર્યો છે અને જે સાહિત્ય સર્જન કર્યું છે તેનું ઊંડાણપૂર્વક ચિંતન - મનન કરવું રહ્યું.

આઠમા વર્ષે કવિતાનું સર્જન, શિક્ષણકાળમાં બળવતર સ્મૃતિ, કૃષ્ણભક્ત કુટુંબમાં જન્મ પરંતુ જૈનોના પ્રતિક્રમણ સૂત્રમાંનો ક્ષમાનો ભાવ તેમના અંતઃતલને સ્પર્શી ગયો અને જૈનદર્શન પ્રતિ રુચિ થઈ.

શ્રીમદ્જીની ઉંમર સાત વર્ષની હતી એ સમયે પોતાના ગામમાં અમીચંદભાઈ નામના એક ગૃહસ્થ ગુજરી ગયા. મરવું તે શું? મૃતદેહને શા માટે બાળી દેવો? આવા પોતાના મનમાં ઊઠેલા સવાલો પરથી ચિંતન કરતાં, ચિંતનના ઊંડાણમાં જતા તેમને જાતિસ્મરણ પ્રગટ થયું. જાતિસ્મરણ એટલે પોતાના પૂર્વભવોનું જ્ઞાન, મતિની નિર્મળતાને કારણે આ જ્ઞાન થાય છે. જૈન કથાનકોમાં ચંડકૌશિક, મેઘકુમાર વગેરેને ભગવાન મહાવીરના વચનોથી જાતિસ્મરણ થયાનો ઉલ્લેખ છે. આત્માના

અસ્તિત્વનો બોધ થવા માટે જાતિસ્મરણ જ્ઞાન ઉપકારી સાધન છે. શ્રીમદ્જીના જીવનમાં આત્માના આધ્યાત્મિક વિકામ માટે આ ઉપલબ્ધિ પારદર્શક બની હતી.

આત્માનો મૂલ ગુણ જ્ઞાન છે. જ્ઞાન શક્તિ એ એવી શક્તિ છે કે, આ જન્મથી બીજા જન્મમાં સાથે જઈ શકે છે પૂર્વ જન્મની આવી જ્ઞાનશક્તિને કારણે તેઓએ સાત વર્ષનો અભ્યાસક્રમ માત્ર બેજ વર્ષમાં પૂર્ણ કર્યો હતો.

૧૭ વર્ષની ઉમરમાં બ્રહ્મચર્ય વિષેની તેમની સમજણ કેટલી સ્પષ્ટ અને સમ્યક છે તેનો ખ્યાલ તેમણે રચેલી નીચેની કાવ્યપંક્તિ પરથી આવશે.

"નીરખીને નવયૌવના, લેશ ન વિષય નિદાન,
ગણે કાષ્ટની પૂતળી, તે ભગવાન સમાન!"

'હું'ને પામવાની ઉત્કટ ઝંખનાને કારણે મુખ્ય બંધન સ્ત્રીનું લાગતું, તેમને નિજી જીવનની અંતરંગ વાતો કહેવાના પાત્રોની દુર્લભતાનું દુઃખ હતું.

શ્રીમદ્જી કુશળ અને પ્રામાણિક વેપારી હતાં. તેમની સાથેના મોતી અને ઝવેરાતના સોદામાં એક આરબ વેપારીને અંગત મુશ્કેલી ઊભી થઈ. પોતાનો તમામ નફો જતો કરી શ્રીમદ્જીએ તે વેપારીને માલ પરત કરી દીધો. એ આરબ વેપારી તેમને ખુદા સમાન માનતો હતો. આ ઘટના તેમની અંતઃકરણની આધ્યાત્મિક દશાના દર્શન કરાવે છે.

શ્રીમદ્જીમાં અદ્ભુત અવધાન શક્તિ હતી. એક સાથે ઘણી વસ્તુઓ સ્મૃતિમાં રાખવાની શક્તિને અવધાન શક્તિ કહે છે. મુંબઈમાં તેમણે વિશિષ્ટ વ્યક્તિઓની હાજરીમાં કરેલા બાવન અવધાનથી પ્રભાવિત થઈ સમારંભમાં તેમનું સુવર્ણચંદ્રકથી બહુમાન થયેલું. તેમણે સો અવધાન સુધીના પ્રયોગો પણ કરેલા. તેમને આ પ્રયોગો બતાવવાનું ઈંગ્લંડ તરફથી આમંત્રણ મળેલું, પરંતુ ભૌતિક સિદ્ધિઓથી નહિ આકર્ષાતા આ આમંત્રણનો વિનયપૂર્વક અસ્વીકાર કરેલો. આ પ્રસંગથી એ યોગાત્માની

અલૌકિક પાત્રતાના આપણને દર્શન થાય છે.

શ્રીમદ્જી પ્રત્યે ઘણાં મુમુક્ષુ, જિજ્ઞાસુ, સાધુચરિત ગૃહસ્થો, અને મુનિઓ આકર્ષાયા હતાં. લલ્લુજી મહારાજ, મુનિશ્રી દેવકરણજી ન્યાયાધીશ ધારશીભાઈ, શ્રી સોભાગભાઈ, શ્રી જુઠાભાઈ, શ્રી પોપટલાલ, શ્રી અંબાલાલ, શ્રી મનસુખભાઈ, શ્રી કૃષ્ણદાસ, શ્રી ત્રિભોવનભાઈ અને શ્રી પ્રાણજીવનદાસ વગેરે.

સંવત ૧૯૪૪માં પોપટલાલભાઈ મહેતાના સુપુત્રી ઝબકબાઈ સાથે શ્રીમદ્‌ના લગ્ન થયા હતાં. નિસ્પૃહી ગૃહસ્થાશ્રમનો આદર્શ તેમના જીવનમાં જણાતો હતો.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી શ્રીમદ્જીના ધર્મ ચિંતનથી ખૂબજ પ્રભાવિત થયેલા. ગાંધીજીએ કહ્યું હતું કે, ''શ્રીમદ્‌ના જીવન - કવનમાંથી દયા ધર્મનું મેં કૂંડા ભરીને પાન કર્યું છે.''

શ્રીમદજીના સર્જનનું વિવિધ વર્ગીકરણ કરી શકાય.

- મુમુક્ષુઓ પ્રત્યે લખાયેલા પત્રો
- સ્વતંત્ર કાવ્યો
- મોક્ષમાળા, ભાવનાબોધ, આત્મસિદ્ધિશાસ્ત્ર એ ત્રણ ગ્રંથો
- સ્ત્રી નીતિબોધક ગરબાવળી, બોધવચન, વચનામૃત મહાનીતિ
- પંચાસ્તિકાય ગ્રંથનું ગુજરાતી ભાષાંતર
- શ્રી રત્નકરંડ શ્રાવકાચારમાંથી ત્રણ ભાવનાઓનો અનુવાદ, સ્વરોદય જ્ઞાન, દ્રવ્યસંગ્રહ, આનંદઘનના સ્તવનોના અર્થ, દશવૈકાલિકની ગાથાઓનું ભાષાંતર
- વેદાંત અને જૈન દર્શન સંબંધી નોંધો
- ઉપદેશ નોંધ (મુમુક્ષુઓએ લીધેલી નોંધો)
- ત્રણ હાથ નોંધો - આભ્યંતર પરિણામ અવલોકન વગેરે.

શ્રીમદજીએ તેમના સર્જનમાં સદ્‌ગુરુનો મહિમાં ઠેર ઠેર ગાયો છે. તેઓએ કોઈ ગચ્છ મત કે સંપ્રદાયની તરફેણ કરી નથી. પરંતુ આત્મધર્મની

પ્રધાનતા બતાવી છે. કોઈપણ ધર્મ વિશે ઘસાતું લખ્યું નથી. તેઓએ પર મત સહિષ્ણુતાને ચરિતાર્થ કરી હતી. ભક્તશ્રી લઘુરાજ સ્વામીએ તેમનાં પદોનો અનંત મહિમા કહ્યો છે. ભક્ત-જ્ઞાન અને ક્રિયાનો સુમેળ, નિશ્ચય અને વ્યવહારનો સમન્વય તેમના તત્ત્વચિંતનમાં નિખરે છે.

સાહિત્ય સર્જનને ક્ષત્રે શ્રીમદ્ રાજચંદ્રની એક આગવી પ્રતિભા ઉપસે છે અને સાહિત્યકીય દૃષ્ટિએ ખાસ કરીને એમની કવિતા અને કેટેલુંક ગદ્ય ખરેખર ઊંચી કક્ષાનું છે એવી પ્રતીતિ થાય છે. શ્રીમદ્‌ના સાહિત્યનું મૂલ્યાંકન આજ પર્યંત ઘણું ઓછું થયું છે.

જો કે શ્રીમદ્‌ના સાહિત્ય વિષે આપણા સારસ્વતોએ પ્રસંગોપાત ઉલ્લેખો કર્યા છે ખરા. આવા ઉલ્લેખો કરનારાઓમાં ગાંધીજી, પંડિત સુખલાલજી, પંડિત બેચરદાસજી, આનંદશંકર ધ્રુવ કાકાસાહેબ કાલેલકર, મુનિશ્રી પુણ્યવિજયજી, રસિકલાલ પરીખ, નર્મદાશંકર મહેતા, વિમલા ઠકાર જેવી પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ ભાવભીની વાણીમાં શ્રીમદ્‌ની પ્રશંસા કરી છે એ નોંધનીય છે. પરંતુ એમનુ સાહિત્યિક મૂલ્યાંકન કે વિશદ સમીક્ષા જોવા મળતી નથી.

ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં પણ શ્રીમદ્દે સાહિત્યક્ષેત્રે કરેલા અર્પણની કોઈ વિશિષ્ટ નોંધ જોવા મળતી નથી. શ્રીમદ્‌ને ગાંધીજી 'કવિ' તરીકે સંબોધન કરતાં અને એમના કેટલાક મિત્રો પણ એમને 'કવિ' કહેતા. આ સંબોધન તેમણે સાર્થ કર્યું છે.

આઠ વર્ષની નાની વયે તેમણે કવિતા લખવાની શરૂઆત કરી. નવ વર્ષની વયે રામાયણ અને મહાભારતની સંક્ષપ્તિ કથા પદ્યમાં લખી અગિયાર વર્ષની વયે તો એમની કૃતિઓ તત્કાલીન પ્રતિષ્ઠિત સામયિકોમાં પ્રગટ થવા લાગી. સોળ વર્ષની વયે 'મોક્ષમાળા' જેવું જૈન દર્શનનાં સારરૂપ માનવ-ધર્મ અને આત્મધર્મનું સ્વરૂપ આલેખતું એક પ્રેરક પુસ્તક લખ્યું જેમાં તેમણે તત્ત્વજ્ઞાન ગહન વિષયને સરળ શૈલીમાં અને દ્રષ્ટાંતને સહારે સુગમ બનાવ્યો છે.

અહીં. તેમનાં કેટલાંક કાવ્યો વિશે સંક્ષિપ્ત સમીક્ષા કરવાની છે.

એમની પુખ્ત વયે 'અપૂવ અવસર' અને 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' જેવાં અત્યુત્તમ કાવ્યો આપ્યા છે.

આત્મસિદ્ધિ શ્રીમદજીની અનુપમ કૃતિ છે. જેમાં મુખ્યત્વે આત્મલક્ષી ચિંતન છે. એક રીતે વિચારતા આ કાવ્યગ્રંથને જૈનશાસ્ત્રના ચાર અનુયોગ દ્રવ્યઅનુયોગ, ગણિત અનુયોગ, ચરણાનુયોગ અને ધર્મકથાનુયોગમાંના દ્રવ્યાનુયોગનો ગ્રંથ કહી શકાય.

આત્મસિદ્ધિશાસ્ત્ર નિર્વિવાદ મોક્ષમાર્ગનું સાધન છે. ૧૪૨ ગાથાઓ પર હજારો શ્લોકની ટીકા લખાઈ શકે તેવી આ નાનકડી કૃતિમાં આત્માને લગતું સંપૂર્ણ રહસ્ય દર્શાવાયું છે જેમાં શ્રીમદ્જીની વિવેકપ્રજ્ઞા, મધ્યસ્થતા અને સહજ નિખાલસતાના દર્શન થાય છે.

અનંત તીર્થંકરો આત્માના ઉત્થાનને લગતી જે વાતો કહી ગયા તે વાતોમાંથી પોતાને જે જાણપણું થયું,જે અનુભૂતિ થઈ એજ તત્ત્વનું શ્રીમદ્ રાજચંદ્રે આત્મસિદ્ધિશાસ્ત્રમાં નિરૂપણ કર્યું છે.

આ મહાન કાવ્ય રચનાના પ્રથમ પદમાં ગુરુવંદના કરી અને વર્તમાનકાળમાં આત્માર્થી જન માટે મોક્ષમાર્ગનું ચિંતન રજૂ કર્યું છે. ખૂબ જ સરળ રીતે આત્માર્થી અને મતાર્થીનાં લક્ષણોની વિશિષ્ટ સમજ આપી છે. પોતાને ધર્મી માનતો અધર્મી એટલે મતાર્થી, મતાર્થી તો એમ જ સમજતો હોય કે, હું આત્માર્થી છું છતાં સત્યને ઉપેક્ષિત કરે, જ્યારે આત્માર્થી તો જાગૃત સાધક છે.

શ્રી હરિભદ્રસુરિએ આત્માના છ પદોને સંસ્કૃત ભાષામાં "ધર્મબિંદુ" ગ્રંથના દ્વિતીય અધ્યાયમાં બહુ જ ભાવવાહી શૈલીમાં ગુંથ્યા છે આ છ પદ તે ૧: આત્મા છે ૨: તે નિત્ય છે ૩: કર્મનો કર્તા છે ૪: કર્મફળનો ભોક્તા છે ૫: આત્માનો મોક્ષ છે ૬: મોક્ષનો ઉપાય છે. જૈન આગમોમાં જેનું આપણે વારંવાર ચિંતન અને પરિશીલન કરીએ છીએ તે મૂળભૂત સિદ્ધાંતો આ છ પદમાં અભિપ્રેત છે. આપણાં આગમો અર્ધમાગધી ભાષામાં છે તે સર્વસામાન્ય ને સમજમાં ન આવે, દર્શનના આ ગહન તત્ત્વો લોકભોગ્ય બની શકે તે હેતુથી અધ્યાત્મયોગી શ્રીમદ્

રાજચંદ્ર આજ તત્ત્વોની સરળ ગુજરાતી ભાષામાં રચના કરી આપણા પર પરમ ઉપકાર કર્યો છે.

આત્મભ્રાંતિનો રોગ, તેના ઉપાય, ગચ્છ મત અને સંપ્રદાયની પર આત્મધર્મ દ્વારા સમ્યક્દર્શનની અનુભૂતિનું દિવ્ય આલેખન થયું છે.

કૃતિને ભાવપૂર્વક અને સમજણપૂર્વક વાંચવાથી સાધકના બત્રીશે કોઠે દીવા થાય તેવી અદ્ભૂત રચના છે. કારણ કે શ્રીમદ્જી વડે થયેલી આ શાસ્ત્રની રચના તેમની સહજ આત્માનુભૂતિની દશાનું પરિણામ છે.

શ્રીમદ્ના જીવનકાળમાં જ કેટલાંક પાત્ર જીવો તેમને ઓળખી શક્યા હતા અને તેઓ પાસેથી આધ્યાત્મિક માર્ગદર્શન મેળવતા હતા. તેમાં અનન્ય મુમુક્ષુ આત્મા સૌભાગ્યભાઈ હતા. તેઓની ઉમર થતાં તેમને લાગ્યું કે તેમનો જીવનકાળ પૂર્ણ થવામાં છે ત્યારે તેઓએ શ્રીમદ્ને પત્ર લખ્યો કે, ''મારો અંતિમ સમય નજીક છે મારું સમાધિમરણ થાય અને મારી આત્મદશા વધુ જાગૃત રહે એવું કંઈ લખીને મોકલો.''

પૂ. લઘુરાજસ્વામી પર લખાયેલો છ પદનો ગદ્યરૂપ પત્ર પૂ. સૌભાગ્યભાઈના વાચંવામાં આવેલ, પત્રના ભાવો તેમને ખૂબ ગમ્યા એટલે શ્રીમદ્જીને તેઓશ્રીએ ફરીથી લખ્યું કે,

''પત્રના ભાવો તો ઉત્તમ છે પરંતુ ગદ્ય રૂપે હોવાથી સ્મરણમાં રહી શકવા મુશ્કેલ છે માટે કૃપા કરી આજ ભાવો કાવ્યરૂપે લખી મોકલો તો તેનું રટણ રાત દિવસ રહ્યા કરે.''

પત્ર શ્રીમદ્જીને મળ્યો, સૂર્યાસ્ત થઈ ગયો હતો. અંધારાં ઉતરવા માંડ્યાં હતાં. ભાવિક ભક્ત અંબાલાલભાઈ સાથે હતાં તેમને ફાનસ પકડી ઊભા રહેવા સંકેત કર્યો. અંતઃર્મુખતા વધતા, અંત-સ્ફૂરણા થઈ અને એક અદ્ભૂત ઘટના ઘટી. ૧૪૨ ગાથા રૂપ શાસ્ત્ર માત્ર દોઢ કલાકમાં રચાઈ ગયું.

પરમાર્થે મેઘની વર્ષાનો એ સમય હતો. સંવત ૧૯૫૨ના આસો વદ એકમ અને ચરોતર પ્રદેશનું નડિયાદ પવિત્ર સ્થળ હતું. તેમના એક એક શબ્દમાં આત્માના અર્થગંભીર રહસ્યો નીતરતાં હતા. તેઓની

લખવાની ખૂબી એ હતી કે તેઓ ક્યારેય કંઈપણ લખતા તો તેમાં એકને બદલે બીજો શબ્દ મૂકવાની જરૂર ન રહેતી તેમનો શબ્દ લખાયા પછી ભૂંસવાનો અવકાશ ન રહેતો. આવું સપ્રમાણ લખાણ તેમના અંતરમાંથી આવતું.

આ આત્મસિદ્ધિશાસ્ત્રની એક પ્રત તેમણે સૌભાગ્યભાઈને મોકલી. સૌભાગ્યભાઈ આ શાસ્ત્રને પામી જીવનનો અંત સુધારી ગયા. ત્યાર પછી તેનો એટલો પ્રચાર પ્રસાર થયો કે ઘરે ઘરે તેનો સ્વાધ્યાય થવા લાગ્યો.

પ. પૂ. લઘુરાજસ્વામી કહેતા કે "આત્મસિદ્ધિમાં આત્મા ગાયો છે, આત્મા ઓળખવો હોય તો તેનો વારંવાર વિચાર કરવા યોગ્ય ચે. ચૌદ પૂર્વનો સાર તેમાં છે."

શ્રીમદ્‌ના આત્મલક્ષી ચિંતન અને વિચારમંથન પછી તેઓની અંતરછીપમાં આત્મસિદ્ધિ નામનું મોતી પાક્યું. પૂજ્ય બ્રહ્મચારીજીએ આત્મસિદ્ધિને સુર-સરિતા રૂપ ગંગાની ઉપમા આપી છે.

હે...પતિત જન પાવની, સુર સરિતા સમી
અધમ ઉદ્ધારિણી આત્મસિદ્ધિ
જન્મ જન્માંતરો, જાણવા જોગીએ
આત્મ અનુભવ વડે આજ દીધી...હે! પતિત જન...
ભક્ત ભગીરથ સમા, ભાગ્યશાળી મહા
ભવ્ય સૌભાગ્યની, વિનતીથી...હે! પતિત જન...
ચરોત્તર ભૂમિના, નગર નડિયાદમાં
પૂર્ણ કૃપા પ્રભુએ કરી'તી...હે પતિત જન...

વિદુષી પૂ. ડૉ. તરુલતાજી મહાસતીએ આ પંક્તિઓના ભાવ ભાસનમાં કહ્યું કે 'આત્મસિદ્ધિ પાપીને પાવન કરનારી અધમ ઉદ્ધારિણી છે. કોઈપણ વ્યક્તિ ન તો એકલા પાપકર્મથી ભરેલી હોય કે નતો એકલા પૂણ્યકર્મોથી, ઓછે વત્તે અંશે પાપ અને પૂણ્ય બન્ને દરેકે જીવમાં

પડેલું જ હોય છે અને તેમાં વધ-ઘટ થતી રહે છે. શુભ ભાવો વધે તો પૂણ્યની વૃદ્ધિ થાય અને અશુભ ભાવો વધે તો પાપની વૃદ્ધિ થાય છે. આમ બન્ને ધારાઓ સાથે ચાલે છે આ દેવ નદી જેવી કાવ્ય સરિતા શુભ-અશુભથી પર થઈ શુદ્ધ ભાવોમાં સ્થિરતા કરવા માટેનું અમોઘ બળ પૂરું પાડે છે. શાસ્ત્રમાં જે ભાવો છે તે ભાવોમાં લીનતા સેવાય તો આત્મા વિશુદ્ધ બને.'

શ્રીમદ્જીએ આત્મસિદ્ધિનું શબ્દગઠન કરી જિજ્ઞાસુને અધ્યાત્મ સાગરમાં તરવાનો અવકાશ કરી આપ્યો છે. આ સિદ્ધિ સાગરમાં કોઈ દર્શનનું ખંડન નથી ફક્ત કદાગ્રહ કે હઠાગ્રહ જેવા એકાંતવાદ પ્રત્યે જ આપણને ઢંઢોળ્યા છે. શ્રીમદ્ હરિભદ્રસૂરિ જેવા દર્શન યોગીની જેમ બધાં જ દર્શનના સમન્વિત ભાવે જૈનદર્શન બતાવવા પ્રયાસશીલ રહ્યા છે.

જૈન પરંપરાના સર્વમાન્ય ગુજરાતી પ્રમાણિત ધર્મગ્રંથ તરીકે આત્મસિદ્ધિ શાસ્ત્ર ઉચ્ચ શૈક્ષણિક વર્ગોમાં પાઠ્યક્રમમાં સ્થાન લેવાની યોગ્યતા ધરાવે છે. જૈન આચાર વિચારની પ્રક્રિયાનો મૂળરૂપમાં અભ્યાસ કરવા અંગે જૈન મુમુક્ષુઓ માટે ગીતાની ગરજ સારે તેવો અનુપમ કાવ્યગ્રંથ છે.

જે વિચાર ચિંતનસભર બને એ વિચારમંથનમાંથી અનુભૂતિ અને પથી દર્શન પ્રગટે. તે વિચાર જ શાસ્ત્ર બને અને તે વિચાર અમર બની જાય છે. યુગપુરુષ શ્રીમદ્‌ના વિચારમંથનમાંથી રચાયેલ કાવ્યગ્રંથમાં આત્માનાં રહસ્યો પામવાનું નવનીત પ્રગટ્યું તેથી જ એ કાવ્ય "આત્મસિદ્ધિશાસ્ત્ર" રૂપે અમર બની ગયું. માત્ર શતાબ્દી પૂર્વે થયેલું આ સર્જન દર્શન બની ગયું. સર્જક અને સર્જનને ભાવપૂર્વક વંદન...!

# શ્રાવક કવિ ઋષભદાસનું વ્યક્તિત્વ અને કર્તૃત્વ

▫ ડૉ. પાર્વતી નેણશી ખીરાણી

જન્મે સ્થાનકવાસી અંદાજિત વિ.સ. ૧૬૫૧ થી ૧૭૧૧

કવિના પિતામહ જંબુદ્વીપના ભરતક્ષેત્રના ગુજરાત રાજ્યમાં આવેલ, વિસલદેવ ચાવડાએ વસાવેલા વિસલનગરના રહેવાસી હતા. તેઓ પ્રાગવંશી વીસા પોરવાલ જૈન વણિક જ્ઞાતિના હતા. એમનું નામ મહિરાજ સંઘવી હતું. *તેઓ જૈનધર્મના ચુસ્ત અનુયાયી, સમક્તિ, સ્વપત્નીવ્રતવાળા,* નિશદિન પુણ્ય-દાનધરમ કરવાવાળા, સામાયિક-પ્રતિક્રમણ-જિનપૂજા કરનાર, પૌષધ આદિ શુદ્ધ ક્રિયાઓ કરનારા હતા. ચતુર, શાસ્ત્રાર્થ વિચારનાર, શાહ-સંઘવી હતા. શત્રુંજય ગિરના આબુ વગેરે સ્થળે સંઘયાત્રા કઢાવીને સંઘતિલક કરાવ્યું હતું તેથી સિદ્ધ થાય છે કે તેઓ શ્રીમંત પણ હતા.

કવિના પિતાશ્રી પણ એમના દાદાની જેમ જ ખૂબ જ ધર્મવાન અને ધનવાન હતા. એમનું નામ સાંગણ હતું. એમણે પણ સંઘ કઢાવ્યા હતા અને વધારે ધનોપાર્જનને અર્થે તેઓ ત્યારની અલકાપુરી ગણાતી ખંભાત નગરીમાં આવીને વસ્યા હતા. એમના માતુશ્રીનું નામ સરૂપાંદે હતું. તેમનો બીજો ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી પણ તેઓ પણ સુશ્રાવિકા હશે એમાં કોઈ શક નથી. આ ઉપરાંત એમના પરિવારનો ઉલ્લેખ પણ પ્રાપ્ત થાય છે જેમ કે

ઘરિ કમલા કંતા નિ ભ્રાતા, માત, તાત સુત સારોજી - 'પૂજાવિધિ રાસ'

પુત્ર વિનીત ઘરે બહુએ, શીલવંતી ભલી વહુઅ - 'હિતશિક્ષા રાસ'

સુંદર ધરણી રે દીસઈ સોતા, બહુઈની બાંધવ જોડ્ય,

બાલક દીસઈ રે રમતાં બારણાઈ, કુટુંબતણી કઈ કોડ્ય - 'વ્રતવિચાર રાસ'

એમના પત્નીનું નામ કમલા હોવું જોઈએ. 'ઘરી કમલા કંતા' તેઓ સ્વરૂપવાન, ગુણવાન, સૌભાગ્યવાન હતા. તેમ જ પરંપરા મુજબ સુશ્રાવિકા પણ હશે જ. ભાઈ, બહેન વિનીત પુત્રો શીલવંતી વહુઓ અને બાળકોથી હર્યોભર્યો પરિવાર સંપીને રહેતો હતો.

કવિ એક આદર્શ શિષ્ય પણ હતા. પોતાના પિતૃવંશની જેમ જ કવિએ દરેક કૃતિઓમાં પોતાના વ્યક્તિત્વના ઘડવૈયા એવા ગુરુઓને સ્મર્યા છે.

પ્રોફેસર વાડીલાલ ચોકશીના સંશોધન અનુસાર

'કવિ જૈનોના વિખ્યાત તપગચ્છના મૂર્તિપૂજક શ્વેતાંબર વીસા પોરવાડ જૈન વણિક જ્ઞાતિના હતા. તેમના સમયમાં તપગચ્છની ૫૮મી માટે સમ્રાટ અકબર પ્રતિબોધક હીરવિજયસૂરિ હતા. તેમનો સ્વર્ગવાસ સં. ૧૬૫૨માં થયો. તે સમયે કવિની ઉંમર ૨૧ વર્ષની ગણી શકાય. ત્યારબાદ અકબર બાદશાહ પાસેથી સવાઈ જગદગુરુનું બિરૂદ મેળવનાર તેમના પટ્ટધર વિજયસેનસૂરિ થયા. જેમને કવિએ પોતાના ગુરુ તરીકે સ્વીકારી પોતાની કૃતિઓમાં અનેક સ્થળે સ્તવ્યા છે. પ્રથમ ઉલ્લેખ સને ૧૬૧૦માં રચાયેલ (વિ.સ.૧૬૬૬) કવિના વ્રત વિચાર રાસમાંથી મળી આવે છે.'' કવિ ઋષભદાસ એક અધ્યયન પૃ.૩ ત્યાર પછીના બધા રાસમાં પ્રાય. ગાયા છે. ઋષભદેવ રાસમાં ગુરૂનો ઉલ્લેખ નથી. જે વ્રતવિચાર પહેલા તખાયો છે.

કવિ આદર્શ-શ્રાવક હતા. તેઓ દૃઢધર્મી, પ્રિયધર્મી, પિતૃધર્મી, શ્રાવકોનાં લક્ષણોંથી સંપન્ન હતાં. રોજ ઊભયકાળે પ્રતિક્રમણ મહિનામાં ચાર પૌષધ, સમક્તિ સહિત ૧૨ વ્રતના ધારણહાર હતા રોજ વ્યાસણું (દિવસ દરમ્યાન બે જ વખત એક જ આસને બેસીને ભોજન કર઼ કરનાર, ત્રિકાળ પૂજા, દરરોજ બે પંચતીર્થ, સ્વાધ્યાય કરનાર, વીસ સ્થાનક તપના આરાધક, શેત્રુંજય-ગીરનાર-શંખેશ્વરની યાત્રા કરનાર સ્તવન રાસ વગેરે લખીને શાસન પ્રભાવના કરનાર, વિદ્યાદાન (છાત્રોને ભણાવનાર) કરનાર, પ્રભુની સામે એક પગ ઊભા રહીને રોજ ૨૦

નવકારવાળી ગણનાર, દાન કરવાની-જિનમંદિર બનાવવાની-બિંબ ભરાવવાની-પ્રાણપ્રતિષ્ઠા કરાવવાની-સંઘ તિલક કરાવવાની દેશ પરદેશ અમારિ (અહિંસાનું પાલન) કરાવવાની એમણે પ્રબળ ભાવના હતી. પોતાના ગુણ પ્રગટ કરવાનું કારણ બતાવતાં કવિ કહે છે કે

એમ પાલુ હું જૈન આચારો, કહેતાં સુખ લઘુતા અપારો,
પણ મુજ મન તણો એક પ્રણામો, કોએક સુણી કરે આતમ કામો.
પુણ્યવિભાગ હોય તવ મ્હારે, ઈસ્યું ઋષભ કવિ આપ વિચારે,
પરઉપગાર કાજે કહિ વાત, મન તણો પર સંદેહ જાત. 'હરિવિજયસૂરિ રાસ'

પોતે પોતાના ગુણ એટલે વર્ણવ્યા છે કે એ સાંભળીને કોઈને એવું આચરણ કરવાનું મન થાય તો એ પુણ્યકારી કાર્ય થશે. પોતે એમની ધર્મક્રિયામાં નિમિત્ત બનશે. તો પોતાનું જીવન સફળ થયું ગણાશે. માટે પોતાના ગુણ વર્ણવ્યા છે. પૂર્વોક્ત સર્વ ગુણનું વર્ણન 'હિતશિક્ષારાસ' અને 'હરિવિજયસૂરી રાસ'માં બીજાને પ્રેરણા મળે એ ભાવથી પોતાની દિનચર્યાનું વર્ણન કર્યું છે.

આદર્શ સરસ્વતી પુત્ર - શ્રાવક કવિ ઋષભદાસ સરસ્વતીના પરમ ઉપાસક, સાધક, પૂજક હતા. એમની દરેક કૃતિની શરૂઆત સરસ્વતીની પ્રશસ્તિવસ્તુથિ થઈ છે. તેમના પર સરસ્વતીદેવીની કૃપા હતી.

શ્રાવક કવિ ઋષભદાસનું કવિત્વ

સાહિત્ય જગતમાં મધ્યકાલીન યુગ સુવર્ણકાળ ગણાય છે. આ યુગમાં ગુજરાતી સાહિત્યનું વિપુલ સર્જન થયું છે. જેને સાહિત્ય જગતની વિરલ ઘટના ગણી શકાય. ભાષાવિકાસ અને ભાષા અભિવ્યક્તિનું એક સમૃદ્ધ ચિત્ર એમાંથી મળે છે. એના શબ્દરાશિ, રૂઢિપ્રયોગો, વાક્છટાઓ વાગ્ભંગિઓ આપણને રસતરબોળ બનાવે છે.

શ્રી જયંત કોઠારીના જણાવ્યા મુજબ

'મધ્યકાલીન સાહિત્યના રચયિતાઓએ અનેક પ્રકારના કવિકર્મોને કાવ્યસિદ્ધિ પ્રગટ કર્યા છે. જેવા. કે ગદ્યલીલા, ભાવ પ્રવણતા, સુભાષિત

કૌશલ, વર્ણનવૈભવ, નાટ્યગીતાત્મક, ભાવાભિવ્યક્તિ, બુદ્ધિચાતુર્ય, અલંકારચાતુર્ય, પ્રાસચાતુર્ય, ધ્રુવનાવીન્ય, પદ્યગાન છટાવૈભવ, વગેરેનો આસ્વાદ લેવા જેવો છે. મધ્યકાલીન શુદ્ધ સાહિત્ય નહોતું પણ સંપૂર્ણ સાહિત્ય તો જરૂર હતું.''

શ્રાવક કવિ ઋષભદાસના કવિકર્મનો અભ્યાસ કરતા પૂર્વોક્ત બધા પાયા પ્રાપ્ત થાય છે. કવિ કાવ્યના ગુણ જાણતા હશે જેથી એમનાં કાવ્યોમાં એ ગુણો હીરાની જેમ ચમકે છે. એમનાં કાવ્યોમાં કાવ્યનાં અનેક અંગોનું સુંદર આયોજન થયું છે. જે એમના કવિત્વનું પ્રબળ પાસું છે એમના કવિત્વના કેટલાક ઊજળા પાસા આ પ્રમાણે છે.

કવિ ઋષભદાસનાં કાવ્યો ધાર્મિક છે તેથી પ્રશમ શાંતરસની પ્રચુરતા છે. છતાં ક્યાંક રસની રંગછટા પણ દેખાય છે. જેમ કે 'જીવવિચાર રાસ'માં નરકના વર્ણનમાં બિભત્સ રસ અને દેવવર્ણનમાં અદ્‌ભૂત રસ છે.

કાવ્યગુણ - રસના સ્થાયીધર્મ અને ઉપકારક તત્ત્વને ગુણ કહે છે. જે કાવ્યને રસાળ બનાવે છે. કાવ્યના ગુણ કેટલા હોય એ માટે મતમતાંતર છે પણ મુખ્ય ગુણ ત્રણ છે. માધુર્ય, ઓજ અને પ્રસાદ કવિની રચનાઓમાં ત્રણે ગુણનો પ્રયોગ થયો છે.

અલંકાર યોજના - કાવ્યની શોભાને વધારનાર તત્ત્વને અલંકાર કહેવાય છે. કવિએ પાંડિત્યના પ્રદર્શન માટે અલંકારી નથી વાપર્યા પણ સહજ જ અનુપ્રાસાદિ અલંકારી આવી ગયા છે. એમણે પોતાની અંલકાર યોજનામાં સ્વાભાવિકતા અને પ્રભાવોત્પાદકતાનો નિર્વાહ કરવામાં પૂર્ણ સફળતા મેળવી છે છતાં 'વ્રતવિચાર રાસ'ના સરસ્વતીવર્ણનમાં અલંકારોની પરંપરામાં એમનું અલંકાર પ્રધાન માનસ છતું થાય છે.

ભાષા શૈલી - સાદી, સરળ, મધુર, સંક્ષિપ્ત, રસાળ, સ્પષ્ટાર્થ શૈલી છે. કવિની રચનાઓ ભાષાની દૃષ્ટિએ વૈવિધ્યમયી છે. ગુજરાતીમાં રચાયેલી એમની રચનાઓમાં ગુજરાતી ઉપરાંત અન્ય ભાષાઓના શબ્દોનો પ્રયોગ પણ થયેલો છે.

કવિની સીધી સરળ અને રસાળ સંવાદોવાળી શૈલી એમની રચનાઓને શણગારે છે અને પરોક્ષ રહેતા પાત્રોનું મનઃસૃષ્ટિમાં પ્રતક્ષવત્ દર્શન કરાવે છે. એમના ભાષાવૈભવનું એક અંગ એમની કહેવતો અને રૂઢિ પ્રયોગો પણ છે. કહેવતો અને રૂઢિ પ્રયોગો પણ છે. કહેવાતો અને રૂઢિપ્રયોગોમાં થોડામાં ઘણું કહેવાની તાકાત હોય છે જે ભાષા સમૃદ્ધિની નિશાની છે.

એકંદરે એમની ભાષા દુર્બોધ પદો અને દીર્ઘ સમાસોથી મુક્ત, વિષયાનુરૂપ વાગાડંબર રહિત, બિનજરૂરી અલંકાર શક્તિ, સરલ, સુબોધ અને પ્રાસાદિક છે. મધુરતા, અસંદિગ્ધતાને કારણે સામાન્ય કોટિની વ્યક્તિ પણ યથાર્થ રસપાન કરી શકે છે. એમનાં કાવ્યોમાં મુખ્યત્વે ઉપદેશાત્માક, કથાત્મક,પ્રતિપાદક, આલોચનાત્મક, વ્યાખ્યાત્મક, ભાવાત્મકશૈલીનો ઉપયોગ પ્રાયઃ વધારે થયો છે. એમની શૈલી વર્ણ્ય વિષયને અનુરૂપ શૈલી છે.

કથાશૈલી - કવિએ અનેક સ્થળે મુખ્ય વિચારને પુષ્ટ કરવા માટે કથાનુયોગ દૃષ્ટાંતો આપ્યા છે. એમા એમની સંક્ષિપ્ત લેખન શૈલીના દર્શન થાય છે. ઘણીવાર પોતાના મુખ્ય વિષયનું નિરૂપણ કરતાં વચ્ચે આડકથાઓ મૂકી છે. જો કે આવી શૈલી શિથિલતાસૂચક છે. છતાં તત્કાલીન સમયમાં રચાતા રસકાવ્યો અને એવા કાવ્યોના શ્રોતાઓની રસવૃત્તિ સંતોષવાનું કાર્ય તેમ જ આ પ્રકારની રચનાઓ દ્વારા લોકોને વિવિધ વિષયોનું જ્ઞાન આપવાનું પ્રયોજન એવી શૈલી વડે જ સિદ્ધ થતું હોઈ સામાન્ય લોકો માટે તો એ રોચક અને ચિત્તાકર્ષક જ નીવડે છે.

પાત્રાલેખન - સુઘડ, સજીવ સ્વાભાવિક પ્રતીતિકર પુરૂષપાત્રની જેમ સ્ત્રીનું પમ પાત્રાલેખન કર્યું છે. ચરિત્ર ચિત્રણમાં સારૂં કૌશલ દાખવ્યું છે. એમની શૈલીનાં સ્વાનુભવનું અંકન એ ઘટનાચક્રનું યથાર્થ વર્ણન મળે છે રાજનીતિ અને ઐતિહાસિક વિગતોને કવિ જે રીતે એક ઈતિહાસજ્ઞની રીતે પ્રસ્તુત કરી શકે છે તે જ રીતે કાવ્યમય પ્રસંગો પણ એક ઉર્મિશીલ અને ભાવુક કવિની જેમ વર્ણવી શકે છે.

છંદ - દેશી વિવિધ છંદો, દુહા ચોપાઈ, વસ્તુ અડઅલ્લ, ત્રૂટક, કુંડલ, કવિત્ત વગેરે છંદોનો પ્રયોગ કર્યો છે. એમના કાવ્યોમાં કેટલેક સ્થળ તો એક જ ઢાળને ગાવા માટે બબ્બે દેશીઓનો તેમ જ બે - ત્રણ કે ચાર રોગોનો નિર્દેશ કરવામાં આવ્યો છે. જ કવિની સંગીત વિશારદતાને સિદ્ધ કરે છે. સાત સ્વર ક્યાંથી નિકળે ને કોણ બોલે એનું નિરૂપણ કર્યું છે. તેમ જ ૬ રાગ ૩૬ રાગિણીઓના નામ આપીને પોતાના રાગવિષયક જ્ઞાનની સિદ્ધિ કરી છે.

વર્ણાનાત્મક શૈલી - એમની વર્ણનાત્મક શૈલી એમની સૂક્ષ્મ, અદ્‌ભૂત નિરીક્ષણ શક્તિનો પુરાવો છે. 'કુમારપાળ રાસ'માં ખંભાતનું વર્ણન ઉત્સાહપૂર્વક વિસ્તારથી પણ કવિસુલભ અતિશયોક્તિ વિનાનું કર્યું છે તે ખાસ ધ્યાન ખેંચે છે. ખંભાત વિશે ૧૭મી સદના યુરોપિયન મુસાફરો ડિલાવેલી, મેન્ડલસ્લો ને બોલ્ડિયસ જે કાંઈ લખી ગયા છે તેની સાથે તે મળતું આવે છે જે કવિની ઉત્તમ વર્ણનશક્તિનો નમૂનો છે. પ્રકૃતિવર્ણનો એમના પ્રકૃતિ પ્રેમને છતો કરે છે. માનવપ્રવૃત્તિના વર્ણનો સ્વસંવેદનાથી રચાયેલા છે. સરસ્વતીદેવીનું નખશીલ વર્ણન એમની ઉત્કૃષ્ટ વર્ણન શક્તિનો પરિચય કરાવે છે. અન્ય નારી વર્ણનોમાં પરંપરાગત પ્રાકૃતિક ઉપમાનો પ્રયોગ કર્યો છે. એમના કાવ્યોમાં આવતા રૂપ અને વસ્ત્ર આભુષણના વર્ણનો રોચક છે.

ડો. ઉષાબેન શેઠના જણાવ્યા અનુસાર

"કવિના સજીવ મનોવૈજ્ઞાનિક ચિત્રણ આકર્ષક છે. એવાં કેટલાય વર્ણનોમાં કવિ પાઠકના મનોવેગેતરપૂર્ણ અધિકાર રાખી શકે છે. એક ભાવ પછી તરત જ બીજા વિપરીત ભાવના નિરૂપણમાં એમના મનોવૈજ્ઞાનિક સૂઝની વિલક્ષણતાના દર્શન થાય છે"

આમ ઉષાબેને પણ એમનાં વર્ણનોની વિવેચના કરી છે.

બહુસત્તા - કવિની બહુસત્તાને પરિચય એમના કાવ્યોમાંથી મળે છે. માત્ર જૈન સાંપ્રદાયિક શાસ્ત્રોનું જ નહીં પણ અન્ય શાસ્ત્રો-વિષયોનું પણ એમને અનુપમ જ્ઞાન હતું જેમકે સ્વપર શાસ્ત્ર નિપુણત, ભોજ્ય

પદાર્થજ્ઞાન, આયુર્વેદ નિપુણતા, જ્યોતિષ શાસ્ત્ર, સ્વપ્ન શાસ્ત્ર, શુકન શાસ્ત્ર, સામુદ્રિક શાસ્ત્ર, આ ઉપરાંત રાજનિતી, ફૂટનીતિ, યુદ્ધનીતિ વગેરે તેમ જ વિવિધ સંગ્રહોનું પણ જ્ઞાન હતું જે એમની સૂક્ષ્માતિસૂક્ષ્મ જાણકારીને પુષ્ટ કરે છે.

કવિત્વ શક્તિ - કુમારપાળના રઝળપાટનો વિસ્તૃત ચિત્તાર, સિદ્ધરાજની ચિતાનું વર્ણન વગેરેમાં એમની ઉત્તમ કવિત્વશક્તિનો પરિચય મળે છે. ડૉ. ઉષાબેન શેઠના મતે "શ્રાવક કવિ ઝષભદાસ માત્ર રાસકાર નથી, કલાકાર અને કવિ પણ છે. કેટલાંક પ્રાચીન અને મધ્યકાલીન રાસમાં કવિતા શોઝી પણ જડતી નથી જ્યારે ઋષભદાસના ઘણાં કાવ્યો કવિતાસભર છે."

આ અવતરણ કવિની ઉત્તમ કવિત્વ શક્તિને બિરદાવે છે.

આ ઉપરાંત એમની કૃતિઓમાં ચીવટ અને ચોકસાઈ નોતરે છે. ગુરૂ પરંપરા અને પિતૃવંશ તથા એમનું પોતાનું વર્ણ એમની કૃતિઓમાંથી પ્રાપ્ત થાય છે એ એમની ચીવટનું અમીટ ઉદાહરણ છે. કવિનો ગુરૂવાર પ્રત્યેનો પ્રેમ પણ ઉલ્લેખનીય છે. 'જૈન ગૂર્જર કવિઓ'માં ૨૫ કૃતિના આદિ અંત છે. એમાંથી ૧૬ કૃતિઓ ગુરૂવારે રચી છે. 'કુમારપાળ રાસ'માં વાર ગુરૂ ગુણ ભર્યો' કહીને ગુરુવારનું મહત્વ આલેખ્યું છે. તેમ જ એમની બધી કૃતિઓ પ્રાયઃખંભાતમાં જ રચાઈ છે. જેનો ત્રંબાવતી તરીકે પણ ઉલ્લેખ છે. સને ૧૬૮૨ની સાલમાં એમણે પાંચ રાસાકૃતિઓ રચીને વિક્રમ સર્જ્યો છે. જે એમનો શ્રેષ્ઠ સર્જનકાળ કહી શકાય. પાદટીપને આધારે એમની નાનામાં નાની રાસકૃતિ 'આર્દ્રકુમારનો રાસ' ૯૭ ગાથાની છે. અને મોટામાં મોટી કૃતિ 'હરીવિજયસૂરિ રાસ' લગભગ ૬૫૦૦ ગાથાની છે.

આમ શ્રાવક કવિ ઋષભદાસનું કવિત્વ એમનાં કાવ્યોમાં સોળે કળાએ ખીલ્યું છે. આમ સમગ્રત્યા વિચારતા ખ્યાલ આવે છે કે-

સમૃદ્ધ ગૃહસ્થ, શ્રેષ્ઠ, શ્રાવક, સમર્થ સાહિત્યકાર, આજ્ઞાંકિત પુત્ર, ગૌરવશાળી વત્સલ પિતા, આદર્શ શિષ્ય, આદર્શ શિક્ષક અને આદર્શ

પૌત્ર એ એમની વ્યક્તિત્વની કુંડળીમાં ઉચ્ચ સ્થાને રહેતા નવગ્રહો છે તો ભાષા પર પ્રભુત્વ, શબ્દોનું સામર્થ્ય અલંકારોનું આલેખન, રસનો રસથાળ, શબ્દ-શક્તિનો પ્રયોગ, કથાત્મક શૈલી, ઉપદેશાત્મક શૈલી, વર્ણનાત્મક શૈલી અને પ્રતિપાદક શૈલીએ એમની કવિત્વની કુંડળીમાં ઉચ્ચ સ્થાને રહેલા નવગ્રહો છે. જેને કારણે એમનું વ્યક્તિત્વ અને કવિત્વ ચિરસ્મરણીય બની ચોર પ્રસરી ગયું છે.

શ્રાવક કવિ ઋષભદાસનું કર્તૃત્વ - સાહિત્યરસિક, શાસ્ત્રરસિક, ધાર્મિક-માર્મિક, સાત્ત્વિક-તાત્ત્વિક, સાહિત્યના સર્જક, સવાયા શ્રાવક કવિ ઋષભદાસે જ્યારે જ્યારે કલમ ઉપાડી છે ત્યારે ત્યારે કાંઈને કાંઈક નવલું સર્જન સર્જાયું છે જેવા કે રાસ, ઢાલ ગીત, સ્તુતિ સ્તવન, સુભાષિત, સઝાય, ચૈત્યવંદન, ચોવીશી, નમસ્કાર, પદ, હરિયાળી, કવિત, હિતશિક્ષા, આલોચના, દૂહા, પૂજા, વેલિ, વિવાહલો, નવરસો વગેરે જે એમનાં વિશાળ કર્તૃત્વની સાક્ષી પૂરે છે. 'હિરવિજયસૂરિ રાસ'માં જણાવ્યા મુજબ

'તવન અઠાવન ચોત્રીસ રાસો, પુણ્ય પસાયો દીઈ બહુ સુખવાસો,
ગીત સ્તુતિ નમસ્કાર બહુ કીંધા, પુણ્ય માહિ લખી સાધુનિ દીધા'

આ કડીમાં જણાવ્યા મુજબ ૫૮ સ્તવન, ૩૪ રાસ અનેક ગીતો, સ્તુતિ, નમસ્કાર વગેરેની રચના 'હીરવિજયસૂરિ રાસ' પહેલા કરી હતી ત્યાર પછીની રચનાઓ તો અલગ અત્યાર સુધીની શોધખોળના પરિણામે કવિની કૂલ ચાલીસેક કૃતિઓ જાણવા મળી છે. આ ઉપરાંત ૩૩ બીજા સ્તવનો, ૩૨ નમસ્કાર, ૪૨ થોયો, ૪૦૦ સુભાષિતો, ૪૧ ગીત, ૫ હરિયાળી, કેટલીક બોધપ્રદ સજ્ઝાયો વગેરે અનેક નાનીમોટી કૃતિઓ રચેલ છે.

એમના કર્તૃત્વને બિરદાવતા કહી શકાય કે અક્ષરોનું અંકન કરનારા, શબ્દોના શોધક, શબ્દોના સ્વામી, શબ્દોના સર્જક, વિચારોને વાવનાર, અક્ષરોને બે હાથે ભેગા કરીને હજાર હાથે વહેચનાર શ્રાવક કવિ શ્રેષ્ઠ સર્જક હતા.

આમ ઋષભદાસની પર્યાયમાં સાહિત્યનો અમર વારસો પીરસનાર

એ જીવ જવાં હશે ત્યાં એણે પોતાની ઉપાસના, સાધના, આરાધનાનું નંદનવન ખીલવ્યું હશે તેમ જ આત્મજ્ઞાનમાં ડૂબકી મારતો હશે.

જેમની કૃતિઓ કલ્યાણકારી, આકૃતિ આહ્લાદકારી, પ્રકૃતિ પાવનકારી, સંસ્કૃતિ શાસનની શઆન વધારનારી એવા શ્રાવક કવિ ઋષભદાસની સ્મૃતિ માનસપટ પર ચિરસ્થાની થઈ જાય એમ છે.

સાહિત્ય ઈતિહાસના અમર પૃષ્ઠોમાં જેમનું નામ સુવર્ણાક્ષરે અંક્તિ થયું છે. એવા શ્રાવક કવિ ઋષભદાસનો અમર સાહિત્ય વારસો સામાન્ય જનને ભવ્યાત્મા, સરલાત્મા, દિવ્યાત્મા અને મુક્તાત્મા બનાવે એ જ અભ્યર્થના સહિત વિરમું છું.

## સંદર્ભસૂચિ


૧) ઋષભદાસની સાહિત્યોપાસના - ડો. ઉષાબેન શેઠ

૨) કવિવર ઋષભદાસ - રા. રા. મોહનલાલ દલીચંદ દેસાઈ

૩) કવિ ઋષભદાસ એક અધ્યયન - પ્રો.ડૉ. વાડીલાલ ચોક્સી

૪) આનંદકાવ્ય મહોદધિ મોક્તિક ભાગ -૮ જીવણચંદ સાકરચંદ ઝવેરી

૫) હિતશિક્ષારાસનું રહસ્ય - શાહ કુંવરજી આણંદજી

૬) કુમારપાળ રાજાનો રાસ - શ્રી શિવલાલ જેસલપુરા

૭) જૈન ગૂર્જર કવિઓ ભાગ - ૩ સંપાદક જયંત કોઠારી

૮) મધ્યકાલીન શબ્દકોશ - જયંત કોઠારી

૯) ભગવદ્ ગોમંડળ-ભા.૨ - ભગવત સિંહ

૧૦) ખંભાતના જિનાલયો - ચંદ્રકાંત કડિયા

૧૧) ગુજરાતનો અર્વાચીન ઈતિહાસ

૧૨) ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ - સંપાદક ઉમાશંકર જોષી, અનંતરાય રાવળ, યશવંત શુક્લ, ચિમનલાલ ત્રિવેદી, પ્રકાશન ગુજરાતી સાહિત્ય પરિષદ

# ભારતીય ગરિમાનું પ્રતીક

# શ્રી વીરચંદ ગાંધી

▯ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

કાળનું સતત ફરતું ચક્ર પણ કેટેલીક ઘટના અને વિભૂતિઓને લોપી શકતું નથી. કેટલાય વંટોળ પસાર થઈ જાય તેમ છતાં સમયની રેતી પર પડેલા એ પગલા ભૂંસાઈ શકતા નથી. આવી એક વિરલ પ્રતિભા હતી શ્રી વીરચંદ રાઘવજી ગાંધીની.

એમનો જન્મ સૌરાષ્ટ્રની દક્ષિણે ગોહિલવાડના ભાવનગર શહેરથી આશરે ૧૦૦ કિ.મી. દૂર આવેલા મહુવામાં વીશા શ્રીમાળી જ્ઞાતિમાં ઈ. સ. ૧૮૬૪ની ૨૫ મી ઑગસ્ટે (વિ.સં. ૧૯૨૦ શ્રાવણ વદ ૯) ગરીબ પણ કુલીન કુટુંબમાં થયો. એમના પિતા રાઘવજીભાઈ મહુવામાં સોનીનું કામ કરતા હતા, એથીય વિશેષ એક ઉત્તમ શ્રાવકને છાજે એવું જીવન જીવતા હતા. તેઓ હંમેશાં ઉકાળેલું પાણી પીતા અને સચિત વસ્તુઓનો એમણે આજીવન ત્યાગ કર્યો હતો. એમની ઊંડી ધર્મદૃષ્ટિને કારણે જ મૃત્યુ સમયે પ્રચલિત રડવા કૂટવાના રિવાજનો એમણે વિરોધ કર્યો હતો, એટલું જ નહીં પણ પોતે આ રુઢિને તિલાંજલિ આપી હતી.

વીરચંદ ગાંધીએ મહુવામાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યું. વીરચંદ ગાંધી વ્યાખ્યાનશ્રવણ નિમિત્તે નિયમિત ઉપાશ્રયે જતા હતા. આઠ વર્ષની વયે ઉપાશ્રયની ભીંત પર દોરાયેલુ મધુબિંદુનું ચિત્ર એમની સ્મૃતિમાં એવું જડાઈ ગયું કે અમેરિકામાં પ્રવચન આપતી વખતે એનો ઉલ્લેખ કરતા હતા અને એ ચિત્રનો મર્મ સમજાવતા હતા.

મહુવામાં માધ્યમિક અભ્યાસ કરવાની સગવડ નહોતી તેથી મહુવાના એ વખતના ઈન્સ્પેક્ટર અને આચાર્યએ આ તેજસ્વી વિદ્યાર્થી અભ્યાસમાં પ્રગતિ સાધે તે માટે અભ્યાસાર્થે ભાવનગર જવાની સલાહ આપી. વીરચંદ ગાંધીના પિતા રાઘવજીભાઈ પરિવર્તન પામતા સમયના પારખુ હતા. ભાવનગર શહેરમાં એ સમયે નિવાસ માટે છાત્રાલયની સગવડ નહોતી, તેથી રાઘવજીભાઈ અને માનબાઈ વીરચંદભાઈને અંગ્રેજી શિક્ષણ પ્રાપ્ત

થાય તે માટે મહુવા છોડીને ભાવનગર રહેવા આવ્યાં. પોતાનો ધંધો રોજગાર છોડીને આ કેળવણીપ્રેમી કુટુંબે સાધારણ સ્થિતિ હોવા છતાં અસાધારણ સાહસ કર્યું. ૧૮૯૭માં વીરચંદભાઈનાં લગ્ન જીવીબહેન સાથે થયાં. ૧૮૮૦માં, ૧૬માં વર્ષે વીરચંદ ગાંધી મુંબઈ યુનિવર્સિટીની મેટ્રિક્યુલેશનની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા. મેટ્રિકની પરીક્ષામાં રાજ્યમાં પ્રથમ આવીને એમણે સર જશવંતસિંહજી સ્કૉલરશિપ મેળવી હતી. વીરચંદ ગાંધી, ભગવાનદાસ દુર્લભદાસ પારેખ અને મૂલચંદ નાથુભાઈની ત્રિપુટી કાવ્યરસની શોખીન હતી. ભગવાનદાસભાઈ એમનાં કાવ્યો વીરચંદભાઈને મોકલતાં અને એમની પાસેથી સાહિત્યલક્ષી માર્ગદર્શન મેળવતા. એમણે ભગવાનદાસભાઈને વિપ્રલંભશૃંગાર વિશે સમજણ આપી હતી. વીરચંદભાઈએ પાદપૂર્તિ રૂપે લખેલી કેટલીક કવિતાઓ પણ પ્રાપ્ત થાય છે.

વીરચંદ ગાંધી જેમ જેમ અભ્યાસ કરતા ગયા તેમ તેમ તેમની જ્ઞાનપિપાસા વધુ ને વધુ ઉદીપ્ત બનતી ગઈ. આને પરિણામે રાઘવજીભાઈ પુત્રના વિશેષ અભ્યાસ માટે પરિવાર સહિત મુંબઈ આવીને વસ્યા. અહીં વીરચંદ ગાંધીએ મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી સ્નાતકની પદવી પ્રાપ્ત કરી, એટલું જ નહી, પણ તેઓ જૈન શ્વેતાંબર સમાજના સર્વપ્રથમ સ્નાતક (ગ્રૅજ્યુએટ) થનાર વીરચંદ ગાંધીએ એમના સૌજન્ય અને વિદ્વત્તાથી ઘણા લોકોનાં મન જીતી લીધાં હતાં.

જૈન સમાજના પ્રશ્નોનું નિરાકરણ કરવા માટે ઈ.સ. ૧૮૮૨ના જૂનમાં (વિ.સં. ૧૯૩૮, અષાઢ) જૈન એસોસિએશન ઑફ ઈન્ડિયાની સ્થાપના થઈ હતી. ઈ.સ.૧૮૮૫માં માત્ર એકવીસ વર્ષની યુવાન વયે વીરચંદ ગાંધી જૈન એસોસિએશન ઑફ ઈન્ડિયાના મંત્રજ્ઞી બન્યા અને પોતાનાં કાર્યકુશળતા, વ્યાપક દૃષ્ટિકોણ અને પ્રગતિશીલ વિચારધારાથી એસોસિએશનને એક નવો ઘાટ આપીને જૈન સમાજમાં એની આગવી સ્વતંત્ર છબી ઉપસાવી. પરિણામે આ સંસ્થા સમગ્ર ભારતવર્ષના શ્વેતાંબરોની એક મહત્ત્વની સંસ્થા બની રહી. એનો હેતુ હતો દેશના વિભિન્ન પ્રદેશોમાં વસતા જૈનોના સંગઠન માટે કાર્ય કરવું, એમની સામાજિક, શૈક્ષણિક અને નૈતિક ઉન્નત્તિના ઉપાયો યોજવા, જીવદયા, તીર્થસ્થાનોની જાળવણી, ટ્રસ્ટ ફંડ તથા ધાર્મિક ખાતાના આર્થિક વ્યવહારો અંગે

માર્ગદર્શન આપવું. એક સમયે રાજસત્તા પર જૈનોના પ્રભાવ હોવાથી જૈન તીર્થોની પવિત્રતા અને વ્યવસ્થા અકબંધ જળવાઈ રહેતી હતી, પરંતુ સમય જતાં જૈનોનું રાજકીય પ્રભુત્વ ઓછું થયું અને પરિણામે રાજરજવાડાંઓ દ્વારા જૈન તીર્થોમાં સમસ્યાઓ અને મુશ્કેલીઓ પેદા કરવામાં આવતી હતી અને તેને કારણે આવી સંસ્થાની વિશેષ જરૂર હતી. અહીં એમણે સામાજિક, ધાર્મિક અને રાજકીય સુધારા અંગેની વ્યાખ્યાનશ્રેણીમાં પ્રવચનો આપ્યાં. જીવનમાં સ્થાયી થવા માટે એમણે કાયદાનો અભ્યાસ શરૂ કર્યો. ૧૮૮૫માં સોલિસિટર થવા માટે મેસર્સ લિટલ ઍન્ડ કંપની નામની ગવર્મેન્ટ સોલિસિટરની કંપનીમાં જોડાયા.

આ સમયે શિકાગોમાં યોજાનારી વિશ્વધર્મ પરિષદ યોજાવાની હતી. આ માટે મુનિશ્રી આત્મારાજી મહારાજ (પૂ. આ. શ્રી વિજયાનંદસૂરીશ્વરજી)ને જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે આ પરિષદમાં ભાગ લેવા માટે વિવિયમ પાઈપે પરિષદના ચૅરમૅન જ્હૉન હેન્રી બરોની સૂચનાથી ૧૮૯૨ની ૧૬મી નવેમ્બરે નિમંત્રણ મોકલ્યું. મુનિશ્રી આત્મારામજી મહારાજે (પૂ. *આ. શ્રી વિજયાનંદસૂરિજી) શાસ્ત્રીય કારણોસર, વૃદ્ધાવસ્થાને લીધે તેમજ* લૌકિક કારણોને લઈને વિશ્વધર્મ પરિષદમાં હાજરી આપી શકે તેમ નથી, તેની દિલગીરી વ્યક્ત કરી, પરંતુ પરિષદના આયોજકોએ જૈન ધર્મનાં મહત્ત્વપૂર્ણ પાસાંઓ દર્શાવતો નિબંધ મોકલવા આગ્રહ સેવ્યો. પરિણામે ચિકાગોની વિશ્વધર્મ પરિષદના નિમિત્તે એમણે પ્રશ્નોત્તરીરૂપે જૈન ધર્મના સિદ્ધાંતોનો પરિચય આપતું 'ચિકાગો પ્રશ્નોત્તર' પુસ્તક તૈયાર કર્યુંય

એનાથી પ્રભાવિત થયેલા આયોજકોએ આ સમર્થ આચાર્યશ્રીને વિનંતી કરી કે આપના ધર્મની રજૂઆત કરી શકે તેવા કોઈ પ્રતિનિધિને આપ મોકલો. આ પત્ર મુંબઈની 'ધ જૈન એસોસિએશન ઑફ ઈન્ડિયા'ને મહારાજશ્રીએ મોકલ્યો અને સાથે પોતાની સંમતિ પણ મોકલી કે આમાં વીરચંદ ગાંધીને જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે મોકલવામાં આવે તો યોગ્ય ગણાશે. આમ કરવાથી પાર્લામેન્ટમાં જૈન ધર્મનું નામહંમેશને માટે જાણીતું થશે. જૈન ધર્મની ઉન્નતિનો ધ્વજ ફરકશે. સંસ્થાએ વીરચંદ ગાંધીના નામ પર મંજૂરીની મહોર મારી. એ પછી આચાર્યશ્રીએ વીરચંદ રાગવજી ગાંધીને પોતાની પાસે રાખીને જૈનદર્શન અને વિવિધ દર્શનોનું

જ્ઞાન આપ્યું અને તેને પરિણામે આ યુવાનની પ્રતિભા મહોરી ઊઠી.

ઈ.સ.૧૮૯૩ની ૧૧મી સપ્ટેમ્બરે અમેરિકાના શિકાગો શહેરની આર્ટસ ઈન્સ્ટિટ્યૂટના કૉલમ્બસ સભાગૃહમાં ત્રણ હજાર શ્રોતાજનોની ઉપસ્થિતિમાં સત્તર દિવસ ચાલનારી વિશ્વધર્મ પરિષદનો પ્રારંભ થયો. આમાં હિંદુ સમાજના સ્વામી વિવેકાનંદ, જૈન ધર્મના વીરચંદ ગાંધી, બ્રહ્મોસમાજના પ્રતાપચંદ્ર મજુમદાર, શ્રીલંકાથી બૌદ્ધ ધર્મસભાના મંત્રી એચ. ધર્મપાલ, બ્રહ્મોસમાજના પ્રતિનિધિ શ્રી બી.આર નાગરકર, પૂનાથી આવેલા ખ્રિસ્તી ધર્મના પ્રતિનિધિ કુ. જિન સોરાબજી, અલ્હાબાદના થિયૉસોફી વિશે વક્તવ્ય આપવા આવેલા સી.એન.ચક્રવર્તી, પંજાબના રાહજ રામ, મદ્રાસના રૈવરન્ડ મોરિસ ફિલિપ્સ અને જિંદા રામ એમ દસ વ્યક્તિઓ વિશ્વધર્મ પરિષદના પ્રારંભ ટાણે મંચ પર બિરાજમાન હતાં.

૨૯ વર્ષના યુવાન વીરચંદ ગાંધીની વિદ્વત્તા અને વાગ્ધારાએ સહુને સ્તબ્ધ કરી દીધા. માથે સોનેરી કિનારીવાળી કાઠિયાવાડી પાઘડી, લાંબો ઝભ્ભો, ખભે ધોળી શાલ અને પગમાં દેશી આંકડિયાળાં પગરખાં પહેર્યાં હતાં. ઊંચું ભરાવદાર શરીર, સુદૃઢ બાંધો, તેજસ્વી આંખો, હસતો ચહેરો અને પ્રતિભાસંપન્ન શાંત પ્રકૃતિથી વિશ્વધર્મ પરિષદની પહેલી હરોળમાં બેઠેલા વીરચંદ ગાંધી એમના ભારતીય પોશાકથી જ જુદા તરી આવતા હતા. આ યુવાનની વિદ્વત્તા, અભ્યાસશીલતા, તાટસ્થ્યવૃત્તિ, અનેકાંતદૃષ્ટિ, ભારતીય ઈતિહાસ અને સમાજ વિશેનું ઊંડું જ્ઞાન તથા અઘરા ધાર્મિક સિદ્ધાંતોને વિદેશીઓ પણ સમજી શકે એ રીતે રજૂ કરવાના કૌશલ પર આયોજકો અને શ્રાતોજનો મુગ્ધ થઈ ગયા.

એક અમેરિકન અખબારે લખ્યું, ''પૂર્વના વિદ્વાનોમાં રોચકતા સાથેનું જૈન યુવકનું જૈનદર્શન અને ચારિત્ર સંબંધી વ્યાખ્યાન જેટલા રસથી શ્રોતાઓએ સાંભળ્યું, એટલા રસથી તેઓએ બીજા કોઈ પૌરસ્ત્ય વિદ્વાનનું સાંભળ્યું ન હતું.''

વીરચંદભાઈએ જૈન ધર્મના સિદ્ધાંતોની એવી વિદ્વત્તાપૂર્ણ છતાં સાહજિકતાથી પ્રસ્તુતિ કરી કે કેટલાંક અખબારોએ એમનું પ્રવચન અક્ષરશઃ પ્રગટ કર્યું. જૈન ધર્મની પરિભાષા સરળતાથી સમજાવવાની અનેરી ખૂબી એમની પાસે હતી. વાતને કે વિગતને તાર્કિક માંડણીથી

સ્પષ્ટ કરવાની એમનામાં ક્ષમતા હતી. એક બાજુ પોતાની વાતને, મૂલ્યને કે સિદ્ધાંતને સમજાવતા જાય અને બીજી બાજુ એનું મૌલિક અર્થઘટન આપતા જાય. ભારતીય દર્શન સમજાવવા માટે સંસ્કૃત અને પ્રાકૃતનો અભ્યાસ જ પૂરતો નથી, બલ્કે ભારતની ભૂતકાલીન સંસ્કૃતિના સંદર્ભને આત્મસાત્ કરવાની જરૂર રહે છે. વીરચંદભાઈએ આ આત્મસાત્ કર્યું હતું. આથી જ ક્યાંક એ જૈન લાગે છે. ક્યાંક વૈદિક ધર્મની કે હિંદુ તહેવારોની તરફદારી કરે છે. એ જે કંઈ દલીલ કરતા હોય કે પ્રમાણ આપતા હોય, પણ બધે જ એ ભારતીય સંસ્કૃતિના ઉત્કૃષ્ટ ઉદ્ગાતા લાગે છે.

વીરચંદ ગાંધીની વાણીમાં પોથીપંડિતનું શુષ્ક પાંડિત્ય નહોતું, પરંતુ ગહન અભ્યાસ ઉપરાંત એમની પાસે તર્કપૂર્ણ દલીલશક્તિ, ઐતિહાસિક સંદર્ભો તેમજ રાષ્ટ્રની પ્રવર્તમાન ધાર્મિક અને સામાજિક પરિસ્થિતિ વિશેની સમજણ હતી, વખત આવ્યે કોઈ મુદ્દા પર પ્રબળ વિરોધ કરીને સ્પષ્ટ આલોચના કરવાનું ખમીર હતું. વળી ભારતીય જીવનશૈલી પ્રત્યે સન્નિષ્ઠ, અભ્યાસપૂર્ણ આદર અને પરાધીન ભારતની કપરા સંજોગોમાં પણ ગરિમા જાળવવાની રાષ્ટ્રભક્તિ ઉત્કટપણે એમના હૃદયમાં વહી રહી છે. આ ઓગણત્રીસ વર્ષના યુવાનનો વિષયવ્યાપ જોઈને આપણે મંત્રમુગ્ધ થઈ જઈએ. કેટલા બધા વિષયો અને એનું કેવું તલસ્પર્શી અધ્યયન! જૈનદર્શન વિશે એમની વાક્ધારા અસ્ખલિત વહેતી લાગે છે. વળી વખત આવ્યે જૈનદર્શનના કોઈ સિદ્ધાંતની બૌદ્ધદર્શન કે વેદાંતદર્શન સાથે તુલના વૈષમ્ય રજૂ કરે છે. એમણે સાંખ્ય, યોગ, ન્યાય, મીમાંસા અને વૈશેષિક જેવાં ભારતીય દર્શનોનો ઊંડો અભ્યાસ કર્યો છે અને એ વિશેનાં એમનાં પ્રવચનો જૈનદર્શનનાં પ્રવચનો જેટલાં જ પ્રમાણભૂત અને અભ્યાસનિષ્ઠ લાગે છે. માત્ર દર્શનોની તત્ત્વવિચારણા સુધી જ વીરચંદ ગાંધીનું વિશ્વ સીમિત નથી. વર્તમાન રાજકીય, સામાજિક અને આર્થિક પ્રવાહો વિશે તલસ્પર્શી જ્ઞાન ધરાવે છે. પરાધીન ભારતની કરુણ સ્થિતિ, શાસક બ્રિટન દ્વારા થતું ભારતનું શોષણ તથા એની સાથોસાથ પાશ્ચાત્ય જીવનશૈલીનો એમને સાક્ષાત્ પરિચય છે. તેઓ યોગપ્રણાલી વિશે વિસ્તૃત વક્તવ્યો આપે છે પણ એની સાથોસાથ હિપ્નોટિઝમ, ગૂઢ વિદ્યા (ઑકલ્ટ પાવર), શ્વાસનું વિજ્ઞાન, આહારવિજ્ઞાન,

ગાયનવિદ્યા, માંસાહારનાં ભયસ્થાનો, આભામંડળ જેવા વિષયો પર પ્રબુદ્ધ વિદેશી શ્રોતાઓ સમક્ષ વક્તવ્ય આપે છે.

'હિંદુઓનું પ્રાગૈતિહાસિક જીવન', 'ભારતમાં લગ્નનો દરજ્જો', 'ભારતમાં સ્ત્રીઓની સ્થિતિ,' 'ભારતીય પ્રજાના સામાજિક રીતરિવાજો' તથા 'હિંદુ સ્ત્રીઓ-ભૂત, વર્તમાન અને ભાવિ' જેવા સામાજિક વિષયો પર એમણે પ્રવચનો આપ્યાં છે. હિંદુસ્તાનની વર્તમાન રાજકીય પરિસ્થિતિથી તેઓ પૂરા અભિજ્ઞ હતા અને તેથી 'ભારતની રાજનૈતિક અવસ્થા', 'રાજકીય ભારત-હિંદુ, મુસ્લિમ અને અંગ્રેજ' તથા 'અમેરિકન રાજનીતિ પર વર્તમાન સામાજિક કાયદાનો પ્રભાવ' જેવા વિષયો વિશે વક્તવ્ય આપે છે.

એ સમયે પરાધીન ભારત નિર્ધન, પછાત અને શોષિત અવસ્થાથી પીડાતું હતું. ત્યારે વીરચંદ ગાંધીએ અતિ સમૃદ્ધ એવા અમેરિકાને ભારત પાસેથી કેટલી બધી વૈચારિક, આધ્યાત્મિક અને જીવનઘડતર કરનારી સમૃદ્ધિ મળી શકે તેમ છે એની વિગતે રજૂઆત કરી. એમણે 'ભારતનો અમેરિકાને સંદેશ' અથવા 'ભારતની અમેરિકાને ભેટ' જેવા વિષયો પર મૌલિક વ્યાખ્યાનો આપ્યાં. 'અમેરિકાની સ્ત્રીઓએ ટોપીમાં પક્ષીનાં પીંછા ન રાખવાં જોઈએ.' એવા વિષય પર પણ એમણે વ્યાખ્યાન આપ્યું છે. આ બધું જોતાં એમ લાગે છે કે વીરચંદ ગાંધીની વિરાટ પ્રતિભા અનેક વિષયો અને ક્ષેત્રોમાં સફળપણે વિહરી શકતી હતી.

એને હૃદયસ્પર્શી પરિચય તો વિશ્વધર્મ પરિષદના ૧૪મા દિવસે લંડનના રેવરન્ડ જ્યૉર્જ એફ. પેન્ટાકોસ્ટે હિંદુ ધર્મ પર કરેલા આક્ષેપોના વીરચંદ ગાંધીએ આપેલા સબળ પ્રત્યુત્તર પરથી મળે છે. રેવરન્ડ પેન્ટાકોસ્ટે આક્ષેપાત્મક રીતે આક્રમક ભાષામાં હિંદુ ધર્મ પર અનૈતિકાનો આક્ષેપ મૂકતાં કહ્યું.

"આ ધર્મમાં વેશ્યાઓને પૂજારણ બનાવવામાં આવે છે અને તે પૂજારણ હોય તો પણ વેશ્યાનું કામ કરતી હોય છે." રેવરન્ડ જ્યૉર્જ એફ. પેન્ટાકોસ્ટે આપેલા આ પ્રવચનનો વિશ્વધર્મ પરિષદના ચૌદમા દિવસે વીરચંદ ગાંધી સચોટ, તર્કબદ્ધ અને વિરોધીને ચૂપ કરી દે તેવો ઉત્તર આપે છે. આ પરિષદમાં સ્વામી વિવેકાનંદ, પ્રતાપચંદ્ર મજુમદાર જેવા

હિંદુ ધર્મના પ્રતિનિધિઓ હોવા છતાં વીરચંદ ગાંધીને શિરે આનો ઉત્તર આપવાનું આવે છે.

તેઓ કહે છે કે જે ધર્મનો પ્રતિનિધિ છું, એની કોઈએ ટીકા કરી નથી, પરંતુ હું જે સમાજમાંથી આવું છું તેની ટીકા કરી છે. દરેક દેશમાં ધર્મ હોવા છતાં આવા દૂષણો પ્રવર્તમાન હોય છે. તેનાથી ધર્મને નીચો ન ગણી શકાય.

એ પછી વીરચંદ ગાંધી ખ્રિસ્તી ધર્મના પ્રચારક પાદરીઓ પર કટાક્ષ કરતાં કહે છે કે કેટલાક અતિ મહત્ત્વાકાંક્ષી લોકો પોતાને સેન્ટ પૉલ માને છે અને ધારે છે કે તેઓ ઈચ્છશે તે થશે. આવા પૉલ ભારતના લોકોનું સામૂહિક ધર્માંતરણ કરવા પ્રયત્ન કરે છે, પરંતુ એ પછી એમનાં સ્વપ્નો વિફળ જતાં તેઓ ભારતથી પાછા આવીને આખી જિંદગી હિંદુ ધર્મની નિંદા કરવામાં ઘસી નાખે છે.

વીરચંદ ગાંધી અહીં એક માર્મિક અને સચોટ વિચાર આપે છે. તેઓ કહે છે કે કોઈ પણ ધર્મ પર આક્ષેપો કરવા એ દલીલ ગણાય નહીં અને સ્વધર્મની આત્મપ્રશંસા એ સત્યનો પુરાવો મનાય નહીં. પાદરી પેન્ટાકોસ્ટની આવી ટીકા પ્રત્યે મને ખૂબ દયા આવે છે. એમ કહીને તેઓ સ્પષ્ટતા કરતાં કહે છે કે દક્ષિણ ભારતનાં કેટલાંક હિંદુ મંદિરોમાં અમુક પ્રસંગોએ સ્ત્રી-ગાયિકાઓને સંગીત માટે નિમંત્રણ આપવામાં આવે છે કે સાચું અને આમાંની કેટલીક શંકાસ્પદ ચારિત્ર્ય ધરાવતી હોય છે. આ બાબત હિંદુ સમાજ જાણે છે અને તેથી આ અનિષ્ટને દૂર કરવા માટે સઘળા પ્રયત્નો પણ કરે છે. આ સ્ત્રીઓને મંદિરના મુખ્ય ભાગમાં પ્રવેશ આપવામાં આવતો નથી અને પૂજારણોની જે વાત કરવામાં આવે છે, તો હિમાલયથી માંડીને કેપ કોમોરિન સુધી ક્યાંય એકે મહિલા પૂજારણ નથી. જો આવા આક્ષેપો પ્રમાણેનો સમાજ હિંદુ ધર્મે સર્જ્યો હોત તો આ ધર્મે ક્યા બળે એવા સમાજનું નિર્માણ કર્યું હશે કે જેને માટે ગ્રીક ઈતિહાસવેત્તાએ કહ્યુ,

"કોઈ હિંદુને અસત્ય બોલતો જાણ્યો નથી અને કોઈ હિંદુ સ્ત્રી ક્યારેય અપવિત્ર હોય એવું જાણ્યું નથી." આટલું કહ્યા પછી વીરચંદ ગાંધીએ પ્રબળ ટંકાર કર્યો કે હિંદુસ્તાનના જેવી ચારિત્રશીલ સ્ત્રીઓ અને

વિનમ્ર પુરુષો આજેય બીજે ક્યાં જોવા મળે છે?

વીરચંદ ગાંધીએ પાદરી પેન્ટાકોસ્ટના આક્ષેપોનો આપેલો જવાબ એ એક ભારતીય વિદ્વાન અને ધર્મ વિચારક આપેલો ઉત્તર છે. આક્ષેપો, અપશબ્દો અને પ્રહારોનો પ્રત્યુત્તર કેવી સ્વસ્થતા અને શિષ્ટતાથી આપી સકાય એ વીરચંદ ગાંધીએ દર્શાવ્યું. એમના હૃદયમાં દેશની પરાધીનતા શૂળની માફક ભોંકાતી હતી. અનેક ખ્રિસ્તી સજ્જનો સાથે ગાઢ મૈત્રી હોવા છતાં ભારતમાં વટાળપ્રવૃત્તિ કરતા મિશનરીઓની કામગીરી સામે વીરચંદ ગાંધી સતત પ્રબળ વિરોધના અવાજ ઉઠાવતા રહ્યા. આ મિશનરીઓએ પ્રચારજાળ રચીને હિંદુ ધર્મ, સમાજ અને મૂલ્યો એ ત્રણે પર પ્રહાર કર્યા હતા ત્યારે વીરચંદ ગાંધીએ વિદેશવાસી ખ્રિસ્તી સમુદાયની સમક્ષ પોતાના દેશની સત્ય હકીકતો પ્રસ્તુત કરીને અમેરિકા અને બ્રિટનના લોકોના મનમાં ઠસાવવામાં આવેલી ભ્રાંત ધારણાઓ પર કુઠારાઘાત કર્યો.

વીરચંદ ગાંધીએ વિશ્વધર્મ પરિષદમાં ૨૫ સપ્ટેમ્બરે આ પ્રત્યુત્તર આપ્યો અને ૨૬ સપ્ટેમ્બરના 'શિકાગો ટાઈમ્સ' અખબારે પોતાની નોંધમાં લખ્યું.

'ભારતમાં છસ્સો જેટલી પૂજારણો છે જે વેશ્યા છે!' એમ કહીને રેવરન્ડ જ્યૉર્જ એફ. પેન્ટાકોસ્ટે નિમ્ન કક્ષાની ભાષા પ્રયોજીને ભારતની અઘટિત ટીકા કરી. 'આવી મલિન ઈરાદાવાળી ટીકાનો જૈન ધર્મના પ્રતિનિધિ વીરચંદ ગાંધીએ તાર્કિક અને ગરિમાપૂર્ણ પ્રત્યુત્તર વાળ્યો.' આવી નોંધ કરીને આ અખબારે વીરચંદ ગાંધીનું પ્રવચન અક્ષરશઃ પ્રગટ કર્યું.

વીરચંદ રાઘવજી ગાંધીએ વિશ્વધર્મ પરિષદના પંદરમા દિવસે જૈન ધર્મ પરનું પોતાનું મુખ્ય વક્તવ્ય રજૂ કર્યું. સ્વામી વિવેકાનંદે નોંધ્યું છે કે વિશ્વધર્મ પરિષદના યોજકો દ્વારા પૂર્વના વિદ્વાનોનાં પ્રવચનો દિવસના કાર્યક્રમના અંત ભાગમાં રાખવામાં આવતા, જેથી શ્રોતાઓ જિજ્ઞાસાભેર બેસી રહે. વળી ભારતીય વક્તાઓનાં પ્રવચનો પૂરાં થતાં અર્ધો કે પોણો ખંડ ખાલી થઈ જતો. પોતાના પ્રવચનના પ્રારંભે જ વીરચંદ ગાંધી ભારતને ધર્મોની જનની તરીકે ઓળખાવે છે. એ સમયે એક એવી ભ્રાંત

માન્યતા પ્રવર્તતી હતી કે જૈન ધર્મ એ બૌદ્ધ ધર્મનો એક ફાંટો છે. પોતાના વ્યાખ્યાનના પ્રારંભે જ વીરચંદ ગાંધી સ્પષ્ટ કરે છે કે જૈન ધર્મનું આચારશાસ્ત્ર બૌદ્ધ ધર્મ જેવું છે, પરંતુ આધ્યાત્મિક તત્ત્વોની દૃષ્ટિએ તે એનાથી ભિન્ન છે. વળી જૈન ધર્મ એ બોદ્ધ ધર્મ કરતાં ઘણો પ્રાચીન અને સ્વતંત્ર ધર્મ છે.

વીરચંદ ગાંધી જેમની પ્રેરણાથી જૈન સંઘના પ્રતિનિધિ તરીકે અહીં ઉપસ્થિત થયા છે, તે મુનિરાજ શ્રી આત્મારામજી મહારાજને (પૂ. શ્રી વિજયાનંદસૂરિજી) વંદના કરે છે. જાણે ગુરુવંદના કરતા ન હોય! વીરચંદ ગાંધીએ દાખવેલી ગુરુભક્તિ વિશ્વધર્મ પરિષદના શ્રોતાજનોને સ્પર્શી ગઈ. આપણને જ્ઞાન આપનારી વ્યક્તિ ઉપસ્થિત ન હોય ત્યારે કેવા આદરપૂર્વક સ્મરણ કરવું જોઈએ એનું ઉદાહરણ વીરચંદ ગાંધીએ પૂરું પાડ્યું. આમાં સહુએ ભારતીય પરંપરાનો સ્પર્શ અનુભવ્યો. વીરચંદ ગાંધીના જૈનદર્શન વિષયક પ્રવચનની વિશેષતા એ હતી કે એમણે સરળ, પ્રાસાદિક અને સહુ શ્રોતાઓને સમજાય એ રીતે જૈન ધર્મના સિદ્ધાંતો પ્રસ્તુત કર્યા. આમ કરીને સ્વધર્મની અતિપ્રંશસા દ્વારા આત્મશ્લાઘામાં લપસી પડનારા ઘણા વિચારકોને એમણે વિવેકભર્યો માર્ગ ચીંધી આપ્યો.

આ પછી વીરચંદ ગાંધીએ વિચાર્યું કે એક ભાષણ આપીને હિન્દુસ્તાન પાછો જાઉં તો મારા ધર્મની કંઈ સેવા બજાવી ગણાય નહીં. આથી અમેરિકનો માટે જૈન ધર્મના અભ્યાસવર્ગો શરૂ કર્યા અને સાવર-સાંજ આ વર્ગો ચાલવા લાગ્યા. જૈન ધર્મથી સર્વથા અપરિચિત અમેરિકનોને જૈન તત્ત્વજ્ઞાનમાં ઊંડો રસ લેતા કર્યા. ૧૮૯૫માં વીરચંદ ગાંધી અમેરિકા-ઈંગ્લૅન્ડના પ્રવાસે જઈને મુંબઈ આવ્યા તે વખતે ચોપાનિયાં રૂપે પા આનાની વેચાણ કિંમતે આપેલાં અને 'જૈન યુગ' (પોષ ૧૯૮૩ પૃ.૨૩૪)માં પ્રગટ થયેલા એમના ચરિત્રની નોંધ જોઈએ : ''અમેરિકાનાં ન્યૂઝપેપરો અને ચોપાનિયાંઓએ એક અવાજે એમનાં વખાણ કર્યા છે. એમના કોઈ કોઈ ભાષણમાં તો ૧૦ હજાર માણસો હાજર હતા. કેટલાંએક ભાષણો સાાંભળવાને લોકો સ્પેશિયલ ટ્રેનમાં આવ્યા હતા. ચિકાગોની ધર્મ સભામાં રૂપાનો અને કાસાડાગાના સમાજમાં ત્યાંની પ્રજા તરફથી એક સુવર્ણચંદ્રક એમને મળ્યો હતો.'' ઘણી વ્યક્તિઓએ

એમનાં પ્રવચનો સાંભળીને માંસાહાર ત્યજી દીધો તથા કેટલાકે જૈન ધર્મની જીવનપ્રણાલી સ્વીકારી.

૧૮૯૩ના સપ્ટેમ્બરથી ૧૮૯૫ માર્ચ સુધી અમેરિકાનાં શિકાગો, બોસ્ટન, વૉશિંગ્ટન, ન્યૂયૉર્ક, રોશેસ્ટર, ક્લીવલેન્ડ, કાસાડાગા, લીલીડેલ, લાપોર્ટ, બ્રુકલાઈન, શારોન, રોક્સબરી, એવનસ્ટન, હાઈલૅન્ડપાર્ક જેવાં નગરોમાં વીરચંદ રાઘવજી ગાંધીનાં ભિન્ન ભિન્ન વિષયો પર પ્રવચનો યોજાતાં રહ્યાં. આપણને આશ્ચર્ય એ થાય કે કાઠિયાવાડ(સૌરાષ્ટ્ર)ના ખૂણામાં આવેલા મહુવા ગામના ઓગણત્રીસ વર્ષના આ યુવાને આટલા બધા ભિન્ન ભિન્ન વિષયોનું ક્યારે ઊંડું અવગાહન કર્યું હશે? વળી તેઓ વિદેશી શ્રોતાઓ સમક્ષ અંગ્રેજી ભાષામાં પોતાના એ અંગેના વિચારો પ્રમાણભૂત રીત વ્યક્ત કરી શકે છે, એવી એમની જ્ઞાનસજ્જતા આજેય આશ્ચર્યચકિત કરી દે છે. સ્વામી વિવેકાનંદને વીરચંદ ગાંધીની શક્તિ પર ઘણો વિશ્વાસ હતો. તેઓ એક પત્રમાં લખે છે કે વીરચંદ ગાંધી એક શહેરથી બીજે શહેર ભાષણો આપવાના છે અને તેમાં તે વિજય મેળવશે.

ધર્મ, સાહિત્ય અને રાજકારણના વિદ્વાન તથા જૈન ધર્મના ખ્યાતિપ્રાપ્ત સેવક મહાત્મા ભગવાનંદીને લખ્યું છે, ''વીરચંદ ગાંધી જેવા માનવીને ભારતની ભૂમિએ જન્મ આપ્યો ન હોત તો ૧૮૫૭ પછી ભારત એની ગરિમાનો પ્રભાવ બીજો કોઈ દેશ પર પાડી શક્યું ન હોત. તેઓ એક ધર્મના પ્રતિનિધિ તરીકે શિકાગોના સર્વધર્મ સંમેલનમાં સામેલ થયા હતા તે ગૌણ બાબત છે. પણ અમેરિકામાં તેમણે આપેલા વક્તવ્યથી સમગ્ર ભારતનું ગૌરવ વધ્યું.''

છેક ઈ. સ. ૧૮૯૩માં વીરચંદ રાઘવજી ગાંધીએ દેશના આર્થિક અને રાજકીય સ્વતંત્ર્યની વાત કરી. એક વાર એમણે અમેરિકન લોકોને કહ્યું, ''ભારત અત્યારે પરદેશી એડી નીચે કચડાયેલું છે. એ માત્ર ધાર્મિક ક્ષેત્રોમાં સ્વાતંત્ર્ય ધરાવે છે, પણ ભારત સ્વતંત્ર થશે ત્યારે તે હિંસક માર્ગે કોઈ પણ દેશ પર આક્રમણ નહીં કરે.'' ૧૮૯૩માં ગાંધીજી માત્ર બૅરિસ્ટર હતા, તે સમયે વીરચંદભાઈએ આ ભવિષ્યકથાન કર્યું હતું. એમની એ કલ્પના કેટલી બધી વાસ્તવિક સાબિત થઈ!

આ ધર્મજ્ઞાતા અનોખા ક્રાન્તદ્રષ્ટા હતા. આ જગતની પેલે પારનું

જોઈ શકે તે ક્રાન્તદ્રષ્ટા, વર્તમાનને વીંધીને ભવિષ્યને જાણી શકે તે ક્રાન્તદ્રષ્ટા, જ્યારે ભારતના રાજકીય સ્વાતંત્ર્યની ઉષાનું પહેલું કિરણ પણ ફૂટ્યું નહોતું ત્યારે વીરચંદભાઈએ એમ કહ્યું હતું કે હિંદુસ્તાન આઝાદ થશે તો બધા દેશો સાથે શાંતિમય સહઅસ્તિત્વથી જીવશે. દેશને આઝાદી મળી તે અગાઉ છ દાયકા પૂર્વે પેલે પારનું દર્શન કરતાં વીરચંદભાઈ 'The jain Philosophy' વિશેના એમના પ્રવચનમાં કહે છેઃ

'આશ્ચર્યની વાત એ છે કે ભારત ઉપર વિદેશીઓ સતત હુમલાઓ કરતા રહ્યા છે અને એ બધા આક્રમણોની આફતો આવ્યા છતાં ભારતનો આત્મા જીવંત અને જાગ્રત રહ્યો છે. એનાં આચાર અને ધર્મ સબૂત છે અને સમગ્ર વિશ્વને ભારત તરફ મીટ માંડીને જોવું પડે છે. સંસ્કૃતિનાં લક્ષણ, ખેતી, કારીગરી, કલા, સાહિત્ય, સદાચાર અને જ્ઞાનવિજ્ઞાનનાં સાધનો, અતિથિસત્કાર, નારીપૂજા, પ્રેમ અને આદર-બધું જ ભારતમાં કોઈ જુદા જ સ્વરૂપે જોવા મળે છે. ખરીદી શકાય એવી એ સંસ્કૃતિ હોત તો ઈંગ્લૅન્ડ આ દેશમાંથી એને ખરીદી લઈ શકત, પોતાની બનાવી શકત, પણ એવું બન્યું નથી અને બની પણ નહીં શકે.

"આપ સૌ જાણો છો કે અમે કોઈ સ્વતંત્ર રાષ્ટ્રના નાગરિક નથી. અમે તો મહારાણી વિક્ટોરિયાનાં પ્રજાજન છીએ, પંરતુ જો અમે સાચી રાષ્ટ્રીયતા બતાવી એક રાષ્ટ્રના સભ્ય હોવાનો ગર્વ લઈ શક્યા હોત અને અમારી પોતાની રાષ્ટ્રીય સરકાર અમારી પાછળ હોત, અને અમારી સંસ્થાઓનું કે અમારા કાયદાકાનૂનનું સંચાલન અમે સ્વેચ્છાએ અમારી મરજી મુજબ કરી શકતા હોત, તો હું ખાતરીપૂર્વક કહું છું કે અમે વિશ્વનાં બધાં રાષ્ટ્રો સાતે શાંતિમય સંબંધની ગાંઠ બાંધી એને કાયમ રાખવાનો સતત પ્રયત્ન આદરત. અમે તો સૌનું સન્માન કરવામાં માનીએ છીએ. નહિ કે કોઈના અધિકારો લઈ લેવા અગર કોઈની ભૂમિ પર છાપો મારવો. અમે તો રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચે કુટુંબભાવ અને ભ્રાતૃભાવ કેળવવામાં માનીએ છીએ અને સારીયે માનવજાતિની એકતા ઝંખીએ છીએ. સંસ્કૃતમાં એક કવિએ કહ્યું છે : આ મારો દેશ છે, એવો સંકુચિત વિચાર સ્વાર્થી લોકો જ કરે છે. ઉદાર મનવાળા લોકો તો માને છે કે સમગ્ર વિશ્વ એક કુટુંબમાત્ર છે."

અમેરિકાના વૉશિંગ્ટન શહેરમાં એમણે ગાંધી ફિલોસૉફિકલ સોસાયટીની સ્થાપના કરી. એમાં બસોથી અઢીસો સભ્યો હતા અને એના પ્રમુખપદે અમેરિકાના પોસ્ટમાસ્ટર જનરલ જૉસફ સ્ટુઅર્ટ હતા. વીરચંદ ગાંધીના ઉપદેશથી હજારો લોકો શાકાહારી બન્યા. કેટલાકે ચોથા વ્રત (બ્રહ્મચર્ય)ને અંગીકાર કર્યું અને કેટલાકે સમાધિ ધ્યાન કરવાનું શરૂ કર્યું તો કેટલાક શ્રી નમસ્કાર મહામંત્રનો જપ કરવા લાગ્યા.

૨૯ વર્ષના યુવાન ભારતની ધરતી પર પાછા તો આવ્યા, પરંતુ એમના ચિત્તમાં સતત એક જ વિચાર ઘૂમતો હતો. એ વિચારતા હતા કે કઈ રીતે ધાર્મિક અને સામાજિક કાર્યો કરીને ભારતીય પ્રજા અને જૈન સમાજની ઉન્નતિ કરવી. પરિણામે એમણે બીજો કોઈ વ્યવસાય કે કાર્ય સ્વીકાર્યા નહીં.

વીરચંદ ગાંધી અને મહાત્મા ગાંધીના સંબંધ અંગે સંશોધન કરતાં એક મહત્ત્વની વિગત સાંપડી છે. વીરચંદ રાઘવજી ગાંધી અને મહાત્મા ગાંધી મુંબઈમાં એકસાથે એક ઓરડીમાં રહ્યા હતા. મહાત્મા ગાંધીએ રવિશંકર નામના બ્રાહ્મણને રસોઈ માટે રાખીને મુંબઈમાં રહેવાની વ્યવસ્થા ગોઠવી હતી. આ સમયે મહાત્મા ગાંધી ભારતીય કાયદાશાસ્ત્રનું અધ્યયન કરતા હતા, પરંતુ એ અભ્યાસ એમને કંટાળાજનક લાગતો હતો. ઈંગ્લૅન્ડમાંથી બૅરિસ્ટર થઈને આવેલા ગાંધીજી પાસે કોઈ 'બ્રીફ' આવતી નહોતી. આવી બ્રીફ વચેટિયાઓને દલાલી આપવાથી મળતી હતી, પરંતુ ગાંધીજી એમાં સંમત નહોતા. આ વેળાએ બંને મિત્રોએ ખોરાક અંગેના પ્રયોગો શરૂ કર્યા. એમની સાથે સોલિસિટરની પરીક્ષા માટે તૈયારી કરતા વીરચંદ ગાંધી જોડાયા. વધુ સમય રાંધવાથી ખોરાકનાં પૌષ્ટિક તત્ત્વો ઓછાં થઈ જાય છે તેની તેઓએ ચર્ચા કરી અને પછી પૌષ્ટિક તત્ત્વો જળવાય એ રીતે રાંધવાની જુદી જુદી પદ્ધતિઓના અખતરા કર્યા. વેજિટેરિયન સોસાયટીના ચૅરમૅન એ. એફ. હિલ્સે ૧૮૮૯માં એક એવી પદ્ધતિ રજૂ કરી કે રાંધવાને કારણે સૂર્યનાં કિરણોમાંથી પ્રાપ્ય શક્તિ નષ્ટ થાય છે. એમણે રાંધેલો ખોરાક ખાવાને બદલે ફળ, સૂકો મેવો, કાચું અનાજ અને કઠોળ ભોજનમાં લેવાનું કહ્યું અને એને એમણે 'વાઈટલ ફૂડ' એવું નામ આપ્યું.

ગાંધીજીના અંતેવાસી પ્યારેલાલજીએ નોંધ્યું છે કે, "બૅરિસ્ટર થઈને આવેલા મહાત્મા ગાંધીને કોઈ કેસ મળતો નહતો. આ સમયે વીરચંદ ગાંધીએ એમને હિમ્મત રાખવા અને ધૈર્ય ધારણ કરવા સલાહ આપી. વીરચંદ ગાંધીએ ફીરોજશા મહેતા, બદરૂદ્દીન તૈયબજી અને એવા વકીલાતના ક્ષેત્રના અન્ય અગ્રણીઓએ સફલતા પ્રાપ્ત કરવા માટે કેટલો બધો લાંબો સમય રાહ જોવી પડી હતી તે દર્શાવ્યું. એમણે મહાત્મા ગાંધીજીને એમ પણ કહ્યું કે નવીસવી વ્યક્તિએ તો ત્રણ, પાંચ કે જરૂર પડે સાતેક વર્ષ પણ રાહ જોવી પડે અને એ પછીય એ બે છેડા ભેગા થાય એટલું મેળવી શકે. વીરચંદભાઈના અવસાન પછી ગાંધીજીએ વીરચંદભાઈના પુત્ર મોહનભાઈ ઉપર લખેલા એક પત્રમાં આશીર્વાદ સાથે પૂછયું છે કે, "પિતાજીના આદર્શોમાંથી કંઈ જાળવી રાખ્યા છે ખરા?"

ઈ. સ. ૧૮૯૬માં વીરચંદ ગાંધી બીજી વાર અમેરિકાના પ્રવાસે ગયા. એમણે અમેરિકા અને ઈંગ્લૅન્ડમાં વ્યાખ્યાનો આપ્યાં. બૅરિસ્ટર તરીકે અભ્યાસ કર્યો અને બૅરિસ્ટર થયા. જોકે એમણે વકીલાતના વ્યવસાયનો દ્રવ્યોપાર્જનના બદલે ધર્મસેવા કાજે ઉપયોગ કર્યો.

એકવીસ વર્ષની ઉંમરે 'શ્રી જૈન ઍસોસિએશન ઑફ ઇન્ડિયા'ના મંત્રી તરીકે પાલીતાણા આવતા યાત્રીઓનો મૂંડકાવેરો નાબૂદ કરવાનું કામ કર્યું હતું. મૂંડકાવેરો અને બીજી રંજાડથી પરેશાન થઈને આણંદજી કલ્યાણજીની પેઢીએ પાલીતાણાના ઠાકોર સામે કેસ કર્યો હતો, પરંતુ પાલીતાણાના ઠાકોર સૂરસિંહજી પર પોલિટિકલ એજન્ટના ચાર હાથ હતા. પોલિટિકલ એજન્ટે શુદ્ધ ન્યાય ન આપ્યો. વીરચંદભાઈએ આ પ્રશ્ન હાથમાં લીધો.

એ વખતે રજવાડા સામે માથું ઊંચકવું એ સામે ચાલીને મોતને બાથ ભીડવા જેવું હતું, પણ એમણે મહુવા અને પાલીતાણા વચ્ચે અવારનવાર ઘોડા પર મજલ કાપીને સમાધાનનું વાતાવરણ ઊભું કર્યું. મુંબઈના ગવર્નર લૉર્ડ રે અને પોલિટિકલ એજન્ટ કર્નલ વોટસનને મળી સમર્થ રજૂઆત કરી મૂંડકાવેરો નાબૂદ કરાવ્યો.

બેડમસાહેબ નામના અંગ્રેજે સમેતશિખર પર ડુક્કરોની ચરબી કાઢવાનું કારખાનું નાખ્યું હતું. તે દૂર કરવા માટે વીરચંદભાઈ કલકત્તા

ગયા. દસ્તાવેજોની જાણકારી માટે કલકત્તામાં છ માસ રહી ૧૪ ભાષા જાણનાર વીરચંદ ગાંધીએ બંગાળી ભાષાનો અભ્યાસ કર્યો અને આખરે 'સમેતશિખર જૈનોનું તીર્થસ્થાન છે, બીજા કોઈને ત્યાં દખલ કરવાનો અધિકાર નથી' એવો ચુકાદો મેળવીને તેમ જ કારખાનું દૂર કરાવીને જ જંપ્યા. કાવીના દેરાસર અંગેના વિખવાદનો સુંદર ઉકેલ લાવ્યા. આંતરરાષ્ટ્રીય વાણિજ્ય પરિષદમાં સમગ્ર આશિયાના પ્રતિનિધિ તરીકે હાજરી આપી.

વીરચંદ ગાંધી પાસેથી જૈન ધર્મ સમજીને એનું આચરણ કરનારા વિદેશીઓના ઉલ્લેખ મળે છે. અમેરિકાના શ્રીમતી હાવર્ડ અંગે વીરચંદ ગાંધીએ એક એવી નોંધ કરી છે કે વિજયાનંદસૂરિજીની વિશેષ સૂચનાઓ પ્રમાણે એક મહિના સુધી નવકાર મંત્રનો જાપ કર્યા બાદ શ્રીમતી હાવર્ડને જાતિસ્મરણજ્ઞાન પ્રાપ્ત થયું હતું અને એમણે ભારતમાં પોતાના પૂર્વજન્મની ઘણી વાતો જણાવી હતી. ભારતીય વસ્ત્રોમાં કટાસણા પર બેસી મુહપત્તી હાથમાં રાખી સામાયિક કરતી શ્રીમતી હાવર્ડની છબી મળે છે. આજે તો ન્યૂયૉર્કમાં શ્રીમતી હાવર્ડનું નિવાસસ્થાન ઉજ્જડ અને વેરાન છે.

વીરચંદ ગાંધીના એક બીજા સમર્થ અનુયાયી તે હર્બર્ટ વૉરન. વિદેશમાં વીરચંદ રાઘવજી ગાંધીના પ્રવચનોએ એક એવી નવી હવા ફેલાવી કે અનેક શ્રોતાજનો એ પ્રવચનોની નોંધ લેતા હતા. વીરચંદ રાઘવજી ગાંધી શિકાગોની વિશ્વધર્મ પરિષદમાં ગયા, ત્યારે હર્બર્ટ વૉરનને એમનો પરિચય થયો અને હર્બર્ટ વૉરને વીરચંદ રાઘવજી ગાંધી પાસેથી જૈન ધર્મનું પદ્ધતિસરનું જ્ઞાન મેળવવા પ્રયત્ન કર્યો હતો. વીરચંદ ગાંધીનાં ભાષણો એમણે શૉર્ટહૅન્ડથી સંપૂર્ણ રીતે લખી લીધાં હતાં. જૈન ધર્મમાં અનન્ય શ્રદ્ધા ધરાવનાર, દેવગુરુનું પૂજન કરનાર અને નિત્ય સામાયિક વગેરે આચાર પાળનાર હર્બર્ટ વૉરને વીરચંદ ગાંધીનાં ભાષણો, ચર્ચાઓ વગેરેના આધારે જૈન ધર્મ પર પુસ્તક લખ્યું અને વીરચંદ ગાંધીએ આપેલું અમૂલ્ય જ્ઞાન દુનિયાને ભેટ આપવાનો એમણે સંકલ્પ સેવ્યો હતો.

વીરચંદ ગાંધી પાસેથી શ્રાવકનાં વ્રતોનું યથાર્થ જ્ઞાન મેળવ્યું અને બાર વ્રતો પૈકી પ્રથમ સાત વ્રતો ઈંગ્લૅન્ડના દેશકાળ અનુસાર લીધાં હતાં, એટલું જ નહીં પણ વીરચંદ ગાંધીના ઉપદેશથી હર્બર્ટ વૉરને માંસાહારનો ત્યાગ કર્યો હતો. વીરચંદ ગાંધીએ રજૂ કરેલા આદર્શોની

સુવાસ ઈંગ્લૅન્ડમાં પ્રસરે અને પોતાના દેશબાંધવો એનાથી લાભાન્વિત થાય તે માટે હર્બર્ટ વૉરને લંડનમાં 'જૈન લિટરેચર સોસાયટી'ની સ્થાપના કરી.

વિશ્વધર્મ પરિષદની કલ્પના કરનાર ચાર્લ્સ સી. બોનીએ સ્વયં ભારતમાં દુષ્કાળ રાહત માટે અમેરિકામાં વીરચંદભાઈએ ૧૮૯૬-૯૭માં સ્થાપેલી દુષ્કાળ રાહત સમિતિનું પ્રમુખપદ સ્વીકાર્યું હતું અને શ્રી ચાર્લ્સ બોનીના સહયોગ અને ભારત પ્રત્યેના સદ્ભાવને લીધે વીરચંદભાઈએ તાત્કાલિક સાનફ્રાન્સિકો શહેરથી મકાઈ ભરેલી સ્ટીમર કલકત્તા મોકલી હતી અને આશરે ૪૦ હજાર રૂપિયા ભારતના જુદા જુદા ભાગોમાં મોકલાવી શક્યા હતા.

વીરચંદ ગાંધીના ગ્રંથસર્જન જોઈએ તો એમના જીવનકાળ દરમ્યાન માત્ર બે જ પુસ્તકો મળે છે. એમનું એક પુસ્તક ઈ.સ.૧૮૮૯માં મૂળ સંસ્કૃતમાંથી ગુજરાતી ભાષામાં લખાયેલું 'સવીર્ય ધ્યાન' અને બીજું પુસ્તક તે ઈ.સ. ૧૮૯૪માં અમેરિકાના શિકાગો શહેરમાંથી પ્રસિદ્ધ કરેલો મૂળ ફ્રેન્ચ ભાષામાં લખાયેલા 'અનનોન લાઈફ ઑફ જિસસ ક્રાઈસ્ટ'નો અંગ્રેજી અનુવાદ. આમ વીરચંદ ગાંધીની હયાતીમાં એમનાં આ બે પુસ્તકો પ્રગટ થયાં.

આ બંને પુસ્તકો પૂર્વે ઈ.સ.૧૮૮૬માં એમણે બાવીસમાં વર્ષે એક નિબંધ પ્રગટ કર્યો. એ નિબંધનો વિષય છે 'રડવા કૂટવાની હાનિકારક ચાલ વિષે નિબંધ'. આ નિબંધ કચ્છ-કોડા નિવાસી રવજી દેવરાજે લખ્યો હતો અને તેમાં બીજી ઘણી અગત્યની બાબતો ઉમેરીને વીરચંદ રાઘવજી ગાંધીએ એને પ્રકાશિત કર્યો હતો.

બાવીસ વર્ષની ઉમરે આ યુવાનને ધર્મવિરોધી રડવા-કૂટવાની પ્રથા સામે આક્રોશ જાગે, એ વિશે નિબંધ-સ્પર્ધાનું આયોજન કરે, એમાં વિજેતા થનાર કચ્છના રવજી દેવરાજને પોતે જાહેર કરેલું રૂા. ૩૨૫નું ઈનામ આપે તે ઘટના કેટલું બધું સૂચવી જાય છે. વળી બાવીસ વર્ષની વયે વિવેકી જૈન બંધુઓને લક્ષ્યમાં રાખીને 'જૈન ભાઈઓમાં સસ્તુ વાચન' ફેલાવવાનો પ્રયત્ન અદ્યાપિ પર્યંત થયો નથી તેથી આવા પ્રયત્નોને કંઈક ઉત્તેજન મળે તેવી ઈચ્છાથી 'રંક અને શ્રીમંત' ખરીદી શકે

તે માટે માત્ર બે આનાની કિંમત રાખીને તેઓ આ નિબંધ પ્રકાશિત કરે છે. જયારે એમણે લખેલું 'સવીર્યધ્યાન' એ દસમા સૈકાના થયેલા આચાર્ય શુભચંદ્ર વિરચિત 'જ્ઞાનાર્ણવ' ગ્રંથનાં ધ્યાન વિશેના પ્રકરણોનો શ્રી વીરચંદ ગાંધીએ કરેલો અનુવાદ છે. જૈન ધર્મની વિસ્મૃત થયેલી ધ્યાનપ્રણાલીને પુનઃ જાગ્રત કરનાર અને એને પરદેશીઓ સમક્ષ પ્રભાવશાળી રીતે રજૂ કરનાર વીરચંદ ગાંધીની ધ્યાનલગની આમાંથી જોઈ શકાય છે.

વિધિની એ કેવી વિડંબના કહેવાય કે વીરચંદ ગાંધીનાં પ્રવચનોનું એક પણ પુસ્તક તેઓ જીવંત હતા તે સમયે પ્રગટ થયું નથી. એમની વૈચારિક પ્રતિભાની ઓળખ આપવાનું શ્રેય 'ધ જૈન' અને 'પેટ્રિયટ'ના તંત્રી શ્રી ભગુભાઈ કારભારીને જાય છે. ઈ.સ. ૧૯૧૧માં મુંબઈની પ્રસિદ્ધ પ્રકાશક સંસ્થા એન. એમ. ત્રિપાઠી દ્વારા 'ધ જૈન ફિલૉસોફી' પુસ્તક પ્રગટ થયું. આમાં વીરચંદ ગાંધીએ અમેરિકા અને ઈંગ્લૅન્ડમાં આપેલાં વ્યાખ્યાનો અને લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પુસ્તકમાં ગ્રંથસ્થ થયેલાં પ્રવચનોમાં વીરચંદ ગાંધીની જૈન ધર્મ વિશેની સિદ્ધાંતલક્ષી મર્મગામી છણાવટ તો મળે છે, પણ એની સાથોસાથ ભારતીય સંસ્કૃતિની ગહનતા, ભવ્યતા અને એના ગૌરવનો ખ્યાલ આવે છે. વીરચંદ ગાંધીએ આ ગ્રંથમાં જૈન, બૌદ્ધ, સાંખ્ય, વેદાંત અને ન્યાય જેવાં દર્શનોની તત્ત્વવિચારણાનો વિદેશી શ્રોતાઓ સમક્ષ પ્રકાશ પાડ્યો છે. આજથી એકસોને સોળ વર્ષ પૂર્વે પરાધીન, 'પછાત' ગણાતા ભારત પાસે આટલી સમૃદ્ધ તત્ત્વપ્રણાલીઓ છે એ વિશે સાંભળીને વિદેશી શ્રોતાઓને નવીન સમજ અને જ્ઞાન પામ્યાનો અનુભવ થયો હતો.

વીરચંદ ગાંધીનો સંબંધ માત્ર તત્ત્વજ્ઞાન સાથે જ નહોતો, બાળપણમાં પણ એમણે દેશની સ્થિતિ વિશે કાવ્યો રચ્યાં હતાં. યુવાનીમાં ધાર્મિક, સામાજિક અને રાજકીય વિષયો પર ભારતમાં મનનીય પ્રવચનો આપ્યાં હતાં, આથી અમેરિકામાં પણ તત્ત્વજ્ઞાન ઉપરાંત તેઓ આહાર-વિજ્ઞાન, યોગ-વિજ્ઞાન અને જીવન-વિજ્ઞાન વિશે વક્તવ્યો આપે છે. ગૂઢવિદ્યાથી માંડીને ધાર્મિક પ્રતીકોનાં રહસ્યો સુધીની વાતો એમના પ્રવચનમાં મળે છે. પ્રાચીન ભારતની સ્થિતિથી માંડીને વર્તમાન સમયમાં ભારતમાં

ચાલતી મિશનરી પ્રવૃત્તિઓ અંગે એ વાત કરી શકે છે.

વિશ્વ સાથેના મનુષ્ય સંબંધનાં એક પછી એક પાસાંને તેઓ ઉજાગર કરે છે. એ તત્ત્વજ્ઞાન સાથે મનોવિજ્ઞાનનો સંબંધ જોડી આપે છે, તો બીજી બાજુ સ્મૃતિના ચમત્કારની ઘટનાઓથી માંડીને આભામંડળની વાત કરે છે. વીરચંદ ગાંધીએ ભારતીય દર્શનોનો ઊંડો અભ્યાસ કર્યો હતો, પંરતુ એની સાથોસાથ એ સમયે જર્મની આદિ દેશોમાં પ્રાચ્યવિદ્યાના અભ્યાસીઓએ લખેલા અને સંશોધિત કરેલા ભારતના પ્રાચીન શાસ્ત્રગ્રંથો અને લેખોનો એટલો જ ઊંડો અભ્યાસ કર્યો હતો. એમના વક્તવ્યમાં એનો ઉપયોગ કરીને એને વધુ વિશદ બનાવતા હતા. પરિણામે તેઓ જૈન તત્ત્વજ્ઞાનને અંગ્રેજી ભાષામાં એનાથી પૂર્ણપણે અપરિચિત શ્રોતાઓને સરળતાથી સમજાવી શક્યા.

ઈ.સ. ૧૯૧૧માં 'જૈન ફિલૉસોફી' પ્રગટ થયા બાદ એમનું બીજું પુસ્તક ૧૯૧૩માં 'કર્મ ફિલૉસોફી'ના નામે મળે છે. આ પુસ્તકમાં એમણે જૈન ધર્મના કર્મના તત્ત્વજ્ઞાનનો વિસ્તૃત પરિચય આપ્યો. એની પ્રથમ આવૃત્તિના સંપાદક ભગુભાઈ કારભારીને આ વિષયની સઘળી સામગ્રી લંડનના હર્બર્ટ વૉરન પાસેથી મળી હતી. વીરચંદ ગાંધી હિંદુ ધર્મ અને જૈન ધર્મ બંનેના કર્મના સિદ્ધાંતો જાણતા હતા અને એના પરિણામે એમણે પ્રગટ કરેલા જૈન ધર્મના કર્મના તત્ત્વજ્ઞાન વિશેનો ગ્રંથ એક વૈજ્ઞાનિક અને પૃથ્થક્કરણાત્મક રીતે પ્રવાહી અંગ્રેજી ભાષામાં લખાયેલો ગ્રંથ ગણાયો. આ  પછી એમનો 'યોગ ફિલૉસોફી' નામનો ગ્રંથ પ્રગટ થયો., જેમાં યોગના ક્ષેત્રમાં એક નવો જ પ્રકાશ પડે છે. ભારતના રહસ્યવાદને દર્શાવીને શ્વાસનું વિજ્ઞાન, હિપ્નોટિઝમ, ગૂઢ વિદ્યા, આત્મ સંસ્કૃતિના વ્યાવહારિક નિયમો અને મૅગ્નટિઝમ, જેવા વિષયો પર તર્કબદ્ધ રજૂાત કરે છે.

ઈ.સ.૧૯૭૦માં અપ્રગટ હસ્તપ્રત પરથી શ્રી મહાવીર જૈન વિદ્યાલયે વીરચંદ ગાંધીનું 'ધ સિસ્ટમ્સ ઑફ ઈન્ડિયન ફિલૉસોફી'નું ડૉ. કે. કે. દીક્ષિતે સંપાદન કરેલા પુસ્તકનું પ્રકાશન કર્યું. આમાં એમણે સાંખ્ય, ન્યાય મીમાંસા, વેદાંત તેમજ બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મના કેટલાક સિદ્ધાંતો વિશે કરેલું આલેખન મળે છે.

વીરચંદ ગાંધી ૧૮૯૮માં શત્રુંજય તીર્થ વિશેના દાવાની અપીલ સેક્રેટરી ઑફ સ્ટેટ સમક્ષ રજૂ કરવાની હોવાથી ઇંગ્લૅન્ડ ગયા હતા અને તેમાં એમને સફળતા મળી હતી. તેઓ ઇંગ્લૅન્ડ હતા ત્યારે તેમની તબિયત લથડી. યુવાનીમાં કામના પુષ્કળ બોજ હેઠળ તેઓ જીવ્યા. એમનું સ્વાસ્થ્ય આટલી બધી પ્રવૃત્તિઓનો ભાર ખમી શકે તેમ નહોતું. તેઓ ભારત આવ્યા ત્યારે શરીરે સાવ નંખાઈ ગયા હતા. સ્વદેશ પાછા ફર્યા અને બે અઠવાડિયાં પછી ૭મી ઑગસ્ટ ૧૯૦૧ના રોજ એમનો દેહાંત થયો. કહેવાય છે કે એ સમયે પાંચ દિવસ સુધી મહુવાનાં બજારો બંધ રહ્યાં હતાં.

વીરચંદ રાઘવજી ગાંધીની કામગીરીનું મૂલ્યાંકન કરતી વખતે આજથી ૧૧૬ વર્ષ પૂર્વેના વિશ્વની સ્થિતિનો વિચાર કરવો જોઈએ. એ સમયે મહુવાથી પાલીતાણા જવા માટે એમને વારંવાર બળદગાડા કે ઘોડા પર જવું પડતું હતું. એ જ રીતે વિદેશ-પ્રવાસ વિમાનમાર્ગે તો હતો નહીં. તેથી માત્ર દરિયાઈ માર્ગે શક્ય હોવાથી મહિનાઓ સુધી એમને સ્ટીમરમાં રહેવું પડતું હતું. એ જમાનામાં સંદેશાવ્યવહારના સાધન તરીકે માત્ર ટપાલવ્યવહાર હતો. ટેલિફોન પણ નહોતો, ત્યારે આ ટપાલવ્યવહાર હતો. ટેલિફોન પણ નહોતો. ત્યારે આ ટપાલવ્યવહારને કારણે, કોઈ પણ કાર્યમાં ઘણો લાંબો સમય વીતી જતો.

પોતે બૅરિસ્ટર થયા હોવા છતાં વીરચંદ રાઘવજી ગાંધીએ વકીલાતનો વ્યવસાય કરવાને બદલે પોતાની નિપુણતાનો ધર્મ, સમાજ અને રાષ્ટ્ર માટે ઉપયોગ કર્યો અને એ માટે જીવન સમર્પી દીધું. અત્યંત કૂટ ધાર્મિક પ્રશ્નમાં ઉત્તમ સફળતા હાંસલ કરનારને સમાજે બિરદાવ્યા ખરા, પરંતુ એમની આર્થિક સધ્ધરતાનો કોઈ વિચાર કર્યો નહિ. જોકે વીરચંદ રાઘવજી ગાંધીને આની પરવા પણ ક્યાંથી હોય? એમના હૃદયમાં તો પોતાના રાષ્ટ્રની આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને માનવતાલક્ષી સમૃદ્ધિ જગતને દર્શાવવાનો અવિરત ધબકાર ચાલતો હતો. એ વીરચંદ રાઘવજી ગાંધીને ભારતીય સંસ્કૃતિના આત્મા તરીકે ઓળખવાની અને રાષ્ટ્રમાં સ્થાપન કરવાની જરૂર છે. આ જ બનશે એ ભારતીય મૂલ્યોના જ્યોતિર્ધરને અપાયેલી સાચી અંજલિ.

# નીડર જૈન ચિંતક વા. મો. શાહ
# (સ્વર્ગસ્થ વાડીલાલ મોતીલાલ શાહ)

▯ ડૉ. સુધા નિરંજન પંડ્યા

(જન્મ : ૧૭-૭-૧૮૭૮; અવસાન : ૨૧-૧૧-૧૯૩૧)

જન્મે સ્થાનકવાસી જૈન અને કર્મે સાચા અર્થમાં 'જૈન' એવા વા.મો. શાહ ક્રાંતિકારી સુધારક, નીડર પત્રકાર, સ્વતંત્ર ચિંતક, સમર્થ ગદ્યકાર તથા માનવજીવન, સમાજ અને ધર્મ સાથે નિસબત ધરાવનાર ખુમારીવાળા માણસ હતા. જીવન ખાતર કલાના તેઓ ઉપાસક હતા, એમના ચિંતનમાં અનુભૂતિનો રણકો સતત સંભળાતો રહે છે. સાચા 'જૈન'ને ઓળખાવતાં તેઓ કહે છે - 'શ્રાવકમાં જ્યારે જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ પ્રગટે ત્યારે - એ બે પાંખો ફૂટે ત્યારે તે 'વ્યક્તિ' અથવા 'જૈન' કહેવાય. 'જન' પર બે પાંખો - બે માત્રાઓ - બે તાકાદો - ફુટતાં તે 'જૈન' કહેવાય.' ('જૈનદીક્ષા' - પૃ૧૩૨). 'જનતા'ની અપેક્ષાએ જ 'જૈન' શબ્દ પ્રયોજાયો છે. જનતાને મદારીના વાનર બનવું ન પાલવવું જોઈએ પણ સામાન્ય જનતા તો 'પ્રેરિત ગતિ'નું જ પરિણામ છે. જનમાંથી 'જૈન' બનવાની સંપ્રદાય નિરપેક્ષ સાધનપ્રક્રિયાનો અર્થ વાડીલાલને અહીં અભિપ્રેત છે. 'પ્રેરિત ગીત'વાળા માનવજીવનનું 'ગતિ' અને 'પ્રગતિ'ના જીવનમાં રૂપાંતર ગરવાનો માર્ગ ચીંધી એક પથપ્રવર્તક તત્ત્વજ્ઞ તરીકેનું કાર્ય એમણે સ્વેચ્છાએ સ્વીકાર્યું છે.

પોતાના પુસ્તક કે લેખના શબ્દનો ઉલ્લેખ કરવાનું કદી ટાળ્યું 'જૈનહિતેચ્છુ', 'જૈનસમાચાર', 'જૈન દીક્ષા' વગેરે શીર્ષકો જોઈ તત્કાલીન જૈનેતર સમાજ એમનાં લખાણો વાંચવાનું ટાળતો અને 'જૈન'ના આદર્શને અને આગ્રહને વળગી રહ્યા હોવાથી જૈનસમાજને તેઓ સત્ય અને હિતકર જરૂર કહેતા પરંતુ પ્રિય લાગે તેવું કહી શકતા નહિ એટલે જૈનસમાજ ઉપરાંત કેટલાક મુનિવરો એમની કલમથી નારાજ હતા. મધ્યકાલીન

ગુજરાતી વેદાંતી કવિ આખાની જેમ અંધશ્રદ્ધા, જડતા, સંકુચિતતા, કૂપમંડૂકતા, દંભ, પાખંડ, કુરિવાજો વગેરે તરફ લાલ આંખ કરી વાડીલાલે પણ જાગૃતિ લાવવાના અથાક પ્રયત્ન કર્યા. ભાષા ઘણી આકરી અને તેજાબી હોવાને કારણે સમાજ દ્વારા સ્વીકાર ઘણો ઓછો થયો અને વિરોધનો વંટોળ ઉઠ્યો. સાધુઓ સાથેના વાડીલાલના સંઘર્ષો અગણિત છે, એમનું ખમીર વિરોધને નોતરે ચે. આ ક્રોશ તીવ્રતમ છે અને નગ્નસત્ય કથન એમનો સ્વભાવ છે તેથી પરિણામે ઘોર નિરાશાનો સામો એમને ઉત્તરાવસ્થામાં કરવાનો આવ્યો. એમની અપ્રિયતા આવા તીખા સ્વભાવને આભારી હતી, એ વાતથી તેઓ વાકેફ હતા. એમણે નોંધ્યુ છે કે 'વાડીલાલ તે વખતે ખોટો નહોતો પણ ઘણો વહેલો હતોઃ કાં તો વાડીલાલને લાયક સમાજ નહોતો અગર તો સમાજને લાયક વાડીલાલ નહોતો.' (જૈ.હિ.૧૯૧૬, પૃ ૨૨૦). અતિશય લાગણીપ્રધાન અને નિસબતવાન વ્યક્તિને પોતાના જીવનભરના પરિશ્રમનું પરિણામ રૂડું ન મળે, તો નિરાશા જન્મે એ સ્વાભાવિક છે.

વાડીલાલને નીડરતાના સંસ્કાર એમના પિતા, માતા અને દાદી પાસેથી મળ્યા હતા. પિતા મોતીલાલનો વારસાગત વ્યવસાય તો વ્યાપારનો હતો પરંતુ એમણે કાયદાનો અને વૈદકનો અભ્યાસ ઘેર બેઠાં કર્યો હતો. તે જ સમયથી ગરીબોને વિનામૂલ્ય દવા આપવાનું શરૂ કરી દીધું હતું. સમય જતાં આ ત્રણમાંથી એકેય કામ અનુકૂળ ન આવ્યાં અને સાહિત્યમાં અભિરુચિ હોવાને કારણે. 'ઋક્મિણી હરણનો શ્લોકો' સાંભળીને વિગળનો અભ્યાસ કર્યો. ટૂંક સમયમાં મોતીલાલે ઓખા હરણનો શ્લોકો' રચી બતાવ્યો, પછી તો 'નેમવિવાહ', 'ઋક્મિણી હરણ' અને 'લીલહમીરની વાર્તા'ની રચના કરી. આઠ વર્ષની સતત મહેનત બાદ ૧૮૮૬માં 'ગુજરાતી શબ્દાર્થ કોશ' આપ્યો ઉપરાંત 'સદુપદેશમાળા' પણ લખ્યું આવા સાહિત્યપ્રેમી પિતાના મોટા દીકરા તે વાડીલાલ અમદાવાદ જિલ્લાના વિસલપુર ગામના વતની વાડીલાલનો જન્મ તો એમના મોસાળ વિરમગામે થયો હતો. બાલપણ ત્યાં જ વિત્યું અને અંગ્રેજી પાંચ ધોરણ સુધીનો

અભ્યાસ વિરમગામમાં જ થયો. એમના વ્યક્તિત્વ ઘડતરમાં માતા અને દાદીનો ફાળો અમૂલ્ય છે એચ એમણે ઘણી વખત નોંધ્યું છે. ૧૪ વર્ષની નાની વયે અમદાવાદમાં 'ન્યૂ હાઈસ્કૂલ'માં પ્રવેશ મેળવ્યો. કેટલાય વિદ્યાર્થીઓને અંગત ટ્યૂશન આપી અર્થપ્રાપ્તિની સગવડ પણ કરી લીધી. વિરમગામના એમના શિક્ષાગુરુઓએ તેમજ મામલતદારે મોતીલાલનો પત્ર લખ્યો કે - 'આ છોકરાનો આગળ ભણાવવામાં ગમે તેટલું કષ્ટ પડે તે સહન કરી લેવા અમારી ભલામણ છે.' ('મોતીકાવ્ય' ભાગ પહેલો ૧૯૧૧:પૃ.૬). માત્ર આ બે વાક્યો જ વાડીલાલ તેજસ્વી વ્યક્તિત્વની પ્રતીતિ કરાવવા માટે પૂરતાં છે.

મેટ્રિક્યુલેશનની પરીક્ષા પસાર કરી ગુજરાત કોલેજના પ્રથમ વર્ષમાં દાખલ થયા તે પહેલાં પિતાએ એમને ધાર્મિક અભ્યાસ તરફ વાળી લીધા હતા. સામાયિક, પ્રતિક્રમણ, ઉપવાસ જેવી ક્રિયાઓમાં તેઓ રસ લેતા થયા હતા. જૈનધર્મ અને શાસ્ત્રોને સંલગ્ન આવા તમામ શબ્દોના આગવા અર્થો વાડીલાલે પત્રકારનું જીવન સ્વીકાર્ય પછી આપ્યા છે, એમાં એમનાં વાંચન, અનુભવ અને સંસ્કાર નજરે પડે છે. કોલેજનાં પાઠ્યપુસ્તકો ઉપરાંત તેઓ ઈતરવાચન ખૂબ કરતા. આંગ્લ નિબંધકાર એડિસનથી અને 'The citizen of the world'ના લેખક ગોલ્ડસ્મિથથી, તેઓ એટલા બધા પ્રભાવિત થયા કે 'યુવક' તખલ્લુસ ધારણ કરી સાંસારિક, નૈતિક અને ધાર્મિક વિષયોની પત્રમાળાનો સમાવેશ કરનારા 'મધુયક્ષિકા' પુસ્તકનો પ્રથમખંડ ૧૮૯૪માં માત્ર ૧૬ વર્ષની ઉંમરે રચ્યો જેને પિતા મોતીલાલે ૧૮૯૯માં પ્રકાશિત કર્યો. ધાર્મિક સંસ્કારોને કારણે વાડીલાલને સાધુસંતોની મુલાકાત લેવાના પ્રસંગો ઉપસ્થિત થતા. એમાં એમના કોલેજ જીવન દરમિયાન ખંભાત સંપ્રદાયના એક પ્રભાવશાળી મુનિવર છગનલાલજી મહારાજનું પ્રવચન સાંભળ્યા બાદ એમને જીવનમંત્રની પ્રેરણા મળી અને જૈનસમાજમાં ઉદારચિત્ત વિચારોનો ફેલાવો કરવાના આશયથી એક માસિકપત્ર શરૂ કરવાની પિતા પાસે પરવાનગી માગી. પ્રિવિયસમાં ભણતો પુત્ર જાહેરજીવનમાં સક્રિય ભાગ લે તે એમને ઉચિત ન લાગ્યું

તેથી માસિકપત્રના તંત્રી બનવાનું પોતે સ્વીકાર્યું અને ૧૮૯૯ના એપ્રિલમાં 'જૈનહિતેચ્છુ'નો આરંભ થયો. ગૃહસ્થી ધર્મગ્રંથો ન વાંચી શકે એવી તત્કાલીન પ્રવર્તમાન માન્યતાને અવગણીને વાડીલાલે ગ્રંથોનું અધ્યયન શરૂ કર્યું. કોઈપણ વાતને તર્કની સરાણ ચઢાવ્યા પછી જ તે સ્વીકારતા. એમને સમજાયું કે સુવર્ણ મોઘું જ છે અને તે ગરીબો માટે નથીઃ 'આનંદ' અને 'જીવન' જેટલાં આકર્ષક છે તેટલાંજ મોંઘી કિંમતે મલે તેવાં છે. દુઃખને અટકાવવા ઈચ્છનારે દુઃખ ભોગવવા - શ્રમ ઉઠાવવા તૈયાર થવું જ જોઈએ. ત્યારથી એમણે જૈનજીવન જીવવાનો અને જૈન તત્ત્વજ્ઞાનને ચારિત્ર્યરૂપે વ્યવહારમાં મૂકવાનો નિશ્ચય કર્યો. જે બાર વ્રતોનું રહસ્ય તેઓ સમજ્યા હતા તે વ્રતોનું પાલન કરવાનો પણ મનોમન ઠરાવ કર્યો.

સમય પસાર થતાં જૈનતત્ત્વજ્ઞાન, થિયોસોફી, આર્યસમાજ, વેદાન્ત શોયનહોર, વિવેકાનંદ, એમર્સન અને રામતીર્થ વગેરેના સાહિત્યનો એમનો પરિચય થયો અને પરસ્પર વિરોધી સિદ્ધાંતોએ એમને ગભરાવ્યા. એક દિવસ, એક બહુસેલરની દુકાને એ જઈ ચઢ્યા અને ઉધઈ ખાધેલું, નહિ વેચાતું અંગ્રેજી પુસ્તક અડધી કિંમતે ખરીદવા બુકસેલરે આગ્રહ કર્યો. એ અપરિચિત લેખક તે ફ્રેડિરક નિત્શે અને પુસ્તક 'Beyond good and evil'. આ ઘટનાને વાડીલાલે ઘણી વિગતે આલેખી છે કારણ એમના જીવનનો અહીં મોટો વળાંક જોવા મળે છે. જીવન વિશેને એમનો અભિગમ બદલાઈ ગયો. નિત્શે પાસેથી એમને Superman શબ્દ મળ્યે જેનો અર્થ સમજાવવા એમણે, અપાવદરૂપ પુરુષ, લોકોત્તર પુરુષ, શ્રેષ્ઠ પુરુષ, પૂર્ણાવતાર, યુગપ્રધાન, પુરુષોત્તમ, પુરુષસિંહ, મહાપુરુષ અને મહાવીર શબ્દો પ્રયોજ્યા છે. આ Superman, મહા-વીર કોણ એ સ્પષ્ટ કરવા તેઓ લખે છે કે Superman એટલે પ્રકાશની પાછળ ચાલનારો નહિ પણ જેની પાછળ પ્રકાશ ચાલતો હોય એવો પુરુ,, ભક્ત નહિ પણ જ્ઞાનયોગ પ્રેરિત કર્મયોગી પ્રકટી આવે અને તૈયાર થયેલી સર્વ શક્તિઓનો સદુપયોગ, અને સમન્વય કરી શકે'. આ ઉપરાંત 'તીર્થંકર' એટલે પણ

Superman એમ સમજાવતાં કહ્યું છે - "તીર્થંકર એટલે નવાં સ્વરૂપો ઘડનાર-સ્રજનાર બ્રહ્મા! તીર્થંકર એટલે તોડવા - ઘડવા મારપત 'તત્વ'ને જાળવી રાખનાર વિષ્ણુ! તીર્થંકર એટલે મહાન કારીગર, " (જૈ. હિ. ૧૯૨૧, જૂન પૃ.૧૭)

નિત્શેના 'The Gospal of Superman'ના માનપૂર્વકના અભ્યાસ બાદ 'મહાવીર સુપરમૅન' શીર્ષકવાળો વિસ્તૃત નિબંધ વાડીલાલે લખ્યો હતો. જે ૧૯૨૭માં પ્રસિદ્ધ કર્યો હતો. નિત્શેના 'Thus spoke Zarathustra'ના વાંચન બાદ સતત સાઠ કલાકની ઐચ્છિક કેદના સેવન દ્વારા એમણે 'મહાવીર કહેતા હવા'ની રચના કરી એ પુસ્તક વીસમી સદીના હિંદ માટેની 'રાષ્ટ્રીય ગીતા' છે. વાડીલાલના કથન મુજબ એ સક્તિશાળી વ્યક્તિત્વ ઘડનારી એક ભાવના', 'નવા યુગના માનવ માટે નવું અંતઃકરણ ઘડનાર હથોડો', 'સિંહનાદ, કૈવલ્ય અને મુક્તિનો મંત્ર,' 'કૂદદા મારતી ઊભરાઈ જતી શક્તિ અને જીવન શાસ્ત્રનો શિક્ષક' તથા 'રાજકીય તેમજ આધ્યાત્મિક સ્વરાજ્યની ચાવી'છે. એમાં માનવજીવનનું ગૂઢતમ તત્વજ્ઞાન રુપક પ્રયોજીને સમજાવવામાં આવ્યું છે. એમણે મહાવીર સ્વામીને મહા-વીરની ગણનામાં લીધા છે. વા.મો. શાહના ગદ્ય સર્જનમાં 'મસ્તવિલાસ', 'જૈનદીક્ષા', 'મહાવીર કહેતા હતા', 'પોલિટકીલ ગીતા,' 'એક,' 'આર્યધમ,' 'નગ્નસત્ય,' વગેરેને મહત્ત્વનાં ગણવાં પડે. 'મસ્તવિલાસ' ૧૯૨૬માં અને 'જૈન દીક્ષા' ૧૯૨૯માં લખાયાં તેમાં ગૂઢ ચિંતન વ્યક્ત થયું છે. 'મસ્ત વિલાસ' વાડીલાલે ફ્રેડરિક નિત્શેને અર્પણ કર્યું છે. આ કોઈ નીતિગ્રંથ કે ધર્મશાસ્ત્ર કે યોગશાસ્ત્ર નથી પરંતુ જીદી જુદી ભૂમિકાઓ પર ખેલતા, ક્રિયા કરતા, વિચરતા આત્મા અથવા બ્રહ્મની ક્રિયાને, સામાન્ય જનસમુદાયને બુદ્ધિગમ્ય બનાવવાનો પ્રબળ પુરુષાર્થ છે. વાડીલાલના જીવનપર્યંતના જ્ઞાન અને અનુભવના નિચોડરુપ તત્ત્વજ્ઞાનના ગૂઢતમ સત્યોને કથાઓ રૂપે વર્ણવી અધિક સરળ બનાવવાનો છે એમનો આશય સફળ થયો છે. આવા હળવા સંવાદ દ્વારા વાડીલાલે જૈનધર્મના કર્મના સિદ્ધાંતને સહજતાથી સમજાવ્યો છે. વાર્તાઓમાં વણાઈને

આવતો તત્ત્વબોધ આ ગ્રંથની ગુણવત્તાને વધારે છે. આ ગ્રંથ વાડીલાલનો છે.

આવો જ બીજો ગ્રંથમણિ તે 'જૈન દીક્ષા' જેમાં મિ. શો. ચેતનવાદની શોધમાં નીકળ્યો છે તે જુદા જુદા ધર્મનાં તત્ત્વોનો અભ્યાસ કરવાની અભિલાષા ધરાવે છે.

૧૯૨૧માં 'પોલિટકીલ ગીતા અથવા ધ ફિલોસોફી ઑફ લાઈફ' પુસ્તક પ્રગટ થયું ત્યારે અંગ્રેજ સરકાર તરફથી એને જપ્ત કરવાના ઓર્ડર નીકળી ગયા હતા. ખબર પડતાંજ વાડીલાલે પુસ્તક રાતોરાત તૈયાર કરાવી પોસ્ટમાં રવાના કરાવી દીધા અને બર્નાર્ડ શો તેમ જ એચ.જી.વેલ્સને પણ નકલો મોકલી પરિસ્થિતિથી વાકેફ કર્યા. અસહકારના આંદોલનમાં સફળતા કે નિષ્ફળતા ક્યારે મળે એની સૈદ્યાન્તિક ચર્ચા કરી વાડીલાલે ગાંધીજીને પત્ર લખવા ધાર્યું હતું પરંતુ એ પત્ર ૨૦૦ પાન જેટલો લાંબો થઈ જતાં એને પુસ્તક રૂપે ગોઠવીને દુનિયાભરના વિચારકોને મોકલવા નક્કી કર્યું હતું. એમાં માનસશાસ્ત્ર અને અધ્યાત્મશાસ્ત્રની દૃષ્ટિએ રાજકીય ઘટનાઓ ઉપર, દુનિયાની તત્કાલીન પરિસ્થિતિ પર, અસહકારના ધર્મયુદ્ધ પર અને સંભવિત ભવિષ્ય પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

'એક' શીર્ષકવાળા નાનકડા પુસ્તકમાં રૂપકાત્મક રીતે 'એક'નું તત્ત્વજ્ઞાન વ્યક્ત કર્યું છે. પરમાનંદ પ્રાપ્ત કરવા એકતાની જરૂર છે. બ્રહ્મને જ ભાવનામાં ઓતપ્રોત કરી શકનાર જિંદગીનો આનંદ માણી શકે છે. મન, વાણી અને કાયાની એકતા જ માનવને દેવ બનાવે છે. આ વિચાર, વાણી અને વર્તનની એકતા; જ્ઞાન, ભાવ અને ભક્તિના ઐક્યની ઊંડી ફિલસૂફી દ્વારા રજૂ કરવામાં સર્જક સફળ રહ્યા છે.

'આર્યધર્મ'ના નાનકડા પુસ્તકમાં દાન, શીલ, તપ અને ભાવના વિશેષ અર્થ દર્શાવી દૃષ્ટાંતો આપી વિવેચના રજૂ કરી છે તો 'જૈનહિતેચ્છુ'માં ૧૯૧૫માં 'નગ્નસત્ય' લેખમાવાની વાડીલાલે શરૂઆત કરી જેની સૂત્રાત્મક શૈલી અને આખાબોલાપણું શ્રી સી. બી. ગલીઆરાને સ્પર્શી ગયું અને

'નગ્નસત્ય' માટે રૂા. ૧000/-નું ગલીઆરા પારિતોષિક વાડીલાલને પ્રાપ્ત થયું. શ્રી નાનચંદજી મહારાજે 'નગ્નસત્ય' વિશે મંતવ્ય આપતાં નોધ્યું છે કે 'ઊંડા મનન-ચિંતનને પરિણામે 'સત્ય' શોધી એને નગ્નસ્વરૂપે સમાજ પાસે રજૂ કરવું એ કપરું કાર્ય છે. એ તો જેને અનુભવ થયો હોય તે જ જાણે. 'નગ્નસત્ય' એટલે આગનો તણખો ચોધારું શસ્ત્ર, એટલે જે જે પ્રદેશને એ તણખો સ્પર્શે તેને પોતા રૂપ બનાવી તેમાં પ્રકાશ રેલે; જીવનવિકાસનાં અવરોધક બળો એટલે રૂઢિગત જીવન પ્રણાલિકાઓ.'

વાડીલાલના પત્રકારિત્વના વિકાસક્રમની દૃષ્ટિએ ત્રણ ત્રબક્કા પાડી શકાય. ઈ.સ.૧૮૯૯થી ૧૯૧૨ સુધીનો ગાળો જેમાં સ્થાનકવાસી જૈનોને લક્ષ્યમાં રાખીને લેખો લખ્યા.

વાડીલાલે 'જૈનહિતેચ્છુ' માસિક પત્રની જેમ 'જૈનસમાચાર' સાપ્તાહિક પણ શરૂ કર્યું હતુ મુનિશ્રી નાનચંદજીનાં લખાણો અને કાવ્યો ઘણી મોટી સંખ્યામાં એ સાપ્તાહિકમાં પ્રગટ થયાં હતાં. વાડીલાલે તો કન્યાવિક્રય, બાળલગ્ન, વૃદ્ધલગ્ન વગેરે સામે ઉગ્રતાથી લખ્યું છે તો જ્ઞાતિસુધારણા, સમાજકેળવણી જેવા પ્રશ્નોની વિશદ ચર્ચા કરી હતી. ૧૯૧૨માં ખાસ કારણોસર 'જૈન સમાચાર' બંધ કરવું પડ્યું હતું તે સમયે 'સાધુમાર્ગી જૈન સંઘને છેલ્લી સલામ' શીર્ષકથી લેખ લખ્યો જે એમના જીવનના ઉચ્ચ વિચારો અને આદર્શોને વ્યક્ત કરે છે તો 'જૈન બનવાથી ઊભી થતી મુશ્કેલીઓ'માં એમની આત્મકથા, નિરૂપાઈ છે. શ્રી ભગુભાઈ કારભારીએ વાડીલાલના 'જૈનસમાચાર' પત્ર પર બદનક્ષીનો દાવો કોર્ટમાં માંડ્યો હતો. વાડીલાલને બે મહિનાની આસાનકેદની સજા પણ થઈ હતી, છતાં ભગુભાઈ કારભારી સ્વર્ગવાસી બન્યા ત્યારે વાડીલાલે નોધ્યું કે 'મૂર્ખાઓથી ભેટવા કરતાં સજ્જનોથી લડવું એ વધારે ઈચ્છવા યોગ્ય છે.'

વાડીલાલ જિંદગીભર સમાજ અને ધર્મ માટે ઝઝૂમતા રહેના ઉત્તમ ચારિત્ર્યશીલ મામસ રહ્યા પરંતુ સમાજે કરેલો અનાદર એમને માટે અસહ્ય બની ગયો. ૧૯૧૯ પછી જૈન ઉપાશ્રયોનાં પુસ્તકાલયોમાં સંગ્રહાયેલું

એમનુ સાહિત્ય ઝડપથી અદૃશ્ય થી જવા પામ્યું હતું. એમના સામાયિક પત્રોના અંકો અને પુસ્તકો પણ નાશ પામ્યા હતાં. ૧૯૧૫ પછી તો 'જૈનહિતેચ્છુ' ત્રૈમાસિક બની ગયું. વાર્ષિક લવાજમના આઠઆના પણ ગ્રાહકો મોકલતા નહિ. પછી તો એ નિયમિત રીતે અનિયમિત પત્ર બની ગયું. ૧૯૧૯ થી ૧૯૨૧ની સાલનું ત્રણ વર્ષનું લવાજમ વસૂલ કરવા ૧૯૨૧ના જૂનમાં એમણે ચારસો પચાસ પાનાંનો દળદાર અંક પ્રગટ કર્યો. ૫૦૦૦ ગ્રાહકોમાંથી માત્ર ૫૦૦નું જ લવાજમ આવ્યું એટલે રૂા. ૧૧૦૦/- જેટલું ટપાલખર્ચ વાડીલાલને ભોગવવું પડ્યું પરિણામે એમને ખૂબ નિરાશા થઈ, 'જૈનહિતેચ્છુ' બંધ કર્યું અને પોતે કલમ બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું. એમનો દીકરો જર્મની હતો ત્યાં તેઓ જતા રહ્યા. પણ ત્યાંથી આવ્યા બાદ બીજાં કેટલાંક દારણોસર કલમ બ્રહ્મચર્ય છોડવું પડ્યું અને 'મસ્ત વિલાસ' ૧૯૨૬માં તેમજ 'જૈનદીક્ષા' ૧૯૨૯માં ઉપલબ્ધ થયાં.

અંતે, તત્ત્વજ્ઞ તરીકે વાડીલાલની દૃષ્ટિ રાજકીય, સામાજિક, ધાર્મિક અને આધ્યાત્મિક પરિબળો પર સ્થિર થયેલી છે, પરંપરા સાથે વિદ્રોહ એમની લાક્ષણિકતા રહી છે. તત્ત્વજ્ઞાન જેવા ગહન વિષયમાં એમનું આગવું દર્શન, અર્થઘટન અને આગવી સિદ્ધાંન્ત સ્થાપનાને લીધે એ સમયગાળાના ચિંતકો કરતાં વા.મો.શાહ જુદા જુદા તરી આવે છે. ઝવેરચંદ મેઘાણીએ એમને 'ચિંતન ગદ્યના જનક' કહીને બિરદાવ્યા છે તો બ.ક. ઠાકોરે નર્મદથી માંડીને ગુજરાતી ગદ્ય લેખકોમાં ઉત્તમ વીસ કોણ એ પ્રશ્નના જવાબમાં દસ નામ ગણાવ્યાં છે જેમાં છઠ્ઠા ક્રમે વાડીલાલ શાહને મૂક્યા છે. હિમતલાલ અંજારિયાએ એમને 'ગુજરાતી ગદ્યના ઘડનારા' કહ્યા છે તો વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને વાડીલાલના ચિંતનમાં ઊંડાણ અને સ્વતંત્રતા નજરે પડ્યાં છે. એમની શૈલીમાં પ્રવાહિતા અને ઓજસ છે એમ દર્શાવ્યું છે. આ ગદ્યસ્વામીને એમના જ એક વાક્યથી અથ-ઈતિ ઓળખીએ તે છે 'મારું લખાણ એ મારા જીવનનો તરજૂઓ છે,'

# બહુમુખી પ્રતિભાવંત શ્રી સુશીલનું સર્જન

▯ ડૉ. રેણુકાબેન પોરવાલ

એક વિદ્વતરત્ન, તખલ્લુસ, 'સુશીલ'નામ ભીમજીભાઈ હરજીવનદાસ પરીખ, જૈન તથા જૈનેત્તર સમાજમાં પોતાની કલમની તાકાતથી ઝંઝાવાત સર્જનાર શ્રાવકવર્યની આ કથની છે. સુશીલે જીવનમાં જૈન દર્શનના પાંચ અણુવ્રતોનું પાલન કર્યું હતું. વધુમાં બ્રહ્મચારી એટલે સાત પેઢી સુધીનો અખૂટ ખજાનો ભરવાની લાલચ નહિ. વળી માતૃભૂમિને સ્વતંત્રતાનો સ્વાદ ચખાડવા સ્વાતંત્ર સૈનિક તરીકે છએક માસનો કારાવાસ પણ ભોગવેલ. નિસ્પૃહી, નિર્મોહી, મસ્ત ફકીરોનું મનમોજી જીવન તેઓ જીવ્યા એક સન્યાસીની જેમ સમાજને ફક્ત અર્પણ કરવાની જ ભાવના તેમને હતી. 'જૈન' સાપ્તાહિકના સફળ સુકાની તરીકે પોતાની આગવી વિશિષ્ટ શૈલીથી એને પ્રતિષ્ઠાસંપન્ન અને લોકપ્રિય બનાવ્યું, જીવનના અંત સુધી 'જૈન'ની સેવા કરી, અહીં 'જૈન' શબ્દમાં સાપ્તાહિક અને શાસન બંનેનો સમાવેશ છે.

સુશીલનો જન્મ ઈ.સ. ૧૮૮૮માં સૌરાષ્ટ્રના લીંબડી મુકામે થયો હતો. ત્યાંની મીડલ સ્કૂલમાં આઠમી (મીડલ) સુધીનો અભ્યાસ કર્યો અને ત્યારબાદ અમદાવાદ અને કાશી જઈ બાકીનું શિક્ષણ ઉપરાંત ધાર્મિક અભ્યાસ કર્યો. ભણતરની સાથે ઉચ્ચ ચારિત્ર અને સંસ્કારનું ઘડતર વિજય ધર્મસૂરિજીના સાન્નિધ્યમાં થયું.

કારણકે ચાલીસથી વધુ વર્ષ પત્રકાર રહ્યા. 'સૌરાષ્ટ્ર' કચ્છ કેસરી, ફૂલછાબ, જય સ્વદેશ, યુગધર્મ, આનંદ, અને 'જૈન' સાપ્તાહિકના ધારદાર અગ્રલેખો/તંત્રીલેખો લખ્યા. એ તેમનાં ૨૫ વર્ષ સુધીનાં લેખો સાંપ્રત સમાજની વાચા છે. એમણે ઘણીવાર અગ્રલેખોમાં ગાંધીજી જેવાને પણ સલાહ સૂચનો કર્યા છે. એમની નિર્ભય કલમ તેજ તલવાર કરતાં પણ વધુ

ખતરનાક તીવ્ર અસરકારક હતી. એક લેખક તરીકે તેમણે ૪૫ જેટલાં ગ્રંથો લખ્યા. એમાં ઈતિહાસ, ચરિત્રો, આખ્યાયિકાઓ, કરૂણારસભાર કથનીઓ, જ્યોતિષશાસ્ત્રના ગ્રંથો, અનુવાદો વગેરે મુખ્ય છે.

એમની કૃતિઓમાં માતૃપ્રેમ, વાત્સલ્ય, નારી પ્રત્યેનો કુણો અભિગમ, બાળકના મનમાં આકાર પામતી વિવિધ વેદના, કુતૂહલ તથા સુકોમલતા આ બધા મનમાં ઉત્પન્ન થતાં રસ વિવિધ ભાવોને કોઈ અજબ રીતે જ તેમણે લીપિબધ્ધ કર્યા છે. એમની કૃતિમાં નિરુપિત કરુણ રસનું તત્ત્વ વાંચનારના હૃદયમાં દરિયાની ભરતીની જેમ નિરંતર હિલોળા લેતું વધતું જ રહે છે. તેઓ હૃદયગમ શબ્દોથી પ્રસંગોની ગોઠવણી કરે છે જેથી કૃતિમાં પ્રવાહિતા જળવાય રહે. તેમાં કૃત્રિમતા નથી પરંતુ સાહજિકતા છે. ભોળાદિલના સુશીલમાં સ્વયંસ્ફૂરિત મૌલિક વિચારોને લેખની દ્વારા વ્યક્ત કરવાની કુનેહ હતી.

એણે રચેલા ચરિત્રગ્રંથોમાં 'મહાવીર સ્વામી જીવન વિસ્તાર', શ્રી આત્મારામજી, શ્રી વિજય ધર્મસૂરિજી, સમ્રાટ અકબર, અંબડ, પેથડ શાહ, બિંબિસાર, સમરાદિત્ય કેવળી, ભદ્રબાહુસંહિતા વગેરે છે. સરાદિત્ય કેવળીની કથામાં લેખક શ્રમણ સંસ્કૃતિના પ્રધાનસૂર વિશે પ્રરુપણા કરે છે.

આ હરિભદ્રસૂરિજીની ભવાંતરની મૂળ કથા છે, પરંતુ એને ગુજરાતી ભાષામાં રસદાયકરીતે સુશીલે વર્ણવી છે. વેરનું એક નાનું બીજ ધીરે ધીરે કેવી રીતે વધે છે તે કથાના ગુણસેન યુવરાજ અને કદરૂપા અગ્નિશર્મા દ્વારા દર્શાવ્યું છે. ગુણસેન પ્રથમ તો અગ્નિશર્માની ખૂબ પજવણી કરતો હતો પરંતુ જ્યારે એ (અગ્નિશર્મા) તપસ્વી બન્યો ત્યારે એને પોતાની ભૂલ સમજાય છે, એની માફી માંગે છે. વિધિની વક્તાને લીધે બંનેમાં રોપાયેલ વેરનાં બીજ ભવાટવીમાં વધતાં જ રહે છે. કથાના ચરિત્રનાયક ગુણસેન છેલ્લા ભવમાં સમરાદિત્ય મહામુનિ બને છે. અગ્નિશર્મા એ સમયે ગિરિસેન નામનો ઈર્ષ્યાળુ ઘાતકી માનવ બને છે. તે વેર લે છે. દિક્ષીત સમરાદિત્ય ને આખો જ સળગાવી દે છે ત્યારે સમરાદિત્ય ઉપશમ ભાવ રાખીને શાંત રહે છે, ફરી પોતાનું અધ:પતન નથી જવા દેતા, અંતે કેવળી બની મોક્ષમાર્ગમાં

સંચરે છે સાથે પાપી ગિરિસેનને પણ સાચો માર્ગ દર્શાવે છે. આ કથામાં નાયક દ્વારા અપાતો બોધ વ્યાખ્યાન શૈલીનો હોવાથી વાચકના મન પર ધારી અસર કરવા શક્તિમાન છે. ક્ષમા, કરુણા અને મૈત્રી ભાવ કથાના અંતસુધી સતત દશ્યમાન છે જે વાચકના જીવનમાં પણ દયાને અગ્રિમ સ્થાન અપાવે છે.

આ ખારવેલના શિલાલેખનું સાચું અર્થઘટન કરવા તનતોડ પ્રયત્ન કર્યો. સૌ પ્રથમ ઈ.સ.૧૮૨૫મા એ બ્રાહ્મી લિપિના લેખ વિશે જાણ થઈ. ત્યારબાદ ભગવાનલાલે એ જૈનોનો લેખ છે એમ કહ્યું પરંતુ એમાં થોડી પંક્તિઓ ઉકેલાતી ન હતી એ સુશીલ અને તેના મિત્ર રાખાલદાસ બેનરજીએ મળીને ૧૯૧૩માં અંગ્રેજ વહીવટદારો પરવાનગી લઈ ત્યાં એક મહિનો રોકાઈને ઊંચાઈએ આવેલા એ લેખ પર પાલખ બાંધીને નજદીકથી નિરીક્ષણ કર્યું.

લેખકની અન્ય કૃતિ જગતશેઠમાં તેમણે મેળવેલ શમેતશિખરજીનો કબજો-ફરમાન તથા તેમને વિશેની સિલસીલાબંધ પ્રમાણભૂત વિગતો મુસ્લિમ અને અંગ્રેજ ગ્રંથોમાંથી લઈને પણ આપી છે. એમાં બંગાળ અને ભારતની તે સમયની રાજકીય અને સામાજિક પરિસ્થિતિનો ચિતાર જોવા મળે છે. ફારસી પુસ્તકમાંથી અવતરિત માહિતી આ પ્રમાણે મળે છે.

''મરાઠાઓના હલ્લા વખતે મીરહબીબ જગતશેઠના ઘરમાંથી બે કરોડ રૂપિયા રોકડા સિક્કા લઈ ગયો આ પછી પણ તેમની પાસે ઘણું હતું.''

જૈન સમાજના આ મુત્સદી શ્રેષ્ઠીઓએ દેશ અને પ્રાંતને બચાવવા કેટલી કુરબાની આપી એ સર્વ વિગતો ખાનગી દસ્તાવેજો, પત્ર વ્યવહાર, પટ્ટાઓ અને મુગલાઈ ફરમાનમાંથી ઝળકે છે. 'જગતશેઠ' એ એક વ્યક્તિનું વિશેષનામ નથી પરંતુ નાગોરથી આવેલ હીરાનંદના વંશજ માણેકચંદ અને તેના વંશજોને પેઢી દર પેઢી મોગલ દરબાર અને ત્યારબાદ અંગ્રેજ સરકાર તરફથી અપાતું બહુમાન/ઉપાધિ છે.

લેખકની સામાજિક કૃતિઓમાં અવ્વલ નંબરનું સ્થાન 'હું અને મારી

બા'નું આવે છે. આ પુસ્તકની બીજી આવૃત્તિ ૨૦૦૪માં થઈ. એમાં લેખક સુશીલ મા-બાપના પ્રેમને સૂર્ય-ચંદ્ર સાથે સરખાવે છે. માતા પિતા જો બાળક સાથે સ્વચ્છ, સતેજ અને પવિત્ર વ્યવહાર રાખે તો બાળકના હૈયા સોળે કપાસે ખીલી નીકળે છે, નહિં તો તેઓ રસહીન અને વિકૃત થઈ જીંદગી વિતાવે છે. લેખકની આ કૃતિ પરથી જણાય છે કે તેઓ માનસશાસ્ત્રી પણ હતા કારણકે બાળમન પરખવું અને એનું ચિત્રણ કરવું કંઈ નાનીસુની વાત નથી. તેઓ જણાવે છે કે "બાળક તો જન્મથી જ સંસ્કારભૂખ્યું હોય છે. એ ચૈતન્યનો સાક્ષાત ફુવારો છે. માતા બાળકને ફક્ત દૂધ નથી પાતી પરંતુ સાથે સાથે પોતાનું મન, હર્ષ, શોક, આનંદ, વિનોદ વગેરે બધું જ દૂધ સાથે એના દિલમાં પ્રવેશે છે. વાત્સલ્યથી ઉભરાતી પ્રસ્તુત કૃતિ છે.

સન ૧૯૨૫ની આસપાસ 'જૈન' સાપ્તાહિકના ટ્રસ્ટે સુશીલના બધાં પુસ્તકો પ્રકાશિત કર્યા હતા. એને વિશે ગુરુવર શ્રી પ્રદ્યુમ્નસુરિજી લખે છે કે... "આ પુસ્તકોનું પુનઃપ્રકાશન કોઈ કરે તો ઘણું સારું. વર્ષો વીતતા ગયા તેમને થયું કે કોઈક શું કામ! જાતે ન થાય!" અને ગુરુદેવે પ્રેરણા કરી જેથી નવી પેઢી સુશીલની કલમથી પરિચિત થાય."

અર્પણ અને ક્ષમાશ્રમણ બંને ગ્રંથોનો સમાવેશ એક પુસ્તકના બે વિભાગોમાં કર્યો છે. એમાં નંદીષેણ, કાલકાચાર્ય, આર્દ્રકુમાર વગેરે ચારિત્રધારી વીર પુરુષોની વાત છે.

ગુરુ ભગવંત સુશીલના પુસ્તક 'પુરાણા પુષ્પો'મા કહે છે કે તેમને બે જ લેખક ગમતાં એક શ્રી સુશીલ અને બીજા શ્રી વ.કાં. ઈશ્વરલાલ. સુશીલ બંગાળી સાહિત્યના ઊંડા અભ્યાસી હતા. અનુવાદો પણ તેમણે ઘણા કર્યા છે. ગુરુદેવે 'પાઠશાળા'નામનું મેગેઝીન ચાલુ કર્યું તેમાંથી લોકોની વાંચન પ્રત્યેની રુચી જોઈ આવા દુર્લભ પુસ્તકોને ફરી પ્રકાશિત કરી લોકો સમક્ષ મુક્યું જે આવકાર પામ્યું."

ભાઈશ્રી દેવચંદભાઈ શેઠે 'જૈન' દ્વારા સુશીલના બધાં પુસ્તકોનું પ્રકાશન કરાવ્યું. દેવચંદભાઈની દીર્ઘદર્શિતા, મેઘાણીની પ્રેરણા અને સુશીલની દિવ્યદૃષ્ટિ તથા આ સર્વ પુસ્તકોની બીજી આવૃત્તિ પ્રકાશિત કરવાના

પ્રેરણાસ્ત્રોત ગુરુ પ્રદ્યુમનસૂરિજીને ભાવભર્યા વંદન

## સુશીલનાં પ્રકાશિત પુસ્તકોની યાદી

મહાવીર જીવન વિસ્તાર

અર્પણ

આ. વિજય ધર્મસૂરિજી - (ચરિત્ર)

આત્મારામજી (ચરિત્ર)

ઈસ્લામના ઓલિયા

ચંપારણમાં ગાંધીજી

બારિન્દ્ર કુમારની જેલયાત્રા

દુર્ગેશ નંદીની

મૃણાલિની

સથી

ગૃહલક્ષ્મી (અનુવાદ)

શ્રેણિક બિંબિસાર

કલિગનું યુદ્ધ યાને ચક્રવર્તી રાજા ખારવેલ

અંબડ ચરિત્ર

સમ્રાટ અકબર

માતૃદેવો ભવ

કીર્તિશાલી કોચર

ધર્મજીવન

ધર્મ મંગળ

સ્થવીર જાતક

સમરાદિત્ય કેવળી ચરિત્ર

ભદ્રબાહુ સંહિતા

બડીદીદી (બંગાળીમાંથી અનુવાદ)

ઘરે બાહિરે

શ્રીકાંત

જૈન રામાયણ સચિત્ર

પુરાણાં પુષ્પો

ક્ષમાશ્રમણ

જગત્‌શેઠ

વેરનો વિપાક

હું ને મારી બા

(અનુવાદ (મરાઠી શ્યામચી આઈ)

કલ્પસૂત્ર સુબોધિકા

મહાવીરની મહાદેવીઓ

પુનર અવતાર

ધર્મતત્ત્વ

કારાવાસની કથાઓ

શુભનામ સ્મરણસૂત્ર

નવી દુનિયા અને બીજી વાતો

# શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ
# એક વિરલ વિદ્વત્પ્રતિભા

▯ ડૉ. કાન્તિભાઈ બી. શાહ

એમના તત્કાલીન અને પછીના કેટલાક સાક્ષર મહાનુભાવોએ મોહનભાઈના વિદ્યાકાર્યને બિરદાવતા જે પ્રતિભાવો આપ્યા છે એમાં મોહનભાઈએ કરેલા વિદ્યાપુરુષાર્થનો અણસાર પામી શકાશે.

મુનિ જિનવિજયજી લખે છેઃ ''મોહનભાઈ જો ન જન્મ્યા હોત તો કદાચ જૈન ગૂર્જર કવિઓની ઝાંખી કરવા જગતને ૨૧મી સદીની વાટ જરૂર જોવી પડત.''

સુપ્રસિદ્ધ સંશોધક-વિવેચક કેશવલાલ હ. ધ્રુવ લખે છેઃ ''તમે જૈન ગુજરાતી સાહિત્યની જેવી સેવા બજાવી છે તેવી જૈનેતર ગુજરાતી સાહિત્યની સેવા બજાવનાર કોઈ નથી.''

પ્રસિદ્ધ ભાષાવિદ અને કવિ નરસિંહરાવ દીવેટિયા કહે છે :'' આવા આકરગ્રંથનું અવલોકન કરવું એ મારા જેવાના સામર્થ્યની બહાર છે.''

પ. સુખલાલજી લખે છેઃ ''તેમની સંશોધન અને સંપાદનની ધગશ એટલી બધી ઉત્કટ હતી કે કોઈ એ વિશે તેમની પાસે મદદ માગે તો... આ વધારાનો બોજો લેવાનું તેઓ સ્વીકારે અને તેને નિભાવે પણ.''

હવે આપણી નજીકના કેટલાક પ્રતિભાવો નિહાળીએ. હરિવલ્લભ ભાયાણી લખે છેઃ ''મો. દ. દેસાઈ એટલે ચાળીસેક વરસનો અણથક કઠોર પુરુષાર્થ દેસાઈના બન્ને આકરગ્રંથોના બાદશાહી ખજાનાનો હું પોતે મારા કામ માટે વરસોથી લાભ ઉઠાવતો આવ્યો છું....તેમાં એવી વિપુલ માહિતી સંચિત કરેલી છે, જેને લીધે તે મધ્યકાલનાં સાતસો વરસનો સાહિત્ય ને સંસ્કૃતિનો વૃતાંત તૈયાર કરવા માટેનો એક સામગ્રી ભંડાર બની ગયો છે.''

ભોગીલાલ સાંડેસરાએ મોહનભાઈના આ કામને 'કપૂરનું વૈતરું' કહીને નવાજ્યું છે.

પૂ. આચાર્ય પ્રદ્યુમ્નસૂરિજીએ કહ્યું, ''મોહનભાઈએ...વિદ્યાકાર્યનો અખંડ મહાયજ્ઞ જ માંડ્યો...તેને સંપૂર્ણ સમર્પિત થઈને તેઓએ મધ્યકાલીન જૈન સાહિત્યના ઈતિહાસનો અખંડ દીવો પ્રગટાવ્યો.''

પૂ. આચાર્ય શીલચંદ્રસૂરિએ એમને One Man University કહીને જણાવ્યું કે ''જે કાર્ય આજની સાધનસામગ્રીથી સભર પરિસ્થિતિમાં પણ એક આખી સંસ્થા કે વિશ્વવિદ્યાલય જ કરી શકે તેવું કાર્ય ટાંચાં લગભગ નગણ્ય-સાધનો દ્વારા આ વ્યક્તિએ એકલા હાથે કરી બતાવ્યું છે.''

જયંત કોઠારીએ કહ્યું કે ''જૈન ગૂર્જર કવિઓ'ને આધારે પીએચ.ડી.ની ડિગ્રી માટેની સો થિસીઓ તૈયાર થઈ શકે.''

**જીવન પરિચય:-** તો આ રીતે સાક્ષરવર્યોમાં જેમની સારસ્વતસેવા બિરદાવાઈ છે એવા શ્રી મોહનભાઈનો જન્મ ૬ એપ્રિલ ૧૮૮૫ના રોજ રાજકોટ જિલ્લાના લુણસર ગામે મૂર્તિપૂજક જૈન વણિક કુટુંબમાં થયો. પિતા દલીચંદભાઈ, માતા ઊજમબા. કુટુંબની આર્થિક સ્થિતિ સામાન્ય. પણ મામા પ્રાણજીવન મોરારજી રાજકોટ સ્ટેટના ડેપ્યુટી એજ્યુ. ઈન્સ્પેક્ટર હતા. એમને ત્યાં રાજકોટમાં રહીને માધ્યમિક શિક્ષણ લીધું. મામાની નીતિનિષ્ઠા, સાદગી, પરોપકારવૃત્તિ, સાહિત્યપ્રીતિ, ધર્મરુચિ અને સત્યનિષ્ઠાના સંસ્કારો મોહનભાઈના જીવનમાં ઊતરી આવ્યા. મામા-ભાણેજ વચ્ચે આત્મીય સંબંધ જળવાયો. કૉલેજ અભ્યાસ માટે મુંબઈ ગયા. ૧૯૦૮માં બી.એ. અને ૧૯૧૦માં એલ.એલ.બી. થયા. ૧૯૧૦થી ૧૯૪૫ સુધી મુંબઈની સ્મૉલ કૉઝ કોર્ટમાં વકીલાત કરી. પણ વકીલાતમાં પણ સત્યપ્રિયતા છોડવાનું પસંદ ન કર્યું. એથી તો ફોજદારી કેસો એમણે કદી હાથ ઉપર લીધા જ નહીં.

આ વ્યવસાયની સાથે જાહેર જીવનમાં પણ એટલા જ સક્રિય રહ્યા. જેમ કે મહાવીર જૈન વિદ્યાલયના સ્થાપક સભ્યો પૈકીના એક, જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સના જૈન એજ્યુ. બોર્ડના સેક્રેટરી, ક.મા.મુનશીએ સ્થાપેલી સાહિત્ય સંસદના સ્થાવક સભ્ય, જૈન એસોસીએશન ઓફ ઈન્ડિયાના કાર્યકર્તા, જૈન યુવક સંઘ યોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળાના

નિયમિત વ્યાખ્યાતા. આમ જૈન સાહિત્ય અને સમાજની સેવા એ એમનું જીવનધ્યેય રહ્યું; અને તે કશાયે વળતર વિના કરવા માટે સંકલ્પબદ્ધ રહ્યા.

૧૯૧૧માં મોહનભાઈ કમાતા થયા ને એ જ વર્ષે એમનું પ્રથમ લગ્ન થયું. ૧૯૧૪માં પિતાનું અને ૧૯૨૦માં પત્ની હેમકુંવરનું અવસાન થયું. બીજું લગ્ન થોડાક સમય પછી રાજકોટનાં પ્રભાબેન સાથે થયું.

૧૯૪૪માં મોહનભાઈની તબિયત લથડતા મામા એમને મુંબઈથી રાજકોટ લઈ ગયા અને તા. ૨-૧૨-૧૯૪૫ના રોજ ૬૦ વર્ષની ઉંમરે એમનું અવસાન થયું.

**સાહિત્ય સેવાઃ-** મોહનભાઈનાં કુલ ૨૨ પુસ્તકો પ્રકાશિત થયા છે, જેમાં એમની સાહિત્યકાર, ઈતિહાસકાર, સર્વસંગ્રહકાર, સૂચિકાર તરીકેની વિરલ વિદ્વત્પ્રતિભા ઝળકી ઊઠે છે. ઉપરાંત 'જૈ.શ્વે.કૉ. હેરલ્ડ' અને 'જૈન યુગ'ના તંત્રી તરીકેના એમના પ્રીતિયજ્ઞ દ્વારા પત્રકાર તરીકેની વિશિષ્ટ છબી ઊપસે છે. લગભગ આઠેક પુસ્તકો થાય એટલી લેખન સામગ્રી તો હજી અગ્રંથસ્થ સ્વરૂપે પડેલી છે. આ બધા વિશે વિગતે વાત કરવા માટે તો આખું જ્ઞાનસત્ર જ એમને નામે યોજવું પડે, પરંતુ અહીં સંક્ષેપમાં એમના વિદ્યા તપની ઝાંખી મેળવીએ.

**આકરગ્રંથોઃ-** એમના ગ્રંથો પૈકી 'જૈન ગૂર્જર કવિઓ'ના ત્રણ ભાગ અને 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ' એ બે આકર ગ્રંથો એમનું ચિરસ્મરણીય પ્રદાન છે. લગભગ સાડાત્રણ દાયકાનું જે વિદ્યા તપ આદર્યું એનો નિષ્કર્ષ આ બે ગ્રંથો છે. 'જૈન ગૂર્જર કવિઓ' લગભગ ૪૨૦૦ પાનામાં વિસ્તરેલો ગ્રંથ છે. જૈન ગૂર્જર કવિઓની એ વિસ્તૃત વર્ણનાત્મક હસ્તપ્રતસૂચિ છે. એમાં ૧૧૫૦ જેટલા જૈન કવિઓ, ૧૦૦ ઉપર જૈનેતર કવિઓ અને એમની ૩૦૦૦ કૃતિઓને આમાં સમાવિષ્ટ કરાઈ છે. યાદ રહે કે સ્તવન-સમઝાય જેવી લઘુકૃતિઓ આ સંખ્યામાં લેવાઈ નથી. આ કૃતિઓના આરંભ-અંતની કડીઓ તેમ જ પુષ્પિકાઓની નોંધ લેવાઈ છે. આ કૃતિઓમાં પ્રકાશિત તો ઘણી ઓછી; બાકીની હસ્તપ્રતભંડારોમાં હસ્તપ્રતો રૂપે સચવાયેલી. મોહનભાઈએ એકલે હાથે

ગુજરાત તેમ જ ગુજરાત બહારના ૪૦૦ ઉપરાંત હસ્તપ્રત સંગ્રહોની મુલાકાત લઈ સૈકા વાર આ સૂચિ તૈયાર કરી છે અને કૃતિની સાથે ભંડારના નામોલ્લેખ સાથે હસ્તપ્રતસામગ્રીની પત્રક્રમાંક સહિતની વિગત આપી છે. કૃતિનું રચનાવર્ષ, લેખવર્ષ, રચનાસ્થાન ઉપલબ્ધ હોય તે પણ અપાયા છે.

આ ગંજાવર માહિતી સંશોધકોને સદ્ય ઉપલબ્ધ બને એ માટે મહત્ત્વની ચાવી રુપ કર્તાસૂચિ, કૃતિસૂચિ, વ્યક્તિનામસૂચિ, સ્થળનામસૂચિ આપવા સાથે જૈન કથાનામકોશ, જૈન ગચ્છોની ગુરુપટ્ટાવાલિઓ, રાજાવલિ, ૨૫૦૦ જેટલી દેશીઓની પ્રથમ પંક્તિની સૂચિ, હેમચંદ્રાચાર્યના જીવન-કવનના પરિચય સહિત ગૌર્જર અપભ્રંશનો વિસ્તૃત ઈતિહાસ જેવી સામગ્રી સામેલ કરીને ભાવિ સંશોધન માટે મહત્ત્વની દિશાઓ એમણે ખુલ્લી કરી આપી છે. આ રીતે આ ગ્રંથ મધ્યકાલીન સાહિત્યનો એક વિશ્વસનીય સંદર્ભગ્રંથ અને દસ્તાવેજ બન્યો છે. 'જૈન ગૂર્જર કવિઓ'નું કામ એમણે ૧૯૧૧થી આરંભેલું. પ્રથમ ભાગ ૧૯૨૬માં બીજો ૧૯૩૧માં અને બીજો ભાગ ૧૯૪૪માં પ્રકાશિત થયો. આમ સતત ૩૩ વર્ષ આ કામ ચાલ્યું.

ગુજરાતી સાહિત્ય પરિષદે જ્યારે ગુજરાતી સાહિત્યકોશની કામગીરી હાથ ધરી ત્યારે કોશના પ્રથમ ખંડ-મધ્યકાલીનમાં જે અધિકરણો લખાતાં ગયાં તે દ્વારા જાણી શકાયું કે મધ્યકાલીન કવિઓમાંથી ૭૫ થી ૮૦ ટકા કવિઓ તો જૈન કવિઓ છે. જૈન કવિઓનાં અધિકરણો માટે મહત્ત્વનો આધારસ્ત્રોત અને સંદર્ભગ્રંથ તો આ 'જૈન ગુર્જર કવિઓ' ગ્રંથ જ બની રહ્યો. જોકે અનેક જગાએ ઉપલબ્ધ સામગ્રીમાં શુદ્ધિ વૃદ્ધિ અનિવાર્ય બની અને એમાંથી જ આ ગ્રંથની નવી સંબંધિત-સંશોધિત આવૃત્તિનું વિચારબીજ રોપાયું. સાહિત્યકોશના સંપાદક જયંત કોઠારીને હાથે આ ગ્રંથ નવસંસ્કૂરણ પામીને ૧૦ ભાગમાં પ્રગટ થયો. એના પ્રકાશનનું શ્રેય શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈને ફાળે જાય છે.

મોહનભાઈનો આવો જ બીજો આકરગ્રંથ છે 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ.' ગ્રંથનું કદ જોતાં 'સંક્ષિપ્ત' શબ્દ તો અહીં ભ્રામક જ

ગણાવો પડે. આખો ગ્રંથ ૧૨૫૦ પાનાંનો છે જેમાં મહાવીર સ્વામીના સમયથી માંડીને સં. ૧૯૬૦ સુધીના શ્વેતામ્બર જૈનોના સાહિત્યનું કાલક્રમિક દિગ્દર્શન છે. આ ગ્રંથનું પ્રકાશન મુંબઈની જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ ઑફિસે ૧૯૩૩માં કર્યું હતું.

આ ગ્રંથમાં માત્ર શ્વેતામ્બરોના સાહિત્યને સમાવાયું છે એનું નિખાલસ કારણ આપતાં મોહનભાઈ લખે છે કે : "દિગમ્બરી સાહિત્યનો ઈતિહાસ ગુજરાતીમાં લખવા માટે મેં પ્રયત્ન કરી જોયો. પછી મને લાગ્યું કે કોઈ દિગંબર વિદ્વાન મહાશય જ તેને સંપૂર્ણ ન્યાય આપી શકે... તે કાર્ય સત્વર થઈ જાય તો... બન્ને સંપ્રદાયોનું સાહિત્ય જનતા સમક્ષ મુકાતાં... સમસ્ત જૈન સાહિત્યનું મૂલ્ય અને સ્થાન આર્યસંસ્કૃતિ શું છે તે સ્પષ્ટ જણાઈ આવશે."

આ ગ્રંથમાં સંસ્કૃત-પ્રાકૃત-અપ્રભંશ અને ગુજરાતીમાં રચાયેલું જૈન સાહિત્ય, ઈતિહાસ કલા, સંઘ વ્યવસ્થા, સાધુ-શ્રાવક સંસ્થાઓ, જ્ઞાનભંડારો, તીર્થો વ.નો સમયાનુક્રમે પરિચય પ્રાપ્ત થાય છે. ગ્રંથના આરંભે ૫૫ પાનાંના વિસ્તૃત નિવેદનમાં આ ગ્રંથલેખન વિશેની સવિસ્તર માહિત અપાઈ છે.

મોહનભાઈએ આ ગ્રંથ આપ્યા પછી હીરાલાલ કાપડિયાનો 'જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ' તથા હિંદીમાં જૈન સાહિત્યના બૃહદ ઇતિહાસના ગ્રંથો પ્રગટ થવા છતાં મોહનભાઈના આ ગ્રંથની ઉપયોગિતા જરાયે ઓછી થઈ નથી.

પૂ. આચાર્યશ્રી મુનિચંદ્રસૂરિ સંપાદિત આ ગ્રંથની સંવર્ધિત નવી આવૃત્તિ ઈ. ૨૦૦૬માં આચાર્ય ૐકારસૂરિ જ્ઞાનમંદિર, સૂરત દ્વારા પ્રકાશિત થઈ છે.

આ ગ્રંથ કેવી રીતે લખાયો એનો પણ ઇતિહાસ છે. કનૈયાલાલ મુનશીએ ગુજરાતી સાહિત્યના બૃહદ ઇતિહાસની યોજના કરેલી. એમાં મધ્યકાલીન જૈન સાહિત્ય વિશેનું એક પ્રકરણ લખવાનું મોહનભાઈને સોંપાયેલું. પરંતુ, આરંભ કર્યા પછી એટલું લંબાણ થતું ગયું કે અંતે લેખનું સ્વરૂપ ગ્રંથમાં પલટાઈ ગયું.

અહીં કેવળ ઈતિહાસ લેખન જ થયું નથી, પણ ૨૨ વિભાગોમાં વિવિધ વર્ણાનુક્રમિક સૂચિઓ ૨૦૦ પાનામા વિસ્તરેલી છે; જેમાં કર્તાઓ, કૃતિઓ, તીર્થો, ગચ્છો, કુળગોત્રો, સ્થળનામો, પારિભાષિક શબ્દો વ.નો સમાવેશ થાય છે. આ ગ્રંથમાં ૬૦ જેટલાં ચિત્રો છે અને એનો ચિત્ર પરિચય આપવામાં આવ્યો છે.

વિચારાત્મક ગ્રંથોમાં સૌથી મહત્ત્વનો ગ્રંથ છે **'જૈન અને બૌદ્ધ મત : સંક્ષિપ્ત ઈતિહાસ અને સિદ્ધાંતો.'**

લેખકે આ વિષય પર કયે નિમિત્તે કલમ ચલાવી એનો પણ એક ઇતિહાસ છે.

ફાર્બસ ગુજરાતી સભા તરફથી ઈ. ૧૯૧૩માં 'બૌદ્ધ અને જૈન મતના સંક્ષેપમાં ઇતિહાસ - સિંદ્ધાંતો અને વૈદિક ધર્મ સાથે તુલના' એ નામે પારિતોષિક નિબંધ સ્પર્ધા યોજાયેલી. પારિતોષિક રૂા. ૫૦૦/-નું રખાએલું. વિષયની ગૂઢતા જોતાં મોહનભાઈએ સ્પર્ધામાં ભાગ લેવા વિચારેલું નહીં પરંતુ નિબંધની અવધિના ચાર માસ અગાઉ સભાના મંત્રી દ્વારા જ એક મિત્ર મારફતે આગ્રહ કરાતાં એમણે નિબંધ લખવાનું સ્વીકાર્યું. નિબંધની મર્યાદા ૧૫૦ પાનાંની હતી તેનાથી બમણાં પાનાં લખાઈ ગયાં, તોપણ ગ્રંથ તો પૂર્ણ થયેલો નહીં. છેવટે વિનંતી કરાતાં સભાએ ૩૦ જૂન ૧૯૧૪ની અવધિ હતી તે લંબાવી આપી. અને ૪-૧૦-૧૯૧૫ની ફાર્બસ સભાની બેઠકમાં નિર્ણાયકોએ મોહનભાઈના નિબંધને પારિતોષિક માટે પસંદ કર્યો. નિર્ણાયકો હતા કૃષ્ણલાલ ઝવેરી અને તનસુખરામ ત્રિપાઠી.

પણ ૧૯૧૫ સંપૂર્ણ લખાયેલો આ ગ્રંથ પ્રકાશિત થાય છેક ૧૯૯૮માં લખાયા પછી ૮૩ વર્ષે, અને મોહનભાઈના અવસાન પછી ૫૩ વર્ષે.

બન્યું એવું કે આ નિબંધની હસ્તપ્રત મોહનભાઈના પુત્ર જયસુખભાઈને મળી આવી. પાનાં જર્જરિત થવા પર હતાં. એમણે એ પ્રતની ઝેરોક્ષ નકલ કરાવી ને આ ગ્રંથ જયંત કોઠારીને જોવા માટે મોકલ્યો. જયંતભાઈ અને આ. પ્રદ્યુમ્નસૂરિજીનો એક જ સૂર હતો કે

આવો મૂલ્યવાન ગ્રંથ પ્રગટ થવો જ જોઈએ. મહાવીર જૈન વિદ્યાલયે આ ભલામણ સ્વીકારી, જયંતભાઈની સ્વાસ્થ્યની મુશ્કેલીને લઈને એનું સંપાદન મને સોંપાયું અને 'મોહનલાલ દલીચંદ દેસાઈ સ્મારકનિધિ ગ્રંથમાળા'ના ચોથા ગ્રંથ રૂપે એ પ્રકાશિત થયો. આ. પ્રદ્યુમ્નસૂરિજીનું અને સુપ્રસિદ્ધ વિદુષી એસ્તર સોલોમનનું પરામર્શન સંપાદન કાર્યમાં ઘણું સહાયક બન્યુ.

આખો ગ્રંથ બે ખંડમાં અને એ બન્ને ખંડ ચાર ચાર વિભાગોમાં વહેંચાયેલા છે.

જૈન મત અંગેના પ્રથમ ખંડના વિભાગ-૧માં આગમ સાહિત્યથી માંડી હરિભદ્રસૂરિ સુધીના જૈન સાહિત્યનો આલેખ છે. વિ-૨માં શ્રી મહાવીર સ્વામીનું જીવન તત્કાલીન રાજકીય, સામાજિક, ધાર્મિક પરિસ્થિતિના સંદર્ભમાં પ્રમાણભૂત રીતે નિરૂપાયું છે. વિ.૨માં જૈન મતના સિદ્ધાંતોનું આલેખન છે.

એ જ રીતે ખંડ બીજાના વિ.૧માં બૌદ્ધ ધાર્મિક સાહિત્ય, વિ.૨માં ગૌતમ બુદ્ધનું જીવન અને વિ.૩માં બૌદ્ધ મતના સિદ્ધાંતોનું નિરૂપણ છે. બન્ને ખંડના વિ.૪માં તે-તે ધર્મના તીર્થો વસ્તી, ધર્મની પ્રાચીનતા વ. જેવી પ્રકીર્ણ માહિતી અપાઈ છે.

**સંપાદનો:-** મોહનભાઈના સંપાદનગ્રંથોમાં સૌથી ગૌરવપ્રદ સંપાદન સિદ્ધિચંદ્ર ઉપાધ્યાય વિરચિત'ભાનુચંદ્ર ગણિચરિત' (સંસ્કૃત)નું છે. એનું પ્રકાશન સિંધી જૈન ગ્રંથમાળામાં થયું છે.

ભાનુચંદ્ર અને સિદ્ધિચંદ્ર બંને મોગલ શહેનશાહ જહાંગીરના સંપર્કમાં આવેલા. એટલે આ સંપાદન સાધુચરિત્ર અને ઇતિહાસ બંને દૃષ્ટિએ મહત્ત્વનું બન્યું છે. ૭૫ પાનાંની પ્રસ્તાવનામાં કૃતિ વિશેનો સઘન અભ્યાસ પ્રાપ્ત થાય છે. પરિશિષ્ટોમાં ભરપૂર પૂરક માહિતી અપાઈ છે. દા.ત. અકબર અને જહાંગીરના શાહી ફરમાનોનો અંગ્રેજી અનુવાદ પણ અહીં સામેલ છે.

'જૈન ઐતિહાસમિક રાસમાળા'નું સંપાદન પણ એટલુંજ મહત્ત્વનું છે. એમાં 'શાંતિદાસ અને વખતચંદ શેઠનો રાસ' તથા અન્ય ૧૧

રાસકૃતિઓ જૈન સાધુ વિષયક સંપાદિત કરાઈ છે. એમાં રાસાઓના નાયકો અને કર્તાઓ વિશે સંશોધિત માહિતી અપાઈ છે. શાંતિદાસ શેઠની વંશપરંપરાનો ઈતિહાસ અહીં મહત્ત્વના ગ્રંથો દસ્તાવેજોને આધારે ઉપલબ્ધ બન્યો છે.

'ગુર્જર રાસાવલી' એ મોહનભાઈનું બ. ક. ઠાકોર અને મધુસૂદન મોદીના સહયોગમાં કરેલું સંપાદન છે. ઓરિએન્ટલ ઈન્સ્ટિટ્યુટ (વડોદરા) જેવી પ્રતિષ્ઠિત સંસ્થાએ એ પ્રકાશિત કર્યું છે. કૃતિઓની પસંદગી, એની હસ્તપ્રતોની પ્રાપ્તિ, એનું લિપ્યંતર વ. કામગીરી મોહનભાઈએ બજાવેલી. પણ સહયોગી સંપાદકો દ્વારા ટિપ્પણો, શબ્દકોશ વ.નાં કામો પછીથી થયાં હોઈ એનું પ્રકાશન થયું છે ૧૯૫૮માં ત્યારે તો ૧૯૪૫માં મોહનભાઈનું નિધન થઈ ચૂક્યું હતું.

વિક્રમની ૧૫મી સદીની કેટલીક મહત્ત્વની કૃતિઓ આ સંપાદનમાં સમાવિષ્ટ છે. જેવી કે 'વિદ્યાવિલાસપવાડુ,' 'પંચપાંડવચરિત રાસ,' 'વિરાટ પર્વ,' 'ચિહુંગતિ ચોપાઈ'વ.

ઉપા. યશોવિજયજીના જીવનપ્રસંગોને આલેખતી કાન્તિવિજયકૃત 'સુજસવેલીભાસ'નું સંપાદન એમણે ત્રણ હસ્તપ્રતોને આધારે કર્યું છે. કૃતિનો ગદ્યાનુવાદ આપવા સાથે કૃતિ-અંતર્ગત યશોવિજયજીના જીવનપ્રસંગોની પૂર્તિ, સ્પષ્ટતા કે ચર્ચા કરતાં ટિપ્પણો પણ જોડ્યાં છે.

વિનયવિજયકૃત 'નયકર્ણિકા' (સંસ્કૃત)નું ગુજરાતી તેમ જ અંગ્રેજીમા સંપાદન થયું છે. બન્નેમાં કવિપરિચય, કૃતિ-અનુવાદ અને કૃતિ અંતર્ગત તત્ત્વવિચારની સમજૂતી અપાયા છે.

ઉપા. યશોવિજયજીની ગુજરાતી રચનાઓનો સંચય 'ગૂર્જર સાહિત્ય સંગ્રહ' મહત્ત્વનો ગ્રંથ છે. એમાં સંપાદક તરીકે મોહનભાઈનું નામ ભલે મુકાયું નથી, પણ વાસ્તવમાં અપ્રગટ કૃતિઓની પ્રાપ્તિ, એનું લિપ્યંતર, પાઠાંતરો પ્રૂફો, શુદ્ધિ-વૃદ્ધિપત્રક એ બધામાં મોહનભાઈની જ મૂલ્યવાન સેવા રહી છે એ રીતે એ સંપાદનના તેઓ સક્રિય સહભાગી રહ્યા છે.

આ ઉપરાંત નયસુંદરકૃત 'ગિરનાર તીર્થોદ્ધાર રાસ અને તીર્થમાળા' ઉપા. યશોવિજયજીકૃત 'સમ્યકત્વના ૬૭ બોલની સજ્ઝાય,' 'જૈન

કાવ્યપ્રવેશ' 'જૈનાચાર્ય શ્રી આત્માનંદજી જન્મશતાબ્દી સ્મારકગ્રંથ વ.નાં સંપાદનો એમણે કર્યાં છે.

વિચારાત્મક કૃતિઓ :- વિચારાત્મક કૃતિઓમાં આગળ જૈન અને બૌદ્ધ મંત ગ્રંથનો પરિચય આપણે કર્યો. તે સિવાય 'સામાયિક સૂત્ર,' 'જિનદેવદર્શન,' 'જૈન સાહિત્ય અને શ્રીમંતોનું કર્તવ્ય' વ. પુસ્તકો એમણે આપ્યાં છે.

'શ્રીમદ યશોવિજયજી' નામે અંગ્રેજીમાં લખાયેલો ચરિત્રગ્રંથ છે એમાં યશોવિજયજીનું જીવનચરિત્ર, એમની કૃતિઓનો પરિચય, એમની સર્જકપ્રતિભા વ.નું. આલેખન થયું છે.

'સ્વામી વિવેકાનંદના પત્રો' એ મૂળ 'એપિસ્ટલ્સ ઑવ સ્વામી વિવેકાનંદ'માં પ્રગટ થયેલાં પત્રોનો મોહનભાઈએ કરેલો ગુજરાતી અનુવાદ છે. આ પુસ્તકમાં એમણે ૮૦ પાનામાં વિવેદાનંદની જીવનઝરમર આપી છે, અને એમના વ્યક્તિત્વનાં લક્ષણો સવિસ્તર તારવી બતાવ્યાં છે.

પત્રકાર તરીકે :-

જેમ 'જૈન ગૂર્જર કવિઓ' અને 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ' જેવા આકારગ્રંથો દ્વારા મોહનભાઈની એક સંશોધક-સંગ્રાહક-ઇતિહાસકાર તરીકેની વિશિષ્ટ પ્રતિભા છે તેમ જ 'જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ હેરલ્ડ' અને 'જૈનયુગ'ના માનદ તંત્રી તરીકે લગભગ બાર વર્ષ એમણે જે સેવા બજાવી છે તે દ્વારા એક પત્રકાર તરીકે પણ એમની એક આગવી પ્રતિભા-છબિ ઉપસી આવે છે.

કૉન્ફરન્સના આશ્રયે ૧૯૦૫માં ગુલાબચંદ ઢઢ્ઢાના તંત્રીપદે 'હોરલ્ડ' શરૂ થયેલું, એપ્રિલ ૧૯૧૨થી મોહનભાઈએ એનું તંત્રીપદ સંભાળ્યું. આ કામગીરી અંગે તેમણે કોઈ પારિશ્રમિક લીધું નથી. એટલું જ નહીં, 'હેરલ્ડ' ઉપર કોઈ કારકૂન કે પ્રૂફવાચકનો બોજપણ એમણે પડવા દીધો નથી. આ કેવળ એમનો પ્રતિપરિશ્રમ હતો. પોતાના તંત્રીકર્તવ્યની સ્પષ્ટતા કરતાં એમણે લખેલું કે, "અમારું કર્તવ્ય સમાજની, સાહિત્યની, ધર્મની અને તત્ત્વજ્ઞાનની પ્રગતિ, વિકાસ કેમ થાય અને જૈનેતર સામાન્ય તેમજ વિદ્વદવર્ગ પણ જૈનોમાં રહેલી ઉચ્ચ કિંમત પીછાણતો રહે એ છે."

તેઓ પર્યુષણ, દિવાળી કે મહાવીર જયંતીનાં પર્વો નિમિત્તે 'હેરલ્ડ'ના વિશેષાંકોનું આયોજન કરતા. ખાસ આમંત્રણ પાઠવી લેખો મંગાવતા. લેખકોએ કેવા લેખો મોકલવા એ માટે વિષયોની એક સૂચિત લેખયાદી તૈયાર કરતા. આ યાદી ઉપર નજર ફેરવતાં પણ તેમના ચિત્તની વિશાળતા અને ઉદારતાનાં દર્શન થયા વિના ન રહે. દા.ત. 'શ્રીમદ્ શંકરાચાર્ય અને જૈનો, "સરસ્વતીચંદ્રમાં જૈન સંબંધે ઉલ્લેખો,' 'સ્ત્રીઓ માટે કસરતો.' આ વિશેષાંકો યોગ્ય રીતે, વ્યાપકપણે વચાય એની પણ એમણે ચિંતા કરી છે.

ઈ. ૧૯૧૯માં એમણે 'હેરલ્ડ'નું તંત્રીપદ છોડ્યું. તેઓ 'હેરલ્ડ'ના તંત્રીપદ માટે કેટલા અનિવાર્ય હતા એની પ્રતીતિ ત્યારે થાય છે કે એમના છૂટા થતાં જ 'હેરલ્ડ' બંધ પડ્યું.

છેવટે સાડા છ વર્ષના ગાળા પછી એ જ કોન્ફરન્સે બંધે પડેલા 'હેરલ્ડ'નું 'જૈનયુગ'ના નવા નામે મોહનભાઈના જ તંત્રીપદે પુનઃપ્રકાશન શરૂ કર્યું, ૧૯૨૫માં.

'જૈનયુગ'ના પ્રથમ અંકમાં પત્રકારમાં હોવા જોઈતા ત્રણ સદ્‌ગુણોનો ઉલ્લેખ કરતાં તેઓ લખે છેઃ "મારામાં સદાય શુદ્ધ નિષ્ઠા, સત્ય જ્ઞાન *અને પવિત્ર અંતઃકરણ રહ્યા કરે એવું શાસનનાયક પાસે પ્રાર્થું છું.* કારણકે એ ત્રણ સદ્‌ગુણો વિનાના પત્રકારો તે સમાજના ભયંકર દુશ્મનો, અવળે રસ્તે ચાલનારા અને સમાજરથને તોડી પાડનારા થાય છે." બરાબર પાંચ વર્ષ સુધી 'જૈનયુગ'નું તંત્રીપદ સંભાળ્યું-૧૯૩૦ સુધી. આમ 'હેરલ્ડ'અને 'જૈનયુગ'ના તંત્રીની કુલ ૧૨ વર્ષની કામગીરી દ્વારા જૈન પત્રકારત્વની વિરલ સેવા તો બજાવી છે જે, સાથે ઉમદા પત્રકાર-ધર્મ પણ એમણે ચીંધ્યો છે.

આ બંને પત્રો દ્વારા એમણે અનેક જૂની હસ્તપ્રતોને પ્રગટ કરીને મોટી સાહિત્યસેવા બજાવી છે. સાહિત્યિક, ઐતિહાસિક, ચરિત્રાત્મક, ચિંતનાત્મક અને સંપ્રિતકાલિક વિષયો-પ્રસંગોને લક્ષતા લેખો લખ્યા છે. 'સ્વીકાર અને સમાલોચના' વિભાગમાં નાના મોટાં મળીને ૨૨૨ પુસ્તકો, ૨૮ સામાયિકો અને ૫૦ સંસ્થાઓના અહેવાલો એમ કુલ

૩૦૦ પ્રકાશનોની સમાલોચના એમની કલમે કરાઈ છે.

પોતાના તંત્રીપદે ચાલેલાં આ બે સામાયિકો ઉપરાંત, મોહનભાઈએ 'આત્માનંદ પ્રકાશ' 'જૈન રિવ્યૂ' 'જૈન સાહિત્ય સંશોધન,' 'જૈન ધર્મપ્રકાશ,' 'જૈન,' 'જૈન સત્યપ્રકાશ' જેવાં અન્ય સામાયિકોમાં તેમજ ગ્રંથોમાં લેખો પ્રગટ કર્યા છે. આવા કુલ ૭૨૫ લેખોની લેખસૂચિ અમે (જયંત કોઠારી અને હું) 'વિરલ વિદ્વત્પ્રતિભા અને મનુષ્યપ્રતિભા' પુસ્તકમાં પ્રગટ કરી છે. આવા ઉપલબ્ધ લેખોની ઝેરોક્ષ નકલ પણ અમે કરી લીધી છે. આ લેખો વર્ગીકૃત કરીને સાચવ્યા છે. લગભગ આઠેક ગ્રંથો તૈયાર થાય એટલી આ લેખસામગ્રી છે. એમાં એમણે રચેલા કાવ્યોનો પણ સમાવેશ થાય છે.

આવાં અગ્રંથસ્થ લખાણોમાંથી એક મહત્ત્વનું ગ્રંથપ્રકાશન શક્ય બન્યું છે. મોહનભાઈએ 'હેરલ્ડ' 'જૈનયુગ' તેમજ અન્ય સામાયિકોમાં સંશોધિત-સંપાદિત કરેલી મધ્યકાલીન કૃતિઓનું પાઠશુદ્ધિ સાથેનું સંશોધિત પુનઃસંપાદન જયંત કોઠારીએ કર્યું છે. જેનું પ્રકાશન લા.દ.ભા.સં. વિદ્યામંદિરે ઈ.૨૦૦૧માં 'પ્રાચીન-મધ્યકાલીન સાહિત્ય સંગ્રહ' એ નામે કર્યું છે આશા રાખું કે એમના ગ્રંથસ્થ લખાણોની અન્ય સામગ્રી પણ ક્રમશઃ ગ્રંથ સ્વરૂપે પ્રકાશિત થાય.

સમાપનઃ- આમ, જોઈ શકાશે કે મોહનભાઈની વિદ્વ પ્રતિભા અનેક પહેલુઓમાં ઝળકેલી છે. એક વિશ્વવિદ્યાલય હાથ ધરી શકે એવી વિદ્યોપાસના એમણે એકલે હાથે, કશાય માનપાનની અપેક્ષા વિના કરી છે. આરંભમાં આપણે જોયું તેમ મોહનભાઈ સાચે જ One man University હતા.

જિનશાસનને સાંપડેલી આવી એક વિરલ વિદ્વત્ પ્રતિભાને શતશત વંદન.

# પંડિત હિરાલાલજી દુગ્ગડની સાહિત્ય ઉપાસના

▯ જયશ્રીબેન દોશી

પ્રભાવક જૈન પ્રતિભાઓ વૈવિધ્યપૂર્ણ છે. કવિઓ, મુનિઓ, આચાર્યો, રાજાઓ, મંત્રીશ્વરો, શ્રેષ્ઠીઓ, વ્રતધારી શ્રાવકો, પંડિતો વગેરે પાત્રોએ પોતાના જીવનકાર્ય દ્વારા જીવનને પ્રભાવિત બનાવ્યું છે. તેમાં સમ્યક્ દર્શન, જ્ઞાન, ચારિત્રની ઉપાસના, અહિંસા, વ્રતપાલન, આદર્શ માટે જીવન સમર્પણની ઉદાત્ત ભાવના, ગુરુ મહિમા, ભક્તિ અને કૃપા, જિનશાસન પ્રત્યેની અપૂર્વ શ્રદ્ધા, નમસ્કાર મહામંત્રનો પ્રભાવ, સેવા, પરોપકાર, પરિગ્રહનો ત્યાગ, સાધર્મિક ભક્તિ અને આત્મહિત જેવા ગુણોથી જીવન જીવવાની કલા આત્મસાત કરી લેનારા આ ભવ્યજનોએ જૈન શાસનની આન-શાન વધારી છે. કોઈ એકાદ પ્રતિભાનો સંસ્પર્શ વ્યક્તિનાં જીવનમાં પરિવર્તન લાવીને માનવ જન્મ સાર્થક કરવામાં ઉદાહરણરૂપ બને તેમ છે. સુભાષિતકારે મહાપુરૂષોની મહત્તા દર્શાવતા જણાવ્યું છે કે

બધા પર્વત પર માણેક હોતા નથી. પ્રત્યેક હાથીના મસ્તક પર મોતી હોતા નથી. સાધુ પુરુષો (સજ્જનો) દરેક જગ્યાએ હોતા નથી. દરેક વનમાં ચંદનનું વૃક્ષ હોતું નથી.

જૈન ધર્મના વિદ્વાન પંડિત હીરાલાલ દુગ્ગડ એક વિરલ પ્રતિભા ધરાવનાર પ્રાચીન પરિપાટીના, ગઈ પેઢીના વિદ્વાન હતા. પ. હીરાલાલ દુગ્ગડનું નામ દિલ્હી, ઉત્તર ભારત અને પંજાબના જૈનોમાં ખૂબ જ જાણીતું છે. તેઓશ્રીનો જન્મ ઈ.સ. ૧૯૪૦માં (વિ.સ.૧૯૬૧, જેઠ વદ ૫) પંજાબમાં ગુજરાનવાલા (હાલ પાકિસ્તાન)મા થયો હતો. પ. હીરાલાલજીના પિતાનું નામ ચૌધરી દીનાનાથ હતું અને માતાનું નામ ધનદેવી હતું. પુત્ર હીરાલાલને જન્મ આપ્યા પછી નવમે દિવસે માતા ધનદેવીનું અવસાન થયું હતું.

કપરા સંજોગોમાં પણ પિતાશ્રી તેમજ દાદીમાએ તેઓશ્રીને મેટ્રિક

ઉપરાંત સ્નાતક સુધીનો અભ્યાસ કરાવ્યો. હીરાલાલે ગુજરાનવાલાની આત્માનંદ જૈન કોલેજમાં સંસ્કૃત ભાષા-સાહિત્ય, વ્યાકરણ વગેરેનો અભ્યાસ કરી સ્નાતકની પદવી મેળવી. ઉપરાંત એમણે જૈન આગમ સાહિત્યનો અભ્યાસ કર્યો, તેઓશ્રીની સ્મરણશક્તિ તેમજ આયોજન શક્તિ અદ્‌ભૂત હતી 'વિદ્યાભૂષણ' અને 'ન્યાયતીર્થ'ની ઉપાધિ પ્રાપ્ત કરી. વક્તૃત્વમાં ઝળકી વ્યાખ્યાન દિવાકર'નું બિરૂદ મેળવ્યું. સંસ્કૃત, પ્રાકૃત, હિન્દી, બંગાલી, ગુજરાતી, પંજાબી, ઉર્દુ, અંગ્રેજી વગેરે ભાષાઓનો પણ સુદંર અભ્યાસ કર્યો. શરૂઆતમાં હીરાલાલ પિતાની વાસણની દુકાનમાં જોડાયા હતા પરંતુ તેમનું મન વાસણના કે અનાજના વેપારમાં રહ્યું નહીં. એટલે તે છોડીને પોતાની ગમતી લેખન પ્રવૃત્તિમાં જોડાઈ ગયા. તેઓ જાણતા હતા કે વિદ્યાના ક્ષેત્રે અર્થ પ્રાપ્તિ ખાસ થવાની નથી.

સાહિત્ય ઉપાસનામાં નિષ્ઠા ધરાવનાર પંડિતજીનું મન માત્ર ધનપ્રાપ્તિ તરફ આકર્ષાયું નહીં. ઊગતી યુવાનીમાં ધન તરફ ન આકર્ષાવું એ સરળ વાત નથી. જ્ઞાનસંપત્તિનો સાચો પરિચય હોય તે જ વ્યક્તિ ભૌતિક સંપત્તિ પ્રત્યે ઉદાસીન રહી શકે. એ જમાનામાં આ રીતે જીવન નિર્વાહ ચલાવવો એ ઘણી કપરી વાત હતી. તેમ છતાં પ. હીરાલાલ પોતાના સંકલ્પમાંથી જીવનભર ચલિત થયા નહોતા. સાધારણ આવકને કારણે પોતાની જીવનશૈલી પણ એમણે એટલી સાદાઈભરી કરી નાખી હતી. કરકસરભર્યું જીવન તેઓ ગુજારતા.

પંડિત હીરાલાલને ધાર્મિક વારસો એમના દાદા મથુરદાસજી શાસ્ત્રી પાસેથી તથા વિશેષતઃ દાદાના મોટા ભાઈ કરમચંદ શાસ્ત્રી પાસેથી મળ્યો હતો. પંજાબમાં એ દિવસોમાં જૈન ધર્મ અને શાસ્ત્રજ્ઞાનના ક્ષેત્રે કરમચંદ શાસ્ત્રીનું નામ ઘણું જ મોટું હતું.

ગુજરાનવાલાના બધા જ જૈનો સ્થાનકવાસી માર્ગને અનુસરતા કર્મચંદ્ર (કરમચંદ)જી પણ સ્થાનકવાસી હતા. એમણે ૩૨ આગમોનો ઘણો ઊંડો અભ્યાસ કર્યો હતો. શાસ્ત્રોના ઊંડા અધ્યયન બાદ એમણે શ્રદ્ધા થઈ કે જિન પ્રતિભા અને તેની પૂજા જૈનધર્મને સંપૂર્ણ માન્ય છે. આ વિષયમાં તે

સમયના અગ્રણી સ્થાનકવાસી સાધુઓમાં શ્રી બુટેરાયજી મહારાજનું નામ ઘણું પ્રખ્યાત હતું. અને કરમચંદ શાસ્ત્રી સેવાની ભાવનાથી તે સમયે સાધુ-સાધ્વીઓને અધ્યયન કરાવતા. શ્રી બુટેરાયજી મહારાજને પોતાને પણ કેટલાંક સંશયો થયા હતા. અને તેઓશ્રીએ શ્વેતાંમબર મૂર્તિપૂજક પરંપરામાં નવેસરથી દીક્ષા લઈ મૂર્તિપૂજાનો ઉપદેશ આપતા સમગ્ર પંજાબમાં જૈન કોમમાં ઘણી મોટી ક્રાંતિ થયેલ, પંજાબના અસંખ્ય સ્થાનકવાસી કુટુંબોએ મૂર્તિપૂજા સ્વીકારી. આ ક્રાંતિના આદ્યપ્રણેતાઓમાં સાધુઓમાં જેમ બુટેરાયજી મહારાજ હતા તેમ શ્રાવકોમાં કરમચંદ્ર શાસ્ત્રી હતા. તેઓએ જાહેરમાં કરેલા મૂર્તિપૂજાના સ્વીકારથી ઘણો મોટો પ્રભાવ પડ્યો. આવા પ્રખર અભ્યાસી કરમચંદ્ર શાસ્ત્રી પાસે નિયમિત બેસીને પ. હીરાચંદજીને જૈનધર્મનું અધ્યયન કરવાની ચારો તક સાંપડી હતી.

સને ૧૯૪૭ની ૧૫મી ઓગષ્ટે હિન્દુસ્તાનના ભારત અને પાકિસ્તાન એમ બે ભાગલા પડ્યા. દીનાનાથ દુગ્ગડ ૧૯૪૭ ઓગષ્ટમાં ગુજરાનવાલા નગરથી હિજરત કરી અમૃતસર અને ત્યાંથી આગ્રા આવ્યા. પ. હીરાલાલને આગ્રામાં ભાઈઓસાથે સોના ચાંદીના વેપારમાં રસ ન પડતાં પોતાના કુટુંબ સાથે ગ્વાલિયરના ભિંડ ગામમાં રહ્યો. પાઠશાળામાં શાસ્ત્રી તરીકે સેવાઓ આપી. કેટલાક વર્ષ ત્યાં રહ્યા પછી દિલ્હીમાં શાસ્ત્રી તરીકે નોકરી મળતા પોતાના પરિવાર સાથે દિલ્લી રહેવા ગયા, અને જીવનપર્યંત ત્યાં રહ્યાં.

પ. હીરાલાલે જૈન તથા હિન્દુ અને બૌદ્ધ ધર્મગ્રંથોનું ઊંડું અધ્યયન કર્યું હતું. જૈનધર્મમાં પણ શ્વેતામ્બર અને દિગમ્બર એમ બંને પરંપરાના સાહિત્યનો તેમનો અભ્યાસ ઘણો ગહન હતો. તેઓ મધ્યસ્થ દૃષ્ટિના હતા. દિગમ્બર પરંપરા પ્રત્યે તેમને કોઈ પૂર્વગ્રહ ન હતો.

પં. હીરાલાલે અજમેરથી પ્રગટ થતાં 'જૈન ધ્વજ' નામના સાપ્તાહિકમાં ચાલીસ પ્રશ્નોના એવા સચોટ અને તર્કયુક્ત અને આધાર સહિત ઉત્તર આપ્યા હતા જેથી એ દિગમ્બર વિદ્વાન નિરુત્તર થઈ ગયા હતા. પ. હીરાલાલે એ પ્રસંગે પોતાની જે વિદ્વત્તા અને તર્કશક્તિનો પરિચય સમાજને

કરાવ્યો તેથી પ્રભાવિત થયેલા જૈન અને જૈનેત્તર વિદ્વાનોની ભલામણથી અયોધ્યા સંસ્કૃત કાર્યાલય તરફથી 'ન્યાયમનીષી'ની પદવી આપીને એમનું મોટું સન્માન કરવામાં આવ્યું હતું.

ઈ. સ. ૧૯૬૬માં પત્નીના અવસાન બાદ પ. હીરાલાલજીએ આચાર્યશ્રી વિજયસમુદ્રસુરિ પાસે જઈને આજીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કરેલ. ઉપરાંત પ્રતિક્રમણ, જિનપૂજા, સામાયિક, અભક્ષ્યત્યાગ, રાત્રિભોજન ત્યાગ વગેરે નિયમો સ્વીકારી એક સાધુ જેવું જીવન જીવવા લાગ્યા હતા.

પ. હીરાલાલ દુગ્ગડના ચાલીસેક જેટલા ગ્રંથો પ્રકાશિત થયા છે. એમાનાં કેટલાક પોતાના મૌલિક સંશોધનના પ્રકારના છે, કેટલાંક સંપાદન પ્રકારના છે, કેટલાક અનુવાદના પ્રકારના છે. 'નિર્ગ્રન્થ ભગવાન મહાવીર તથા માંસાહાર પરિહાર,' 'વલ્લભજીવન જ્યોતિ ચરિત્ર, 'વલ્લભ કાવ્ય સુધા' (સંપાદન), 'હસ્તિનાપુર તીર્થકા ઈતિહાસ,' અજમેર નિવાસી એક દિગમ્બર વિદ્યાને શ્વેતામબર પરંપરા વિરુદ્ધ ચાલીસ પ્રશ્નો ઉપસ્થિત કર્યા હતા. તે વખતે 'અધર્મ સંરક્ષક મુનિ બુદ્ધિવિજયજી,' 'મધ્ય એશિયા ઔર પંજાબમેં જૈનધર્મ' નામનો એમનો દળદાર ગ્રંથો તો એમની તેજસ્વી વિશ્વ પ્રતિભાનો સરસ પરિચય કરાવે છે. બહુજ પરિશ્રમપૂર્વક ઘણી માહિતી એકત્રિત કરીને ઘણી ઘણી બાબતો ઉપર એમણે સુંદર નવો પ્રકાશ પાડ્યો છે. ભગવાન મહાવીરના જીવન વિશે એમણે બીજા બે ગ્રંથની રચના કરી છે. એકમાં ભગવાન મહાવીરના જન્મસ્થાનની વિચારણા કરવામાં આવી છે. બીજા એક ગ્રંથમાં ભગવાન મહાવીરના વિવાહિત જીવન વિશે સંશોધન અને પ્રમાણો રજૂ કર્યા છે. આ બન્ને ગ્રંથોમાં ભગવાન મહાવીર વિશેના દિગમ્બર મતનો પરિહાર કરીને શ્વેતામ્બર મતનું સમર્થન કર્યું છે.

પં. હીરાલાલજીએ 'પંચપ્રતિક્રમણ સૂત્ર,' 'નવસ્મરણ' 'નવતત્ત્વ,' 'જીવ વિચાર,' 'આત્મજ્ઞાન પ્રવેશિકા,' પ્રકારના શાસ્ત્રગ્રંથોનું સંપાદન-સંકલન પણ કર્યું છે. એમણે 'જિનપૂજા વિધિ' તથા 'જીનપ્રતિમા પૂજા રહસ્ય' વગેરે વિશે શાસ્ત્રીય ગ્રંથો લખેલા છે. અન્ય કેટલાંક શાસ્ત્રીય ગ્રંથોની રચના કરી છે તેમાં 'શકુન વિજ્ઞાન', 'સ્વરોદય વિજ્ઞાન,' 'સ્વપ્ન વિજ્ઞાન,' 'જ્યોતિષ

વિજ્ઞાન,' 'સામુદ્રિક વિજ્ઞાન,' 'પશ્ન પૃચ્છા વિજ્ઞાન,' 'યંત્ર મંત્ર તંત્ર કલ્પાદિ સંગ્રહ,' 'ઔષધ ઔર તોટકા વિજ્ઞાન,' વગેરે પ્રકારના ગ્રંથો છે. એમના ગ્રંથોપરથી જોઈ શકાય છે કે પંડિત હીરાલાલ દુગ્ગડ જ્યોતિષ, આર્યુવેદ, યોગવિદ્યા, મંત્ર-તંત્ર, સ્વપ્ન શાસ્ત્ર વગેરે ભિન્ન ભિન્ન શાસ્ત્રોના ઉંડા અભ્યાસી હતા. પ્રાચીન ભારતીય શાસ્ત્રોની વિભિન્ન શાખાઓના તેઓ ઘણા સારા જાણકાર હતા. કોઈપણ વિષયનો તલસ્પર્શી અભ્યાસ કરીને પ્રમાણભૂત સંશોધન રજૂ કરવું એ એમના સ્વભાવની ખાસીયત હતી. દરેક વિષય ઉપર અભ્યાસપૂર્વક અને અધિકારપૂર્વક જાણકારી આપતા.

સાદાઈ, સંતોષ, સ્વાશ્રય, સત્કાર્યોનિષ્ઠાનું સાતત્ય, શ્રદ્ધા અને સુક્તિોનો સમનવ્ય, સત્યાનુસારીપણાનો અભિગમ અને જીવનના અંતિમ શ્વાસ સુધી સાહિત્યક્ષેત્રે સમર્પણ આવી અનેક વિશેષતાઓથી વિભૂષિત પંડિતજીનું જીવન દરેક વિદ્યાપ્રેમી અને ઉપાસક માટે હંમેશાં પ્રેરણારૂપ બની રહેશે.

જૈન ધર્મના વિદ્વાન પંડિત હીરાલાલ દુગ્ગડનું ૮૭ વર્ષની વયે દિલ્હીમાં અવસાન થયું.

'બહુરત્ના વસુધરા' ની ઉક્તિ પ્રચલિત છે. તે ન્યાયે આ ધરતીપર સમયે સમયે વિવિધ ક્ષેત્રોમાં પ્રતિભાશાળી મહાપુરૂષો જન્મે છે કે જે એમના જીવનની સુવાસ સદાને માટે અર્પણ કરી જાય છે. ગુણગ્રાહી દૃષ્ટિ કેળવનાર વ્યક્તિને તો પ્રત્યેક પ્રતિભામાંથી જીવનનું પાર્થેય પ્રાપ્ત થઈ શકે છે. જિન શાસનની ભવ્યતાને પ્રભાવનાની દૃષ્ટિએ વિચારીએ તો આજે અને હમેંશાં જૈન શાસનનો જય જયકાર ગવાતો રહેશે. પ્રતિભા દર્શનની સામગ્રી ધર્મ અને વ્યવહાર જીવનને ઊર્ધ્વગામી બનવા માટે ગુરુચાવી સમાન છે.

# જયભિખ્ખુ :
# જીવન યાત્રા અને સાહિત્ય યાત્રા

▯ પ્રફુલ્લ રાવલ

જયભિખ્ખુની આંખોમાં મેઘ વસતા પણ હતા અને સમય આવ્યે એ વરસતા પણ હતા. એમની પાસે અપાર કરુણા હતી. સમત્વ હતું. જૈનધર્મ તત્ત્વદર્શનની સમજ હતી. વ્યક્તિ અને સમષ્ટિનું હિત એમના હૈયે હતું. માણસ માત્રમાં સદ્‌ની શોધ કરતા. એકારાત્મકતા એમના જીવનનું ઉજળું પાસું હતું. એમના આવા વ્યક્તિત્વ વિષે જાણવાની જિજ્ઞાસા સહુને થાય. વળી એમની શબ્દસફરના અન્વયે એમનો ભાવકવર્ગ એમની જીવનગતિ

પોતાની નિસબતાથી સાહિત્યની ઉપાસના કરી અને લોકોને રુચે, જચે અને સત્કર્મ કરવા પ્રેરે એવું લેખન કર્યું. આપણે સહુ જાણીએ છીએ કે જયભિખ્ખુ તો તખલ્લુસ. એમનું નામ તો બાલાભાઈ વીરચંદ દેસાઈ એમનો જન્મ વિક્રમ સંવત ૧૯૬૪ જેઠ વદ તેરસ ને શુક્રવાર ૨૬ જૂન ૧૯૦૮ના રોજ એમના મોસાળ વીંછિયામાં થયો હતો. એમનુ મૂળ વતન સાયલા એમના દાદા હીમચંદભાઈને રૂનો ધીકતો ધંધો હતો. પરન્તુ એમાં ખોટ જતાં આર્થિક પરિસ્થિતિ બગડી પરિણામે એમના પિતા વીરચંદભાઈ માંડ સાત ચોપડી ભણીને આજીવિકાર્થે સાયલાથી ખાસ્સા દૂર વીજાપુર તાલુકાના વરસોડા ગયા રૂપિયા પંદરની નોકરીએ રહેલા વીરચંદભાઈ પોતાની આવડતથી વરસોડાના કારભારી બન્યા. બાલાભાઈના માતાનું નામ પાર્વતીબહેન. ચાર વર્ષના 'જયભિખ્ખુ' ભીખાને મૂકીને એમણે ચિરવિદાય લીધી આથી બાલાભાઈનો ઉછેર મોસાળમાં થયો. પ્રારંભે પ્રાથમિક શિક્ષણ વિંછિયામાં લીધું પછી બોટાદ અને વરસોડામાં ભણ્યા. માધ્યમિક શિક્ષણ અમદાવાદની ટ્યૂટોરિયલ હાઈસ્કુલમાં લીધું. પરન્તુ કાકા દીપચંદની જૈનધર્મ પ્રત્યેની વિશેષ અભિરુચિને લીધે ઉચ્ચ શિક્ષણ અર્તાત્ કૉલેજનું શિક્ષણ લેવાનું ન બન્યું તેના સ્થાને ધર્મશિક્ષણ

પ્રતિગતિ થઈ. મુનિશ્રી વિજયધર્મસૂરિએ સ્થાપેલ વીરતત્ત્વ પ્રકાશક મંડળમાં જૈન ધર્મનું શિક્ષણ મેળવવા દાખલ થયા સાથે એમના કાકાકના દિકરા રતિલાલ પણ હતા. વિરેપાર્લાની એ સંસ્થા સંજોગાધીન કાશીમાં ફેરવાઈ અને ત્યાંથી આગ્રા અને છેલ્લે ગ્વાલિયર રાજ્યના શિવપુરીમાં એ મંડળ સ્થિર થયું. બાલાભાઈએ ત્યાં નવ વર્ષ શિક્ષણ લીધું. જૈનધર્મના તત્ત્વજ્ઞાન-દર્શનનો તલ સ્પર્શી અભ્યાસ કર્યો. સંસ્કૃત, હિન્દી, અંગ્રેજી, ગુજરાતી, ભાષા સાહિત્યનો ઊંડો અભ્યાસ પ્રેર્યો. ઈતિહાસનું વિપુલ વાંચન કર્યું. અભ્યાસના અંતે કોલકત્તા સંસ્કૃતિ એસોસિએશન દ્વારા લેવાતી પરીક્ષામાં ઉત્તિર્ણ થઈને ન્યાય તીર્થની ઉપાદિ પ્રાપ્ત કરી. શિવપુરી ગુરુકુળની તર્ક

કોલાકાતા પરીક્ષા આપવા ગયેલા બાલાભાઈના મનમાં અનેક વિચારોનું ઘમસાણ ચાલતું હતું. એ પોતાના જીવનની દિશા શોધતા હતા. આ મથામણના અંતે એમણે જે રાહ પકડ્યો તેને એ ઘડીએ કોણ શુભેચ્છા પાછવે. એમણે મનોમન નક્કી કર્યુ કે (૧) આજીવન નોકરી ન કરવી (૨) પૈતૃક સંપત્તિનો સ્વીકાર ન કરવો (૩) પુત્રને વારસામાં સંપત્તિ ન આપવી (૪) કલમના સહારે જિંદગી પસાર કરવી

ઈ.સ. ૧૯૩૦માં એમણે વિજયાબહેન સાથે લગ્ન કર્યા ઈ.સ.૧૯૩૩માં અમદાવાદમાં સ્થિર થયા. શારદા મુદ્રણાલય એમની બેઠક બની. ત્યાં અનેક લેખકો-સર્જકોના પરિચય આવવાનું બન્યું. ત્યાં ડાયરો જાણતો. બાલાભાઈની પરગજુતા અને વ્યવહાર પટુતાએ મિત્રોનું વર્તુળ વધતું ગયું. એમની પ્રિન્ટીગ કામની સૂઝના પરિણામે શારદા મુદ્રણાલય વિખ્યાત થયું.

લગ્નપૂર્વે અભ્યાસના અંતે બાલાભાઈએ ગુરુ શ્રી વિજયધરસૂરિજીનું જીવનચરિત્ર લખ્યું હતું તે 'ભિક્ષુ સાયલાકાર'એ ઉપનામથી બાળપણમાં બાલાભાઈને સહુ ભીખુ કહેતા. તે નામનું સંસ્કૃત ભિક્ષુ કરીને સાયલાને જોડીને ઉપનામ બનાવ્યું હતું. પછી 'ભિક્ષુ'ને સ્થાને 'ભિખ્ખુ' કરીને એને ઉત્તરપદ બનાવ્યું પૂર્વપદ ' જય 'એ પત્ની વિજયાબહેનમાંથી જય શબ્દ લીધો અને બન્યા 'જયભિખ્ખુ' ધીરુભાઈ ઠાકરને આ તખલ્લુસ દામ્પત્યના

અદ્વૈતનું પ્રતીક લાગ્યું છે.

જયભિખ્ખુએ કારકિર્દીનો પ્રારંભ પણ કારતકથી કર્યો. કૉલમ લેખક બન્યા. રુચિર અને પ્રેરણાપ્રદ લખીને લોકપ્રિય બન્યા 'જૈનજ્યોતિ' સાપ્તાહિકના તંત્રી હતા. 'વિદ્યાર્થી નારક સાપ્તાહિકમાં લખતા. 'રવિવાર'માં લખતા. સંદેશ, કિસ્મત, ઝગમગ, ગુજરાત ટાઈમ્સ ઈ.સ.૧૯૫૩માં 'ગુજરાત સમાચાર'માં 'ઈંટ અને ઈમારત' કોલમ શરૂ થઈ. એ કોલમથી એમની લોકપ્રિયતામાં જબરો વધારો થયો. પછી તો નવલકથા નવલિકા ચરિત્રો ચરિત્રાત્મક લેખો, કિશોરકથાનું વિપુલ લેખ ન કર્યું.

એમણે સત્તર નવલકથાઓનું સર્જન કર્યું છે.

જૈન પ્રકાશકોને ઉપયોગ એમણે કર્યો હોય પરન્તુ એમની અભિવ્યક્તિમાં 'પંથમુક્ત' જયભિખ્ખુ દેખાય છે. 'ભાગ્યવિધાતા,' 'વિક્રમાદિત્ય હેમુ 'ભાગ્યનિર્માણ.' 'દિલ્લીશહર એ ચાર નવલકથા મોગલકાળને આલેખની નવલકથાઓ છે. રાજપુતયુગને નિરૂપણ 'પ્રેમભક્ત કવિ જયદેવ' અને 'બુરો દેવળ'માં થયું છે. 'દાસી જનમ જનમની, સાથી જનમ જનમનાં' સાથી જનમ જનમનાં' એ સામાજિક નવલકથા

જયભિખ્ખુની નવલકથાઓના અભ્યાસ પકથી સમજાય છે કે એમણે ઇતિહાસ-પુરાણના કથાનકોનો વિપુલ વિનિયોગ કર્યો છે. જૈન કથાનકને એમણે એમની વિશિષ્ટ રચના રીતિથી નવલકથામાં વણ્યો છે. વિષય શુષ્ક હોય તો પણ કલ્પના વડે કથાને ગૂંથીને ભાવકના રસને સંતોષે છે. ઇતિહાસનો વિવેકપૂર્વક વિનિયોગ એમની વિશિષ્ટતા બની રહે છે. મૂળ કથા વચ્ચે આડકથા ગૂંથે છે. જીવન માંગલ્યનું આલેખન એમની લેખક તરીકેની જાણે નિસબત હોય તેમ લાગે છે. સાથે નારી ગરિમા અને રાષ્ટ્ર પ્રત્યેની અપાર લગની નવલકથા છતી થાય છે. પાત્રાનુસાર ભાષા એમને સહજ છે તો પ્રસંગાનુસાર ભાષાથી કથાને વાચનક્ષમ બનાવે છે. ચરિત્રાલેખનમાં જયભિખ્ખુની કલમની કમાલ વર્તાય છે. વિવિધરંગી પાત્રસ્મૃતિથી કથામાં વેગ આણો છે. વર્ણન-સંવાદ પણ લેખકની કથાસર્જક તરીકેની પ્રતિભઆને નિર્દેશે છે. કથામાં જરૂરી પ્રયુક્તિ વાપરે છે. એમના

અર્થઘટનામાં નવીનતા સાથે બુદ્ધિગમ્યતા વર્તાય છે. અવિચાર અર્થઘટન એમની સર્જકદ્યુતિને નિર્દેશે છે. એમણે અલંકારોનો વ્યાપક વિનિયોગ કર્યો છે. સાહિત્ય દ્વારા સમાજને પ્રેરણા આપવાનું એમનું લક્ષ્ય છે અને એમાં બહુધા સફળ થયા છે. થતાંય તેઓ ઉપદેશક લાગતા નથી. સાહિત્ય પ્રજામાં રંગીનતા કે રસિકતાનો વિચાર બહેલાવે એ એમને મંજૂર નથી. શકરાલ કહે છે - 'મગધનો યોદ્ધો યુદ્ધનો થાક ઉતારવા બંસરી બજાવે, એ ભલે યોગ્ય લખાય પણ બંસરીનો નાદ એને રાષ્ટ્ર તરફ બેદરકાર બનાવે એ મને ન રુચે. મગધની રમણીઓ ભૂસે કાવ્યની છોળામાં ના હતી રહે પણ કાવ્યની મોહિની જીવનદ્રોહીની ન બનવી ઘટે. મગધનું સૈન્ય દિનપ્રતિમ બનતુ જતુ હોય પછી દિવસરાત ભલે કાવ્યચર્ચાના ધ્રોધ વહેતો રહે જયભિખ્ખુ સંસ્કાર, સંસ્કૃતિ ને સાહિત્યના સમન્વયને 'રાષ્ટ્ર' તરીકે ઓળખાવે છે.

'વિક્રમાદિત્ય. હેમુ' એ કલાના સત્યના નમૂના રૂપ નવલકથા છે. એમાં વિક્રમાદિત્ય અને શેરશાહ એ બન્નેના ચરિત્રનું ચિત્રણ થયું છે. હેમુ અને કુન્દનના સંવાદમાં ચિંતનને ચિંતા દેખાય છે. જયભિખ્ખુ ભલે ઇતિહાસ કથા લખતા હોય, પરન્તુ એ વર્તમાન સમાજ અને તેની સમસ્યાને બાજુએ મૂકતા નથી. એ એમની સમાજધર્મી સાહિત્યાકારની છવી છે.

વાર્તાકાર તરીકે જયભિખ્ખુ પરંપરાના લેખક છે. 'ઉપવન'થી પ્રારંભી 'વેર અને પ્રીત'સુધીના એકવીસ વાર્તા સંગ્રહોમાં કુલ ૩૬૫ વાર્તાઓ મળે છે. જેમાંથી ૮ પુનરાવર્તિત થી હોઈ ૩૪૬ વાર્તાઓ પ્રાપ્ત થાય છે. વાર્તાઓમાં પણ જયભિખ્ખુ જીવનધર્મ-રાષ્ટ્રધર્મી રહ્યા છે. વતન પ્રત્યે 'મહોબ્બત' જાગે એ એમના ઉદ્દેશ છે. એમની વાર્તાઓમાંથી 'જીવનસિંધુનો રમ્ય ઘૂઘવાટ' સંભળાય છે.

૧૯૨૧માં શ્રીજ઼ વિજયધર્મસૂરિજીના જીવનચરિત્રના લેખનથી જયભિખ્ખુએ ચરિત્ર લખવાનું પ્રારંભ્યું તે પથી ચાર દાયકામાં એમણે કુલ ચોવીસ ચરિત્રોના પુસ્તકો આપ્યાં. એમણે લખેલાં ચરિત્રોમાં 'શ્રી ચારિત્ર

વિજયનું' 'ઉપાધ્યાય શ્રી પ્રેમવિજયજી' અને 'યોગનિષ્ઠ આચાર્ય' એ ત્રણ સવિશેષ નોંધપાત્ર છે. સાંપ્રદાયિકતાની સીમાની બહાર છતાંય સંપ્રદાયની સુવાસ આપતું આલેખન એમની ચરિત્રકાર તરીકેની સિદ્ધિ છે. બને તેટલું વિશ્વનીય ચિત્ર-ચરિત્ર આપવાનો એમનો પ્રવાસ રહ્યો છે. ભગવાન મહાવીર વિષે એમણે 'નિર્ગ્રંથ ભગવાન મહાવીર' અને સચિત્ર 'ભગવાન મહાવીર' એ બે ચરિત્રો આપ્યા છે. એમની લેખનશૈલીથી જૈન-જૈનેત્તરમાં લોકપ્રિય થયેલાં આ ચરિત્રો છે. ભગવાન મહાવીરનું વિશ્વસનીય ચરિત્ર પ્રાપ્ત થયું છે. શુષ્કતા નહીં પણ રસાળતા એ ચરિત્રભોની વિશિષ્ટતા રહી છે. 'સિદ્ધરાજ જયસિંહ,''ઉદ મહેતા' અને 'મંગીશ્વર વિમલ' કિશોરોને લક્ષમાં રાખીને લખાયેલાં ચરિત્રો છે. જયભિખ્ખુએ સ્વયં નોંધ્યું છે 'મેં બને તેટલા ઇતિહાસમાંથી સત્ય તારકવા પ્રયત્ન કર્યો છે. અર્ધસત્યો ને અસત્યોથી દૂર રહેવા યથાશક્તિ દાન કર્યો છે. ધર્મકાનૂનથી લખાયેલી વસ્તુઓને બને તેટલી ગાળી નાખી છે.

જયભિખ્ખનું બાલ બાલસાહિત્ય અને કિશોર સાહિત્ય પણ વિપુલ છે. એમાં પણ એમનું ધ્યેય તો પ્રેરણા આપવાનું જ રહ્યું છે 'રસિયો વાલમ', 'આ ધૂળ, આ માટી, 'પતિત પાવન' 'બહુરૂપી' 'પન્નાદાઈ'અને 'ગીત ગોવિંદનો ગાયક' એમના નાટકો છે.

જયભિખ્ખુ ભાવ-ભાવના માણસ હોવથી એમનું મિત્રવર્તુંળ વિશાળ હતું. જાદુગર કે લાલ અને એમની મૈત્રી સાવ અનોખી હતી. આ જાદુગર જે એમની ષષ્ટીપૂર્તી ઉજવવાનો વિચાર આવ્યો એની ઉજવણી થી પણ જયભિખ્ખુએ સન્માનમાં મળેલી થેલીનો સવિવેક ઈન્કાર કર્યો એમાંથી જયભિખ્ખુ ટ્રસ્ટની રચના થઈ. સૃષ્ટિપૂર્તિ પછી જયભિખ્ખુની તબિયત બગડતી ચાલી અને ૨૪ ડિસેમ્બર, ૧૯૬૯ના રોજ આ જીવનકર્મી સાહિત્યકારની જીવન લીલા સંકેલાઈ ગઈ.

# પંડિતવર્ય પ્રભુદાસ પારેખ

**ડૉ. છાયાબેન શાહ**

પંડિતજીના આંતરિક ગુણો : ખમીર

સરસ્વતીના પરમસાધક, પનોતાપુત્રે લક્ષ્મીદેવીની સતત ઉપેક્ષા કરી હતી ને તેથી જાણે કે રીસાયેલા લક્ષ્મીદેવી પંડિતજીથી દૂર જ રહેતાં હતા છતાંય પંડિતજીનો વિશિષ્ટ ગુણ એ હતો કે સતત દારિદ્રની વચ્ચે પણ ક્યારેય દીનતા નથી અનુભવી. માતાએ બાળપણના સીંચેલ એક સંસ્કારે, (કે ક્યારેય કોઈની પાસે માંગવું નહીં) પંડિતજીના આ ગુણને સમૃદ્ધ કર્યો. કેટલાંય શ્રેષ્ઠીઓના ગાઢ સંપર્કમાં હોવા છતાંય પંડિતજીએ ક્યારેય કોઈ યાચના કરી નથી. આર્થિક આંધી તેમને ક્યારેય અસ્વસ્થ કરી શકી નહી. કુટુંબ પર વિશેષ લક્ષ ન આપતા ધર્મ પર શ્રદ્ધા રાખતા. પ્રભુદાસભાઈ પાસે ધન ન હતું પરંતુ સમ્યગ્‌જ્ઞાન ધન એટલું હતું કે ક્યાંય ક્યારેય દીનતાથી રહ્યાં નથી. ખમીર અને કુશળતાથી જીવ્યા છે. મહેસાણા સંસ્થામાં કામ કરતા પણ ૧૪-૧૫ રૂા. જેવું નામનું જ વેતન લઈ વર્ષો સુધી સેવા આપી. પોતે ધનવાન ન હોવા છતાં કુશળતાથી શુદ્ધ વ્યાવહારિક અને ધાર્મિક જીવન જીવ્યા છે. પોતાનું કુટુંબ બહોળું હતું. આર્થિક પરિસ્થિતિ સાધારણ હતી છતાં કોઈ કામનો બદલો માંગતા નહીં ઉપરથી અવસરે શાસનહિત માટે તન-મન-ધનથી ઘસાતા. પોતે જ કાંઈ લખતા તેમ પણ કોઈ અપેક્ષા સાથે નહીં. બસ લખું તો ક્યારેક કોઈ વાંચશે, ન લખું તો માનવજાત પ્રત્યે મારી બેદરકારી ગણાય. આમ હજારો લેખો કોઈપણ જાતના આર્થિકોપાર્જનની અપેક્ષા વગર જ લખ્યાં. લાખો લોકોની આવતી કાલની ચિંતા કરનાર આ આત્માએ ક્યારેય પોતાની આવતીકાલની ચિંતા કરી નથી અને આશ્ચર્યની વાત એ છે કે પોતે કુટુંબની બહુ ચિંતા કરતા નહીં છતાં બધુ સહજપણે ચાલતું. વળી પુણ્યાત્માને એવી પત્ની અને પુત્રો પ્રાપ્ત થયા હતા કે તેઓ પંડિતજીની

આર્થિક સંકડામણમાં નિરપેક્ષભાવે સહકાર હતો.

પોતાના પરિવારના પોષણની જવાબદારી તેમના શિરે હતી. આર્થિક મૂશ્કેલી ખૂબ હતી છતાં જાહેર સંસ્થામાં વેતન લઈ સંચાલક તરીકે ન રહેવું એ આદર્શને કારણે ગમે તેટલી વિપત્તિ છતાં તે સિદ્ધાંતને વળગી રહેતા હતા છતાં કોઈની મહેરબાની પર જીવ્યા નથી. પોતે આખી જિંદગી ખાસ કંઈ ધંધો કર્યો નથી. કોઈ વૈતનિક નોકરી સ્વીકારી નથી. પોતાનું કર્તવ્ય બજાવતાં તેમના પ્રત્યેના રાગને લઈ જેમને ઠીક લાગ્યું તે આપ્યું. તેમાંથી તેમને પોતાનો નિર્વાહ ચલાવ્યો. સરસ્વતીના આ ઉપાસકે વિદ્યાનું દાન જ કર્યું છે. વિદ્યાનુ ક્યારેય વેચી નથી. આ હતું તેમનું ખમીર. એમના સામાન્ય દેખાવને અસામાન્ય વ્યક્તિત્વ બનાવવા એમની આ એક જ વિશિષ્ટતા પર્યાપ્ત હતી.

સૌમ્યતા

પંડિતજીનો બીજો આંતરિક ગુણ હતો તેમની સૌમ્યતા. પોતે નિષ્પક્ષ, સ્પષ્ટ નીડર લેખક હતા. પોતાના લેખો દ્વારા સિધ્ધાંત વિરોધી રાજકીય નિર્ણયોને જબ્બર વિરોધ કરતા. સત્ય ખાતરના તેમના આ વિરોધથી ઘણાં લોકો તેમનો વિરોધ કરતા. સમાજમાં અળખામણાં થતાં કોઈ તેમને સંકુચિત દૃષ્ટિવાળા કહેતા, કોઈ ઝગડાખોર વ્યક્તિ તરીકે ગણતા. આ બધા મહેણાં-ટોણાંનું વિષ ધોળીને તેઓ નીલકંઠ થયા. આમ છતાં તેઓ કોઈને દુશ્મન ગણતા જ નહીં. પોતે અજાતશત્રુ હતા. વિરોધીઓ સાથે પણ અત્યંત સૌમયતાથી વર્તતા. પોતાનો સ્વભાવ એકદમ શાંત મહેસાણામાં હતાં ત્યારે પંડિતજીનો સૌમ્યતા ભરેલો વ્યવહાર જોઈ તે લોકોને પશ્ચાત્તાપ થયો. પોતાની ભૂલ સમજાઈ અને પગે લાગીને પાછા ગયા. પંડિતજી કોઈ સાથે ચર્ચામાં ઉતરે તો પણ સહેજ પણ ઘર્ષણ ન થવા દે. દરેક સિદ્ધાંતની સૌમ્યતાપૂર્વક ચર્ચા કરે. શ્રી શ્વેતાંબર કોન્ફરન્સે સીદાતા શ્રાવકની ભક્તિ માટે સાધર્મિક ફંડની યોજના કરી શ્રી પ્રભુદાસભાઈએ એના વિરોધમાં લેખ લખ્યો અને લખ્યું કે શ્રાવકો માટે આવું ફંડ ભેગું કરી તેમનું ખમીર ઘટાડાય છે. પ. પૂ. આચાર્ય નંદનસૂરીશ્વરજી મ. સાહેબને આ વાત ન ગમી. બધાની વચ્ચે

પ્રભુદાસભાઈને તેમનો લેખ બતાવી ખૂબ તતડાવ્યા. છતાં પ્રભુદાસભાઈએ જરા પણ ખોટું ન લગાડ્યું અને પૂ. આચાર્ય મહારાજ સાહેબને કહે હું નિરાંતે આપની પાસે આવીશ અને આપની વાત સમજવા પ્રયત્ન કરીશ. આ પછી પણ પૂર્વવત જ તેમની પ્રત્યેનો સદ્‌ભાવ કાયમ રાખ્યો પણ મનમાં જરાય રોષ ન આણ્યો. આવું ઘણી જગ્યાએ બનતું પરંતુ પંડિતજી ઠપકો ગળી જતાં પરંતુ પોતાની સૌમ્યતા ગુમાવતા નહીં. આગમને જ પ્રમાણ માનનાર પંડિતજીને પંડિત સુખલાલજી, પંડિત દલસુખભાઈ સાથે મતભેદ હતો પણ ક્યારેય મનભેદ ન હતો.

વિરોધી ગુણનો સમન્વય

પંડિતજીના આંતરિક ગુણોની ખાસ વિશેષતા એ હતી કે પરસ્પર વિરોધી ગણાતા ગુણો ભાગ્યે જ સાથે જોવા મળે પરંતુ આશ્ચર્યની વાત એ છે કે પંડિતજીના જીવનમાં આવા પરસ્પર વિરોધી કેટલાંક ગુણો અતૂટ એક્સપથી સાથે જ રહેતા આવ્યા હતા. જેનું પહેલું ઉદાહરણ છે વિદ્વતા અને નમ્રતા. પોતે અનેક શાસ્ત્રોના અભ્યાસી, મહાન ચિંતક, લેખક, શિક્ષક હોવા છતાં તદ્દન નાના બાળકની જિજ્ઞાસાને પણ સંતોષતા. બાળ સાધુ ભગવંતોને અત્યંત નમ્રતાપૂર્વક વંદતા, બહુમાન કરતા. સ્વયં પોતાની વિદ્વત્તાનો ઉલ્લેખ ક્યારેય ન કરતા.

પરસ્પર વિરોધી બીજું ઉદાહરણ છે. પંડિતજીની અલિપ્તતા અને વાત્સલ્ય શાસનહિત એ જ જેના જીવનની લગની હતી એવા પંડિતજીને પોતાના બહોળા કુટુંબની જરાય ફિકર ન હતી. પંડિતજી સાંસારિક પ્રવૃત્તિઓમાંથી તદ્દન અલિપ્ત રહેતા તેમના કુટુંબના બધા જ વ્યાવહારિક પ્રસંગો તેમના સાળાઓ દુર્લભજીભાઈ, ધીરુભાઈને બાબુભાઈ જ પતાવતા. નાના પુત્ર વસંતભાઈને છોડીને બધા જ પુત્રો-પુત્રીઓનાં લગ્ન-પ્રસંગો મામાઓ દ્વારા જ આટોપાયા. પંડિતજીનું અલિપ્તપણું એટલું સ્વાભાવિક હતું કે દીકરીના લગ્ન સમયે વિદાયનો પ્રસંગ હતો. પંડિતજી લખવામાં મશગૂલ હતા. મામાએ આવીને કહ્યું "પ્રભુદાસ હવે લખવાનું બંધ કરો, દીકરીના વિદાયનો સમય આવ્યો છે" ત્યારે "ચાલો આવું છુ" એમ કહી પ્રસંગ પૂરા કરવા આવે ને પાછા લખવામાં પરોવાઈ જાય. પોતે આટલું

લખાણ લખે પણ તેના પ્રત્યે પણ કેવી અલિપ્તતા? એક વખત કોઈ લઘુ લેખક તેમના માટે લખ્યું કે તેમની ભાષા-પદ્ધતિ જરા વધુ સ્પષ્ટ બને તો સામાન્ય જન તુર્ત ગ્રહણ કરી શકે તો પંડિતજીએ તૂર્ત જવાબ આપ્યો કે મારા વિચારો કેન્દ્રમાં રાખીને ભલે કોઈ પોતાની આગવી શૈલીમાં તે વિચારોને રજૂ કરે. પોતાના લખાણ પાછળ નામની જરા પણ ખેવના પંડિતજીને ન હતી.

સાંસારિક પ્રવૃત્તિઓથી અલિપ્ત છતાંય અત્યંત વાત્સલ્યમય તેમનું હૃદય હતું. બધા જ ઘરના સભ્યોની સંભાળ અવશ્ય રાખતા. વહુઓને દીકરીઓની જેમ પ્રેમ આપતા. પૌત્ર માંદો પડ્યો ત્યારે જમવાનું પણ ભૂલી જાય. પૌત્રોને પણ દાદાની થાળીમાંથી જ ખીચડી-દૂધ ખાવા જોઈએ. ઘરના સભ્યો પર કોઈ બંધન નહી. વડીલ તરીકે દરેક સભ્યો સાથે ખૂબ જ વાત્સલ્યપૂર્ણ વ્યવહાર કરતાં કુટુંબ બહારની વ્યક્તિઓ સાથે પણ એવો જ વ્યવહાર જૈન સાધુસાધ્વીજી ભગવંતો માટે પૂજ્યભાવ તો ખરો જ પણ વાત્સલ્યભાવ પણ એટલો. હૃદય તો એટલું કૂણું કે 'દાદાને આંગણે દીકરી,' 'દાદાને આંગણે ઓટલો. આવાં ગીતો પોતે ગાય ને ગાતા ગાતા રડતા જાય.

નીડરતા

પ્રભુદાસભાઈએ અત્યંત નોંધપાત્ર કહી શકાય એવો આંતરિક ગુણ હતો. 'તેમની નીડરતા' પ્રભુના દાસ એવા આ પ્રભુદાસને પ્રભુ સિવાય કોઈનો ડર ન હતો. પોતાના આટલા ઊંડા શાસ્ત્ર અધ્યયન પછી સત્યની પ્રતીતિ થયાનો આત્મવિશ્વાસ તેમનામાં પ્રગટ થયો હતો. આથી જ્યારે કોઈપણ સંસ્થા કે સત્તા શાસ્ત્ર વિરૂદ્ધ કાયદાઓ ઘડે ત્યારે પ્રભુદાસભાઈ બિલકુલ નીડરપણે પોતાના લેખ દ્વારા તેનો વિરોધ કરે. ભિક્ષુકવેરો, બાળદિક્ષા વિરોધ જેવા અનેક ઠરાવોનો વિરોધ કરતા. પરિણામની પણ પરવા ન કરતા. ભારતીય સંસ્કૃતિને પણ હાનિ પહોંચે તેવા તત્વોને પડકારતા. તે પણ એકલે હાથે. વિદેશીઓની ચાલ વિંશે ખુલ્લે આમ લખતા.

(૧) "હિંદુસ્તાન આબાદ થશે, હિંદુસ્તાનની પ્રજા બરબાદ થશે"

આ તેમના વિધાન સામે ખાસી ચર્ચા ચાલી. વિરોધો થયા. છતાંય પ્રભુદાસભાઈએ નીડરતાથી સત્યપક્ષને વળગી રહ્યા. સહી લેવું પણ સાચું કહેવું અને પ્રગટ કરવું. પોપ પોલ છઠ્ઠા યુકેરીસ્ટીક ખ્રિસ્તી કોન્ફરન્સમાં ભાગ લેવા ભારત આવવાના હતા ત્યારે તેમની પર પંડિતજીએ પોપને ભારત આવતા અટકાવવા ૬ પાનાં ભરીને તાર કર્યો. સંસ્કૃતિના નાશનો ખુલ્લો આરોપ હતો. તાર સેન્સર થયો તો નિડરતાથી તે તારનું લખાણ ચાલુ બેઠકે દરેક સંસદ સભ્યોને અને ખુદ પંડિત જવાહરલાલ નહેરૂના હાથમાં પહોંચાડ્યું. કેવા વિકટ સંજોગોમાં તેમને નિડરપણે પોતાની વિચારધારા વહેતી મૂકી હતી? આજથી ૫૦ વર્ષ પહેલા 'સંતતિ નિયમન' શબ્દનો ઉચ્ચાર થતાં જ એની આર્ય સંસ્કૃતિ પર આવી રહેલી ભયંકરતાનો ખ્યાલ આપવો એટલે, અર્ધ પાગલમાં ખપવું છતાં એવા વિશેષણોની ઉપેક્ષા કરી બેધડકપણે પોતાની વિચારધારા રજૂ કરતા રહ્યાં. ભારતનું ભાવિ, આર્ય પ્રજા, આર્ય ધર્મ, આર્ય દેશ, વિશ્વ શાંતિ વગેરે અનેક બાબતો પર પોતાના પરિણામલક્ષી તુલનાત્મક વિચારો રજૂ કરતા રહ્યા. જરૂર લાગે તો મુનિ ભગવંતની પણ ભૂલો પ્રત્યે તેમનું ધ્યાન દોરતાં અને ગમે તેના પ્રસિદ્ધ, વિદ્વાન કે ધનવાન શ્રેષ્ઠી ધર્મ વિરુદ્ધ કે સંસ્કૃતિ વિરૂદ્ધ કાર્ય કરે કે વિચારો વ્યક્ત કરે તો પ્રભુદાસભાઈ તેનો વિરોધ કરી સન્માર્ગે પ્રસ્થાપિત કરવા પ્રયત્ન કરતા. તેમની શાસન પ્રત્યેની અને સંસ્કૃતિ પ્રત્યેની નિઃસ્વાર્થ અડગ ભક્તિમાંથી જ તેમનો આ નીડરતાનો ગુણ પ્રગટ થયો હતો.

શ્રુતજ્ઞાન તરફનો ગાઢ પ્રેમ

(૨) શ્રુતજ્ઞાન એટલે "શબ્દો લેખ સહિતે શ્રુતજ્ઞાન"

પંડિતજીના જીવનને સાર્થક કરી આપનાર એક શ્રેષ્ઠતમ ગુણ હતો. પંડિતજીનો શ્રુતજ્ઞાન તરફનો પ્રગાઢ પ્રેમ પંડિતજી વિદ્યોપાસના યુક્ત જીવન એટલે પ્રગાઢ શ્રુતભક્તિનો અવિરત મહાયજ્ઞ. ૮૨ વર્ષના તેમના જીવન પર દૃષ્ટિપાત કરીએ તો જૈન ધર્મના પંડિતો અને શિક્ષકોની કરિમાનો ખ્યાલ આવે છે. એમણે સાધુ-સાધ્વીજીને તેમની આગવી શૈલીથી અભ્યાસ કરાવ્યો. કેટલાયના એ જ્ઞાનદાતા ઉપકારી ગુરૂ બન્યા.

કેટલાંક શ્રાવક-શ્રાવિકાઓએ તેમની પાસે ભણીને દીક્ષા અંગીકાર કરી તો કેટલાકને તેમની પાસેથી જૈન ધર્મનું ગહન જ્ઞાન પ્રાપ્ત થયું. એમણે અનેક ધાર્મિક શિક્ષકો તૈયાર કર્યા અને એ રીતે જીવનભર ધર્મદર્શનના જ્ઞાનનો મહાયજ્ઞ કરતા રહ્યાં. આ રીતે પંડિતજી જૈનદર્શનની એક જીવંત યુનિવર્સિટી સમાન હતા. ન્યાય, વ્યાકરણ, તત્ત્વજ્ઞાન, દ્રવ્યાનુયોગ, કર્મસાહિત્ય જેવા ગહન વિષયોમાં પંડિતજીને એવી વિદ્વતા હતી કે અઘરામાં અઘરો પ્રશ્ન તેઓ ઉકેલી આપતા. અનુપમ જ્ઞાન, ઉત્કટ શાસન પ્રેમ, ધાર્મિક શિક્ષણ આપવા માટે લીધેલો ભેખ. આ બધી બાબતો પંડિતજીના જીવનમાં તેમના શ્રુતજ્ઞાન તરફના પ્રેમના લીધે સહજપણે ગૂંથાઈ ગઈ હતી. મહેસાણાની શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળામાં અભ્યાસ કરાવનાર પંડિતજી સ્વયં પાઠશાળા બની ગયા. જીવનના અંત સુધી સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓના ધાર્મિક અભ્યાસ માટે સતત ચિંતા સેવતા હતા. પોતે અભ્યાસ કરાવવામાં એટલા ઓતપ્રોત થઈ જતા કે સમય ભૂલીને કલાકોના કલાકો સુધી ભણાવતા રહેતા. જિનાગમો માટે પંડિતજી કહેતા કે જિનાગમો શ્રુતજ્ઞાનનો ભંડાર છે. આગમોની ભાષાના શબ્દોની પરિભાષા ઘણી ગૂઢ છે. તેની રચના શૈલી કળામય અદ્‌ભુત છે. જેની તુલના જગતના કોઈ સાહિત્ય સાથે થઈ શકે નહીં અને તેની રચના શૈલીનું જ્ઞાન સ્વતંત્ર અભ્યાસ વિના થઈ શકે નહીં. શ્રુતજ્ઞાન તરફના આ અહોભાવને કારણે પંડિતજી પોતાના લેખો દ્વારા વારંવાર જૈન સંઘને આ આગમો લાંબો કાળ કેમ રહી શકે તે માટેનો પ્રયાસ કરવા વિનંતી કરતા.

મહેમાનગતિ

આમેય સૌરાષ્ટ્રવાસીઓના મહેમાન થવું એ જીવનનો એક લ્હાવો છે. સૌરાષ્ટ્રના આ ખમીરવંત પ્રભુદાસભાઈની મહેમાનગતિ અદ્‌ભુત હતી. આંગણે પધારેલા મહેમાનોનું સ્વાગત? એ તો આતિથ્ય માણ્યું હોય તે જ જાણે. નાનામાં નાના બાળક અતિથિને સ્વયં સામે બેસીને જમાડે. મહેમાનોને જરાય ઉણપ ન આવે એની કેટલી કાળજી? કેટલી ચિંતા? મહેમાન એક દિવસ રહે કે પંદર દિવસ રહે, આતિથ્યમાં કશોય

ફરક નહીં જરાય કંટાળો નહીં, મહેમાનને વળાવવાના હોય ત્યારે તે ગાડી ચૂકી ન જાય તે માટે પોતે આખી રાત જાગે.

દીર્ઘદૃષ્ટિ

પંડિતજી જ્યોતિષી ન હતાં. ઊંડા અભ્યાસે તેમને ચિંતક બનાવ્યા હતા. વર્તમાન પરિસ્થિતિનું તેઓ પોતાના ચિંતન દ્વારા સ્પષ્ટ વિશ્લેષણ કરી શકતા. આ વિશ્લેષણમાંથી જન્મ થયો દીર્ઘદૃષ્ટિનો! પ્રભુદાસભાઈને દીર્ઘદૃષ્ટિ તરીકેનું ઉપમાન જ પ્રાપ્ત થયું હતું. આજે દેશમાં જે બની રહ્યું છે તેના મૂળની શોધ, ચિંતન, મનન, નિરીક્ષણ અને પ્રવૃત્તિ અને પરિણામનો સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર પંડિતજીએ ૭૦ થી ૮૦ વર્ષ પહેલા કર્યો હતો. પોતે આઝાદીની ચળવળમાં ભાગ લીધો અને ગોરા લોકોનો પ્રપંચ તેમને ખ્યાલમાં આવી ગયો. જૈન દરજ્જાના આ પુણ્યાત્માએ જૈન મહાસંસ્કૃતિ અને ભારતની મહાસંસ્કૃતિના વિનાશના બીજ તેમાં જોયા ને તેથી ભારતીય જનોને ઢંઢોળવા લખવા માંડ્યું, નવું બંધારણ સંસ્કૃતિના પ્રાણને દબાવી દેનારું છે, નિર્બળ કરનારું છે. ખ્રિસ્તી ધર્મની ચર્ચ સંસ્થા દ્વારા ઘડવામાં આવેલા અને પશ્ચિમના રાષ્ટ્રો દ્વારા અમલમાં મૂકવામાં આવેલા વિનાશક કાવતરાના મૂળને તેમને સૌપ્રથમ પારખ્યું હતું. પંડિતવર્ય શ્રી પ્રભુદાસભાઈએ કોઈ નજુમી જેમ પોતાના કાચના ગોળામાં ભૂત, વર્તમાન અને ભવિષ્ય સ્પષ્ટતાથી જુએ તે રીતે પંડિતજીએ આ કાવતરાને જોયું. રાષ્ટ્રીય અને નૈતિક પ્રકરણો સાથે છેલ્લા પાંચસો વરસમાં પૂર્વના દેશોના ધર્મો તથા મોક્ષલક્ષી સંસ્કૃતિને મૂળમાંથી ઉડાવા રચાયેલાં ષડયંત્રો હૂબહૂ ચિતાર તેમણે ૬૫ વર્ષ પહેલાથી આલેખેલ છે. જે આજે પ્રજા પ્રત્યક્ષ અનુભવી રહી છે. પોતાની દીર્ઘદૃષ્ટિ દ્વારા દેખાતી બધી જ વાતોને પોતે 'પાગલ'માં ખપી નેય આ દૃષ્ટાએ પોતાના લેખન દ્વારા પ્રગટ કરી. ભારત સામેના આક્રમણોની વાત કરી પોતાની દીર્ઘદૃષ્ટિથી કરેલી આગાહી આજ જ્યારે સત્ય ઠરી રહી છે. ત્યારે આ દીર્ઘદૃષ્ટિના ગુણને જો સમાજે સમયસર પારખ્યો હોત તો વિનાશના વમળને થોડો હડસેલો તો જરૂર મારી શકાયો હોત.

સંસ્કૃતિ - પ્રેમ

ભારતની આખી સંસ્કૃતિ, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થના ચોકઠામાં ગોઠવાયેલી છે.

(૩) "ધર્માથ કામે મોક્ષાણા-આરોગ્ય મૂલભૂતમમ"

પંડિતજી માનતા કે આ ચાર પુરુષાર્થ દ્વારા બનેલી જે જીવન વ્યવસ્થા તે સંસ્કૃતિ.

પંડિતજી રંગેરંગમાં વસેલો આંતરિક ગુણ હતો. તેમનો 'આર્યસંસ્કૃતિ તરફનો પ્રેમ' આર્યસંસ્કૃતિ પ્રત્યે હૃદયથી અહોભાવ. આ સંસ્કૃતિની તેમની એટલી ચાહના હતી કે આર્યસંસ્કૃતિના ઘટકોને બહારના તત્ત્વો છિન્ન ભિન્ન ન કરે એવી પોતાની તમન્ના લીધા ૮૦ વર્ષની ઊંમરે ૨૩ વર્ષના યુવાનની જેમ કામ કરતા. સંસ્કૃતિ પર જ્યારે જ્યારે બહારના તત્ત્વો દ્વારા ઘા પડતા ત્યારે સમાજને જાગૃત કરવા ખૂબ લખત તથા પ્રકારના શારીરિક કારણે ઊભા ઊભા રાત્રે ત્રણ-ચાર વાગે પોતાની સૂક્ષ્મ વિચારધારા કલમ દ્વારા કાગળ પર આલેખતા ઈ.સ. ૧૯૫૦માં જ્યારે નવું રાજ્ય બંધારણ અમલમાં આવ્યું ત્યારે તેમણે કહેલું કે ચાર પુરુષાર્થની સંસ્કૃતિવાળું આપણું બંધારણ સોના જેવું છે. જે પ્રજાનું સારાપણું, સત્વશીલ અને સદાચારને ટકાવી રાખી શકે. તેઓ કહેતા રાજાશાહી વધારે સારી હતી, કારણકે રાજાઓ આર્યસંસ્કૃતિને પોષક રાજ્ય ચલાવતા હતા. પ્રજાને પુત્રવત માની તેમનું પાલન કરતા હતા. ભારતની પૌરાણિક પ્રથાઓ, વ્યવહારોનું સ્થાન જ્યારે જ્યારે પરિવર્તન થતું ત્યારે તેમનું દિલ ખૂબ દુખાતું. મહેસાણામાં સ્ટેશને ઉતરતો માલ પહોંચાડવા સો ગાડાં કામ કરતાં. તેની જગ્યાએ એક ખટારો આવ્યો ત્યારે તેઓશ્રીએ કહ્યું 'ભારતનાં બાળકોના મોઢામાંથી દૂધ, દહીં, છાશ, ઘી' આંચકી લેવાની યોજના ઊભી થઈ. પોતાના આર્યસંસ્કૃતિ તરફના પ્રેમના લીધે પંડિતજીએ એ સંસ્કૃતિને બચાવવા પોતાની કલમ નીચોવી કાઢી છે. જ્યારે જ્યારે સંસ્કૃતિનો નાશ થતાં જોયો છે ત્યારે પોતે પારાવાર વેદના અનુભવી છે. સ્વયં શારીરિક દુઃખ અનુભવીને પણ પ્રજા સમક્ષ સંસ્કૃતિના રક્ષણાત્મક વિચારો બહોળા પ્રમાણમાં મૂકવા પ્રયત્ન કર્યા.

ટૂંકમાં તેઓ ભારતની સંસ્કૃતિના અજોડ પુરસ્કર્તાની પ્રતિકૃતિ સમ હતા.

સમ્યક્ત્વ

પ્રભુદાસભાઈના બધાં જ આંતરિક ગુણોના શિખર ઉપર સોનાના કળશ જેવો તેમનો ગુણ હતો. તેમનું શુદ્ધ, અડગ સમ્યક્ત્વ પ. પૂ. શ્રી કાંતિવિજયજી મહારાજ શ્રી પંડિતજીનું જીવન જોઈ કહેતા "પ્રભુદાસભાઈના જેવું સમ્યગદર્શન પ્રાપ્ત કરવા હજુ અમારે કેટલાય ભવો કરવા પડશે". 'દાદા' તરીકે પ્રસિદ્ધ વયોવૃધ્ધ વખતસિંહજી દરબારશ્રીએ તેમને જણાવ્યું કે ધાર્મિક ભણવાને બદલે અંગ્રેજી ભણ્યો હોત તો, સારા બેરીસ્ટર તરીકેની ખ્યાતિ મળત". ત્યારે આ શુદ્ધ સમ્યક્ત્વી આત્માએ જવાબ આપેલ કે આપની ધારણા પ્રમાણે બધુ થાત પરંતુ સત્યની નજીક આવવાને બદલે સત્યથી દૂર જવાનું થાત. તેમના આત્મામાં પરમાત્મભાવનું તત્ત્વ (અધ્યાત્મ) એટલું ઊંડુ ઉતર્યું હતું કે પાછલી જૈફ અવસ્થામાં, શરીરની બિમાર હાલતમાં પણ રાત્રે બેસી શકાય નહીં તેવી ઊભા ઊભા સવારે છ વાગ્યા સુધી લખ્યા કરે. જૈન શાસનના તમામ પ્રતિકો તરફનું તેમનું બહુમાન આશ્ચર્ય ઉપજાવે તેવું હતું. એક એક પ્રતિકનો કેવો તલસ્પર્શી અભ્યાસ? તે સિવાય આટલું બહુમાન શી રીતે પ્રગટે? નાનામાં નાનુ સાધુ મહાત્મા તરફનો તેમને પૂજ્યભાવ એ તો જાણીતી વાત છે. તેમની પાસે અધ્યયન કરી રહેલા સાધુ મહાત્માની સામે પણ તેઓ કદી આસન પર ગુરુ અધિકારથી બેઠા નથી. જમીન પર જ બેસવાનું. પૂજ્ય સાધ્વીજી સંસ્થા પ્રત્યેનો ગુરુ-બહુમાન ભાવ પ્રશંસાપાત્ર હતો. સન્માર્ગમાં અને શુદ્ધ તત્વોમાં શ્રદ્ધા અનુપમ-અકાટ્ય હતી. પોતે શાસ્ત્રાભ્યાસી અને વિદ્વાન હોવા છતાં પર્યુષણાદિમાં કોઈ વખત સાધારણ ટબો વાંચનાર સાધુ ભગવંત હોય તો પણ તેમનું વ્યાખ્યાન શ્રદ્ધાપૂર્વક સાંભળતા અને ઉચ્ચારતા કે વ્યાખ્યાનના શબ્દની કિંમત નથી પણ પરમત્યાગીના મુખે ઉચ્ચારેલ શબ્દની કિંમત છે. ટૂંકમાં પરમમૂર્તિવંત શ્રાવકને છાજે તેવા શ્રદ્ધાશીલ શ્રાવક હતા. વળી તેઓ અડગ સિદ્ધાંતવાદી પણ હતાં. 'ફૂલછાબે' શત્રુંજય આરોહણ સ્પર્ધા યોજી હતી. આનાથી શત્રુંજયની

આશાતના થવાનો પૂરો ભય હતો. પૂ. ધર્મસાગરજી ઉપાધ્યાય તથા પૂ. પૂર્ણાનંદ સૂરિશ્વરજી મ.સાહેબ તથા પૂ. આચાર્ય વિ. હ્રીંકાર સૂરીશ્વરજીનો સહકાર લઈ પંડિતજીએ સમગ્ર ભારતમાં વિરોધ પત્રિકાઓ મોકલી આપી અને સૌના સહકાર સાથે આ મનોરંજન સ્પર્ધા અટકાવી તીર્થાધિરાજ શત્રુંજય પર આશાતના થતી અટકાવી.

ભગવાન મહાવીરની ૨૫૦૦મી ઉજવણીનો પ્રથમ વિરોધ કરનાર પંડિતજી હતાં. તેમને ઈંદિરાજી જે કહ્યું ઉજવણી શ્રી સંઘ જ કરશે. સરકારની દખલગીરી ભાવિમાં નુકશાનકારક થશે એવું એમને લાગે છે.

પંડિતજી આ શુદ્ધ શ્રદ્ધાના ગુણથી ઘણા આચાર્ય મહારાજ સાહેબો પણ તેમની પ્રશંસા કરતા. તેમને બહુમાન આપતા. શાસનના કેટલાય પ્રસંગોમાં એકબીજા સમુદાયના આચાર્યો સાથે વિચાર વિનિમય કરવો હોય તો પ્રભુદાસભાઈ તેઓની સાંકળરૂપ હતાં. વિ.સં. ૧૯૯૦માં મુનિ સંમેલનમાં અને બીજા ઘણાં પ્રસંગોમાં પ. પૂ. આચાર્ય વિજય નેમિસૂરિશ્વરજી મહારાજે તેમનો ઉપયોગ કર્યો છે અને તેમની સલાહ લીધી છે.

પ. પૂ. આચાર્ય વિજય વલ્લભસૂરિશ્વરજીએ પંજાબ, ગુજરાતવાળા ગુરુકુલની સ્થાપના કરી ત્યારે તેના પ્રારંભમાં શું વ્યવસ્થા કરવી અને ગુરુકુળ કેવી રીતે ચલાવવું તેની સમાજ અને વ્યવસ્થા માટે પ્રભુદાસભાઈને બોલાવ્યા હતા. તેની તેમણે પૂર્ણ ગોઠવણ કરી આપી હતી.

પ. પૂ. આચાર્ય વિજયનીતિસૂરીશ્વરજીનો તેમના ઉપર મહાન ઉપકાર હતો. પંડિતજીએ પણ તેમના સાધુઓને અભ્યાસ કરાવ્યો હતો. આચાર્ય ભગવંત સ્વર્ગવાસ પામ્યા ત્યાં સુધી તેઓના નિકટવર્તી હતા. પ. પૂ. સાગરાનંદસૂરીશ્વરજીના નવસ્મરણોની ગણનાને ભાવવિભોર બની સાંભળતા. વિજ રામચંદ્રસૂરીશ્વરજીની સાથે ખૂબ નિકટતા હતી. આમ એક નહીં પણ દરેક સમુદાયના આચાર્ય ભગવંતો અને તેઓની સાથે વિચાર વિનિમયમાં વિશ્વનિય સ્થાન ધરાવતા. દરેક સમુદાયના વિચાર વિનિમયમો વિશ્વાસ ભાજન હતા. પોતાના જીવન દરમ્યાન એવી સુવાસ ફેલાવી હતી કે ઉ. ધર્મસાગરજી ગણિ, પૂ. પં. કાંતિવિજયજી ગણિ, પૂ. પં. અભયસાગરજી,

પૂ. મુનિશ્રી ચંદ્રશેખર વિજયજી વિચારોની દિશામાં તેમને પોતાના પિતાગુરુ માનતા. તેમના જીવન વિચારોની આકર્ષાયેલ ગૃહસ્થ વર્ગ પણ ઓછો નથી. શેઠ શ્રી કસ્તુરભાઈ, શેઠ શ્રી જીવનલાલ પ્રતાપશી, કલકત્તા નિવાસી છોટેમલજી સુરાણા, કનૈયાલાલ વૈદ્ય, ડૉ. કામદાર, મોહનલાલ ચુનીલાલ ઘામી, માસ્તર ગોરધનદાસ વગેરે બહોળો વર્ગ છે.

શાસનના અનેક પ્રશ્નોમાં પોતાના પુણ્યકર્મ પ્રમાણે તે તે પૂજ્યોને અને નાયકોને મળી શક્ય કરી છૂટવામાં કદી પાછી પાની કરી નથી. અમદાવાદના સંમેલન વખતે પૂજ્યો વચ્ચેનો એક તાર ઊભો કરવા અને શ્રમણપ્રધાન શાસનની અડીખમ પદ્ધતિનું રક્ષણ કરવા નાદુરસ્ત તબિયતે પણ આખી રાત એકલા ટેક્સીમાં પ્રવાસ કરી અમદાવાદ પાલીતાણા ખેડ્યું હતું.

આમ શાસન પ્રત્યે, સંઘ પ્રત્યે, સાધુ ભગવંતો પ્રત્યે, હૃદયમાં અવિરતમ પ્રેમ હતો. જૈન ધર્મ અને તીર્થંકર પરમાત્મા પ્રત્યે અવિચલ શ્રદ્ધા હતી. પોતે માંદગીના દિવસો દરમ્યાન વિશ્વ કલ્યાણકાર વિશ્વોપકારી તીર્થંકર, ભગવાનની પૂજાથી વંચિત ન રહે તે માટે તેમના રત્નજ્યોત નિવાસસ્થાને ગૃહમંદિર બનાવી નિત્ય દ્રવ્ય-ભાવ પૂજા ઉલ્લાસથી કરતા. પ્રભુદાસ 'ખરા અર્થમાં પ્રભુના દાસ હતા.'

શાસન-સંઘની અવદશા જોતાં ત્યારે કહેતા 'મને હજારો વીંછી એક સાથે ડંખ દેતા હોય તેવી તીવ્ર વેદના પ્રતિક્ષણ થાય છે.'' જીવનની અંતિમ ક્ષણ સુધી શાસન પ્રેમ જીવંત હતો.

આવા પંડિતજીનો ગુણાનુવાદ કરતા તેમના શિષ્યગણે તેમને નીચેના વિશેષણોથી નવાજ્યા હતા. (૬) તલસ્પર્શી સુક્ષ્મચિંતક, સાક્ષર-વર્ય, શાસનરાગી તત્ત્વચિંતક, દીર્ઘદર્શી, સાક્ષાર વિદ્વાન, પંડિત રત્ન, સત્યહિત ચિંતક, સૂક્ષ્મ વિચારક, ભારતીય સંસ્કૃતિના પ્રતિક, જૈન સિદ્ધાંત મર્મક્ષ, નરશાર્દુલ, વિશ્વ હિતેચ્છી, મહા વિચારક, અન્ય દર્શક.

આમ પંડિજી ધર્મનિષ્ઠ, દૃઢ શ્રધ્ધાળુ, સૂક્ષ્મ વિચારક, દીર્ઘ દર્શી, તત્ત્વચિંતક, શાસનરાગી, શુદ્ધ જૈન, સદ્‌ગૃહસ્થ, આર્યસંસ્કૃતિના જ્ઞાતા વિશ્વહિત દૃષ્ટા ધાર્મિક મહાપંડિત પુરૂષ હતા. મહા વિદ્વતા સભર પુરૂષ હતા.

# જર્મન વિદ્વત્ ત્રિપુટી
# (હર્મન યાકોબી, શૂબ્રિંગ, આલ્સડ્રોફ)

▫ ડૉ. જિતેન્દ્ર બી શાહ

**"I tell my countrymen that the principles of the Jain Dharma and the Jain Acharyas are sublime and that the ideas of the Jain dharma are lofty. The jain literature is superior to the Buddhistic literature. As I continue to study the Jain Dharma and its literature my fascination for them keeps increasing."**

**- Johunnes Hurtell (Germany)**

"હું મારા દેશવાસીઓનો જણાવું છું કે જૈનધર્મના અને જૈનાચાર્યોના સિદ્ધાંતો દિવ્ય છે. તે કારણે જૈનધર્મ ઉચ્ચ કોટિનો ધર્મ છે. જૈનધર્મનું સાહિત્ય બૌદ્ધધર્મના સાહિત્ય કરતાં ઘણું જ ચડિયાતું છે. હું જેમ જેમ જૈનધર્મના સાહિત્યનો અભ્યાસ કરતો જાઉં છું તેમ તેમ હું જૈનધર્મ પ્રત્યે વધુ ને વધુ આકર્ષિત થતો જાઉં છું."

આ વિધાન જર્મન દેશના વિદ્વાન જહોન્સ હાર્ટલનું છે. તેઓએ અનેક સ્થળે જૈનધર્મ સાહિત્ય અને સિદ્ધાંન્તનાં ભરપેટ વખાણ કર્યા છે. જર્મનના દેશના વિદ્વાનો ૧૯મી સદીના મધ્યભાગે ભારતીય સાહિત્યના અધ્યયન તરફ વળ્યા હતા. સર વિલ્યમ જેમ્સે સર્વ પ્રથમ સંસ્કૃત ભાષાનો અભ્યાસ કર્યો અને પછી કાળિદાસના અભિજ્ઞાન શાકુન્તલનો અંગ્રેજી અનુવાદ પ્રકાશિત કર્યો. ત્યારથી જ યુરોપના વિદ્વાનો ભારતીય સાહિત્યના અધ્યયન તરફ ઢળ્યા અને પછી તો તેઓને જૈન સાહિત્યનો પણ પરિચય થતો ગયો. આથી ત્યાં જૈનધર્મનું અધ્યયન - અધ્યાપન શરૂ થયું તે આજ પર્યન્ત ચાલુ છે.

વિદેશમાં જૈનધર્મ :

જૈનધર્મનો પ્રચાર-પ્રસાર વિદેશમાં થવા અંગેના સહુથી પ્રાચીન

ઉલ્લેખો બોદ્ધ ગ્રંથોમાં મળે છે. બૌદ્ધ સાહિત્યમાં જણાવ્યા અનુસાર શ્રીલંકામાં બૌદ્ધધર્મનો પ્રવેશ ઈ. સ. પૂર્વે ત્રીજી શતાબ્દીમાં સમ્રાટ અશોકના પુત્ર-પુત્રી મહેન્દ્ર અને સંઘમિત્રાથી થાય છે. તેમણે ત્યાં બૌદ્ધધર્મનો પ્રચાર શરૂ કર્યો. તે પૂર્વે ત્યાં જૈન વસ્તી હોવાના ઉલ્લેખો મળે છે. જો આપણે નેપાળને અલગ દેશ ગણીએ તો નેમિનાથ અને મલ્લિનાથ ભગવાનની જન્મકલ્યાણક ભૂમિ નેપાળમાં હોવાની માન્યતા જૈનધર્મનું અધ્યયન કરતા વિદ્વાનોની છે. ભદ્રબાહુ સ્વામીએ નેપાળમાં રહીને મહાપ્રાણ યોગની સાધના કરી હતી. તેવા ઉલ્લેખો પણ પ્રાપ્ત થાય છે. અષ્ટ્રાકન કાસ્વીયનસી - રશિયા સોવિયત યુનયનની મુલાકાત જૈનમુનિ મણિભદ્રે લીધી હોવાની નોંદ રશિયાના, ડુકોબારસી નામના અભ્યાસી ગ્રુપે કરી છે. ઈજિપ્ત, બેબિલોન, એલેક્ઝાનડ્રિયા, ગ્રીસ, સ્વીઝરલેન્ડ, જર્મની, ઈંગ્લેન્ડ, અમેરિકા, ડેનમાર્ક આદિ દેશોના સંગ્રહાલયોમાં જૈનધર્મની મૂર્તિઓ, શિલાલેખો, તામ્રપત્રો, ચિત્રો દસ્તાવેજો સંગ્રહાયેલા છે. જેથી ત્યાંના લોકો પણ જૈનધર્મ વિશે યત્કિંચિત જાણતા હોવાનું માની શકાય. સને ૧૮૯૨માં શિકાગોમાં વિશ્વધર્મ પરિષદનું આયોજન થયું ત્યારે જૈનધર્મના પ્રતિનિધિ તરીકે વીરચંદ રાધવજી ગાંધી ગયા હતા. તેમણે જૈનધર્મ વિશે પ્રભાવશાળી પ્રવચન આપ્યું હતું. અને ત્યાર પછી તેમણે અમેરિકા તથા યુરોપના વિભિન્ન દેશોમાં જૈનધર્મના પ્રવચનો આપ્યાં હતાં. તેથી ત્યાંની પ્રજા પણ જૈનધર્મના પરિચયમાં આવી હતી.

જૈનધર્મના ગૃહસ્થો મૂળે વ્યવસાયી હોવાને કારણે સાગર ખેડતા હતા. તેઓ આફ્રિકા અને અન્ય દેશોમાં જતા આવતા હતા. આ કારણે ત્યાં પણ જૈન ધર્મનો પ્રચાર થયો. મોતીશાહ શેઠનો ચીનમાં વ્યવસાય હતો. તેઓ અવારનવાર ચીન જતા-આવતા અને જૈનધર્મની વાતો કરતા તેથી તેમના ગ્રાહકો પણ જૈનધર્મથી પરિચિત બન્યા હતા. તેમણે ત્યાં જૈન તીર્થંકરની પ્રતિમા સ્થાપિત કર્યાના ઉલ્લેખ મળે છે.

ગઈ સદીના મધ્યભાગે ઘણા જૈનો વિદ્યાભ્યાસ કરવા તથા વ્યવસાય માટે આફ્રિકા, યુરોપ, ઈંગ્લેન્ડ, અમેરિકા, જાપાન ગયા અને ત્યારબાદ ત્યાં જ સ્થાયી થયા. તેથી તેઓ ત્યાં જૈન મંદિરોનું નિર્માણ પણ કર્યું છે.

અત્યારે અમેરિકામાં ૬૦ જૈન સેન્ટર અને ૨૭ જૈન મંદિરો છે. ઈંગ્લેન્ડમાં ચાર જૈન મંદિર છે. નૈરોબી, જાપાન, થાઈલેન્ડ, સીંગાપોર આદિ દેશોમાં જૈન મંદિર છે. અને બીજા અનેક દેશોમાં જૈન મંદિરોનું નિર્માણ થઈ રહ્યું છે. આમ વિદેશમાં ઉત્તરોત્તર જૈનધર્મનો પ્રચાર વધી રહ્યો છે.

વર્તમાનમાં તો જૈનધર્મના અહિંસાના સિદ્ધાન્તને કારણે તથા અનેકાન્તવાદ જેવા અન્ય સિદ્ધાંન્તોને કારણે જૈનધર્મના સિદ્ધાન્તોનું અધ્યયન આખા વિશ્વમાં ચાલી રહ્યું છે. અહીં આપણે વિશેષે કરી જર્મનના વિદ્વાનોના જૈનધર્મના વિશિષ્ટ અભ્યાસ અંગે વિચારણા કરીશું.

વિદેશમાં અધ્યયનના વિષયો :

યુરોપિય વિદ્વાનોએ ભારતીય વિદ્યાનું અધ્યયન શરૂ કર્યા પછી ભાષા કે વિષયનો બાધ રાખ્યા વગર ખેડાણ શરૂ કરી દીધું હતું. છેલ્લા ૧૫૦ વર્ષના ઈતિહાસ ઉપર નજર નાખીએ ત્યારે અત્યંત આશ્ચર્ય ઉપજે તેવું વિપુલ માત્રામાં કામ થયેલું જોવા મળે છે. તેઓએ સંસ્કૃત, પ્રાકૃત, પાલિ, અપભ્રંશ અને ભારતની પ્રાદેશિક ભાષામાં રચાયેલ સાહિત્ય ઉપર કામ કર્યું છે. તેમના સંશોધનના મુખ્ય વિષયો સંસ્કૃતિ, સામાજિક પરિસ્થિતિ, ઐતિહાસિક ભાષાશાસ્ત્ર, ઉચ્ચારણ શાસ્ત્ર, સમીક્ષિત ગ્રંથસંપાદન, પ્રમાણભૂત ઇતિહાસ, દર્શનશાસ્ત્ર, ધર્મો, વૈદિકધર્મ, હિંદુધર્મ, શૈવસિદ્ધાંન્ત, વૈષ્ણવ પરંપરા, જૈનધર્મ, બૌદ્ધધર્મ, શીખધર્મ, યહુદીધર્મ, પારસીધર્મ, ખ્રિસ્તીધર્મ,ઈસ્લામધર્મ અને પછી આ બધા વિષયો સાથે વિજ્ઞાન કલા, અને સ્થાપત્ય પણ જોડાય છે. આમ આપણા દેશની વિદ્યાનું ખૂબ જ ઊંડાણપૂર્વક અધ્યયન કરી યુરોપિય વિદ્વાનોએ પ્રકાશન કર્યું છે.

યુરોપના વિદ્વાનો :

પૂર્વે જણાવ્યું તે મુજબ વિલ્યમ જોન્સે (૧૭૪૯-૧૭૯૪)માં ભારતીય વિદ્યાનો અભ્યાસ સંશોધનનો પ્રારંભ કર્યો. ત્યારબાદ સમગ્ર યુરોપમાં ભારતીય વિદ્યાઓ ભણવા વિશેની રુચિ ઉત્તરોત્તર વધતી ગઈ છે જે આજે પણ જીવંત છે. કુલ ૫૬ થી પણ વધુ મોટા ગજાના વિદ્વાનોએ ઘણું બધું કામ કર્યું છે. તેમનાં કામોની સૂચિ તૈયાર કરવામાં આવે તો એક મોટો ગ્રંથ તૈયાર થાય. તેમાના કેટલાંકના નામ અહીં ઉલ્લેખનીય છે. (૧)

જહોન્સ હર્ટલ (૧૮૭૨-૧૯૫૫), (૨) મેક્સ મ્યૂલર (૧૮૨૩-૧૯૦૦) (૩) વિલ્હેમ જીગર (૧૮૫૬-૧૯૪૩), રીચાર્ડ પિશલ (૧૮૪૯-૧૯૦૮), મોરિસ વિન્ટરનિત્ઝ (૧૮૬૩-૧૯૩૭), ઓટોવોન બોઈથલિંગ (૧૮૧૫-૧૯૦૪), હર્મન યાકોબી (૧૮૫૦-૧૯૩૫), શુબ્રિંગ વોલ્ટેર (૧૮૮૧-૧૯૬૯), લુડવીંગ આલ્સડોર્ફ (૧૯૦૪-૧૯૭૮), બ્રુન, બોલી, તેમજ વેવર, ગોલ્ડમિસ્ટર, તથા બંસીધર ભટ્ટ, ચંદ્રભાણ ત્રિપાઠી, આદિ ભારતીય વિદ્વાનો છે જેમણે ભારતીય વિદ્યા અને વિશેષ રૂપે જૈન ધર્મ ઉપર ખૂબ જ ગંભીર અધ્યયન કર્યું છે. અહીં આપણે હર્મન યાકોબી, શૂબ્રિંગ અને આલ્સડ્રોફના જીવન અને કાર્ય અંગે સંક્ષિપ્ત પરિચય કરીશું.

## હર્મન યાકોબી

તેઓ જર્મન વિદ્વાન હતા, જેમણે ભારતીય ધર્મના વિવિધ પાસાઓ ઉપર કામ કર્યું છે. તેમનું મુખ્ય કામ જૈન ધર્મ ઉપર છે. હર્મન જ્યોર્જ યાકોબી ૩-૨-૧૮૫૦માં કોઈલ-કોલોન ( જર્મનીમાં જન્મ્યા હતા. તેઓએ હાઈસ્કૂલનો અભ્યાસ પોતાના ગામમાં કર્યો હતો અને ત્યારબાદ બર્લીન ગયા. ત્યાં તેમણે ગણિતશાસ્ત્રનો અભ્યાસ કર્યો. ત્યાં જ તેમણે પ્રો. વેબર અને પ્રો. ગોલ્ડમીસ્ટર પાસે સંસ્કૃત ભાષા અને તુલનાત્મક ભાષા શાસ્ત્રનો પણ અભ્યાસ કર્યો. તેમણે ૧૮૭૨માં `on the origins of Indian Astrology's Term Hora' એ વિષય ઉપર સંશોધનાત્મક શોધ-નિબંધ લખી બર્લિન યુનિ.માંથી Ph.D.ની ડિગ્રી પ્રાપ્ત કરી. ત્યાંથી તેઓ એક વર્ષ માટે લંડન ગયા અને પછી ૧૮૭૩-૭૪માં તેઓ જ્યોર્જ બૂહલરની સાથે ભારતની મુલાકાતે આવ્યા. આ મુલાકાતે તેમના જીવનમાં ખૂબ જ અગત્યનો ભાગ ભજવ્યો. તેઓ રાજસ્થાન ગયા જ્યાં તેમણે અનેક હસ્તપ્રત ભંડારોની મુલાકાત લીધી અને જૈન મુનિઓના પરિચયમાં આવ્યા. અનેક હસ્તપ્રતો પણ ભેગી કરી. ભારતથી જર્મની પછા ફર્યા બાદ તેમને ૧૮૭૫માં પ્રોફેસરની પદવી મળી. તેમણે મ્યુસ્ટર યુનિ.માં અને Kielમાં પ્રોફેસર પદ ઉપર સેવાઓ આપ્યા બાદ ૧૮૮૯માં કોયલ પાછા ફર્યા. ૧૯૧૩-૧૪માં તેઓ પુનઃ ભારત આવ્યા. ૧૯૨૨માં નિવૃત્ત થયા. ૧૯-૧૦-૧૯૩૭માં અવસાન પામ્યા. તેઓ ભારતીય વિદ્યાના પ્રકાંડ વિદ્વાન વેબરના શિષ્ય હતા.

**કાર્ય**

હર્મન યાકોબીએ ઘણાં જૈન ગ્રંથો સંપાદિત કર્યા છે. જૈન ગ્રંથોના જર્મન ભાષામાં તેમ જ અગ્રેજી ભાષામાં પણ અનુવાદો કર્યા છે. તેમનાં કામોની નોંધ નીચે મુજબ છે.

1) Zwei Jainastotras Indische studien - 1876.

2) Kalpasutra of Bhandrabahu-

પ્રસ્તાવના, નોંધો અને સંસ્કૃત-પ્રાકૃત શબ્દસૂચિ સાથે.

Leipxig - 1879.

3) Kalakacarya - Kathanagam સંપાદન-અનુવાદ Journal of the German Oriental Society - 1880

4) the Ayarmga Sutta of the Svetambara Jains. Pali Text Society - London - 1882.

5) the Sthaviravali Charita or Parisistaparva by Hemchandra - Bibliotheca Indica- 1883-1932

**અનુવાદ**

૧) આચારાંગ સૂત્ર Sacred Books of the East - 1884

૨) કલ્પસૂત્ર

૩) ઉત્તરાધ્યયન સૂત્ર Sacred Books of the East - 1885

૪) સૂત્રકૃતાંગ સૂત્ર

**પોતાનાં પ્રકાશનો**

૧) Selected stories in Maharastri - Leipzig - 1886

આ પુસ્તકમાં તેમણે પ્રાકૃત ભાષાનું વ્યાકરણ અને શબ્દસૂચિ પણ આપી છે જેના કારણે આ પુસ્તક મહારાષ્ટ્રી પ્રાકૃત ભણવા માટેનું એક મહત્ત્વપૂર્ણ પુસ્તક ગણાય છે.

૨) ઉપમિતિભવપ્રપંચકથા - સિદ્ધર્ષિ Bibliotheca Indica - 1901-14

૩) હરિભદ્રસૂરિની સમરાઈચ્ચકહા (બીજી આવૃત્તિ)

૪) વિમલસૂરિ કૃત પઉમચરિયં - ૧૯૧૪

તેમણે ભારતના પ્રવાસ દરમ્યાન બે અપભ્રંશ કાવ્યો શોધી કાઢ્યા,

જેની જાણકારી માત્ર વ્યાકરણગ્રંથોમાં આવતા ઉદ્ધરણો દ્વારા જ મળતી હતી. તે ધનપાલની ભવિસત્તય કહા અને સનતકુમાર ચરિતમ્. આ બન્ને ગ્રથોનું તેમણે સંપાદન કર્યું અને ૧૯૧૮-૧૯૨૧માં તે પ્રકાશિત થયાં. આ સિવાય તેમણે જૈનધર્મ વિષયક અનેક શોધલેખો લખ્યા છે. તે લેખોનું કદ પણ એક-એક સ્વતંત્ર પુસ્તક જેટલું વિસ્તૃત થાય તેવું છે.

તેમણે જૈનધર્મનો જ અભ્યાસ કર્યો હતો તેવું ન હતું, તેમણે ગણિતશાસ્ત્ર અને પ્રાકૃતિક વિજ્ઞાનનો પણ ગંભીર અભ્યાસ કર્યો હતો. તેમના કેટલાંક કામોની સૂચિ નીચે મુજબ છે.

1) Methods and tables for verifying Hindu dates, Ththis, Eclipses, Nakshatras etc. (Bombay - 1888)

2) the computation of Hindu dates in the Inscriptions (1892)

3) Tables for calculating Hindu dates in true local time (1894)

4) the Planetary Tables (1912)

આ ત્રણેય લેખ (Epigraphia Indica)માં છપાયા છે,

5) Age of Veda in festschoift for Rudolf Roth.

6) On the Antiquity of Vedic culture - Journal of the Royal Asiatic Society (1908)

તેમણે વ્યાકરણશાસ્ત્ર અને વ્યુત્પત્તિ શાસ્ત્ર ઉપર પણ કામ કર્યું છે.

Compound and subordinate clauses, studies in the development of Indo-European Language. Bonn (1897)

તેમણે મહાકાવ્યો, પુરાણો અને કથાઓ પર પણ કામ કર્યું છે.

1) the Ramayana, History and contents with a concordance of the Priuted Recensions. Bonn-1983

2) Mahabharat - 1903

તેમણે કાવ્યશાસ્ત્ર અને સૌંદર્યશાસ્ત્ર પર પણ લેખો લખ્યા છે.

1) Dhavni the soul of poetry Dhvanyaloka Leipzig

- 1903.

2) Early History of Alamkaras' astra - 1930

દર્શન શાસ્ત્રમાં તેમને હિંદુ, ન્યાય અને વૈશેષિક દર્શનમાં વધુ રુચિ હતી. તેમણે યોગશાસ્ત્રનો પણ અભ્યાસ કર્યો હતો. તેમણે તર્ક, યુક્તિ, અનુમાન આદિ વિશે સુંદર વિવેચન કર્યું છે. સાંખ્ય-યોગ કરતાં બૌદ્ધ દર્શનના સિદ્ધાંતો મૌલિક છે તે અંગે પણ તેમણે વિસ્તૃત નિબંધ લખ્યો હતો.

The Origin of Buddhism from Samkhya - yoga (1896)

તેમણે ભગવદ્‌ગીતા ઉપર પણ ગંભીર વિચારણા કરી છે. ઈશ્વરવાદ અને સર્વવ્યાપકવાદ ઉપર તેમણે લખ્યું છે. વળી તેમણે યોગશાસ્ત્રના સિદ્ધાન્તોના મૂળ અંગે પણ સંસોધનાત્મક લેખ લખ્યો હતો જે ૧૯૨૯માં ગોટિંગન એકેડેમિમાંથી પ્રકાશિત થયો હતો. આ બધા જ વિદ્વદ્‌ભોગ્ય લેખોની સાથે સાથે તેમણે સામાન્ય જનને ઉપયોગી થાય તેવા ગ્રંથો પણ તૈયાર કર્યા હતા. તેમાંના કેટલાક છે.

Light of the orient - 1922

તેમણે Encyclopedia of Religion and Ehtics માટે ઘણાં અધિકરણો લખ્યાં, તેમજ Concept of God in Indian Philosophy નામે 1923માં લેખ લખ્યો. આ લેખમાં તેમણે વેદથી માંડી દર્શનશાસ્ત્રમાં ઈશ્વરની વિભાવના અંગેની ચર્ચા કરી છે.

આમ હર્મન યાકોબીએ આજીવન વિદ્યાસાધના કરી વિશાળ સાહિત્યનું નિર્માણ કર્યું છે. તેમની વિદ્યાસાધના અને જૈન સાહિત્યની સાધનાને કારણે જૈન સંઘ તરફથી જૈનદર્શન દિવાકરની પદવીથી તેમને નવાજવામાં આવ્યા હતા.

યુરોપના ભારતીય દર્શન શાસ્ત્રના નિષ્ણાત વિદ્વાન ફાઉવાલ્નરે તેમના લેખોનું સંપાદન કરતાં જણાવ્યું છે કે તેમના કેટલાંક સંશોધનો ઉતાવળિયાં, કેટલાંક સત્ય અને તેમ છતાં બધાં જ લેખો-સંશોધનો મહત્ત્વપૂર્ણ અને વિચારોત્તેજક તથા પ્રેરક છે.

હર્મન યાકોબીની જૈન સાહિત્યની સેવાને જૈનો ભૂલી શકે તેમ

નથી. તે વખતે સામાન્ય રીતે મનાતું હતું કે જૈનધર્મ બૌદ્ધધર્મની શાખા છે. આ મતની તેમણે આલોચના કરી અને કલ્પસૂત્રની મૂળ આવૃત્તિની પ્રસ્તાવનામાં તેમણે સિદ્ધ કર્યું કે જૈનધર્મ એ બૌદ્ધધર્મની શાખા નથી પણ એક સ્વતંત્ર ધર્મ છે. શ્રી મહાવીર સ્વામી ભગવાન શ્રી બુદ્ધના સમકાલીન હતા. સને ૧૮૭૯માં પ્રકટ થતાં તે હકીકત સામે વિદ્વાનોએ થોડો વિરોધ પ્રગટ કર્યો પણ અંતે તેમાં બતાવેલ અભિપ્રાયો સામાન્ય રીતે સર્વત્ર સ્વીકારાયા. ઉત્તરાધ્યયના અને સૂત્રકૃતાંગના અંગ્રેજી અનુવાદની પ્રસ્તાવનામાં તેમણે જૈનધર્મના ઈતિહાસના સામાન્ય પ્રશ્નો ચર્ચ્યા છે. સને ૧૮૯૩માં તેમણે તત્કાલીન માન્યતાથી પણ વૈદિક સંસ્કૃતિ વધુ પ્રાચીન છે તે દલીલો દ્વારા સિદ્ધ કરી બતાવ્યું. જાણીતા ઈતિહાસવિદ્ મોહનલાલ દલીચંદ્ર દેસાઈ જણાવે છે કે આ વિદ્વાને જૈનધર્મના ઈતિહાસને છણીને વૈદિક-બ્રાહ્મણ ધર્મ તેમજ બૌદ્ધધર્મ સાથે તુલના કરીને જૈનધર્મ સંબંધી જે ભ્રમણાઓ હતી તે અકાટ્ય પ્રમાણો આપી દૂર કરી છે. તે માટે આખો જૈન સમાજ તેમનો અત્યંત ઋણી છે.

## વોલ્ટર શૂબ્રિંગ - (૧૮૮૧-૧૯૬૯)

Walter schubring enriched Jainology and Prakrit studies with his vast contributions. It was owing to his untiring efforts that the Jain canon was made known to scholar.

અર્થાત્ વોલ્ટર શૂબ્રિંગે પોતાના અત્યધિક યોગદાનથી જૈનવિદ્યા અને પ્રાકૃતવિદ્યાને સમૃદ્ધ કરી અને તેમના અથાગ પ્રયત્નોને કારણે જૈનાગમો વિશ્વભરના વિદ્વાનોમાં જાણીતા બન્યા.

શૂબ્રિંગનો જન્મ ૧૦-૧૨-૧૮૮૧માં લ્યૂબેક (Luebeck) જર્મનીમાં થયો હતો. તેમના પિતા ત્યાંની પ્રસિદ્ધ શાળાના આચાર્ય હતા. તેઓએ ઉચ્ચતર અભ્યાસ મ્યૂનચેન યુનિ. તથા સ્ટ્રાસબર્ગ યુનિ. માં કર્યો હતો. તે જમાનાના સુપ્રસિદ્ધ પ્રકાંડ તેજસ્વી વિદ્વાનો વેબર, પિશલ, યાકોબી લોયમાન, તેમના ગુરુજનો હતા. તેમણે કલ્પસૂત્ર ઉપર કામ કર્યું અને તે ઉપર પીએચ.ડી.ની ડિગ્રી મળી હતી. (૧૯૦૪)આ શોધનિબંધનું અંગ્રેજી ભાષાંતર બર્ગેસે કર્યું હતું અને તે ૧૯૧૦માં ઈન્ડિયન એન્ટીક્વેરીમાં

છપાયું હતું. શૂબ્રિંગે ૧૯૦૪ થી ૧૯૨૦ સુધી રોયલ પ્રુશિયન સ્ટેટ લાયબ્રેરી-બર્લિનના વિદ્યાકીય-ગ્રંથપાલ તરીકે સેવાઓ આપી. ત્યાં તેમણે જૈન હસ્તપ્રતોના વિસ્તૃત સુચિપત્રો (કેટલોગ) તૈયાર કર્યા હતાં. જે જર્મનીથી પ્રકાશિત થયાં છે. સને ૧૯૨૦માં શૂબ્રિંગ હેમ્બુર્ગ યુનિ.માં પ્રો. સ્ટેન કોનોવના ઉત્તરાધિકારી તરીકે પ્રોફેસરના પદે નિયુક્ત થયા. સને ૧૯૨૨થી તેમણે Journal of the German Oriental Societyનું સંપાદન કાર્ય સંભાળ્યું. ૧૯૨૭-૨૮માં તેઓ ભારતની મુલાકાતે આવ્યા અને અહીં તેઓએ અનેક ગ્રંથભંડારોની મુલાકાત લીધી તથા જૈનમુનિઓ તથા જૈન વિદ્વાનોના સંપર્કમાં આવ્યા. તેમણે કેટલોક સમય ભંડારકર રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ, પૂનામાં પણ સેવાઓ આપી હતી. સને ૧૯૫૧માં તેઓ નિવૃત્ત થયા અને ૧૩-૪-૧૯૬૯માં અવસાન પામ્યા.

શૂબ્રિંગે અનેક ગ્રંથો સંપાદિત કર્યા, અનેક સંશોધન લેખો લખ્યા, અનેક જર્મનોને સંસ્કૃત-પ્રાકૃત અને જૈન વિદ્યાનો અભ્યાસ કરાવ્યો. તેમણે આજીવન ભારતીય વિદ્યા અને જૈન સાહિત્યની સેવા કરી છે. તે ચિરકાળ સુધી અમર રહેશે.

તેમણે આચારાંગસૂત્ર, સૂત્રકૃતાંગસૂત્ર સંપાદિત કર્યા. તેનું પ્રકાશન ૧૯૧૮માં થયું છે. આ વર્ષમાં જ તેમણે વ્યવહાર અને નિશીથસૂત્ર સંપાદિત કર્યા. ૧૯૫૧માં અને ૧૯૬૩માં માહનિશિથ સૂત્રનું અધ્યયન કરી બે ભાગમાં પ્રકાશિત કર્યું. તેની નાગરી આવૃત્તિ જૈન સાહિત્ય સંશોધક સમિતિ, પૂના દ્વારા ૧૯૨૩માં પ્રકાશિત કરવામાં આવી હતી. તેમની સંપાદન શૈલી અત્યંત ચીવટવાળી અને નિર્ભૂલ હતી. તેથી તે શૈલી વિદ્વાનોમાં આદર્શ રૂપે સ્વીકારવામાં આવી. તેમણે "ભગવાન મહાવીરના શબ્દો"એ નામથી જર્મન ભાષામાં જૈન આગમોનો સમાલોચનાત્મક અનુવાદ કર્યો હતો (૧૯૨૬), જેનું અંગ્રેજી ભાષાંતર લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ છે. તેમણે લોયમાનના અંતિમ કાર્ય આવશ્યક સાહિત્ય (૧૯૩૪)માં સંપાદિત કર્યું છે. આ કાર્ય અત્યંત ઉપયોગી છે. કહેવાય છે કે આ ગ્રંથમાં સમગ્ર જૈનધર્મનો સાર આવી જાય છે. 'જે જૈન આગમ

સાહિત્યમાં છે તે બધું જ આ ગ્રંથમાં છે અને જે આ ગ્રંથમાં નથી તે અન્યત્ર ક્યાંય નથી' તેવો આ ગ્રંથ વિશ્વયુદ્ધમાં નાશ પામતાં પામતાં રહી ગયો. આ ગ્રંથ કચરાપેટીમાં નાંખી દેવામાં આવ્યો હતો. પરંતુ લોયમાનના દીકરા મનુ લોયમાને આ ગ્રંથની હસ્તલિખિત નકલ કચરાપેટીમાંથી લઈ આવીને શૂબ્રિંગને સોંપી હતી. આવી રીતે આ ગ્રંથ બચી જવા પામ્યો હતો.

શૂબ્રિંગે દશવૈકાલિક ગ્રંથનો અનુવાદ પણ કર્યો હતો. જે ૧૯૩૨માં અમદાવાદથી પ્રકાશિત થયો હતો. તેમણે ૧૯૬૬માં જૈન છેદસૂત્રો સંપાદિત કર્યાં હતાં. તેમણે નિર્યુક્તિ અને જૈન સ્તોત્રો ઉપર તેમજ ગણિવિજ્જા, તંદુલવેયાલિય ઉપર પણ કર્યું હતું, જે તેમના અવસાન પછી પ્રગટ થયું હતું. ઈસભાસિયાઈ (૧૯૪૨) સંપાદિત કરી પ્રગટ કર્યું હતું. જૈનધર્મના સિદ્ધાંન્તો અને અન્ય ગ્રંથો પ્રકાશિત કર્યા હતા.

આમ શૂબ્રિંગે આજીવન જૈન આગમ અને જૈન સાહિત્યની સેવા કરી વિદેશમાં જૈન ધર્મનો પ્રચાર-પ્રસાર કર્યો હતો.

### પ્રો. 'આલ્સડ્રોફ (૧૯૦૪-૧૯૭૮)

આલ્સડ્રોફનો જન્મ ૧૯૦૪માં જર્મનીના હિનલેન્ડ (            )માં થયો હતો. તેઓએ હાઈડલબર્ગ અને હેમ્બુર્ગની યુનિ.માં ભારતીય સંસ્કૃતિ, તુલનાત્મક ભાષાવિજ્ઞાન, પર્શિયન ભાષા અને અરેબિક ભાષાનો અભ્યાસ કર્યો હતો. તેમણે સંસ્કૃત ભાષાનો અભ્યાસ હેઈનરીય ઝીમર અને વોલ્ટર શૂબ્રિંગ પાસે કર્યો. આ બન્ને વિદ્વાનો પાશ્ચાત્યજગતમાં જૈનવિદ્યાના પ્રકાંડ વિદ્વાનો તરીકે નામના પામ્યા હતા. તેમણે જ તેમને જૈન વિદ્યાના અભ્યાસ માટે પ્રેર્યા. આલ્સડ્રોફને અપભ્રંશ ભાષામાં રચાયેલ કુમારપાલ પ્રતિબોધ ઉપર હેમ્બુર્ગ યુનિ. દ્વારા       ની ડિગ્રી પ્રાપ્ત થઈ હતી. ત્યારબાદ તેમણે બર્લિનમાં લ્યૂડર્સના હાથ નીચે કામ કર્યું, ત્યાં તેમણે હર્મન યાકોબીની પ્રેરણાથી હરિવંશ પુરાણ (પ્રકાશન-૧૯૩૬) ઉપર કામ કર્યું.

તેમણે ૧૯૩૦-૩૨માં અલ્હાબાદ યુનિ.માં જર્મન ભાષા અને ફ્રેંચ ભાષાના લેક્ચરર (પ્રાધ્યાપક) તરીકે સેવાઓ આપી. આ સમય દરમ્યાન તેમણે સમગ્ર ભારતમાં પ્રવાસ કર્યો અને અનેક વિદ્વાનો જૈન મુનિઓના

સંપર્કમાં આવ્યા, તેમાં વિશેષે કરી આચાર્ય વિજય ઈન્દ્રસૂરિ, મુનિ વિદ્યાવિજય અને જયન્તવિજય મુખ્ય હતા.

૧૯૩૫-૩૮માં તેઓ બર્લિનમાં ભારતીય સંસ્કૃતિના રીડર તરીકે નિમણૂક પામ્યા અને ત્યારબાદ તેમણે મ્યૂન્સ્ટરમાં પણ ભારતીય સંસ્કૃતિના પ્રાધ્યાપક તરીકે સેવાઓ આપી. ૧૯૫૦માં તેઓ હેમ્બુર્ગ યુનિ.માં ભારતીય સંસ્કૃતિ શાખાના વડા તરીકે નિમણૂંક પામ્યા. આ જગ્યાએ જ તેમના ગુરુ શૂબ્રિંગ પણ ભણાવતા હતા. આમ તેઓ તેમના ગુરુના સાચા અર્થમાં ઉત્તરાધિકારી બન્યા.

તેમણે જર્મન ભાષામાં ઉત્તરાધ્યયન સૂત્ર ઉપર અનેક લેખો લખ્યા. ઉપરાંત તેમણે અપભ્રંશ સ્ટડીઝ (૧૯૩૭) તથા ઈન્ડિયન સબકોન્ટીનેન્ટ - ભારત, પાકિસ્તાન, સિલોન (૧૯૫૫), Contribution to the History of vegetariaism and cow-worship in India (1961), Asoka's separate edicts of Dhuli and Jaugadar (1962), આદિ લેખો લખ્યા. સને ૧૯૫૧ થી ૧૯૫૯ના સમયગાળા દરમ્યાન તેમણે હેનરીય લ્યૂડર્સના અપ્રકાશિત લેખોનું સંપાદન કર્યું અને તે વરૂણ નામે પ્રકાશિત થયું. તેમની ૭૦મી વર્ષગાંઠે ગ્લાઝનેપ ફાઉન્ડેશનના ઉપક્રમે તેમના લેખો, પ્રવચનો અને સંશોધનોનું પ્રકાશન કરવામાં આવ્યું. તેમણે પાલિ ડિક્ષનરીની યોજનાના મુખ્ય સંપાદક તરીકે પણ સેવા આપી હતી. તેમણે જીવનના પાછલા વર્ષોમાં જૈન આગમની ટીકાઓ પર કામનો પ્રારંભ કર્યો હતો.

આ ઉપરાંત તેમણે Academy of sciences and literature of Mayence, Roayal Danish Academy of Sciences and letters જેવી એક સંસ્થાઓમાં સક્રિય કાર્યકર હતા. આમ તેમણે જૈનધર્મ અને ભારતીય સંસ્કૃતિની આજીવન સેવા કરી અનેક ગ્રંથો સંપાદિત કરી પ્રકાશિત કર્યા હતા.

# ભોગીલાલ સાંડેસરનું સંપાદન કાર્ય (જૈન કૃતિઓના સંદર્ભે)

□ સેજલ શાહ

ભોગીલાલ સાંડસરાએ અનેક મહત્ત્વના ગ્રંથોનું સંપાદન કાર્ય કર્યું છે. ઈયત્તા ને ગુણવત્તા, સંખ્યા અને સત્ત્વની દૃષ્ટિએ સાંડેસરાનું સંશોધક, સંપાદક, અનુવાદક અને સ્વતંત્ર વિચારક લેખક તરીકે વિશાળ પરિપ્રેક્ષ્યમાં કામ કર્યું છે. માત્ર ચૌદ વર્ષની ઉંમરે જૂન ૧૯૩૧ના 'બુદ્ધિપ્રકાશ'ના અંકમાં એમનો પ્રથમ લેખ 'પડીમાત્રાનો સમય' પ્રગટ થાય છે અને ઈ.સ.૧૯૯૮માં એમનો છેલ્લામાં છેલ્લો લેખસંગ્રહ 'યજ્ઞશેષ' અમદાવાદની 'ગુજરાત સાહિત્ય સભા' પ્રગટ કરે છે.

તેઓ જૂની ગુજરાતી, પ્રાકૃત, સંસ્કૃત ભાષાના જાણકાર હતા અને ભારતીય વિદ્યા, સંસ્કૃતિવિદ, આરૂઢ સંપાદક, અનુવાદક, સમીક્ષક પ્રાકૃત અને ગુજરાતી ભાષાના અર્ધમાગધીના અધ્યાપક હતા. નર્મદ ચંદ્રક સ્વીકારતી વખતે તેમણે વ્યક્તિ સન્માન નહિ પરંતુ કૃતિ સન્માનની મહત્તાને સ્વીકારી હતી. "જૈન આગમોમાં ગુજરાત" અને "મહામાત્ય વસ્તુપાલનું સાહિત્ય મંડળ તથા સંસ્કૃત સાહિત્યમાં તેનો ફાળો" આ બે મહત્ત્વના સંશોધનગ્રંથો તેમણે આવ્યા છે. "જૈન આગમોમાં ગુજરાત"માં ૪૫ જૈન આગમગ્રંથમાંથી ગુજરાતના ઈતિહાસને લગતા ઉલ્લેખો તારવી તેનાં વિવિદ પાસાંનો વિશદ પરિચય કરાવ્યો છે, એ જ રીત તેરમા સૈકામાં થઈ ગયેલા ગુજરાતના કલાપ્રેમી મંત્રી વસ્તુપાલની આસપાસ એકત્ર થયેલા કવિ પંડિતોએ સંસ્કૃત સાહિત્યમાં કરેલા પ્રદાનવિષયક ઊંડી પર્યુષણ છે.

રામશતક'નું સંપાદન પણ તેમણે મુનિશ્રી પુણ્યવિજયજી સાથે કર્યું. મુનિશ્રી જિનવિજયજીએ પાટણમાં સાંડેસરાની ઓળખાણ મુનિશ્રી પુણ્યવિજયજી સાથે કરાવી અને ગુરુ-શિષ્યનો નાતો જીવનભર નભ્યો.

મુનિશ્રી પુણ્યવિજયજી પાસે તેઓ હેમચન્દ્રકૃત 'પ્રાકૃત વ્યાકરણ' શીખ્યા અને જૂની હસ્તપ્રત વાંચતા પણ શીખ્યા અને પાટણના સમૃદ્ધ પુસ્તકાલયોમાં કાર્ય કર્યું, ગુરુ પાસેથી તેમણે તીક્ષ્ણ અને સંપાદકીય ઊંડાણની દૃષ્ટિ મેળવી. હસ્તપ્રતો, પાઠાંતરો, તુલનાત્મક, શાસ્ત્રીય અભ્યાસ આ બધું સમાવતાં ૨૦ જેટલાં સંપાદનો તેમની પાસેથી મળ્યા છે.

જૈન પરંપરામાં પરિવર્તન પામેલા નળાખ્યાન સમાણા 'નલદવદંતી રાસ'નું શબ્દાર્થ, વ્યાકરણરૂપ અને વ્યત્પત્તિ સાથે ૬૭૫ શબ્દોનો કોશ ધરાવતું સંપાદન તેમણે કર્યું છે. કવિ મહારાજની અત્યાર સુધીમાં માત્ર એક જ કૃતિ ઉપલબ્ધ છે, જેની રચના ૧૫૫૬માં કરવામાં આવી હતી (સંવત ૧૬૧૨) આ જૈન રાસકૃતિનું સંપાદન જેમાં પૂર્વભવની વાત કરવામાં છે. તેના કવિની સ્વતંત્રતા અને મૌલિક કલ્પનાશક્તિનો સંપાદકે પરિચય કરાવ્યો છે. કૃતિમાં સાહિત્યિક કળાકીય તત્ત્વો અને ધાર્મિક વસ્તુ, આ બંનેનો સુલગ સંગમ થયેલો જોવા મળે છે.

એમ.એ.માં તેમને પોતે જ સંપાદિત કરેલી કૃતિ અભ્યાસક્રમમાં ભણવાની હતી. આ ઘટના જ એમની વિદ્વતાનો પરિચય આપે છે. કે. કા. શાસ્ત્રીએ એમને સુહૃદય-કમ-શિષ્યરત્ન કહી ૧૩ વર્ષની ઉંમરે ઓળખાવ્યા હતા. સોળવર્ષની ઉંમરે ઓરિએન્ટલ કૉન્ફરન્સમાં હાજરી આપે છે. નિબંધ મોકલાવે છે, મેટ્રિક થતા પહેલા જ બુદ્ધિપ્રકાશ, કૌમુદી, પ્રસ્થાન, શારદા જેવા અનેક અંકોમાં તેમના લેખો પ્રગટ થયેલા હતા. સંવત ૧૭૦૬માં રચાયેલી માધવકૃત 'રૂપસુંદરકથા'નું ઈ.સ. ૧૯૩૪માં તેઓ સંપાદન કરે છે અને પછી એનું પ્રકાશન મુંબઈની ફાર્બસ સભા કરે છે. નરસિંહરાવ દિવેટિયાના મતે અપુર્ણ ત્થા સાહિત્યમાં વૃત્તબધ્ધ રચનાઓ પ્રેમાનંદતા કહેવાતાં નાટકો પહેલા જ 'રૂપસુંદરકથા'માં બહોળા પ્રમાણમાં જોવા મળે છે.

ભોગીલાલ સાંડેસરા 'ઈતિહાસ' અને 'સાહિત્ય' આ બે સંજ્ઞાઓ પ્રયોજે છે. આ બંને સંજ્ઞા પ્રાચીન-મધ્યકાલીન જૈન સાહિત્યની ધારાને

આજ સાથે જોડી આપે છે. ભારતના જૈન સ્થાપત્યો, તીર્થો, વિદ્યાયાત્રા, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર અને સંસ્કૃતિ સમન્વય જેવા વિષયની ચર્ચા કરતાં-કરતાં ભોજરાજાના સરસ્વતી સદનની વાત પણ આવે છે. વૈદિક, પ્રશિષ્ટ, સંસ્કૃત વાઙમય જે લુપ્ત થશે તો એક આખી પરંપરા આપણા ગુરુઓનો અથાગ પરિશ્રમ વેડફાઈ જવાની જે શક્યતાઓ છે, તેને ભોગીલાલ જેવા વિદ્વાનોને કારણે ભૂંસી શકાય છેય આજે આપણે ભાષાથી અપરિચિત છીએ જ પણ એ કૃતિઓના નામ અને મહત્તાથી આવનારી પેઢી અપરિચિત થવાની છે ત્યારે આ સંપાદનો આજની ભાષા સુધી પહોંચાડવાનું અથાગ પરિશ્રમ માંગી લેતું કાર્ય ભોગીલાલ સાંડેસરાએ કર્યું છે.

૧૯૭૫માં મેરુસુંદર ઉપાધ્યાય કૃત વાગ્ભટાલંકાર બાલવબોધનું સંપાદન અને ૧૫ અને ૧૬માં સૈકામાં રચાયેલા ગુજરાતી બાલાવબોધોને આધારે નેમિચંદ્ર ભંડારીકૃત 'ષષ્ટીશતક પ્રકરણ' ૧૬૦ ગાથાઓના એક પ્રાકૃત પ્રકરણ ગ્રંથનું સંપાદન કરે છે.

આ આખું ઐતિહાસિક કાવ્ય વીરરસનું છે, કૃતિમાં રણથંભોરનું વર્ણન આવે છે.

શાસ્ત્રીય અને વિશાળ દૃષ્ટિએ પંચતંત્રનું સંપાદન મહત્વનું છે. આપણે જાણીએ છીએ કે આ કૃતિએ જગત સાહિત્યમાં અપૂર્વ સિદ્ધિ મેળવી છે અને આ ચિરંજીવી અને પ્રચલિત કૃતિ આપણને પ્રાપ્ત થઈ છે. પાંડુલિપિ ઉકેલીને સંપાદન કરનારી આ હસ્તી એટલે ભોગીલાલ સાંડેસરા સંશોધનક્ષેત્રે બેજોડ કહેવાયા છે. અનેક કૃતિઓ ઉપરાંત સત્તરમાં શતકના પ્રાચીન ગુર્જર કાવ્ય, પ્રાચીન ફાગુ સંગ્રહ વગેરે સંપાદનો પણ એમની પાસેથી મળ્યા છે. પ્રાચીન ગુર્જર કાવ્યામાં એક જૈન કવિની સુંદર રચના સ્થાન પામી છે. આ ગ્રંથમાં પ્રગાઢ વિદ્વત્તા, સુષ્ઠુ આયોજનશક્તિ અને અવિરત નિષ્ઠા જોવા મળે છે. આમાં સમાવિષ્ટ થયેલું કેસર વિમલકૃત 'સૂક્તમાલા' વિષય અને પ્રકાર બંનેની દૃષ્ટિએ આકર્ષક મહત્ત્વનું કાવ્ય છે. વર્નાક્યુલર સોસાયટીના હાથપ્રતસંગ્રહની પોથી ન.

૧૪૩૩ 'સૂકતમાલા'ની નકલનાં મહત્ત્વના પાઠાન્તરો નોંધ્યા છે. મારવાડી લહિયાના નિશાન અનેક જગ્યાએ મળે છે. સૂક્તમાલામાં ધર્મવર્ગ, અર્થવર્ગ, કામવર્ગ અને મોક્ષવર્ગ એવા ચાર વિભાગો પાડ્યા છે.

વડોદરા યુનિવર્સિટીના ગુજરાતીના આ અધ્યાપકે મધ્યકાલીન સાહિત્યનો સૂક્ષ્મ અને શાસ્ત્રીય અભ્યાસ કરેલો છે. ડૉ. રણજિત પટેલે 'આંબો ન્હાને કેરી મોટી' કહી ભોગીલાલને નવાજ્યા છે. જૈન સાહિત્ય અને ગુજરાતી સાહિત્યને પોતાની સૂઝથી ઉકેલી મહત્ત્વના સંપાદનો કરી જૈન સાહિત્યને સમૃદ્ધ કર્યું છે.

સાંડેસરામાં પંડિતયુગની 'પાઘડિયા વિદ્વતા,' ગાંધીયુગની ભાવનામયતા તેમ જ આદર્શલક્ષિતા છે અને સ્વતંત્ર અદ્યતન યુગની પડકાર અને પ્રતિકાર વૃત્તિ પણ છે. એમની વિદ્વતાએ જૈન સાહિત્યને સમૃદ્ધ તો કર્યું જ છે. તેમજ આધારભૂત વિગતસભર સાહિત્ય આપ્યું છે.

# અદ્વિતીય પ્રતિભા
# શ્રી કસ્તુરભાઈ લાલભાઈ

▯ પુષ્પાબહેન મહેતા

કસ્તુરભાઈનો જન્મ ઈ.સ. ૧૮૯૪ના ડીસેમ્બરની ૧૯મી તારીખે અમદાવાદમાં થયો હતો. તેમના પિતા લાલભાઈ દલપતભાઈમાં ધનોપાર્જન સાથે સમાજ પ્રત્યેની જવાબદારી અદા કરવાની ભાવના પણ હતી. અને એટલે જ જૈન સમાજ અને લોકહિતના કાર્યમાં તેમનો અગ્રહિસ્સો રહેતો. આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ મયાભાઈના અવસાન પછી લાલભાઈને પ્રમુખપદ સોપવામાં આવ્યુ હતું. જ્યારે લોક કર્ઝને દેલવાડાની દહેરાનાં શિલ્પ-સ્થાપત્યથી પ્રભાવિત થઈને દહેરાને સરકારી પુરાતત્વ ખાતાને સોંપવાનો પ્રસ્તાવ મૂકેલો ત્યારે શ્રી લા. દ. તેનો વિરોધ કરેલો. અને કહેલુ પેઢી હસ્તક દહેરાની સુરક્ષા સૂપરે ચાલે છે. અને તેની ખાતરી કરાવવા ૮ થી ૧૦ વર્ષ સુધી મંદિરોમાં કારીગરોને કામ કરતા બતાવ્યા હતા. સમેતશિખરમા ખાનગી બંગલા બાંધવાનો તેમણે વિરોધ કરેલો અને મંજૂરી રદ કરાવી. દાનવીર તરીકે પણ ગુજરાતભરમાં તેમની સુવાસ ફેલાયેલી હતી, તેની કદર રુપે સરકારે તેમને સરદારનો ખિતાબ આપેલો હતો. પરન્તુ તેમની વધારે સેવાનો લાભ જૈન સમાજ અને ભારત દેશને નહિ મળવાનો હોય ૧૯૧૨ની જૂનની પાચમી તારીખે એકાએક હૃદયરોગના હુમલાથી ૫૯ વર્ષની ઉંમરમા મોહીની બાની જવાબદારી વધી, તેમને સાત સંતાનો, તેમાં શ્રી કસ્તુરભાઈ લાલભાઈ ત્રીજા નંબરે ત્યારે તેમની ઉંમર ૧૭ થી ૧૮ વર્ષની જ હતી. ધંધાની સંભાળ માટે માતાની નજર શ્રી ક.લા. ઉપર પડી "ભાઈ અભ્યાસ છોડી મિલના કામમાં જોડાઈ જા." હજી કોલેજમાં અભ્યાસ ચાલુ કર્યાને છ મહિનાજ થયા હતા અને ભણવાની ઉત્કટ ઈચ્છા હતી તેથી મનમા ગડમથલ ચાલી, તો બીજી તરફ લાગતુ, "આજ્ઞા ગુરુણામ અવિચારણીયા" વડીલોની આજ્ઞાનું ઉલ્લંઘન શી રીતે થાય?

છેવટે માતાની ઈચ્છા માન્ય રાખી કંઈપણ દલીલ કર્યા વગર કોલેજ છોડી દીધી. અને મીલના વહિવટમાં જોડાઈ ગયા. મોટી બહેન ડાહીબહને જોયું કે મજબૂરીથી ધંધામાં જોડાવાનુ આવ્યુ એટલે ભાઈને કોલેજ છોડવી પડી છે., તેમણે ભાઈને કહ્યું "ભણતર અધૂરું રહ્યું તો ભલે ભાઈ, અંગ્રેજી શીખવાનું રાખજો" ધંધામાં કામ લાગશે. ભાઈએ બહેનની વાતને ધ્યાનમાં રાખી ધંધામાં ગળાડૂબ હોવા છતા શિક્ષક રાખીને મહેનત કરીને અંગ્રેજી ભણ્યા. અને તેથી જ તેમને પરદેશમાં વ્યવસાય કરવામાં વાતચીત વખતે તકલીફ પડી નહી. અને તે ખૂબ ઉપયોગી થયું.

શેઠ શ્રી ક.લા. એ જ્યારે રાયપુર મિલનું કામકાજ હાથમાં લીધું, ત્યારે રૂ ની ખરીદી કરવા પોતે જ ગામડે જતા અને સારી ગુણવત્તાવાળું રૂ ખરીદતા, ફક્ત નમૂના આવેલ હોય તેના ઉપરથી ખરીદી કરતા નહીં. રૂની ખરીદીની કુશળતાના કારણે ભારત સરકારના પ્રતિનિધી તરીકે શ્રી ક.લા. અને બીજા બે જણા આફ્રીકા અને સુદાન રૂ ની ખરીદી માટે ગયા હતા.

૧૯૧૪ના અરસામાં પ્રથમ વિશ્વ યુદ્ધ શરૂ થયુ ત્યારે લેકંશાયરની કાપડની આયાત ઘટી ગઈ. એટલે ભારતમાં મીલના કાપડની માંગ વધી તેના કારણે રાયપુર મીલની આવક પણ વધી ગઈ. અને દેશમાં સૌથી વધુ નફો કરનાર મિલોમાં તેમની ગણના થઈ ત્યારે કસ્તુરભાઈએ કહેલું કે :-
૧) ઉદ્યોગપતિ એ હંમેશાં ઉત્પાદનની કક્ષા ઉપર ભાર મૂકવો જોઈએ.

૨) પ્રામાણિકતાને પાયામા રાખવી

૩) વહીવટ કરસરભર્યો અને સ્વચ્છ રાખવો.

૪) શેયર હોલ્ડરની મૂડીનું ટ્રસ્ટની માફક જતન કરવું અને તેમાંથી વધુ નફો કરી આપવો તે પોતાના હિતની વાત છે.

રાયપુર મીલમાં શેયર હોલ્ડરોને રૂ.૧ હજારના શેરના બદલામાં રૂ. ૧ લાખ કરતા વધુ વળતર મળી શક્યું છે.

૧૯૧૪માં અનાવૃષ્ટિને કારણ કસ્તુરભાઈ, ઈન્દુલાલ યાજ્ઞિક, કૃષ્ણલાલ વ. સૌએ સાથે રહી ઘરે ઘરે ફરી રૂ.૨૭૫૦૦૦/- નો ફાળો એકઠો કર્યો. અને શ્રી ક.લા.ના પ્રયત્નથી પંજાબથી ઘંઉ અને વલસાડથી ઘાસ સારા પ્રમાણમાં મેળવી પહોંચવામાં આવ્યું અને તેનો હિસાબ દેવા માટે રોજેરોજ

સરદાર વલ્લભાઈને મળવા માટે ભદ્રમાં જતા અને તેથી બન્ને વચ્ચે ગાઢ મૈત્રી સંબંધ બંધાયો હતો. સરદાર વલ્લભભાઈ પટેલના આગ્રહથી શ્રી ક. લા. ધારાસભ્ય બન્યા હતા. ધારાસભ્ય બન્યા પછી ૩૦ વર્ષથી ચાલતી કાપડ ઉપરની જકાત સરકાર પાસે તેમણે માફ કરાવી.

અમેરિકન સાઈનમાઈડ કં. અને શ્રી ક.લા. એ સાથે મળીને વલસાડ પાસે "અતુલ"ની સ્થાપના કરી.

શ્રી ક. લા.ની શિક્ષણ અને સંસ્કૃતિના ક્ષેત્રની સેવા તેમણે કરેલી પ્રવત્તિઓમાં શિખરરૂપ છે.

તેમણે છસો એકર જમીન, ૭૦ લાખ રૂપિયા ખર્ચીને સંપાદન કરાવી હતી. જેના કારણે ગુજરાત યુનિવર્સિટી અસ્તિત્વમાં આવી.

બીજી એક સંસ્થા પાંચ દાયકાથી આગબોટ આકારના રૂપકડા સ્થાયત્વરૂપે લાલભાઈ દલપતભાઈ (એલ.ડી.) ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર છે.

સ્કૂલ ઑફ આર્કિટેક્ચર નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન વિક્રમ સારાભાઈ કમ્યુનિટી સેન્ટર જેવી આંતરરાષ્ટ્રીય ખ્યાત પામેલી સંસ્થા કહે છે કે શ્રી કસ્તુરભાઈને શિક્ષણ પ્રત્યે કેટલી દિલચસ્પી છે તે જોઈ શકાય છે. જ તેમ ન હોત તો આ બધી સંસ્થાઓ અમદાવાદને આંગણે ઊભી થઈ શકી હોત કે કેમ તે એક શંકા છે.

૧૯૨૧ના સરદારશ્રી અમદાવાદ મ્યુનિસિપાલટીના પ્રમુખ બનેલા તેમના કહેવાથી, મ્યુ. પ્રાથમિક શાળાને શેઠ શ્રી ક. લા. તેમજ તેમના ભાઈઓ એ રૂ. ૫૦,૦૦૦/-નું દાન આપેલું અને ત્યારથી દાનના શ્રી ગણેશ મંડાયેલા.

લા. દ. ટ્રસ્ટ તરફથી ત્રણ કરોડ રૂપિયા અને તેમને હસ્તક ચાલતા ઉદ્યોગૃહ તરફથી ૪ કરોડ રૂ.ની સખાવત થયેલી છે.

એલ. ડી. સંસ્થાને મુનિશ્રી પુણ્યવિજયજીએ ૧૦૦૦૦ હસ્તપ્રતો અને ૭૦૦૦ પુસ્તકોની મૂલ્યવાન ભેટ આપી હતી. આજે સંસ્થા પાસે ૭૦,૦૦૦ જેટલી હસ્તપ્રતો એકત્ર થયેલ છે, તેમાંથી ૧૦૦૦૦ હસ્તપ્રતોની યાદી ગુજરાત સરકારની સહાયથી પ્રસિદ્ધ થયેલ છે. ૧૦૦ થી વધુ સંશોધન-ગ્રંથો પ્રકાશિત થયા છે, ૨૦૦૦ જેટલી કિંમતી હસ્તપ્રતોની માઈકો ફિલ્મ

ઉતરાવેલી છે. શેઠ શ્રી ક.લા.ના કુટુંબીજનો તરફથી ૪૦૦ થી વધારે પુરાતત્ત્વ વસ્તુઓ ભેટ મળેલી છે. એલ. ડી. ઈન્સ્ટીટ્યૂટ ઑફ ઈન્ડોલોજી સાહિત્યની વિશિષ્ટ સંસ્થા બની છે.

શેઠ શ્રી ક. લા.ની કલાદૃષ્ટિ પણ ખૂબજ આગવી હતી.

જૂના પ્રેમાભાઈ હોલની બાંધણી તેમને ખૂંચતી હતી, તેનો કાયાકલ્પ કરવાની તેમણે યોજના કરી અને રૂા. ૩૨,૧૫,૦૦૦/-નું દાન તેમણે અને લા.દ. ગૃપના ઉદ્યોગગૃહોએ આપેલ.

શેઠ શ્રી ક.લા.ના જીવનમાં ઘણા ઐતિહાસિક કામો થયા છે. ગિરિરાજ, આબુ વગેરેના પણ એ સૌમા રાણકપુરનો જિર્ણોદ્ધાર એ સૌથી મોટું કામ છે.

એક એમેરિકન મૂલાકતીએ શ્રી. ક.લા.ને પ્રશ્ન કર્યો, "આવતી કાલે જ તમારું અવસાન થવાનું હોય તો..."

તેમને કાળાબજાર પ્રત્યે ઘૃણા, જીવનમાં અત્યંત સાદાઈનો આગ્રહ, નાણાંના જરા જેટલો પણ વ્યય ન થાય તેતી સભાનતા વાણી, વિચાર અને આચારની બાબતમાં સચ્ચાઈ, સચોટતા અને કર્તવ્યપરાયણતા, આ બધા ગુણો એમના વ્યક્તિત્વમાં ગુંથાઈ વણાઈ ગયા હતા. અને વેપારી આલમ માટે દીવાદાંડી સમાન હતા.

કસ્તુરભાઈભાઈને કહ્યું કે મને અવસાન વખતે શાલ ઓઢાડશો નહી. ફૂલ તો દેવ ને ચડે, મને ફૂલ ચડાવશો નહીં, મને અરવિંદની સફેદ ચાદર ઓઢાડજો. માણસ મૃત્યુ પામે તેને લીધે ઉત્પાદન અટકવું ન જોઈએ તેમણે સ્પષ્ટ કીધેલું કે મારા અવસાનના શોકમાં એકપણ મીલ બંધ ન રહેવી જોઈએ. તેમની નવ (૯) મિલોના મેનેજરો એ આ વાત માન્ય રાખી, આવી તેમની અંતિમ ઈચ્છા હતી.

૧૫ દિવસની ટૂંકી બીમારીમાં તા. ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૦ના દિવસે તેમની પ્રિય કર્મભૂમિ (અમદાવાદ) પરથી વિદાય લઈ પ્રિયતર દિવ્યધામ જવા માટેનું તેડું આવ્યું. જેનો તેમણે શાન્તિ અને સંતોષથી સ્વીકાર કર્યો. આખા અમદાવાદમાં જેમના શોકમાં હડતાળ હતી, તેમની જ મિલો એ દિવસે ચાલી તે એક અપૂર્વ ને અભિનંદનીય ઘટના ગણાય.

# શેઠ શ્રી અમૃતલાલ કાલિદાસ દોશીની સાહિત્યસેવા

❑ ડૉ. કલાબેન શાહ

ઉદાર ધનપતિ અને વિદ્યાપ્રેમી શેઠશ્રી અમૃતલાલભાઈનો જન્મ જામનગર પાસે મોડા ગામમાં સંતોકબાઈની કૂખે થયો હતો. તેમના પિતાનું નામ કાળીદાસ. બાળપણથી જ તેમનામાં બુદ્ધિની પ્રતિભા અને વિવેકના ગુણો હતા. પિતાની હૂંફ અને વિદ્યાપ્રીતિ તથા મહેનતુ સ્વભાવ હોવાને કારણે મેટ્રિક પાસ કરી; જૂનાગઢની કૉલેજમાં સંસ્કૃત ગુજરાતી તથા અંગ્રેજી ભાષાઓને ઊંડો અભ્યાસ કરી એમાં પ્રભુત્વ પ્રાપ્ત કર્યું.

પુરુષાર્થઃ- જામનગરના સાહસિક શેઠ શ્રી અમૃતલાલભાઈ સામાન્ય પરિસ્થિતિમાં સ્વપુરુષાર્થ અને કુશળતાદ્વારા આગળ વધીને મોટા ઉદ્યોગપતિ બન્યા અને સફળતાના શિખરો સર કર્યા. પિતાજીની સંપત્તિ અને શિરચ્છત્ર ચાલ્યા જતાં તેવીસ વર્ષની વયે મોટા કુટુંબની જવાબદારી આવી પડી. ૧૯૧૭માં રૂા. ૧૫૦/-ની નોકરી ઈન્ડીયન વ્હાઈટ પેઈન્ટસમાં મેનેજર તરીકે સ્વીકારી. ૧૯૨૦માં ઈસ્ટર્ન ડાઈંગ એન્ડ બ્લીચિંગના કારખાનામાં ચાર વર્ષ નોકરી ગઈ. ત્યારબાદ ૧૯૨૮થી ૧૯૩૨ દરમ્યાન દોલતરામ કાશઈરામ કું.ના માલિક ચંદુભાઈને ત્યાં પ્રિન્ટિંગ ઈન્ક બનાવવાના અખતરા કર્યા, તેમાં તે સફળ થયા ડાઈવર્ક્સમાં રંગકામનો અનુભવ મેળવ્યો.

જર્મન અને અંગ્રેજી પેઢીઓ આ ક્ષેત્રે કામ કરતી હતી. તેઓની સાથે વેપારી સંબંધ બાંધ્યો. અને પોતાના ધંધાને વિકસાવવાનો પ્રયત્ન કર્યો. એલ.બી. હોલિડે એન્ડ કું.ના મેનેજર બલેકવજ સાથે પરિચય કેળવ્યો જે ૩૪ વર્ષ સુધી વ્યાવસાયિક રીતે જળવાયો. તેમના શિક્ષણ, કામ કરવાની પ્રકૃતિ અને રીતભાતથી તેઓ બધાંના મન જીતી લેતા. ૧૯૩૪માં તેઓ કંપનીના કારખાના ઈન્ગલેન્ડમાં હડર્સ ફિલ્ડનામના

ગામમાં એક મહિનો રોકાયા અને બધાની ચાહના મેળવી. છ વર્ષના ગાળામાં કંપની સાથે વાટાઘાટો કરીને મોટા સોદા કર્યા. તેમાં પેઢીને મોટી કમાણી થઈ. ત્યાંથી તેઓએ યુરોપમાં ફ્રાંસ, હોલેન્ડ, બેલ્જીયમ, સ્વીઝરલેન્ડ, જર્મની ઈટલી વગેરે દેશોની મુલાકાત લીધી અને યુરોપના ઉત્પાદકો સાથં સંબંધો બાંધ્યા. બે દાયકાઓ સુધી ભાગીદારો સાથે સુંદર રીતે કામ કર્યું. ત્યારબાદ ૧૯૨૮માં બેલાર્ડપિયરમાં ઑફિસ કરી. અને ત્યાં જ ડાઈંગ કરવાની ફૅક્ટરી ઊભી કરી. દિલ્હી, મદ્રાસ અમદાવાદ અને કાનપુર વગેરે સ્થળોએ શાખાઓ ખોલી.

દેશભરમાં રંગના અસંખ્ય ઉત્પાદકો વચ્ચે હરિફાઈ ચાલે છે. ત્યારે પણ ૫૦ વર્ષથી અમૃતલાલની કુ.એ જમાવેલી પ્રતિષ્ઠાને કારણે તેમના માલની આજે પણ માંગ રહે છે.

૧૯૪૦માં અમૃતલાલભાઈએ માહિમમાં સીતલાદેવી રોડ પર તેર હજાર વાર જમીન ખરીદી, ત્યાં ઑફિસ, ગોડાઉન અને સ્ટાફને રહેવા માટે મકાનો બાંધ્યા. ૧૯૪૯થી ૧૯૫૪ સુધીમાં ધંધાની પ્રવૃત્તિ આ સ્થળે સ્થિર થઈ. ૧૯૫૪માં અમર ડાઈ કેમ વિ. પબ્લિક કંપનીની સ્થાપના થઈ. પચાસ લાખની શેર મૂડી કાઢવામાં આવી અને શેઠ અમૃતલાલે રંગવ્યાપાર ક્ષેત્રે અગ્રસ્તાન પ્રાપ્ત કર્યું. આવા અમૃતલાલાઈ ૮૩ વર્ષની વયે મૃત્યુ પામ્યા.

સામાજિક સિદ્ધિઓ:- અમૃતલાલભાઈએ સાહિત્યિક તેમ જ ઔદ્યોગિક ક્ષેત્રના જેવી જ સફળતા સામાજિક ક્ષેત્રે પ્રાપ્ત કરી હતી. ૭૫ વર્ષની વય સુધી તેમના કાર્યક્ષેત્રનો વ્યાપ વૈવિધ્યપૂર્ણ અને વિસ્તૃત બન્યા હતા.

પાયધૂની શ્રી નમિનાથજી જૈન દેરાસર પેઢીના તેઓ એ પ્રમુખ થયા અને ૩૫ વર્ષ સુધી એ સ્થાન સંભાળ્યું. આત્માનંદ જૈન સભાના તેઓ સં.૧૯૯૭થી ૨૦૦૦સુધી પ્રમુખ પદે રહી સાહિત્ય પ્રકાશનની પ્રવૃત્તિઓમાં ફાળો આપ્યો. ઈ.સ.૧૯૫૨માં શ્રીમદ્ આ.વિજયવલ્લભસૂરિશ્વરજી મહારાજની હાજરીમાં ત્રણ દિવસના આ અધિવેશનમાં પ્રમુખ પદેથી રૂ. ૨૫૦૦૦/- દાન જાહેર કર્યું. આણંદજી કલ્યાણજીની પેઢીના તેઓ ૧૯૫૨ થી અંત

સુધી ટ્રસ્ટી પદે રહ્યા. ભારતજૈન મહામંડળના ૧૯૬૨ના અધિવેશનના જયપુરમાં તેઓ અધ્યક્ષ રહ્યા. ભગવાન મહાવીરના ૨૫૦૦માં નિર્વાણ મહોત્સવની વ્યવસ્થાપક સમિતિમાં તેઓ હતા અને નિર્વાણ મહોત્સવ માટે તેમણે રૂ.૫૦,૦૦૦/-નું દાન આપ્યું હતું. ભારત જૈન મહામંડળના હૈદરાબાદના અધિવેશનમાં તેમને 'જૈનભૂષણ''ના બિરુદ દ્વારા સન્માનિત કર્યા. મહાવીર જૈન વિદ્યાલયની આગમ પ્રકાશનની યોજના ઘડવામાં તેમણે ઊંડો રસ લીધો. વડોદરામાં 'પન્નવણા સૂત્ર'ના પ્રકાશનના સમારંભના તેઓ પ્રમુખ હતા.

ભાવનગરની આત્માનંદ જૈન સભાના અજીવન સભ્ય પદેથી મણિમહોત્સવ પ્રસંગે મલલવાદી ક્ષમા શ્રમણકૃત અને જેબુ વિજયજી સંપાદિત પ્રથર્મ દ્વાદશ નયચક્ર'ના પ્રકાશ સમારંભના અધ્યક્ષ હતા અને પ્રકાશનમાં તેમનો મોટો ફાળો હતો. પ.પૂ.ભાનુવિજયજી ગણિવરે 'શ્રી લલિતવિસ્તરા' પર વિવેચન ગ્રંથ તૈયાર કરેલ તે 'પરમતેજ'નું પ્રકાશન તેમણે કર્યું.

અમૃતલાલભાઈએ પિતાના નામનુ કે ટ્રસ્ટ બનાવ્યું. જે દ્વારા ૩૭ વર્ષ સુધી તેમના પરિવારજનોના તિનું રક્ષણ થયું. જામનગરની પાઠશાળામાં બેનોના ધાર્મિક શિક્ષણ માટે રૂ. ૨૩૦૦૦/-નું દાન આપ્યુ અને સસ્તા ભાવે અનાજ આપવાના કાર્ય માટે ત્રણ ટ્રસ્ટો બનાવ્યા. મોટાભાઈ હીરાલાલની સ્મૃતિમાં 'હીરાલાલ કાલિદાસ ટ્રસ્ટ'બનાવ્યું. જેમાંથી જૈન સાહિત્ય અને શ્રમણસંઘની ઉપાસનાનો ખર્ચ થતો 'અમૃતલાલ ફાઉન્ડેશન' અને 'અમર ચેરીટી ટ્રસ્ટ'માંથી દોઢ-બે લાખની સખાવતો થતી રહે છે તે ઉપરાંત સામાજિક સંસ્થાઓ કોલેજ, દવાખાનાઓને દાન આપવામાં આવતુ પિતાના સ્મરણાર્થે અઢી લાખનું દાન તથા પંડિત નહેરુ માર્ગની જમીન દાનમાં આપી જામનગરમાં 'દોશી કાલિદાસ વીરજી આર્ટસ એન્ડ સાયન્સ' કોલેજની સ્થાપના કરી. મુંબઈમાં વિલેપાર્લાની મણીભાઈ નાનાવટી હૉસ્પીટલ માટે રૂા. એક લાખનું તથા ભારતીય વિદ્યાભવનને દોશઈ પરિવારની સંસ્થાઓ તરફથી રૂા. ૧૦ લાખ આપ્યા. તેમણે અમૃતલાલ

કાલિદાસ દોશી મહિલા કૉલેજ નામ આપ્યું. અને સ્ત્રી સમાજ માટે બહુલક્ષી યોજનાઓ અમલમાં આવી. તે ઉપરાંત સિદ્ધચક્ર ગણધર મંદિર બંધાવ્યું.

અમૃતલાલ કાલિદાસ દોશીની સાહિત્ય સેવા

એક સમૃદ્ધ રંગ ઉદ્યોગનું સર્જન કરનાર અમૃતલાલભાઈનું ભૌતિક સ્મારક બની ગયું. એ જ રીતે શાખા-પ્રશાખાઓમાં જૈન જૈનેત્તર ઉત્તમ અને અપ્રયાપ્ય ગ્રંથો ધરાવતું 'જૈન સાહિત્ય વિકાસ મંડળ'નું ગ્રંથાલય પણ સાહિત્યિક ક્ષેત્રે ઉત્તમ સ્મારક બની રહ્યું છે. પોતે એકલા જ નહિ પણ અન્ય જિજ્ઞાસુઓ પણ સમ્યગ્ જ્ઞાનરૂપ ધનવડે સમૃદ્ધ થાય તે તેમનો હેતુ હતો. જૈન સા. વિકાસ મંડળના મુખ્ય હેતુઓ આ પ્રમાણે હતા. ૧) સાહિત્યિક સંશોધનમાં તત્વજ્ઞાના યોગ અને ધ્યાન વિષયક સાહિત્યનું અગત્યનું સ્થાન આપવું. ૨) પ્રભુ મહાવીરના સિદ્ધાંતો અંગે જૈન આચાર્યાએ તેમ જ વિદ્વાનોએ જે અખૂટ સાહિત્ય સર્જન કર્યું છે તે પ્રકાશમાં લાવવું. ૩) તેને લગતી જૂની હસ્તપ્રતો મેળવવી, ઉતારવી, ફોટોસ્ટેટ નકલ કરાવવી તેનું સંશોધન-સંપાદન કરી પ્રકાશિત કરી, જાહેરમાં વેચવી. ૪) સંશોધનની પ્રવૃત્તિ કરનાર વિદ્યાર્થીઓને આર્થિક સહાય આપવી અને સંશોધનને લગતા ગ્રંથો વસાવવા ૫) પ્રાચીન સાહિત્ય ખાસ કરીને જૈન સાહિત્યને લગતી માહિતીનો સંયચ કરવો અને આ સંસ્થાને માહિતી કેન્દ્ર સંસ્થા બનાવવી..

૧૯૫૩માં પોતાના નિવાસસ્થાન 'જ્યોત' બંગલાની નજીક અલગ મકાન લઈને 'જૈન સાહિત્ય વિકાસ મંડળ' સંસ્થાની સ્થાપના કરી, પંડિતો રાખવામાં આવ્યા. કાર્યવાહક સમિતિની રચના થઈ તેમાં સાહિત્યપ્રેમી વ્યક્તીઓને સ્થાન આપ્યું. કુશળ વહીવટકાર, સમર્થ સંશોધક અને ચિંતનકાર તરીકે અમૃતલાલભાઈ સમાજમાં પ્રતિષ્ઠા પામ્યા.

જૈન ધર્મ-સાહિત્યના અમૂલ્ય વારસાને પ્રકાશમાં લાવવાનો પ્રયાસ કરવાનું સ્વપ્નુ તેમણે જોયું હતું. આ સ્વપ્નું સાકાર કરવા તેમણે સંશોધન સંસ્થાની સ્થાપના કરી, ત્રણ દાયકાઓ સુધી પુરુષાર્થ કરી

તેમાંથી ગ્રંથ મણિ તૈયાર કર્યા. અમૃતલાલભાઈના સંચાલન દરમ્યાન ૨૮ વર્ષોમાં જૈન સાહિત્ય વિકાસ મંડળે ૨૭ ગ્રંથો પ્રકાશિત કર્યા. સંખ્યાની દૃષ્ટિએ વધારે ન કહેવાય પણ ગુણવત્તાની દૃષ્ટિએ આ સાહિત્ય સર્જન જૈન સાહિત્યમાં અમૂલ્ય પ્રદાન બન્યું છે. આ જ્ઞાનરાશિ વર્તમાન તથા ભાવિ સંશોધનકારોને અતિ ઉપયોગી નીવડે તેમ છે.

સંશોધન કાર્ય અને પ્રકાશિત ગ્રંથોનો પરિચય:-

૧) પ્રતિક્રમણ - પ્રબોધ ટીકા :- પ્રતિક્રમણ સૂત્રો વિશે સંશોધન કરી આધારભૂત ગ્રંથ લખવાનો પ્રયાસ તેમણે શરૂ કર્યો. વિવિધ જ્ઞાનભંડારોમાંથી ૨૦૦ જેટલી પ્રતો મંગાવી પ.પૂ. આ. સાગરાનંદસૂરિ, પન્યાસ ભદ્રકરવિજયજી, પન્યાસ ધૂરંધર વિજયજી, પુણ્યવિજયજી વગેરે સાથે વિચાર વિનિમય અને વર્ષોના ચિંતન-મનન બાદ આ ગ્રંથનો પ્રથમ ભાગ પ્રકટ થયો.

આ ગ્રંથ તૈયાર થતો હતો ત્યારે ૮૫ જેટલી શંકાઓ ઊભી થઈ જેનું નિવારણ પ. પૂ. આ.સાગરાનંદજીએ કરી આપ્યું. ઘણી મહેનત પછી ઠીક ઠીક તૈયાર થવા આવેલું પુસ્તક અમૃતલાલભાઈએ રદ કર્યું. ઘણો ખર્ચ થયો છે એ બાબતે એમનુ ધ્યાન ખેંચવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું, "તેની ચિંતા ન કરો, વાર લાગે અને થોડું સાહિત્ય બહાર પડે પણ તે પ્રમાણભૂત અને સર્વદૃષ્ટિએ સંતોષકારક હોવું જોઈએ. પ્રબોધ ટીકાના ત્રણ ભાગોના પ્રકાશન કાર્ય પાછળ સંસ્થાને પચાસ હજારનો ખર્ચ થયો હતો એમ મનાય છે. આ ગ્રંથના પ્રથમ ભાગનું પ્રકાશન સં.૨૦૦૭ આસો વદી અગ્યારસના દિવસે ભૂલેશ્વર-લાલબાગના ઉપાશ્રયમાં આગ્રય પ્રેમસૂરિશ્વરજીના અધ્યક્ષપદે તથા પ.પૂ. વિજય પ્રતાપસૂરિશ્વરજી અને અન્ય સાધુ સાધ્વી ભગવંતોની ઉપસ્થિતિમાં થયું. બીજા ભાગનું પ્રકાશન ૨૯-૬-૧૯૫૨ ના રોજ પ. પૂ. આ વિજયવલ્લભસુરિ, વિજય અમૃતસૂરિની નિશ્રામાં અને ત્રીજા ભાગનું પ્રકાશન પન્યાસ ભદ્રંકરવિજયજી તથા ધૂરંધર વિજયજીની નિશ્રામાં નમિનાથ જૈન ઉપાશ્રય (પાયધુની)માં તા. ૧૮-૧૯-૧૯૫૩ના રોજ કરવામાં આવ્યું.

૨) નમસ્કાર - સ્વાધ્યાયઃ- નમસ્કાર વિષયક સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન આ ગ્રંથ ધરાવે છે. સાત વર્ષના સતત પરિશ્રમ પછી ઉત્કૃષ્ટ અને સમૃદ્ધ એવા આ ગ્રંથનું સર્જન કર્યું, ભારતભરના ભિન્ન પ્રદેશોમાંથી શોધખોળ કરી માહિતી ભેગી કરી. જૈન-જૈનેત્તર ભંડારોમાં પંડિતો મોકલી સેંકડો હસ્તપ્રતો મેળવી. તેની ફોટોસ્ટેટ કોપી કઢાવી અથવા લખાવી લીધી. દિગંબર સાહિત્યમાંથી પણ નમસ્કાર વિષયક ચિંતન કરાયું હતું તે એકઠું કર્યું.

સંસ્કૃત-પ્રાકૃતના ગહન અભ્યાસની, વ્યાકરણના સચોટ જ્ઞાનની અને સૂક્ષ્મ નિરીક્ષણ શક્તિનો આવો ત્રિવેણી સંગમ હોય તેવી સમર્થ વ્યક્તિની શોધ આદરી, પ.પૂ.આ પ્રેમસુરિધરજીએ સંસ્કૃત પ્રાકૃતના એકનિષ્ઠ ઉપાસક પૂ. મુનિ તત્ત્વાનંદવિજયજીની ભલામણ કરી. આ કાર્ય પૂ. તત્વાનંદવિજયજીએ શરૂ કર્યું તેમાં મુનીશ્રી જંબૂવિજયજી તથા ધૂરંધરવિજયજીનો સહયોગ મળ્યો. દરરોજ સાત-આઠ કલાકના પરિશ્રમ પછી આ ગ્રંથ તૈયાર કરતાં બે વર્ષ લાગ્યા. તા. ૫.૧.૧૯૬૧ના રોજ વાલકેશ્વરના ઉપાશ્રયમાં પ.પૂ. આ શ્રીમદ્ વિજયધર્મસૂરિધરજી મહારાજની નિશ્રામાં ઉદ્ઘાટન થયું.

ધ્યાન અને યોગના અભ્યાસીઓને અનન્ય સામગ્રી પૂરી પાડતો નમસ્કાર સ્વાધ્યાય સંસ્કૃત ગ્રંથ સ્તોત્રોથી સભર મંત્રો, યંત્રો અને ચિત્રોથી ભરેલો છે. નમસ્કાર સ્વાધ્યાયના ત્રીજા ભાગમાં અપભ્રંશ, હિન્દી તથા ગુજરાતી છે તેમાં નમસ્કાર અર્થ સંગતિનો ઉમેરો કરવામાં આવ્યો છે. આ ગ્રંથનું પ્રકાશન પ. પૂ. આ વિજયધર્મસૂરિધરજી મહારાજની નિશ્રામાં સાન્તાક્રુઝ કુંથુનાથ ભગવાન જૈન ઉપાશ્રયમાં ૮-૬-૯૦ના રોજ કરવામાં આવ્યું.

૩) લોગસ્સસૂત્ર (વિ.સં.૨૦૨૨) ચૈત્યવંદન સૂત્રના અનુષ્ઠાનની અંતર્ગત પાતંજલ યોગના અષ્ટાંગ સાધના માર્ગનું તુલનાત્મક અધ્યયન અમૃતલાલભાઈએ શરૂ કર્યું. આ સૂત્ર ઉપર માહિતી પૂર્ણ તથા અંતર્ગત સહસ્યો દર્શાવતે તથા નામ, આકૃતિ, દ્રવ્ય અને ભાવયુક્ત ધ્યાન માર્ગની

પ્રક્રિયા ઉપર પ્રકાશ પાડતો ગ્રંથ તૈયાર કરવાને તેમણે નિર્ણય કર્યો. લોગસ્સ સૂત્ર એ છ આવશ્યક પૈકી બીજુ અતિગંભીર સૂત્ર છે. જે ચતુર્વિંશતિના નામથી જાણીતું છે. પ્રતિક્રમણની ક્રિયામાં તેનો ઉપયોગ થાય છે. ઉપરાંત દેવવંદન, પૌષધ, સામાયિક, કાયોત્સર્ગ વગેરે ક્રિયાઓમાં પણ આ સૂત્રનો ઉપયોગ આવશ્યક મનાયો છે.

કાયોત્સર્ગ ધ્યાન માટે ઉપયોગી એવી આ રચનાનું મહત્વ સમજીને અમૃતલાલભાઈએ 'લોગસ્સ સૂત્ર સ્વાધ્યાય' ગ્રંથનું સંશોધન હાથ ધર્યું. આ કાર્ય બે વર્ષ ચાલ્યું. તેના લખાણને ૧૧ વિભાગમાં વિભાજિત કર્યું. પ.પૂ.આ વિક્રમસૂરિ મહારાજ, પન્યાસ ભદ્રંકરવિજયજીગણી તથા મુનિરાજ તત્વાનંદજી મહારાજે આ ગ્રંથનું અધ્યયન કર્યું.

આ ગ્રંથ પ્રાચીન ગ્રંથોમાં પ્રાપ્ત થતા સાહિત્યનું સર્વતોમુખી વિવેચન, પ્રશ્નોત્તરી, પ્રકીર્ણ વિચારો, સ્તોત્રો, યંત્રો, કલ્પો તથા શુકનાવલિ ચિત્રો આદિથી મનનીય બન્યો છે.

૪) યોગશાસ્ત્ર અષ્ટપ્રકરણ :- (ઇ.સ.૧૯૬૯)

પ.પૂ. પન્યાસ ભદ્રંકરવિજયજી ગણિવરના સૂચનથકી અમૃતલાલભાઈએ આ. હેમચંદ્રાચાર્. રચિત યોગશાસ્ત્રમાંના ધ્યાન વિષય ઉપર અષ્ટમ્ પ્રકાશનું વિવેચન સંશોધન કરવાનો પ્રારંભ કર્યો.

આ કાર્ય માટે અમૃતલાલભાઈએ તે કાળનો ઈતિહાસ વાંચ્યો. આ. હેમચંદ્રાચાર્યના જીવનચરિત્રો વાંચ્યા. કાશ્મીરના પ્રાચીન ગ્રંથોમાંથી તંત્રના ગ્રંથો મંગાવ્યા જૈન ધર્મના સાહિત્યમાંથી જયાં જ્યાં યોગનો ઉલ્લેખ મળ્યો તે એકઠાં કર્યા. અને સાધકોના લખાણો કે ટબા મળ્યા તે પણ એકત્ર કર્યા. અને યોગશાસ્ત્રના અનુવાદ માટે સામગ્રી ભેગી કરી. ગ્રંથના વિવરણના કાર્ય માટે મુનિશ્રીતત્વાનંદજીને બે વર્ષ જામનગરમાં રાખ્યા અને પોતે પણ રોકાયા. એક અનુભવી પંડિત પાસેથી તંત્રલોક, સ્વચ્છંદ તંત્ર, મૃગેન્દ્ર મંત્ર, વિજ્ઞાન ભૈરવ, શ્રી વિદ્યાર્ણવ વગેરે શએવ ગ્રંથોનો તતત્વાનંદજીએ અભ્યાસ કર્યો. અમૃતલાલભાઈએ રોજ પાંચ કલાક મુનિશ્રી પાસે બેસતા આ ગ્રંથ તૈયાર કરવા બન્ને જણે એક હજારથી વધુ ગ્રંથો

વચ્યા યોગશાસ્ત્રના આઠમા પ્રકાશના એક શ્લોકનો અર્થ બેસાડવામાં દોઢ મહિનો નીકળી જતો છતાં તે થાકતાં નહિ. આમ અષ્ટમ પ્રકાશન દરેક વિષયનો, દરેક શ્લોકનો અને દરેક શબ્દનો દિવસો સુધી અભ્યાસ કર્યો. બે વર્ષના સતત પરિશ્રમ બાદ આ ગ્રંથની પ્રેસ કોપી તૈયાર થઈ. આઠમા પ્રકાશમાં કુલ ૮૦ શ્લોક છે. તેમાંથી ફક્ત ૧૭ શ્લોકના વિવેચન ઉપર ૨૫૦ પાનાનો દળદાર ગ્રંથ તૈયાર કર્યો કોઈપણ વિષય પર કેવું ઊંડું જ્ઞાન મેળવીને તેનું અભ્યાસપૂર્ણ અન્વેષણ તેઓ કરી શકતા તેનું ઉત્તમ દૃષ્ટાંત મળી રહે છે.

આ સંશોધન કાર્ય માટે તન, મન અને ધનનો ભોગ આપતા તેઓ અચકાયા નથી.

૫) સૂરિકલ્પ સમચ્ચય ભાગ -૧

તીર્થંકર ભગવાન પોતે જ ગણધર ભગવંતોને સૂરિમત્ર આપે છે તેથી અનેક લબ્ધિઓના નિધાન સ્વરૂપ આ મંત્રરાજ રહસ્યની અગત્ય સમજાતાં અમૃતલાલભાઈએ તેનું મુદ્રણ કરાવવાનો નિર્ણય કર્યો. આ કાર્ય માટે જ્ઞાની તપસ્વી જંબૂવિજયજી મહારાજની સહાય મેળવી. આ શ્રી સિંહતિલક સૂરિ રચિત મંત્રરાજ રહ્સ્યના અનેક પાઠો મળ્યા. સૂરિમંત્રના અનેક પટો, કલ્પો તથા આમ્નાર્યા મળ્યા. ઐતિહાસિક માહિતી મળી. આમ આ પ્રચૂર માહિતીને બે ભાગમાં વહેંચી.

સૂરિમંત્રકલ્પ સમુરચ્ચય એ સામાસિક શબ્દ છે. આમાં સૂરિ અને મંત્ર એ બે શબ્દો મૌલિક છે. કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાર્ય મહારાજ સૂરિ શબ્દનો અર્થ વિદ્વાન મેધાવી, પંડિત એવો કર્યા છે. જ્યારે નિગ્રંથ સાધુને આચાર્યપદ પ્રદાન થાય ત્યારે તેમના નામ પાછળ 'સૂરિ' શબ્દનું સંયોજન થાય છે. એક પરંપરા પ્રમાણ તીર્થંકર ભગવાન શ્રી ઋષભદેવની આજ્ઞાથી ગણધર પુડરિકે સૂંરિમંત્રની રચના કરી અને તે મંત્રની વાચના પરંપરાથી ચાલી આપે છે. જ્યારે બીજી પરંપરા પ્રમાણે શ્રી મહાવીર પ્રભુના નિર્દેશથી શ્રી ગૌતમ ગણધરે આ મંત્રની રચના કરી છે. સૂરિમંત્રની રચના અતિ પ્રાચીન છે. સૂરિમંત્ર કલ્પ સમુચ્ચય ગ્રંથ મંત્રશાસ્ત્રના અધિકારી વર્ગ

માટે છે એ સૂરિમંત્ર અથવા ગણિમંત્ર વિદ્યા છે. અરિહંતભગવાનના વિરહે આચાર્ય ભગવંતોએ તેની સાધના શાસનદેવીની સહાય માટે કરી છે.

'શ્રી ભક્તામર સ્તોત્ર'ની ગાથાઓ સૂરિમંત્રનો પદોથી ગર્ભિત છે. અને સંતિકરં સ્તોત્ર સૂરિમંત્રના અધિષ્ઠાયકોના સ્મરણરૂપે હોવાથી મહામાંગલિક છે. અને આજે પણ આચાર્યપદ પ્રીત કરનાર પ્રત્યેક સૂરિ, સૂરિમંત્રની આરાધના કરે છે.

**ઉવસગ્ગહરં સ્તોત્ર સ્વાધ્યાયઃ-** ચૌદ પૂર્વધર ભદ્રબાહુ સ્વામીએ પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ કરવા માટે આ સ્તોત્રની રચના કરી. નમસ્કાર પછી બીજું સ્થાન આ સ્તોત્રનું છે. અમૃતલાલભાઈને આ સ્તોત્ર ઘણું પ્રિય હતું. તેમણે ગહન ચિંતન કરીને તેમાં ભક્તિયોગ અને મંત્રયોગનો સમન્વય નિહાળ્યો હતો. મહાન રચના કારની પ્રતિભામાંથી પ્રગટ થતી કુશળ શબ્દરચના જ નથી પણ વિશિષ્ટ અર્થથી યુક્ત અને હેતુગર્ભિત પદરચના છે એમ તેઓ માનતા. તેમણે તેના વિશિષ્ઠ અર્ધઘટનો કર્યા હતા. તેઓ મંત્ર સાહિત્યનું અધ્યયન સવિશેષ કરી રહ્યા હતા તેથી આ સ્તોત્રનું સંપાદન કરવું અનુકૂળ રહેશે એમ માની તેઓ મહામંત્રો પાસે કે પ.પૂ. પન્યાસ ભદ્રંકરવિજયજીના સહકારથી ત્રણ વર્ષ સુધી આ કાર્ય કર્યું. અને આ સ્તોત્ર સંબંધી વર્તમાનકાળમાં પ્રાપ્ત થતું સઘળું સાહિત્ય, મંત્રો, યંત્રો અને ચિત્રો સુદંર રીતે સંપાદન કરી આ ગ્રંથમાં સંગ્રહિત કર્યા.

'ઉવસગ્ગહરં - સ્તોત્ર સ્વાધ્યાય ગ્રંથ જિજ્ઞાસુ આત્માઓને માટે આશીર્વાદરૂપ છે.

૬) પંચપરમેષ્ઠિ મંત્રરાજ ધ્યાનમાલા તથા અધ્યાત્મસાર માલાઃ-

સં. ૨૦૨૩ની સાલમાં પ.પૂ. પન્યાસ ભદ્રંકરવિજયજી મહારાજે 'પંચપરમેષ્ઠ મંભત્રરાજ ધ્યાનમાલા' તરફ અમૃતલાલભાઈનું ધ્યાન દોર્યું. સ્વાધ્યાય કરતાં આ ગ્રંથનું સંપાદન મંત્રયોગના વિષય પર વિશિષ્ટ પ્રકાશ પાડનારું નીવડશે એમ જણાવ્યું. અને દુર્બોધ એવા આ ગ્રંથનું

સંશોધન કરવાનો વિચાર તેમણે કર્યો. કુંદ કુંદવિજયજીની પ્રેરણાથી કવિરાજ નેમિદાસ રામજી શાહ વિરચિત 'પંચપરમેષ્ઠિ મંત્રરાજ ધ્યાન માલા'નો સ્વાધ્યાય શરૂ કર્યો. પ.પૂ. ભદ્રકરવિજયજીના બહુમૂલ્ય સૂચનો થકી જટિલ એવા આ ધ્યાનમાલા ગ્રંથનું સંપાદન શક્ય થયું.

આ ગ્રંથનો વિષય ધ્યાનનો છે. જે રીતે માળાના ૧૦૮ મણકા હોય તેમ આ કાવ્યકૃતિ ૧૦૮ કડીઓમાં રચવામાં આવી છે. અને તે કડીઓને સાત ઢાળોમાં જુદા જુદા છંદો તથા દેશીઓમાં ઢાવી છે. સાત ઢાળોમાં કવિએ ધ્યાન સંબંધી વિજ્ઞાન હૃદયંગમ શૈલીમાં વર્ણવ્યુ છે. ધ્યાન જેવા ગંભીર વિષયને નાનકડા ગ્રંથમાં અતિ અદ્‌ભૂત રીતે સરળ ગુજરાતી પદ્યમાં ઉતારીને કવિએ ગુરુભક્તિદ્વારા ધ્યાન માર્ગમાં ઉચ્ચકોટિનો વિકાસ સાધી શકાય છે તેની પ્રતીતિ કરાવી.

ધ્યાનના અભ્યાસીઓને ધ્યાન પ્રગતિ કરવા આવશ્યક સામગ્રી એક જ સ્થળે આ ગ્રંથમાંથી મળી રહે તેમ છે.

આવા બહુમુખી વ્યક્તિત્વ ધરાવનાર શેઠ શ્રી અમૃતલાલ કાલિદાસ દોશીને શ્રદ્ધાંજલિ આપતાં પ.પુ.મુનિરાજ જંબૂવિજયજી લખે છે,

"જૈન સંઘે એક ચિંતક વિદ્યાપ્રેમી, વિદ્યામય જ્ઞાની અને ઉદાર ધનપકિ ગુમાવ્યો છે. ધનવાન અને આવી વિદ્યાપ્રેમી વ્યક્તિઓ કાળે કાળે જ પ્રગટે છે."

# જ્ઞાન એ આત્માનો મૂળ ગુણ છે...

जहा सूई पडिआ न विणस्सई ।
तहा जीवे स्सुत्ते संसार न विणस्सई ॥

Just as a threaded needle does not get lost even
when it falls on the ground
similarly the soul with knowledge of scriptures
is not lost in the world of birth and death.

જેમ દોરો પરોવેલી સોય પડી જાય
તો પણ ખોવાઈ જતી નથી,
તેમ શ્રુતજ્ઞાની જીવ સંસારમાં રખડતો નથી.
(ઉત્તરાધ્યયન સૂત્ર : ૨૯-૫૯)

विद्यां चाविद्यां यस्तद् वेदोमयं सह ।
अविधया मृत्युं तीत्वां विधयामृतमश्नुते ॥

વિદ્યા અને અવિદ્યા બંને સાથે અને
યથાર્થતઃ જાણે છે તે અવિદ્યા દ્વારા મૃત્યું
તરી જાય છે અને વિદ્યા દ્વારા અમૃતને પામે છે.
(ઈશોપનિશદ : ૧૧)

જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ દુઃખ રહિત ન કોઈ ;
જ્ઞાની વેદ ધૈર્યથી અજ્ઞાની વેદે રોઈ.

– શ્રીમદ્ રાજચંદ્ર